જૈન મંત્ર, સ્તોત્ર અને યંત્ર




જ્ઞાનધારા : ૨૦

જૈન મંત્ર, સ્તોત્ર અને યંત્ર   સં. ગુણવંત બરવાળિયા

# જૈન મંત્ર, સ્તોત્ર અને યંત્ર



સંપાદક
ગુણવંત બરવાળિયા

# જ્ઞાનધારા - ૨૦

# જૈન મંત્ર, સ્તોત્ર અને યંત્ર


સંપાદન :-
ગુણવંત બરવાળિયા



-: પ્રકાશક :-
અર્હમ સ્પીરીચ્યુઅલ સેંટર સંચાલિત
સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફીકલ
એન્ડ લીટરરી રીસર્ચ સેંટર - ઘાટકોપર
૭૧૬, ગોલ્ડ ક્રેસ્ટ, બિઝનેસ પાર્ક, શ્રેયસ સામે,
એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વે), મુંબઈ - ૪૦૦૦૮૬.
ફોન : ૦૨૨ - ૨૫૦૦૦૯૦૦, ૯૮૨૦૨ ૧૫૫૪૨

**Gyandhara - 20**
**Jain Mantr, Stora and Yantra**

**Edited by : Gunvant Barvalia**
**Jan. 2020**

**Sponsors :**
- All India Swetamber Sthanakvasi Jain Conf., Mumbai
- Mamtaben Yogeshbhai Bavisi
- Dr. Ratanben Khimjibhai Chhadva

ઈન્સ્ટીટ્યુટ ઓફ જૈનોલોજી લંડન - ભારત દ્વારા અમદાવાદમાં યોજાયેલ જ્ઞાનસત્ર - પરિસંવાદમાં જૈન મંત્ર, સ્તોત્ર અને યંત્ર વિષયક વિદ્વાનોના પ્રાપ્ત શોધપત્રોનો સંચય

પ્રકાશક :
અર્હમ સ્પીરીચ્યુઅલ સેંટર, મુંબઈ
gunvant.barvalia@gmail.com

પ્રાપ્તિ સ્થાન :
ઈન્સ્ટીટ્યુટ ઓફ જૈનોલોજી
બી/૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટીની બાજુમાં,
આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫.
મો. ૦૯૧ - ૭૯ - ૨૬૭૬૨૦૮૨

મૂલ્ય : રૂા. ૨૫૦/-

મુદ્રણ વ્યવસ્થા :
અરિહંત પ્રિંટીંગ પ્રેસ,
પંતનગર, મુંબઈ - ૪૦૦૦૭૫, મો. ૯૨૨૩૪૩૦૪૧૫

# સંપાદકનું નિવેદન

જૈનમંત્ર, સ્તોત્ર અને યંત્ર વિષય પર ઈન્સ્ટીટ્યુટ ઓફ જૈનોલોજી લંડન અને ભારત દ્વારા યોજાયેલ જ્ઞાનસત્ર - પરિસંવાદમાં વિદ્વાનોના પ્રાપ્ત શોધપત્રો અને નિબંધોનો સંચય જ્ઞાનધારા-૨૦ રૂપે પ્રગટ કરતાં આનંદ અનુભવું છું.

તા. ૧૮ અને ૧૯ જાન્યુ. ૨૦૨૦ ના અમદાવાદ ખાતે યાજોયેલ આ પરિસંવાદના પ્રમુખસ્થાને પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ બિરાજમાન હતા.

આ પરિસંવાદમાં શોધપત્રો પ્રસ્તુત કરનાર વિદ્વતજનોનો આભાર માનું છું. આ કાર્ય માટે ડૉ. કુમારપાળ દેસાઈનું સતત માર્ગદર્શન મળતું રહ્યું છે.

કાર્યની સફળતા માટે યોગેશભાઈ બાવીશી, ખીમજીભાઈ છાડવા, ચંદ્રકાંતભાઈ લાઠીયા અને ડૉ. નલિનીબેન દેસાઈએ ઘણી જહેમત ઉઠાવી હતી. ઈન્સ્ટીટ્યુટ ઓફ જૈનોલોજી, લંડન-ભારતના બોર્ડ ઓફ ટ્રસ્ટીનો આભાર.

સમગ્ર આયોજન અને ગ્રંથમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ લખાયું હોય કે પ્રૃપણા થઈ હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

મુંબઈ,
મૌન એકાદશી,
ડિસેમ્બર, ૨૦૧૯

ગુણવંત બરવાળિયા
gunvant.barvalia@gmail.com

# જૈન મંત્ર, સ્તોત્ર અને યંત્ર

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખકનું નામ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર Reason n Vision | રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. | ૭ |
| ૨. | કલ્યાણમંદિર સ્તોત્રમાં ભક્તિદર્શન | મુનિશ્રી ડૉ. પૂ. સુપાર્શ્વચંદ્રજી મ.સા. | ૧૮ |
| ૩. | જિનપંજર સ્તોત્રનું માહાત્મ્ય | પૂ. સાધ્વી મિતલ | ૨૭ |
| ૪. | શક્તિસ્ત્રોત : શ્રી ભક્તામર સ્તોત્ર | પૂ. ડૉ. સાધ્વી આરતી | ૫૦ |
| ૫. | મંત્ર - યંત્ર - ભક્તિનો સમન્વય એટલે શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર | પૂ. સાધ્વી સુબોધિકા | ૬૬ |
| ૬. | વૈશ્વિક મંત્રોમાં શ્રી નવકાર મહામંત્રની વિરલ વિશેષતા | પદ્મશ્રી ડૉ.કુમારપાળ દેસાઈ | ૭૪ |
| ૭. | ઋષિમંડળ સ્તોત્ર - એક અભ્યાસ | ડૉ. અભય દોશી | ૯૭ |
| ૮. | મંત્ર અને સ્તોત્ર વિષે કેટલીક પાયાની વાતો | ડૉ. સેજલ શાહ | ૧૦૫ |
| ૯. | મંત્ર વિજ્ઞાન અને સૂરીમંત્ર | સુરેશ ગાલા | ૧૧૩ |
| ૧૦. | સર્વતોભદ્ર સ્તોત્ર : એક અવલોકન | ડૉ. રતનબેન ખીમજી છાડવા | ૧૨૩ |
| ૧૧. | શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સ્તોત્ર | ડૉ. પાર્વતીબેન ખીરાણી | ૧૩૩ |
| ૧૨. | મંત્રની પરિભાષા, પ્રાપ્તિ અને પ્રભાવ | ડૉ. છાયા પી.શાહ | ૧૪૨ |
| ૧૩. | જૈનધર્મના મંત્ર - યંત્ર - તંત્ર : પરિચય - પ્રભાવ અને રહસ્ય | ખીમજી મ. છાડવા | ૧૪૮ |
| ૧૪. | મોટી શાંતિના રહસ્યો | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૧૫૬ |
| ૧૫. | કલ્યાણમંદિર સ્તોત્રના સર્જક આચાર્યશ્રી પૂ. સિદ્ધસેન દિવાકરજી | ગુણવંત બરવાળિયા | ૧૬૧ |
| ૧૬. | આદ્યસ્તુતિકાર શ્રી સમન્તભદ્રસ્વામી વિરચિત બૃહત્ સ્વયંભૂસ્તોત્ર | મિતેશભાઈ એ. શાહ | ૧૬૬ |
| ૧૭. | શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના ગૂઢ વૈજ્ઞાનિક રહસ્યો | ડૉ.રેણુકા પોરવાલ | ૧૭૪ |
| ૧૮. | ચોવીસ તીર્થંકર નામમંત્ર ફળાદેશ | મણિલાલ ગાલા | ૧૮૦ |
| ૧૯. | વીતરાગસ્તોત્ર અને સમ્યગ્દર્શન | રીના શાહ | ૧૮૮ |
| ૨૦. | જૈન ધર્મનો એક વિશિષ્ટ યંત્ર : શ્રી પાંસઠીઓ યંત્ર | ડૉ. જાગૃતિ નલિન ઘીવાલા | ૧૯૬ |
| ૨૧. | કલ્યાણમંદિર સ્તોત્ર : આત્માથી પરમાત્મા પ્રતિની યાત્રા | ડૉ. રશ્મિ ભેદા | ૨૦૫ |
| ૨૨. | નમિઊણ સ્તોત્રનું મહાત્મ્ય | ડૉ. બીના વિરેન્દ્ર શાહ | ૨૧૨ |
| ૨૩. | શ્રી તિજયપહુત્ત સ્તોત્ર | ડૉ. હીના યશોધર શાહ | ૨૨૨ |
| ૨૪. | મંત્ર : મારો પ્રિય મિત્ર | શૈલેષી અજમેરા | ૨૩૩ |
| ૨૫. | શ્રી અજિતશાંતિ સ્તોત્ર | ચંદ્રકાંત લાઠીયા | ૨૩૯ |
| ૨૬. | અને ત્યારે સામાન્ય લાગતા શબ્દો શ્રેષ્ઠ મંત્ર બની જાય છે ! | હેમાંગ અજમેરા | ૨૪૯ |
| ૨૭. | ઉવસગ્ગહરં સ્તોત્રના રચયિતા આચાર્ય ભદ્રબાહુનું જીવન અને કવન | ગુણવંત બરવાળિયા | ૨૫૫ |
| ૨૮. | શ્રી ચિંતામણિ વિજયપતાકા મહાયંત્ર રાજ | સંગીતાબેન શાહ | ૨૬૧ |
| ૨૯. | મંત્રજપનો મહિમા, વિધિ અને ફલશ્રુતિ તથા જૈનાચાર્યો દ્વારા કરાયેલી સરસ્વતીમંત્ર સાધના | જિતેન્દ્ર મ. કામદાર | ૨૬૬ |
| ૩૦. | જૈન સ્તોત્ર સાહિત્યની પ્રભાવકતા | કનુભાઈ શાહ | ૨૭૪ |
| ૩૧. | સાંપ્રત સમસ્યાનું સમાધાન-ભક્તામર સ્તોત્ર | ડૉ. રેખા વોરા | ૨૮૪ |
| ૩૨. | સૂત્ર જ્યારે મંત્ર બને છે | ડૉ. મધુબહેન જી. બરવાળિયા | ૨૯૬ |


★★★★★

## સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, મુંબઈ - ઘાટકોપર

સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મહારાજસાહેબની શ્રુતપ્રભાવના વિશિષ્ટ હતી. શાસ્ત્રગ્રંથોનું પરિશીલન, તાડપત્રીય ગ્રંથોનો સંગ્રહ અને જાળવણી, શાસ્ત્રભંડારો અને પાઠશાળાની સ્થાપનામાં એમનું અનેરું યોગદાન હતું.

આ સંદભમાં પરિપ્રેક્ષ્યમાં અધ્યાત્મયોગિની પૂ. લલિતબાઈ મ.સ. નાં વિદ્વાન પૂ. ડૉ. તરુલતાજીની પ્રેરણાથી સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણગુરુ જન્મશતાબ્દી સમિતિ, મુબંઈના સહયોગથી ગુરુદેવની સ્મૃતિ ચિરંજીવ રાખવા પૂજ્યશ્રીની જન્મશતાબ્દી પ્રસંગે સંસ્થાએ સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફી એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટરની સ્થાપના કરી છે. સેન્ટરનો ઉદ્દેશ આ પ્રમાણે છે :

- જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું અધ્યયન, સંશોધન, સંપાદન અને પ્રકાશન કરવું.
- સંસ્કૃતિ, ધર્મ અને અધ્યાત્મનાં સાહિત્યનું પ્રકાશન કરવું.
- જૈન ધર્મનાં તત્ત્વોની વૈજ્ઞાનિક રીતે રજૂઆત કરવી.
- પ્રાચીન હસ્તલિખિત અને તાડપત્રીય ગ્રંથોનું સંશોધન અને પુસ્તકાલયની પ્રવૃત્તિ કરવી.
- જૈન ધર્મને કેન્દ્રમાં રાખી માનવધર્મની પ્રવૃત્તિનો વિકાસ કરવો.
- જૈન સાહિત્યમાં અધ્યયન અને સંશોધન માટે Work-shop કાર્ય-શાળાનું આયોજન કરવું.
- જૈન સાહિત્ય જ્ઞાનસત્રનું આયોજન કરવું.
- વિદ્વાનો અને સંતોનાં પ્રવચનોનું આયોજન કરવું.
- ધર્મ અને સંસ્કારનો વિકાસ અને સંવર્ધન થાય તેવી શિબિર અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવું, સંસ્કારલક્ષી, સત્ત્વલક્ષી અને શિષ્ટ સાહિત્યનું પ્રકાશન કરવું.
- અભ્યાસ નિબંધ વાંચન (Paper Reading), લિપિ-વાંચન અને પ્રાચીન જૈન ગ્રંથો (Old Jain Manuscript) નું વાંચન.
- જૈન ધર્મ પર સંશોધન M.A., Ph.D., M.Phill કરનારાં જિજ્ઞાસુ, શ્રાવક, સંત-સતીજીઓને સહયોગ અને સંશોધિત સાહિત્યનું પ્રકાશન.
- જૈન પ્રાચીન ગ્રંથો, ચિત્રો, શિલ્પ, સ્થાપત્યના ફોટાઓ વગેરે સી.ડી. તૈયાર કરાવવી.
- દેશ-વિદેશનમાં જૈન ધર્મ પર પરિસંવાદ, પ્રવચન - આયોજન, ઈન્ટરનેટ પર ‘વેબસાઈટ’ દ્વારા જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્ય વિષયક માહિતીનો પ્રચાર કરવો.


સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ<br>જૈન ફિલોસોફિકલ એન્ડ<br>લિટરરી રિસર્ચ સેન્ટર,<br>અર્હમ સ્પીરીચ્યુલ સેન્ટર

આપના સહયોગની અપેક્ષા સાથે<br>ટ્રસ્ટી અને માનદ્ સંયોજક<br>ગુણવંત બરવાળિયા<br>મો. ૦૯૮૨૦૨૧૫૫૪૨

E-mail : gunvant.barvalia@gmail.com


**૧**

# મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર
# REASON N VISION

**- રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.**

એક આત્મા જ્યારે પદાર્થ અને પદાર્થના સત્યને જાણવા લાગે છે, એના અતલ ઊંડાણ સુધી જઈ, એના એક-એક રહસ્યોને ઉકેલે છે ત્યારે તેને ખ્યાલ આવે છે કે હું જે જાણું છું તેના કરતાં તો કંઈક અલગ છે, અનન્ય છે.

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના ઊંડાણ સુધી જે જાય છે, એના એક-એક રહસ્યોને જે ઉકેલે છે, એના સાક્ષાત્કારનો જે અહેસાસ કરે છે અને એમાં રહેલી અકલ્પનીય સિદ્ધિને જે પ્રાપ્ત કરે છે તે જ જાણી શકે છે કે શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનો શબ્દાર્થ અને ભાવાર્થ જે છે એના કરતાં એનો ગૂઢાર્થ કંઈક અલગ જ છે. એનો પ્રભાવ જે દેખાય છે અને અનુભવાય છે એના કરતાં પણ એમાં સમાયેલી દિવ્ય શક્તિ કંઈક અનન્ય, અલૌકિક અને અદ્‌ભુત છે. બહારથી દેખાતું સત્ય અને વાસ્તવિક સત્ય વચ્ચે બહુ મોટો ફરક હોય છે.

જે વાસ્તવિક સત્ય સુધી પહોંચે છે, તે જ વીતરાગતાને પ્રાપ્ત કરે છે.

સામાન્ય માનવીની દૃષ્ટિમાં શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર પરમાત્મા પાર્શ્વનાથની સ્તુતિ છે. જે પ્રભાવક છે અને આધિ, વ્યાધિ તથા ઉપાધિને દૂર કરનાર છે, જ્યારે

અમારી દૃષ્ટિમાં શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર આત્મશુદ્ધિથી આત્મસિદ્ધિ સુધીની યાત્રાનું શ્રેષ્ઠ માધ્યમ છે. મોક્ષમાં જવા માટેનો પાસપોર્ટ છે અને અનંતકાળના સંસાર-પરિભ્રમણથી મુક્તિ અપાવનારો અપૂર્વ સ્તોત્ર છે.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર એક શ્રેષ્ઠ રચના છે, જે શ્રેષ્ઠતમ સ્થાન સિદ્ધત્વની પ્રાપ્તિ કરાવે છે.

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રને ઘણા અણસમજુ અને અજ્ઞાનીઓ ચમત્કાર માને છે, જ્યારે જે આ સ્તોત્રના રહસ્ય સુધી પહોંચ્યા છે, એના ગર્ભ સુધી પહોંચ્યા છે એવા જ્ઞાની અને સિદ્ધપુરુષોની દૃષ્ટિમાં આ એક વૈજ્ઞાનિક તથ્ય છે. શબ્દો સંયોજનની કેમિકલ પ્રોસેસ છે.

જો આ ચમત્કાર હોત તો સ્તોત્રનું સ્મરણ કરનાર દરેક વ્યક્તિને એની પ્રભાવકતાનો અનુભવ થાત, પણ એવું બનતું નથી. કોઈ વ્યક્તિ શ્રદ્ધાથી એક જ વાર શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનું સ્મરણ કરે અને એની પ્રભાવકતાનો અનુભવ કરે અને કોઈ વ્યક્તિ વર્ષોથી નિત્ય સ્મરણ કરે છતાં એને કોઈ અનુભૂતિ ન થાય. કેમ કે, આ સ્તોત્ર માત્ર ચમત્કાર નથી, એની પાછળ એક **Reason** અને **Vision** છે, એની પાછળ વ્યક્તિના ભાવ, શ્રદ્ધા અને વિશ્વાસ છે.

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર જ્યારે સર્વાંગથી સ્મરણ થાય છે, ત્યારે તે સર્વ શક્તિમાન બની જાય છે.

આપણા શરીરમાંથી સતત ઊર્જા પ્રગટ થતી હોય છે, જેટલો ઊર્જાનો ફોર્સ હોય એટલી ગતિ હોય. આપણા મુખમાંથી જે શબ્દ નીકળે, એ જેટલાં ફોર્સથી નીકળે, એટલી તીવ્ર ગતિથી એ ચૌદ રાજુલોક સુધી પહોંચે, એ શબ્દમાં જ્યારે સર્વાંગની ઊર્જા અને સ્વયંની શ્રદ્ધા ભળે છે ત્યારે તે શબ્દ એક દિવ્ય શક્તિથી સમૃદ્ધ મંત્રરૂપ બની જાય છે, જેના કારણે વ્યક્તિની નેગેટીવીટી દૂર થાય છે. કર્મોની નિર્જરા થાય છે, પ્રભુતત્ત્વ અને ગુરુતત્ત્વ પ્રત્યે અહોભાવ અને વિશ્વાસ હોય તો પુણ્ય ઉપાર્જન થાય છે, જેના કારણે સકલ કાર્યો સફળ થાય છે.



શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનું સ્મરણ ચમત્કારની દૃષ્ટિએ નથી કરવાનું, પણ એની પ્રગટતી શક્તિઓનો શ્રદ્ધાના સમન્વય સાથે ઉપયોગ કરવાનો છે. એ શક્તિ કેવી રીતે પ્રગટ થાય છે એનું **Reason N Vision** જાણી, જેમણે આ સ્તોત્રને ઉત્કૃષ્ટ સાધના દ્વારા આત્મસાત્ અને સિદ્ધ કર્યો હોય એના સિદ્ધપુરુષ સદ્ગુરુના શરણે સમર્પિત થઈ, એમની આજ્ઞા અને માર્ગદર્શન અનુસાર સાધના કરવાની હોય છે.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની જ્યારે જપ-સાધના કરો, ત્યારે તેના **Reason N Vision** ને જાણી અને સમજીને કરો તો સમ્યક્રૂપે પરિણમે ! એક સાધક જ્યારે એના કારણને જાણી, એની પાછળની દૃષ્ટિને સમજીને, શ્રદ્ધા અને ભાવ સાથે, પ્રોપર વિધિ, યોગ્ય અને શુદ્ધ ઉચ્ચારણથી સાધના કરે છે ત્યારે જે દિવ્ય શક્તિના પરમાણુઓ પ્રગટ થાય છે તે સ્વયંને, આસપાસવાળાને અને સાંભળનારા સર્વને એની પ્રભાવકતાની અસર અનુભવાય છે.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રમાં ચૈતનતત્ત્વના પ્રાગટ્યની વાત આવે છે. પરમાત્માએ કહ્યું છે, જ્યાં આત્મચેતના જાગૃત થાય, ત્યાં ચમત્કાર તો બાયપ્રોડક્ટ રૂપે થવાના જ છે.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના રચનાકાર આચાર્ય શ્રી ભદ્રબાહુસ્વામીએ સાધના કરી જે દિવ્યશક્તિને આહ્‌વાન આપ્યું હતું એ દિવ્યશક્તિને સૂક્ષ્મ સ્વરૂપે આ સ્તોત્રમાં સમાવી દીધી છે. માટે જ, એક વ્યક્તિ જ્યારે ઉત્કૃષ્ટ ભાવ અને દૃઢ શ્રદ્ધા સાથે આ સ્તોત્રની જપ-સાધના કે સ્તુતિ કરે છે ત્યારે તેના ભાવો અને વિચારો શુદ્ધ થવા લાગે છે, જેના પરિણામે તે વ્યક્તિના અશુભકર્મો શુભ કર્મમાં, અશાતાના કર્મો શાતામાં અને નીચ ગોત્ર કર્મ ઉચ્ચ ગોત્ર કર્મમાં કન્વર્ટ થવા લાગે છે, જેને જૈનદર્શનમાં કર્મોનું સંક્રમણ કહે છે.

એક પળ પહેલાં ચંદનબાળાને અશુભ કર્મ, નીચ ગોત્રકર્મ અને અશાતા વેદનીય કર્મના કારણે હાથ-પગમાં બેડી હતી. અંગ ઉપર દાસી જેવા વસ્ત્રો હતાં, માથે મુંડન હતું, એ જ ચંદનબાળાને પ્રભુ મહાવીરનો યોગ થાય, પ્રભુનું સાન્નિધ્ય પ્રાપ્ત

થાય. પ્રભુની શુભ અને શુક્લ ઓરાનો (આભામંડળનો) અવગ્રહ પ્રાપ્ત થાય. પ્રભુને બાકુળાનું આહાર દાન અર્પણ કરે અને પળમાં કર્મોનું સંક્રમણ થઈ જાય !

પળમાં દાસી અને પળમાં રાજકુમારી !

પળમાં બેડીના બંધન અને પળમાં મુક્તિ !

ચાહે મંત્ર હોય કે ચાહે સ્તોત્ર હોય, હોય છે જબરદસ્ત અને પાવરફૂલ સૂક્ષ્મ શક્તિનું પાવરહાઉસ. એ પાવરહાઉસ સાથે આત્મકનેક્શન કરતાં જેને આવડી જાય તે આર્થિક, આત્મિક અને આધ્યાત્મિક વૈભવને પ્રાપ્ત કરે.

**સ્તોત્રમાં સમાયા છે અદ્‌ભુત સિક્રેટ્સ :-**

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની એક-એક ગાથાના એક-એક શબ્દોમાં છુપાયા છે અદ્‌ભુત સિક્રેટ્સ !

આ સિક્રેટ્સને સમજી જે સાધના કરે છે તે સિદ્ધિને પામે છે. એક-એક શબ્દમાં અનેક સિક્રેટ્સ સમાયા છે. અત્યારે આપણે ખૂબજ સંક્ષિપ્તમાં સમજીશું કેમ કે, બધા જ સિક્રેટ્સ માટે તો મોટો ગ્રંથ જોઈએ !

उवसग्गहरं पासं, पासं वंदामि कम्मघणमुक्कं ।

विसहर विस निन्नासं, मंगल कल्लाण आवासं ॥

પ્રથમ ગાથાનો પ્રથમ અક્ષર 'ઉ' નો ઉચ્ચાર જ્યારે તમે સર્વાંગથી, સમગ્ર અસ્તિત્વથી કરો છો ત્યારે જ નાભિના શક્તિકેન્દ્ર ખુલે છે, દિવ્ય શક્તિ પ્રગટ થાય છે અને એક અલગ પ્રકારના વાઈબ્રેશન્સથી આત્મા સંપાદિત થવા લાગે છે.

'પાસં' શબ્દ સાથે પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યે અત્યંત પ્રેમ અને અહોભાવ ધરાવતાં, પરમાત્માની નિતાંત ભક્તિ કરતાં પાર્શ્વ યક્ષ, ધરણેન્દ્ર દેવ, પદ્માવતી દેવી આદિને આહ્‌વાન આપી આમંત્રિત કરવાના હોય છે, દિવ્ય શક્તિનું પ્રાગટ્ય કરવાનું હોય છે. વિધિપૂર્વક વંદના કરી સિદ્ધતત્ત્વની સ્પંદનાનો અનુભવ કરવાનો હોય છે. પ્રભુના જ્ઞાન ગુણોને મસ્તકમાં ભરવાં. પ્રભુચરણે મસ્તકને માત્ર નમાવવાનું નથી, મસ્તકમાં ભરાયેલું ખાલી કરવાનું છે.



કર્મોથી મુક્ત થયેલાં પરમાત્માને વંદન કરતાં - કરતાં ભાવના ભાવવાની કે, પ્રભુ ! હું પણ કર્મોથી મુક્ત થવાની ભાવના રાખું છું.

જ્યાં સુધી ભાવ ન હોય, ત્યાં સુધી ભાવ સંવેદનનું પ્રાગટ્ય ન હોય. જ્યાં સુધી ભાવ સંવેદન ન પ્રગટે, ત્યાં સુધી અંતર આત્મામાંથી સ્તોત્ર ન સ્રવે.

'વિસહર વિસન્નિાસં' બોલતી વખતે ભાવ પ્રગટ કરવાનો હોય છે કે, હે પ્રભુ! મારા અંદરમાં જેટલી પણ દ્વેષ અને અવગુણોની ઝેરી વૃત્તિઓ પડેલી છે તેનો નાશ થાઓ, મારો આત્મા શુદ્ધ થાઓ, મારું મન શાંત થાઓ !

**મંગલ કલ્લાણ આવાસં ...**

પ્રભુની ભક્તિ કરતાં કરતાં ક્યારેય એવા ભાવ પ્રગટ કર્યા છે કે, પ્રભુ ! તારામાં ભળીને હું મને જ ભૂલી જાઉં !

ભક્તિ તો ભાવથી કરવી છે પણ ભગવાનમાં ભળવું નથી. ભગવાનને ભગવાન જ રાખવા છે અને પોતે જેવા છે એવા જ રહેવું છે.

જો તમે પરમાત્મામાં ભળી જાવ તો પરમાત્માની દિવ્યશક્તિઓ તમારામાં પણ પ્રગટ થવા લાગે ને ! પછી તો પ્રભુનો વાસ તમારા હૃદયમાં થઈ જ જાય !

विसहर फुल्लिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ ।

तस्स गह रोग मारी, दुट्ठ जराजंति उवसाम ॥

વિસહર ફુલ્લિંગમંત આ શબ્દ વિશિષ્ટ શક્તિનો ધારક મંત્રાધિરાજ છે. જો એનું યથાયોગ્ય સુવિધિથી, અત્યંત અહોભાવથી સ્મરણ અને સાધના કરવામાં આવે તો દિવ્યશક્તિ નિશ્ચિત રૂપે પ્રગટ થાય જ ! આ મંત્રાધિરાજને જે સિદ્ધ કરી લે છે તેના બધાં ઉપસર્ગો શાંત થઈ જાય છે. તેના સર્વ રોગો અને આપત્તિઓ દૂર થઈ જાય છે.

જે આ મંત્રને ભક્તિની નિરંતરતા અને સ્થિરતા દ્વારા સાતત્ય બનાવી દે છે, સિદ્ધિ તેની સમીપ આવી જાય છે.

ત્યારે તેનાં બધાં રોગો દૂર થઈ જાય છે અને તેના ઉપસર્ગો શાંત થઈ જાય છે. નિરાશ અને નેગેટીવ થઈ ગયેલી વ્યક્તિમાં જીવંતતાનો સંચાર થવા લાગે છે. એની

પાછળ પણ લોજિક રહેલું છે.

તમે જ્યારે શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના ઉત્કૃષ્ટ ભાવોમાં આવો છો ત્યારે સ્તોત્રની સૂક્ષ્મ શક્તિ એટેક કરે છે. તમારા મનના એ ભાગ પર જ્યાંથી નેગેટીવ અને પોઝીટીવ ભાવધારાઓ વહે છે. ત્યાં એટેક કર્યા પછી એ નેગેટીવ ભાવધારાને અટકાવી દે છે અને જે પોઝીટીવ ભાવધારા હોય એને આગળને આગળ વધારે.

નેગેટીવ ભાવોના કારણે એનો જે જીવનરસ પ્રેમ સુકાય ગયો હોય છે તે પોઝીટીવ ધારાનો ફોર્સ વધવાના કારણે પુનઃ પલ્લવિત થવા લાગે છે.

બીજું, તમે જ્યારે આત્માના અતલ ઊંડાણથી પરમાત્માની ભક્તિ કરો છો, ત્યારે પરમતત્ત્વની ચેતના સાથે તમારી આત્મિક ચેતના જોડાય જાય છે અને પરમતત્ત્વની દિવ્યશક્તિનો પરમ અહેસાસ થવા લાગે છે.

ઉવસામં-સામાન્ય માન્યતા છે કે શાંત થવું પણ એના સિક્રેટને જાણશો તો સમજાશે ઉવસામ્ એટલે કોઈપણ જાતના દુઃખ, દર્દ, વેદના, પીડા કે તકલીફનો અનુભવ ન થવો. વેદના હોવા છતાં એનું વેદન ન થવું.

જેમ-જેમ તમે એક-એક રહસ્યોને સમજતાં જશો તેમ તેમ તમારી સમજણ અને તમારા ભાવ અલગ જ થવા લાગશે.

चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामोवि बहु फलो होइ ।
नरतिरियेसु वि जीवा, पावंति न दुक्ख दोगच्चं ॥

પરમાત્માનો આ સ્તોત્ર આવડે કે ન આવડે, મંત્રાધિરાજની સાધના કરવાની ક્ષમતા પણ ન હોય, ઉચ્ચારણ પણ શુદ્ધ ન હોય અને માત્ર ભાવથી પરમાત્માને પ્રણામ કરવાથી પણ મહાફળ મળે.

પ્રભુને માત્ર પાંપણ ઢાળી, મસ્તક ઝૂકાવવાથી આત્માને કેવી રીતે લાભ થાય?

પરમાત્માને જ્યારે અહોભાવથી પ્રણામ થાય છે ત્યારે આત્મા અને પરમાત્મા વચ્ચે સૂક્ષ્મ કનેક્શન થઈ જાય છે, જેના દ્વારા તમારી ભાવસંવેદના અને આત્મ સ્પંદનો પરમાત્મા સુધી પહોંચી જાય છે.



પરમાત્મામાં સમાય જવાની અને પરમાત્માને પોતાનામાં સમાવી લેવાની જ્યારે અનુભૂતિ થાય છે ત્યારે ઐક્યતા સર્જાય છે અને તમારો આત્મા પરમાત્મમય બની જાય છે, ત્યારે પરમાત્માના ગુણો સહજતાથી તમારામાં પ્રગટવા લાગે છે.

જેનામાં પરમાત્માના ગુણો હોય એને કોઈ દુઃખ હોય ? એ જીવ ક્યારેય દુર્ગતિમાં જાય ? એને કોઈ તકલીફ આવે ? કદાચ કર્મોના ઉદયે આવે તો ટકે નહીં અને તકલીફ, તકલીફ લાગે નહીં. આ જ તો હોય છે પરમાત્માને સમજપૂર્વક ભાવથી પ્રણામ કરવાનું મહાફળ !

तुह सम्मते लद्धे, चिंतामणी कप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जिवा अयरामरं ठाणं ॥

અતૂટ શ્રદ્ધાથી જે પરમાત્માની સ્તુતિ અને ભક્તિ કરે છે, તેને સમકિતની પ્રાપ્તિ થાય છે. જેમ-જેમ શ્રદ્ધા અને ભક્તિ વધે, તેમ-તેમ શક્તિ, મહાશક્તિ બનતી જાય.

જેમ-જેમ પરમાત્માની ભક્તિના વલયો તમારી આસપાસ વધવા લાગે, તેમ-તેમ તમારી આસપાસની અશુભ ઓરાઓ અને અશુભ લેશ્યાઓ તૂટવા લાગે, જેના કારણે અશુભ કર્મોના આવરણો પણ તૂટવા લાગે.

અશુભ ભાવ ઘટે એટલે શુભ ભાવ વધે. શુભ ભાવ વધે એટલે સમ્યગ્દર્શન પ્રગટ થાય.

શ્રી ઉવસ્સગહરં સ્તોત્રની સાધનાથી જે પ્રાપ્ત થાય છે તે રત્નચિંતામણિ અને કલ્પવૃક્ષથી પણ અમૂલ્ય હોય છે. કેમ કે, રત્નચિંતામણિ અને કલ્પવૃક્ષથી જે પ્રાપ્ત થાય છે તે અંતે છૂટી જાય છે, જ્યારે સ્વયંમાંથી પ્રગટેલું સમ્યગ્દર્શન ક્યારેય ન છૂટવાવાળું હોય છે. મહાલાભદાયી અને મહાફળદાયી હોય છે. આત્મા માટે કલ્યાણકારી હોય છે.

જ્યારે ઉત્કૃષ્ટ ભાવથી પ્રભુની ભક્તિ થાય છે ત્યારે નિર્વિઘ્નતા પ્રાપ્ત થાય છે. નિર્વિઘ્નતા એટલે આવેલું વિઘ્ન દૂર થઈ જવું.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રમાં એક-એક અક્ષરનું એવું સંયોજન કરવામાં આવ્યું છે. જેને વિધિપૂર્વક બોલવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. દરેક અક્ષરો અને દરેક અક્ષર પછી આવતાં અક્ષરોના ઉચ્ચારણનું પણ અલગ મહત્ત્વ હોય છે. લયની સાથે ઉચ્ચારની શુદ્ધિ અને સ્પષ્ટતા હોય તો જ સ્તોત્રની દિવ્ય શક્તિનો પ્રવાહ નિરંતર મળતો રહે, નહીં તો ત્યાંથી બ્રેક થઈ જાય.

ઉત્તમ કક્ષાની ભક્તિ કરનાર વ્યક્તિ અજર અમર એવા મોક્ષને પ્રાપ્ત કરે છે. અજર અમર અર્થનું એક વિશેષ સિક્રેટ છે.

અજર એટલે શરીરમાં કોઈપણ દર્દ કે રોગ આવે નહીં અને આવે તો ટકે નહીં એવી અવસ્થા !

'અમર' ની તમારી વ્યાખ્યા શું છે ?

જેનું ક્યારેય મૃત્યુ ન થાય, તેને અમર કહેવાય. પણ શું એવું બને કે માણસ ક્યારેય મૃત્યુ ન પામે ? ના !

અમર એટલે વ્યક્તિની કીર્તિ, વ્યક્તિના ગુણો, વ્યક્તિની સિદ્ધિ અને વ્યક્તિનો પ્રભાવ !

ભગવાન મહાવીર ૨૬૦૦ થી વધુ વર્ષ પહેલાં નિર્વાણ પામ્યા, છતાં આજે પણ આપણા હૃદયમાં જીવંત છે. પ્રભુ પાર્શ્વનાથ વર્ષો પહેલાં નિર્વાણ પામ્યા છતાં આજે પણ એમની પ્રભાવકતા અનુભવાય છે.

इअसंथुओ महायश, भतिब्भर निब्भरेण हियएण ।

ता देव ! दिज्झ बोहिं, भवे भवे पास जिणचंद ॥

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર મહાયશસ્વી કહેવાય છે. કેમ કે, આ સ્તોત્રની યથાર્થ અને ઉત્કૃષ્ટ ભક્તિ કરનાર ભાગ્યવાન આત્માને મહાયશવંત એવા પાર્શ્વ પરમાત્માના સાક્ષાત્કારનો અહેસાસ થાય છે.



સ્તોત્ર સાધનાનો સૌથી પ્રથમ અને અગત્યનો નિયમ હોય છે, જ્યારે તમે શ્રદ્ધાથી પ્રભુભક્તિમાં લીન બનો ત્યારે આસપાસનું કંઈ જ તમારામાં આવી ન શકે, તમારું હૃદય પ્રભુપ્રેમના ભાવોથી એટલું છલકાય જાય કે અન્ય કોઈ ભાવને પ્રવેશવાની જગ્યા જ ન હોય, વાતાવરણ દિવ્ય સ્પંદનોથી છવાય ગયું હોય.

જે વ્યક્તિ ભક્તિ ભરેલાં પૂર્ણ હૃદય વડે પરમાત્માની ભક્તિ કરે છે તેને સમક્તિની પ્રાપ્તિ થાય છે.

ता देव ! दिज्झ बोहिं

હે પ્રભુ ! મને જોઈએ છે, તારા પ્રત્યે પ્રેમ !

દેવ એને કહેવાય, જેમની પાસે દિવ્યતા હોય.

મોટાભાગના લોકોનો સામાન્ય અર્થ હોય છે, હે દેવ ! મને બોધિ આપજો !

બોધિમાં સમ્યક્‌બોધિ હોય, જ્ઞાનબોધિ હોય, દર્શનબોધિ હોય, ચારિત્રબોધિ હોય.

અહીંયા પણ બોધિ શબ્દના સિક્રેટ સુધી જશો તો સમજાશે બોધિ એટલે ડિવાઈન પ્રેમ, બોધિ એટલે આત્મિક આકર્ષણ ! હે પ્રભુ ! મને ભવોભવ આપના પ્રત્યે પ્રેમ જાગે એવી કૃપા કરજો !

અહીંયા ભગવાન મળે એવી પ્રાર્થના નથી કરવાની પણ ભગવાન પ્રત્યેનો પ્રેમ જાગે એવી કૃપા કરવાની વિનંતી કરવાની છે. ભગવાન મળે એ ભાગ્યવાન ન હોય, ભગવાનમાં જે ભળે એ ભાગ્યવાન હોય !

ભગવાન મળી જાય એટલા માત્રથી આત્માની શુદ્ધિ ન થાય, ભગવાનમાં ભળી જાવ તો આત્મશુદ્ધિ પણ થાય અને આત્મસિદ્ધિ પણ પ્રાપ્ત થાય.

હે પ્રભુ ! તારો પ્રેમ મોક્ષ સુધી રહેજો !

હે પ્રભુ ! ભવોભવ આપણી વચ્ચે પ્રેમનો સેતુ બની રહે, આપની સાથે આત્મિક અનુસંધાન બની રહે, ભવોભવ વીતરાગ ધર્મ પ્રત્યે રુચિ અને શ્રદ્ધા દૃઢ બને, એ જ જોઈએ છે પ્રભુ ! પ્રભુ, એવી કૃપા કરજો !

જો તમારા હૃદયમાં પ્રભુ પ્રત્યે પ્રેમ હશે, તો પ્રભુ સ્વયં તમારા હૃદયમાં પધારશે.

મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની એક-એક ગાથાના, એક-એક શબ્દોમાં રહેલાં એના અર્થને, એના ભાવોને, એના રહસ્યોને જ્યારે તમે સમજવા લાગો છો, ત્યારે તમારો પ્રભુ પ્રત્યેનો પ્રેમ અને સ્તોત્ર પ્રત્યેની શ્રદ્ધા કંઈક અલગ જ થઈ જાય છે. સમજ સાથેનો પ્રેમ અને શ્રદ્ધા તમારી સાધનાને, આત્માની ઉચ્ચતમ દશાએ લઈ જવાના સાનુકૂળ પરિબળો છે. સમજ સાક્ષાત્કારનો અહેસાસ કરાવે છે.

**સંપાદકની કલમે ...**

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના અનન્ય ઉપાસક છે. પરમાત્મા પાર્શ્વનાથ પ્રત્યેની અત્યંત શ્રદ્ધા અને પ્રેમ, જન્મોજન્મની સાધના અને આ ભવની ઉત્કૃષ્ટ સાધના દ્વારા એમણે આ સ્તોત્રને આત્મસાત્ અને સિદ્ધ કર્યો છે. સ્તોત્રના એક-એક ઊંડાણભર્યા રહસ્યોને ઉકેલ્યા છે.

ખૂબીની વાત તો એ છે કે આ ભવમાં પણ ૨૦ વર્ષની ઉંમર થઈ ત્યાં સુધી અર્થાત્ ૧૯૯૨ સુધી આ સ્તોત્રને ન ક્યાંય વાંચ્યો હતો, ન સાંભળ્યો હતો, ન એના વિશે કોઈ જાણ હતી. પણ ૨૧.૦૨.૧૯૯૨ ના રોજ જ્યારે એમની તબિયત બગડી, બ્લડની વોમિટ થઈ અને બોડીમાંથી ૮૦% થી વધારે બ્લડ નીકળી ગયું ત્યારે દાક્તરોએ આશા છોડી દીધી. એ સમયે જીવનની અંતિમ ક્ષણોમાં નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં અચાનક જ એમને આ મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર એક લયબદ્ધ પદ્ધતિમાં સ્વયં સ્ફુરિત થયો. એમના દેહમાં શક્તિનો સંચાર થવા લાગ્યો.

આ સ્તોત્ર એમને નવજીવન બક્ષી ગયો અને એમના જીવનનો શ્વાસ બની ગયો, ત્યારથી સ્તોત્રનું સતત સ્મરણ અને સાતત્ય હોવાથી એ સિદ્ધ થઈ ગયો.

આજે એમની આ સિદ્ધિ દેશ-પરદેશના લાખો ભાવિકો માટે મહાઉપકારક અને કલ્યાણકારી બની છે.



પરમ ગુરુદેવશ્રીએ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર પર ખૂબ જ ઊંડાણભર્યું વિશ્લેષણ આપ્યું છે અને એના એક-એક અક્ષરના અનેક-અનેક રહસ્યોને સ્વયંની સાધના દ્વારા ઉકેલ્યાં છે અને લાખો હૃદયમાં પ્રભુપ્રેમ, ભક્તિ અને શ્રદ્ધાના બીજ વાવ્યા છે. આ લેખમાં એમના વિશ્લેષણના અંશો છે.

પરમ ગુરુદેવશ્રીના શ્રીમુખેથી સ્તોત્ર ગ્રહણ કરી અનેક આત્માઓએ પ્રભુના સાક્ષાત્કારનો અહેસાસ કર્યો છે, તો લાખો લોકોએ સ્તોત્રની પ્રભાવકતાને અનુભવી શાંતિ અને સમાધિ પ્રાપ્ત કર્યા છે.

- ગુણવંત બરવાળિયા

**(રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિજી મ.સા. પ્રાણ પરિવારના તપસમ્રાટ પૂ. રતિલાલજી મ.સા.ના શિષ્ય છે. તેમની પ્રેરણાથી દેશ-વિદેશમાં Look - N - Learn જૈન જ્ઞાનધામમાં હજારો બાળકો જૈન શિક્ષણ લઈ રહ્યા છે, અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા વિવિધલક્ષી પ્રવૃત્તિઓ થાય છે. પારસધામ, પવિત્રધામ, પરમધામ, પાવનધામ જેવા સંકુલોમાં તેમની પ્રેરણાથી ધાર્મિક, આધ્યાત્મિક, માનવસેવા અને જીવદયાની પ્રવૃત્તિઓ થાય છે. જૈન વિશ્વકોશ, આગમ મીશન, સંબોધિ સત્સંગ વગેરે પચ્ચીસ જેટલા મિશન કાર્યરત છે.)**

## ૨ કલ્યાણમંદિર સ્તોત્રમાં ભક્તિદર્શન

- મુનિશ્રી ડૉ. પૂ. સુપાર્શ્વચંદ્રજી મ.સા.

ભારતીય પંરપરામાં ભક્તિદર્શન તથા ભક્તિમય સાધનારૂપ સ્તોત્રસાહિત્ય વિપુલ પ્રમાણમાં સર્જન અને પ્રચાર પામ્યું છે. આરાધ્ય,આરાધક અને આરાધનાની ત્રિપદીએ સ્તોત્રાત્મક રચનાઓને એવું ઐક્ય પ્રદાન કર્યું છે, કે જેથી સાધનાને ચરમોત્કર્ષ સુધી પહોંચાડવામાં સહયોગી બને. બીજા શબ્દોમાં એમ પણ કહી શકાય કે 'સ્તોત્ર સાહિત્ય' ભારતીય સાહિત્યનું હૃદય છે. બધા ધર્મના અનુયાયીઓએ ભગવાનના ચરણોમાં સ્તુતિ-સ્તોત્રોના પુષ્પો પાથર્યા છે. બૌદ્ધોએ બુદ્ધ ભગવાનની, જૈનોએ અરિહંત ભગવાનની તથા વૈદિકોએ વિષ્ણુ, શિવ, દુર્ગા, સૂર્ય, ગણપતિ આદિ તથા અન્ય શ્રદ્ધાળુઓએ પોત-પોતાના ઈષ્ટ દેવોની કોમળ અને લલિત પદાવલી દ્વારા સ્તુતિ કરી શ્રદ્ધાસુમન અર્પિત કર્યા છે. સ્તોત્રોમાં ભક્તોએ પોતાના હૃદયની નિર્મલ, નિશ્ચલ અનુભૂતિઓ, દીનતા, લઘુતા, અકિંચનતા અને ભગવાનની ઉદારતા, પ્રભુતા અને શક્તિ સામર્થ્યનો પરિચય કરાવ્યો છે.



સ્તોત્ર, સ્તુતિ, સ્તવન આદિ સર્વરચનાઓનું મૂળરૂપ ભક્તિ છે, જેમાં એક ભક્ત, પોતાના આરાધ્યના ગુણ સંકીર્તન કરે છે. જ્યારે જૈનદર્શન પુરુષાર્થવાદી દર્શન છે. અભ્યુદય, ઉન્નતિ, વિકાસ અને પરિનિર્વાણ, આ બધું આત્માનું પોતાનું કર્તૃત્વ માને છે. આગમોમાં આ સંબંધિત બાબતનો ઉલ્લેખ મળે છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે -

अप्पा नई वेयरणी, अप्पा मे कूडसामली
अप्पा कामदुहा घेळू, अप्पा मे नंदणं वणं ।
अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य,
अप्पा मित्तममितं च, दुप्पट्ठियसुपहिओ ॥

પોતાના સુખ - દુઃખ, ઉન્નતિ - અવનતિ, ઉત્થાન-પતન અને મોક્ષપ્રાપ્તિનું કર્તૃત્વ આત્માનું જ છે. આત્મા જ પોતાનો મિત્ર અને શત્રુ છે. કોઈ કોઈની ઉન્નતિ કરી શકતું નથી. પરમાત્મા, તીર્થંકર, આચાર્ય, ગુરુ આદિ માત્ર પથદર્શન કરાવી શકે છે. તે પ્રદર્શિત સત્યના માર્ગ પર ચાલીને વ્યક્તિ ઉત્થાનના સર્વોચ્ચ શિખર પર આરૂઢ થઈ શકે છે. અર્થાત્ પોતાના પુરુષાર્થથી જ મુક્તિમાર્ગ પર આગળ વધી શકે છે.

આવી સ્થિતિમાં પુરુષાર્થવાદી જૈનદર્શનમાં આત્મકલ્યાણકાંક્ષી સાધકો - ઉપાસકો માટે ભક્તિની કોઈ મહત્ત્વતા નથી. કોઈ ભક્ત તીર્થંકરનું, ઈષ્ટદેવોનું ગમે તેટલું સ્તવન કરે પરંતુ તેમાં પોતાના સત્પુરુષાર્થ વિના વરદાનના રૂપમાં કંઈ દેતા નથી. કારણ તેઓ તો રાગ-દ્વેષ રહિત શુદ્ધાત્મ ભાવમાં સ્થિત હોય છે. આ બાબત જણાવતા 'સમયસાર'માં કુંદકુંદાચાર્ય કહે છે કે,

जदि पुग्गलकम्ममिणं कुव्वदि तं चेव वेदयदि आदा ।
दो किरिया विदिरितो यसजदि सो जिणवमदं ॥

આ પ્રકારની વાતોથી જૈનદર્શનમાં ભક્તિ અને સ્તોત્ર સાહિત્ય પર પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો થાય છે. પરંતુ આ પ્રશ્નોના સમાધાન મેળવવા આપણે તત્ત્વજ્ઞાનના થોડા

ઊંડાણ સુધી જવું પડશે. માત્ર બાહ્ય રીતે દૃષ્ટિપાત ન કરતાં આંતરિક સુધી અવગાહન કરવું પડશે.

**જૈનદૃષ્ટિએ ભક્તિયોગ :-**

જૈનદર્શન આત્મવાદી અને કર્મવાદી દર્શન છે, પરંતુ તેનો ભક્તિ સાથે કોઈ વિરોધ નથી. 'ભક્તિ' નો અર્થ છે ભાવની વિશુદ્ધિથી યુક્ત અનુરાગ. દેવ-ગુરુ અને ધર્મ આદિમાં વિશુદ્ધ પ્રેમ અથવા અનુરાગને ભક્તિ કહેવામાં આવે છે. જૈનાચાર્ય પૂજ્યપાદ દેવનંદીજી ભક્તિની વ્યાખ્યા કરતાં કહે છે કે -

''अर्हदाचायेषु बहुश्रुतेषु प्रवचने च,
भाव विशुद्धियुक्तो अनुरागो भक्तिः ।'' (૩)

અર્થાત્ અરિહંત, સિદ્ધ, આચાર્ય, બહુશ્રુત, જિનપ્રવચન આદિમાં થનારા વિશુદ્ધ પ્રેમ કે અનુરાગને ભક્તિ કહેવાય છે.

ભગવતી આરાધનાના ટીકાકાર અપરાજિતસૂરિએ કહ્યું છે કે - "अहंदादिगुणानुरागो भक्तिः" (૪) આચાર્ય સોમદેવે ભક્તિની પરિભાષા કરતાં જણાવ્યું છે કે -

"जिने जिनागमेसूरौतपः श्रुतपरायणे ।
सद्भावशुद्धि सम्पन्नो अनुरागो भक्तिरुच्यते ॥"

જિન, જિનાગમ, તપ અને શ્રુતમાં પરાયણ આચાર્યમાં સદ્ભાવ વિશુદ્ધિથી સંપન્ન અનુરાગને ભક્તિ કહેવામાં આવે છે.

**સમ્યક્દર્શન અને ભક્તિનો સમન્વય :-**

સમ્યક્દર્શન જૈનધર્મનું મૂળ તત્ત્વ છે. તેના આધાર પર જૈનધર્મના સિદ્ધાંત - આચાર આદિનો વિકાસ થાય છે. આગમ સાહિત્યમાં અલગ-અલગ સ્થાન પર સમ્યક્દર્શનનું માર્મિક વિશ્લેષણ કરવામાં આવ્યું છે. પ્રાચીન જૈનાગમોમાં સમ્યક્દર્શનનો અર્થ સ્વાનુભૂતિ, આત્માનુભૂતિ, આત્મ-સાક્ષાત્કાર, દૃષ્ટાભાવ અથવા સાક્ષીભાવ કરવામાં આવે છે. 'ઉત્તરાધ્યયન સૂત્ર' તથા ઉમાસ્વાતિ વિરચિત



'તત્ત્વાર્થસૂત્ર' માં તત્ત્વશ્રદ્ધાના રૂપમાં વ્યાખ્યાયિત થાય છે. આ રીતે - સમ્યક્દર્શન સ્વાનુભવ, તત્ત્વસાક્ષાત્કાર, અંતરબોધ, અંતરદૃષ્ટિકોણ, તત્ત્વજ્ઞાન આદિના સાથે વિશેષરૂપ જોડાયેલા છે. પૂર્વાચાર્યોએ આ જ ધર્મ પ્રતિશ્રદ્ધા, ભક્તિ, અનુરાગ સાથે જોડ્યો છે. શ્રદ્ધા, ભક્તિ અને અનુરાગના અંતઃસ્થલથી સહજરૂપે સાત્ત્વિકભાવોનો ઉદ્ભવ થાય છે.

આ ભાવથી પારલૌકિક અથવા આધ્યાત્મિક ભૂમિકાથી યુક્ત થઈને પોતાના આરાધ્યના ચરણોમાં સ્તુતિ કે સ્તવનના રૂપમાં ભાવો પ્રદર્શિત થાય છે. ભક્તિનું ઉદ્ગમસ્થાન સમ્યક્ત્વ (શ્રદ્ધા) જ મૂળસ્રોત છે, જેનાથી તે મોક્ષાત્મક પરમ લક્ષ્ય સુધી પહોંચી શકાય છે. આમ, ભક્તિ લૌકિકથી અલૌકિક અથવા પારમાર્થિક રૂપ ગ્રહણ કરે છે. આ આશયને સ્પષ્ટ કરતાં મહાકવિ વાદિરાજે પોતાના 'एकीभाव स्तोत्र' માં કહ્યું છે કે,

"शुद्धे ज्ञाने शुचिनि चरितेसत्ययि त्वच्यनीचा,
भक्तिर्नो चेदनवधिसुखवाज्यिका कुज्यिकेयं ।
शक्योद्धाटं भवति हि कथं मुक्तिकामस्य पुंसो,
मुक्तिद्धारं परिदृढमहा मोहमुन्द्राकपाटन् ॥"

અર્થાત્.... હે પ્રભો ! શુદ્ધજ્ઞાન અને પવિત્ર ચારિત્ર હોવા છતાં પણ જો અસીમ સુખના દેવાવાળી કૂંચી (ચાવી) સ્વરૂપ તમારી ઉત્કૃષ્ટ ભક્તિ ન હોય તો મહામોહરૂપી તાળાથી બંધ મોક્ષદ્વારને મોક્ષાર્થી પુરુષ કેવી રીતે ખોલી શકે ?

અહીં 'ભક્તિ' નું તાત્પર્ય સમ્યક્દર્શન બતાવ્યું છે, જે અનંત સુખોનું કારણ છે અને મુક્તિમહેલના દ્વારે લાગેલા મિથ્યાત્વરૂપી તાળાને ખોલવાને માટે કૂંચી (ચાવી) સમાન છે. જ્યાં સુધી આ ભક્તિરૂપ સમ્યક્દર્શન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જ્ઞાન અને ચારિત્ર હોવા છતાં પણ મોક્ષપ્રાપ્તિ ન થઈ શકે. અર્થાત્ ભક્તિ, જ્ઞાન અને ચારિત્રથી પણ શ્રેષ્ઠ છે.

## તીર્થંકર નામકર્મની પ્રાપ્તિમાં ભક્તિનું સ્થાન :-

જૈનદર્શનમાં ભક્તિનું પ્રાચીનરૂપ દ્વાદશાંગીના છટ્ઠા અંગસૂત્ર 'જ્ઞાતાધર્મ કથા સૂત્ર' માં વર્ણિત તીર્થંકર નામગોત્ર કર્મ ઉપાર્જનના વીસ કારણો બતાવવામાં આવ્યા છે. આ વીસ કારણો આ પ્રકારે છે :

(૧) અરિહંત (૨) સિદ્ધ (૩) પ્રવચન - શ્રુતજ્ઞાન (૪) ગુરુ - ધર્માપદેશક (૫) સ્થવિર (૬) બહુશ્રુત (૭) તપસ્વી. આ સાતેય પ્રતિ વત્સલતા ધારણ કરવી એટલે કે સત્કાર - સન્માન કરવું, ગુણોત્કીર્તન કરવું (૮) નિરંતર જ્ઞાનારાધનામાં તલ્લીન રહેવું (૯) દર્શન વિશુદ્ધિ (૧૦) જ્ઞાનાદિનો વિનય કરવો (૧૧) છ આવશ્યક કરવા (૧૨) ઉત્તરગુણો અને મૂળગુણોનું નિરતિચાર પાલન કરવું (૧૩) પ્રત્યેક ક્ષણ આત્મારાધનામાં વ્યતીત કરવી (૧૪) તપ કરવું (૧૫) ત્યાગ કરવો (૧૬) વૈયાવચ્ચ (સેવા કરવી) (૧૭) સમાધિમાં રહેવું અથવા ગુરુ આદિને સમાધિ (શાતા) પહોંચાડવી (૧૮) અપૂર્વ જ્ઞાનપ્રાપ્તિમાં તત્પર રહેવું (૧૯) શ્રુતની ભક્તિ કરવી (૨૦) પ્રવચન પ્રભાવના કરવી. આ વીસ કારણોમાંથી કોઈને કોઈનું સેવન તીર્થંકરત્વની પ્રાપ્તિ કરાવે છે.

આ ઉપરોક્ત વીસ કારણોમાં પ્રારંભ અરિહંત, સિદ્ધ, પ્રવચન, ગુરુસ્થવીર, બહુશ્રુત તથા તપસ્વી પ્રતિ વત્સલતા - પ્રીતિ અથવા અનુરાગ ધારણ કરવાની જે વાત કરી છે ત્યાં વત્સલતાનો આશય ભક્તિ છે. એટલે અરિહંત, સિદ્ધ આદિનું અંતઃકરણથી કીર્તન કરવું, સ્તવન કરવું તથા તેના સદ્‌ગુણો પ્રત્યે અનુરાગ કરવો, તેના ગુણોનું અનુકરણ કરીને પોતાના આત્મગુણો વિકસિત કરવાનો પ્રયત્ન કરવો તે ખરા અર્થમાં ભક્તિ છે.

આવા ભક્તિમય ભાવોથી યુક્ત અને સ્વઆત્માને શુદ્ધાત્મા પ્રતિ લઈ જવા માટે વીતરાગતામય આધ્યાત્મિક ભાવોથી સભર સ્તોત્ર એટલે આ કલ્યાણમંદિર સ્તોત્ર. આ સ્તોત્રમાં ભક્તહૃદયી આચાર્યશ્રીનો આરાધ્ય પ્રત્યે અત્યંત સમર્પણભાવ



ઉપસ્થિત થવાથી વિનમ્રતાની પ્રતિમૂર્તિરૂપ બની જાય છે. અહીં, સ્તોત્રભાવોમાં તાત્વિકદૃષ્ટિથી અવલોકન કરતાં બે બાબતો ખ્યાલમાં આવે છે. આત્મામાં જે નિર્મળતા અથવા શુદ્ધતા ઉત્પન્ન થાય છે તેમાંથી સંચિત કલુષિત અને અશુભકર્મ નિર્જીણ (નિર્જરા) થાય છે તથા આરાધ્ય પરમાત્મા પ્રત્યે જે પ્રીતિમય ભાવો જાગે છે તેમાંથી પુણ્ય સંચય થાય છે. કર્મનિર્જરા આત્મોકર્ષનો હેતુ છે, મોક્ષપરક છે. તથા સંચિત પુણ્યપુંજ સુખપ્રદ છે અને શાંતિપરક છે, જે ભક્તની ઈચ્છાઓની પરિપૂર્તિ કરે છે.

કલ્યાણમંદિર સ્તોત્રની રચના તથા આ સ્તોત્રના હૃદયભાવો તદ્‌ગુણ પ્રાપ્તિ (સ્તુત્યના ગુણોની પ્રાપ્તિ), શાંતિપ્રાપ્તિ, પાપક્ષય, મુક્તિપ્રાપ્તિ આદિ આધ્યાત્મિક લક્ષ્ય જ મુખ્યત્વે રહેલું છે.

### (૧) તદ્‌ગુણ પ્રાપ્તિ :-

ઉપાસક પોતાના ઉપાસ્યની ભક્તિ કરતા સમયે ઉપાસ્યમાં જે ગુણો છે તેનું સંસ્તવન કરે છે. તેના પાછળ તેનું લક્ષ માત્ર તેઓની કૃપાપ્રાપ્ત કરવાનું જ નહીં પણ તેનાથી આગળ વધી પોતે પણ તે પરમપદ પામે તે ભાવના ભળેલી છે. આરાધકના હૃદયમાં સતત તે ભાવો હોય, તે પ્રભુમાં જે ગુણો છે તે ગુણોની પ્રાપ્તિ માટે સ્વયં પાત્ર બને. ભક્તિ તથા સ્તવનમાં ત્યારે આત્મ-પ્રેરણાનો લાભ પણ જોડાયેલો જણાય છે. માટે, શ્લોક - ૧૫ માં કહ્યું છે કે -

"ध्यानाजिनजनेश ! भवतो भविनः क्षणेन
देहं विहाय परमात्मदशां व्रजन्ति !"

હે જિનેશ્વર ! આપના ધ્યાનથી ભવ્યજનો આ દેહને છોડી શીઘ્ર પરમાત્મદશાને પ્રાપ્ત કરે છે. વળી, આગળ ૧૭ માં શ્લોકમાં પણ આ જ ભાવોનું વિવરણ છે. આ ભાવોમાં ભક્તહૃદયી આરાધકના પ્રભુના ગુણો પામી પરમાત્મ-દશા પ્રાપ્તિની પ્યાસ જણાય છે.

### (૨) શાંતિપ્રાપ્તિ :-

જગતના પ્રત્યેક પ્રાણી જન્મ, જરા અને મરણના દુઃખોથી પીડિત છે. રાગ-

દ્વેષ, કામ, ક્રોધ, લોભ આદિ વિકારોથી ગ્રસ્ત હોવાથી વ્યક્તિ અશાંત છે. ભવ્યજીવ સંસારમાં આ જન્મમરણાદિ કષ્ટોથી મુક્ત થઈ રાગાદિ વિકારોનો નાશ કરી આત્મશાંતિ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. જે મનરૂપી કલ્યાણસ્વરૂપી મંદિરમાં જ્યોતિસ્વરૂપ પ્રભુ બિરાજમાન હોય, પ્રકાશમાન હોય તે મંદિરમાં વિકારરૂપી અંધકારને કોઈ સ્થાન નથી. માટે, સ્તુતિકાર સ્તોત્રની રચનામાં આત્મશાંતિની કામના કરતાં કહે છે -

અન્તઃ સવૈદ જિન ! યસ્ય વિભાવ્યસે ત્વ
ભવ્યૈઃ કથં તદપિ નાશયસે શરીરમ્ ।
એતતસ્વરૂપમય મધ્યવિવર્તિનો હિ
યદ્વિગ્રહં પ્રશમયન્તિ મહાનુભાવાઃ ॥

હે જિનેન્દ્ર ! ભવ્યજીવો જે દેહના હૃદયકમલમાં આપનું નિરંતર ધ્યાન કરે છે, તે દેહનો આપ નાશ કરો છો. રાગ-દ્વેષ રહિત મહાપુરુષોની રીત જ એવી છે કે તે વિકારોનો નાશ કરે છે ને પોતાના સ્વરૂપને પામવામાં જે નડતરરૂપ છે તેને શાંત કરે છે.

### (૩) પાપક્ષય :-

વીતરાગદેવના અનંતજ્ઞાનાદિ પવિત્રગુણોનું સ્મરણ ચિત્તને પાપકાર્યોથી દૂર કરાવી પવિત્ર બનાવે છે. અનંતકાળથી સંસારરૂપી સાગરમાં પરિભ્રમણ કરવાનું કારણ પાપકર્મોનું આચરણ છે. મોહાદિક પાપકર્મો તથા હિંસાદિક દુષ્કૃત્યો પર વિજય પ્રાપ્ત કરવા પ્રભુનામરૂપી મંત્ર પ્રબળ સામર્થ્ય ધરાવે છે. તે બાબતે વર્ણવતા આચાર્યશ્રી કહે છે કે,

''અસ્મિન્નપાર ભવ વારિનિધૌ મુનીશ
મન્યે નમે શ્રવણગોચરતાં ગતોઽસિ ।
આકર્ણિતે તુ તપ્વ ગોત્ર પવિત્ર મંત્રે
કિંવા વિપદ્ વિષધરો સવિધં સમેતિ ॥''

હે મુનીન્દ્ર ! આ અપાર સંસારસાગરમાં પરિભ્રમણ કરતાં આપના નામરૂપી મંત્રને મેં ક્યારેય સાંભળ્યો નથી, કારણ કે જો આપના નામરૂપી મંત્રને સાંભળ્યો હોય



તો આ વિપત્તિરૂપી સર્પિણી મારી પાસે ક્યાંથી આવત ?

આમ, પ્રભુનામની મહત્ત્વતા સાથોસાથ પાપકર્મોથી મુક્ત થવાની કામના જણાય છે.

### (૪) મુક્તિપ્રાપ્તિ :-

જૈનદર્શન અનુસાર જીવનનું પરમ અને ચરમ લક્ષ્ય મોક્ષ છે. મોક્ષનો અર્થ છે જ્ઞાનાવરણીય, દર્શનારણીય આદિ આઠ કર્મોથી મુક્ત થઈ શુદ્ધ, ચૈતન્યરૂપ પરમાત્મપદને પ્રાપ્ત કરવું. સંસારીજીવન નિરંતર મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગના માધ્યમે પાપાસ્રવ કરીને કર્મબંધન કરતો રહે છે. પરિણામ સ્વરૂપે, જન્મ-જન્માંતરો સુધી ચાર ગતિના પરિભ્રમણમાં બંધાયેલો રહે છે. આ અનંતાનંત સંસારની ભવપરંપરાને તોડવા સૌથી સરળ અને સુગમ સાધન છે ભગવદ્ - ભક્તિ. જૈન સ્તોત્ર સાહિત્યના લેખમાં વિદેશી વિદ્વાન ડૉ. શુબ્રિંગે લખ્યું છે કે, ''સ્તોત્રનું પ્રધાન લક્ષ મનુષ્યને કર્મબંધનથી મુક્ત કરવાનું છે.''

આ વાત બતાવતાં આચાર્યશ્રી જણાવે છે કે,

જન નયન કુમુદચંદ્ર ! પ્રભાસ્વરાઃ સ્વર્ગસંપદો ભક્ત્વા
તે વિગલિતમલનિચયા, અચિરાન્મોક્ષં પ્રવધન્તે ।

અર્થાત્ હે ભક્તજનોના નેત્રરૂપી કુમુદ વિકસિત કરનાર વિમલચંદ્ર ! તે ભક્તજનો અત્યંત રમણીય સ્વર્ગ - સંપત્તિને ભોગવીને અંતે કર્મમલથી રહિત થઈ જાય છે અને શીઘ્ર જ મોક્ષને પામે છે.

શ્રી કલ્યાણમંદિર સ્તોત્રના અંતિમ શ્લોકમાં આ સ્તોત્રનો મુખ્ય ઉદ્દેશ્ય બતાવતા સ્તોત્ર રચનાનો ભાવ સ્પષ્ટ થાય છે.

### (૫) ઉપસર્ગ નિવારણ :-

કોઈપણ પ્રકારના ભૌતિક લક્ષથી સ્તોત્ર રચના કરવી જૈનદર્શનના સિદ્ધાંતથી વિરુદ્ધ છે, પરંતુ અન્ય ધર્મોની જેમ જૈનભક્તોએ પણ ઉપસર્ગ નિવારણાર્થ અર્થાત્ આવેલા સંકટોથી મુક્ત થવા માટે જિનેશ્વર દેવોની સ્તવના કરી છે.

વિભિન્ન ઉદ્દેશ્યોથી રચિત આ સ્તોત્રની પવિત્રધારા લોકોના ભાવોની શુદ્ધિ કરી તેમનામાં શ્રદ્ધારૂપ પરિવર્તન લાવવામાં અને આત્મશાંતિની શીતલતા પ્રદાન કરવામાં સમર્થ સિદ્ધ થાય છે. શાંતિ અને મુક્તિ પ્રાપ્ત કરવા માટે ભક્તિ અને સ્તુતિ સબલ સાધન છે.

આમ, શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર ભક્તિમય હૃદયભાવોથી યુક્ત રચના છે. આ સ્તોત્ર આધારિત સાહિત્ય પર અભ્યાસ કરતાં પણ અનેક પ્રજ્ઞાવંત સંતો અને સતીજીઓના જ્ઞાનગુણનો અને દર્શનગુણનો પરિચય થાય છે.

આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરે આ સ્તોત્રના એકેક પદમાં એક - એક અક્ષરમાં ગૂઢ રહસ્યો ભરેલાં છે. તે ગૂઢાર્થ જાણવાનો ને અધ્યાત્મસભર ભાવોને જીવનમાં કેળવવાનો પુરુષાર્થ કરી ભૌતિકતામય દૃષ્ટિને આધ્યાત્મિકતા તરફ વાળવાનો સમ્યક્ પુરુષાર્થ પ્રારંભી આપણે પણ મુક્તિના મંગલસ્થાનને સંપ્રાપ્ત કરીએ તે જ શુભભાવના સહ પ્રભુપ્રાર્થના...

**(ગચ્છાધિપતિ પૂ. અમીચંદજી મ.સા. ના શિષ્ય પૂજ્ય જયેશમુનિના શિષ્ય પૂ. સુપાર્શ્વચંદ્રજી મ.સા.એ કલ્યાણમંદિર સ્તોત્ર પર શોધનિબંધ લખી મુંબઈ યુનિ.માં Ph.D. કરેલ છે.)**

સંદર્ભસૂચિ :-

(૧) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર - અધ્યયન ૨ - ગાથા ૩૬/૩૭

(૨) આચાર્ય કુંદકુંદ - સમયસાર, શ્રી પાટની દિ.જૈન ગ્રંથમાલા, મારૌઠ - ૧૯૫૩, ૨/૮૬, પૃ. ૧૫૧

(૩) સર્વાર્થસિદ્ધિ : પં. ફૂલચંદજી સંપાદિત ભારતીય જ્ઞાનપીઠ કાશી, વિ.સં.૨૦૧૨, ૬/ ૨૪ ભાષ્ય, પૃ. ૩૩૯

(૪) 'ભગવતી આરાધના' ૪૬ મી ગાથાની ટીકા, પૃ. ૮૯

(૫) શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર - અધ્યાય ૮ - પૃ. ૨૧૭

(૬) AUSDER JINSTISCHE STOTRA, Literature - By W. Schubring Preface - P. 1



## ૩ જિનપંજર સ્તોત્રનું માહાત્મ્ય

- પૂ. સાધ્વી મિતલ

જ્ઞાનીઓએ કહ્યું છે કે ધર્મસાધના, ધાર્મિક અને આધ્યાત્મિક અનુષ્ઠાનો માટે શરીર એક માધ્યમ છે. માટે આ સાધના માટે શરીર એક સાધન છે. સાધન સ્વસ્થ હોય તો સાધ્ય ઝડપથી સાધી શકાય છે.

શારીરિક ઉપાધિઓ, રોગનિવારણ માટે અને પીડામુક્તિ માટે માનવો અનેક પ્રકારના ઉપાયો કરે છે. આ ઉપાયોમાં ક્યારેક તે અભક્ષ્ય દવાઓ, બાધા, આખડી, મિથ્યાત્વની પ્રરૂપણા કે આરંભ સમારંભના માર્ગે જઈ શારીરિક અને માનસિક શાતા ઉપજાવવા કર્મબંધન પણ કરી શકે છે.

પ્રબુદ્ધ કરુણાના કરનારા જૈનાચાર્યોએ માનવોને આમાંથી ઉગારવા ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ અને તપોમાર્ગની પ્રરૂપણા કરી છે.

પૂ. કમલપ્રભ આચાર્યએ જિનપંજર સ્તોત્રની રચના કરી. આ સ્તોત્ર અને તીર્થંકર નામમંત્રના જાપ દ્વારા આધિ, વ્યાધિ અને ઉપાધિ નિવારવાના ઉપાયો દર્શાવ્યા છે.

જિનપંજર સ્તોત્રના રચયિતા કમલપ્રભાચાર્ય રુદ્રપલ્લીય ગચ્છના હતા, તેમના ગુરુ દેવપ્રભુસૂરિ અને તેમનો સમય વિ.સં. ૧૫ મી સદી છે. કમલપ્રભસૂરિના શિષ્ય અમરચંદ્ર હતા. આ અમરચંદ્ર દ્વારા સ્વહસ્તે લખેલી (રચેલી નહીં) મહિપાલ ચરિત્રની પ્રત જ્ઞાનમંદિરમાં ઉપલબ્ધ છે, જેમાં તેમણે પ્રતિલેખન પુષ્પિકામાં લખ્યું છે કે સંવત ૧૫૦૩ વર્ષે માઘ સુદ ૩ બુધવાસરે શ્રીરુદ્રપલ્લીય ગચ્છે ગગનાંગણમંડનભાસ્કર પૂજ્ય ભટ્ટારક શ્રી કમલપ્રભસૂરિ શિષ્યેન શ્રી અમરચંદ્રેણા આત્મ પઠનાર્થે લિખિતં.

જૈન પરંપરાનો ઈતિહાસ(ભાગ-૨) માં - ૪૩ આ. દેવભદ્રસૂરિ (સં. ૧૩૦૨)- આ દેવપ્રભના શિષ્ય આ. કમલપ્રભે પ્રાકૃત ભાષામાં 'પાર્શ્વનાથસ્તવન' ગાથા - ૭, 'જિનપંજરસ્તોત્ર' ગાથા ૨૫ રચ્યા.

જૈન પરંપરાનો ઈતિહાસ (ભાગ-૩) માં ઉલ્લેખ - આ. જિનવલ્લભસૂરિની પરંપરાના મધુકરગચ્છના આ. અભયદેવસૂરિવાદિસિંહે સં. ૧૨૭૮ માં રૂદ્રદોલી ગામમાં રુદ્રપલ્લી ગચ્છની સ્થાપના કરી. એ જ પરંપરાના કમલપ્રભે પ્રાકૃત ભાષામાં પાર્શ્વનાથસ્તવન અને જિનપંજર સ્તોત્ર રચ્યા. (પ્રક. ૪૦, પૃ. ૩૪૬)

રુદ્રપલ્લીય ગચ્છ બાબતે શ્રમણ મેગેજિનનો - खरतरगच्छ रूद्रपल्लीय शाखा का इतिहास લેખક - ડૉ. શિવપ્રસાદ. બીજો તીત્થયર મેગેજિનનો रूद्रपल्लीयगच्छ के इतिहास पर संक्षिप्त प्रकाश લેખક - ડૉ. શિવપ્રસાદે વિશદ ચર્ચા કરી છે.

હવે આપણે કમલપ્રભાચાર્ય રચિત જિનપંજર સ્તોત્ર વિશે અને તીર્થંકરનામ મંત્ર વિશે વિચારણા કરીએ.

## જિન પંજર સ્તોત્ર

ૐ હ્રીં શ્રીં અર્હં અર્હદ્ભ્યો નમોનમઃ
ૐ હ્રીં શ્રીં અર્હં સિદ્ધેભ્યો નમોનમઃ
ૐ હ્રીં શ્રીં અર્હં આચાર્યેભ્યો નમોનમઃ
ૐ હ્રીં શ્રીં અર્હં ઉપાધ્યાયેભ્યો નમોનમઃ



ૐ હ્રીં શ્રીં અર્હં ગૌતમસ્વામી પ્રમુખ સર્વ સાધુભ્યો નમોનમઃ

ભાવાર્થ :- ૐ હ્રીં શ્રીં અર્હં અરિહંત ભગવંતોને મારા ભાવપૂર્વક નમસ્કાર હોજો.
ૐ હ્રીં શ્રીં અર્હં સિદ્ધ ભગવંતોને મારા ભાવપૂર્વક નમસ્કાર હોજો.
ૐ હ્રીં શ્રીં અર્હં આચાર્ય ભગવંતોને મારા ભાવપૂર્વક નમસ્કાર હોજો.
ૐ હ્રીં શ્રીં અર્હં ઉપાધ્યાય ભગવંતોને મારા ભાવપૂર્વક નમસ્કાર હોજો.
ૐ હ્રીં શ્રીં અર્હં ગૌતમસ્વામી પ્રમુખ સર્વ સાધુ ભગવંતોને મારા ભાવપૂર્વક નમસ્કાર હોજો.

એષઃ પંચ નમસ્કાર, સર્વ પાપ ક્ષયંકરઃ
મંગલાણાં ચ સર્વેષાં, પ્રથમં ભવતિ મંગલમ્ ॥ ૧ ॥

ભાવાર્થ :- આ પાંચ નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ - ઉત્કૃષ્ટ મંગલ રૂપ છે.

ૐ હ્રીં શ્રીં જયે વિજયે, અર્હં પરમાત્મને નમઃ ।
કમલપ્રભ સૂરીન્દ્રો, ભાષતે જિનપંજરમ્ ॥ ૨ ॥

**ભાવાર્થ :-** શ્રી કમલ પ્રભસૂરિ "ૐ હ્રીં શ્રીં જયે-વિજયે અર્હં પરમાત્મને નમઃ", આ મંત્ર વડે પરમાત્માને નમસ્કાર કરીને શ્રી જિનપંજર નામના આ સ્તોત્રને કહે છે.

એક ભક્તોપવાસેન, ત્રિકાલં યઃ પઠેદિદમ્
મનોભિલષિતં સર્વં, ફલં સ લભતે ધ્રુવમ્ ॥ ૩ ॥

**ભાવાર્થ :-** જે મનુષ્યો એકાસણું કે ઉપવાસ કરીને દરરોજ ત્રિસંધ્યાએ (ત્રણેકાળમાં) આ સ્તોત્રનો પાઠ કરે છે, (બોલે છે), તે પોતાના ઈચ્છિત સર્વ ફળને અવશ્ય પ્રાપ્ત કરે છે.

ભૂશય્યા બ્રહ્મચર્યેણ, ક્રોધ લોભ વિવર્જિતઃ
દેવતાગ્રે પવિત્રાત્મા, ષણમાસૈર્લભતે ફલમ્ ॥ ૪ ॥

**ભાવાર્થ :-** ક્રોધ, માન, લોભ ને દૂર કરીને જે પવિત્રાત્મા સાધક ભૂમિશયન અને બ્રહ્મચર્યના પાલન સહિત આ સ્તોત્રની રોજ નિયમિત સાધના કરે છે, તે છ મહિનામાં અવશ્ય ફળ મેળવે છે.

અર્હન્તં સ્થાપયેન્મૂર્દિન, સિદ્ધં ચક્ષુર્લલાટકે
આચાર્ય શ્રોત્રયોર્મધ્યે, ઉપાધ્યાયં તુ ઘ્રાણકે ॥ ૫ ॥
સાધુવૃંદં મુખસ્યાગ્રે, મનઃ શુદ્ધિં વિધાય ચ
સૂર્ય ચન્દ્ર નિરોધેન, સુધીઃ સર્વાર્થ સિદ્ધયે ॥ ૬ ॥

**ભાવાર્થ :-** બુદ્ધિમાન સાધક સર્વ અર્થની સિદ્ધિ માટે સૂર્ય - ચંદ્ર નાડીને રોકીને, મનની શુદ્ધિપૂર્વક અરિહંતને મસ્તક ઉપર, સિદ્ધને બે ચક્ષુ - ભ્રૃકુટીની મધ્યમાં લલાટ ઉપર, આચાર્યને બંને કાનોની મધ્યમાં, ઉપાધ્યાયને નાસિકા ઉપર અને સાધુવૃંદને મુખના અગ્રભાગ ઉપર સ્થાપિત કરે.

દક્ષિણે મદન દ્વેષી, વામપાર્શ્વે સ્થિતો જિનઃ
અંગ સંધિષુ સર્વજ્ઞઃ, પરમેષ્ઠી શિવંકરઃ ॥ ૭ ॥

**ભાવાર્થ :-** હે અરિહંત પરમાત્મા ! કામનાશક રૂપે જમણી બાજુનું, જિન રૂપે ડાબી બાજુનું, સર્વજ્ઞ અને શિવંકર પરમેષ્ઠી રૂપે અંગોના સંધિરસ્થાનોનું રક્ષણ કરો.

પૂર્વાશાં ચ જિનો રક્ષેદ્, અગ્નેયીં વિજિતેન્દ્રિયઃ
દક્ષિણાશાં પરં બ્રહ્મ, નૈઋતીં ચ ત્રિકાલવિત્ ॥ ૮ ॥
પશ્ચિમાશાં જગન્નાથો, વાયવ્યાં પરમેશ્વરઃ
ઉતરાં તીર્થકૃત્સર્વા મીશાનેપિ નિરંજનઃ ॥ ૯ ॥
પાતાલં ભગવાનર્હન્નાકાશં પુરુષોતમઃ
રોહિણી પ્રમુખા દેવ્યો, રક્ષન્તુ સકલં કુલમ્ ॥ ૧૦ ॥

ભાવાર્થ :- હે અરિહંત પરમાત્મા ! જિનેશ્વર રૂપે પૂર્વ દિશાની, વિજિતેન્દ્રિય રૂપે અગ્નિ વિદિશાની, પરબ્રહ્મ રૂપે દક્ષિણ દિશાની, ત્રિકાલવિદ - ત્રિકાલજ્ઞાતા રૂપે નૈઋત્ય વિદિશાની, જગન્નાથ રૂપે પશ્ચિમ દિશાની, પરમેશ્વર રૂપે વાયવ્ય વિદિશાની, સર્વ તીર્થંકરો રૂપે ઉત્તર દિશાની, નિરંજન રૂપે ઈશાન વિદિશાની રક્ષા કરો. હે અરિહંત પરમાત્મા ! ભગવાન અર્હમ રૂપે પાતાલની અને પુરુષોત્તમ રૂપે આકાશની રક્ષા કરો. રોહિણી વગેરે સોળ વિદ્યા દેવીઓ સમગ્ર કુળનું રક્ષણ કરો.



ઋષભો મસ્તકં રક્ષેદ્, અજિતોડપિ વિલોચને
સંભવઃ કર્ણયુગલે નાસિકાં ચાભિનન્દનઃ ॥ ૧૧ ॥
ઔષ્ઠૌ શ્રી સુમતિ રક્ષેદ્,દન્તાન્ પદ્મ પ્રભો વિભુઃ
જિવ્હાં સુપાર્શ્વદેવોડયં, તાલુ ચન્દ્રપ્રભાભિધઃ ॥ ૧૨ ॥
કંઠં શ્રી સુવિધિ રક્ષેદ્, હૃદયં શ્રી સુશીતલઃ
શ્રેયાંસો બાહુયુગલં, વાસુપૂજ્યઃ કરદ્વયં ॥ ૧૩ ॥
અંગુલીર્વિમલો રક્ષેદ્, અનન્તોડસૌ નખાનપિ
શ્રી ધર્મોપ્યુદરાસ્થીનિ, શ્રી શાંતિર્નાભિમંડલ ॥ ૧૪ ॥
શ્રી કુંથુર્ગુહ્યકં રક્ષેદ્, અરો લોમકટીતટમ્
મલ્લીરુરુ પૃષ્ઠવંશં, પિંડિકા મુનિસુવ્રતઃ ॥ ૧૫ ॥
પાદાંગુલીર્નમી રક્ષેદ્, શ્રી નેમીશ્ચરણદ્વયમ્
શ્રી પાર્શ્વનાથઃ સર્વાંગં, વર્ધમાન શ્ચિદાત્મકમ્ ॥ ૧૬ ॥

ભાવાર્થ :- ઋષભદેવ સ્વામી મસ્તકની, અજિતનાથ સ્વામી આંખોની, સંભવનાથ સ્વામી બંને કાનોની, અભિનંદન સ્વામી નાસિકાની, સુમતિનાથ સ્વામી બંને હોઠોની, પદ્મપ્રભુ સ્વામી દાંતોની, સુપાર્શ્વનાથ સ્વામી જીભની, ચંદ્રપ્રભુસ્વામી તાળવાની, સુવિધિનાથ સ્વામી કંઠની, શીતલનાથ સ્વામી હૃદયની, શ્રેયાંસ નાથ સ્વામી બાહુયુગલની, વાસુપૂજ્ય સ્વામી બંને હાથની, વિમળનાથ સ્વામી આંગળીઓની, અનંતનાથ સ્વામી નખોની, ધર્મનાથ સ્વામી ઉદર (પેટ) અને હાડકાઓની, શાંતિનાથ સ્વામી નાભિમંડળની, કુંથુનાથ સ્વામી ગુહ્ય પ્રદેશની, અરનાથ સ્વામી રૂંવાટી અને કેડની, મલ્લિનાથ સ્વામી જંઘા, પીઠ, ખભાની, મુનિસુવ્રત સ્વામી પિંડીઓની, નમિનાથ સ્વામી પગની આંગળીઓની, નેમનાથ સ્વામી ચરણની, શ્રી પાર્શ્વનાથ સ્વામી સર્વાંગની અને વર્ધમાન સ્વામી જ્ઞાન સ્વરૂપી આત્માની રક્ષા કરો.

પૃથ્વીજલ તેજસ્ક, વાય્યાકાશમયં જગત

રક્ષેદ્ શેષ પાપેભ્યો, વીતરાગો નિરંજનઃ ॥ ૧૭ ॥

**ભાવાર્થ :-** શ્રી અરિહંત પરમાત્મા, વીતરાગ અને નિરંજન રૂપે પૃથ્વી-જલ-અગ્નિ-વાયુ-આકાશમય જગતનું સર્વ પાપોથી રક્ષણ કરો.

રાજદ્વારે સ્મશાને ચ, સંગ્રામે શત્રુ સંકટે

વ્યાઘ્રચૌરાગ્નિ સર્પાદિ, ભૂત પ્રેત ભયાશ્રિતે ॥ ૧૮ ॥

અકાલે મરણે પ્રાપ્તે, દારિદ્રયાપત્સમાશ્રિતે

અપુત્રત્વે મહાદુઃખે, મુર્ખત્વે રોગપીડિતે ॥ ૧૯ ॥

ડાકિની શાકિની ગ્રસ્તે, મહાગ્રહ ગણાર્દિતે

નદ્યુત્તારેડધ્વ વૈષમ્યે, વ્યસને ચાપદિ સ્મરેત્ ॥ ૨૦ ॥

**ભાવાર્થ :-** રાજદ્વારમાં, સ્મશાનમાં, સંગ્રામમાં, શત્રુઓ દ્વારા આવેલી આપત્તિમાં વાઘ, ચોર, અગ્નિ, સર્પાદિ હિંસક પ્રાણીઓ તથા ભૂત-પ્રેતના ભય સમયે, અકાળ મૃત્યુ, દારિદ્રતા તથા આપત્તિના સમયે, અપુત્રપણાના તથા મહાદુઃખના સમયે, મૂર્ખપણામાં, રોગની પીડામાં, ડાકિની - શાકિનીના વળગાડ સમયે, મહાગ્રહોની દશામાં, નદી ઉતરવામાં, વિષમ માર્ગ પર ચાલતા સમયે, કષ્ટ અને આફતના સમયે (આ) શ્રી જિનપંજર સ્તોત્રનું સ્મરણ કરવામાં આવે, તો તે-તે આપત્તિઓને દૂર કરે છે.

પ્રાતરેવ સમુત્થાય, યઃ સ્મરેત જિનપંજરમ્

તસ્ય કિંચિદ્ભયં નાસ્તિ, લભતે સુખસમ્પદઃ ॥ ૨૧ ॥

ભાવાર્થ :- પ્રાતઃકાળે ઉઠીને જે મનુષ્યો જિનપંજર સ્તોત્રનું સ્મરણ કરે છે તેઓને કોઈપણ જાતનો ભય રહેતો નથી અને સુખ-સંપત્તિને પ્રાપ્ત થાય છે.

જિનપંજર નામેદં યઃ સ્મરેદનુવાસરમ્

કમલપ્રભ રાજેન્દ્ર શ્રિયં સ લભતે નમઃ ॥ ૨૨ ॥



ભાવાર્થ :- શ્રી જિનપંજર નામના આ સ્તોત્રનું જે મનુષ્યો પ્રતિદિન સ્મરણ કરે છે, તેઓ કમળ સમાન તેજવાળા ચક્રવર્તીની સમૃદ્ધિને પ્રાપ્ત થાય છે.

## : ઈન્દ્રવજા :

પ્રાતઃ સમુત્થાય પઠેત કૃતજ્ઞો

યઃ સ્તોત્રમેતત્ જિનપંજરાખ્યમ્

આસાદયેત્ સઃ કમલપ્રભાખ્યા

લક્ષ્મીં મનોવાંછિત પૂરણાય ॥ ૨૩ ॥

ભાવાર્થ :- પ્રાતઃકાળમાં ઉઠીને જે કૃતજ્ઞ મનુષ્યો આ જિનપિંજર સ્તોત્રનું સ્મરણ કરે છે, તેઓ મનની ઈચ્છાઓને પૂર્ણ કરનારી શ્રી કમલપ્રભા નામે પ્રસિદ્ધ એવી લક્ષ્મીને-મોક્ષલક્ષ્મીને પ્રાપ્ત થાય છે.

શ્રી રુદ્રપલ્લીય વરેણ્ય ગચ્છે

દેવ પ્રભાચાર્ય પદાબ્જ હંસઃ

વાદિન્દ્રચૂડા મણિરેષ જૈનો

જિયાદસૌ શ્રી કમલ પ્રભાખ્યઃ ॥ ૨૪ ॥

ભાવાર્થ :- શ્રી રૂદ્રપલ્લીય નામના શ્રેષ્ઠ ગચ્છમાં શ્રી દેવપ્રભ આચાર્યના ચરણ કમળને વિષે હંસ સમાન અને જૈન વાદીઓમાં ઈન્દ્ર જેવા ચૂડામણિ રત્ન જેવા કમલપ્રભ નામના સૂરિ જય પામો.

આ અભેદ્ય કવચસ્તોત્ર છે. રક્ષા માટે અનુપમ સ્તોત્ર છે. આ સ્તોત્ર દ્વારા પૂર્વાદિ ચારે દિશા, ઉપર, નીચે સર્વત્ર સર્વથા સુરક્ષા થાય છે. ચોવીસ તીર્થંકરોની માથાથી પગ સુધીના અંગો પર પ્રતિષ્ઠા કરવાથી શરીરના અણુએ અણુ અને આત્માના પ્રદેશે પ્રદેશ નિર્મળ બને છે, વાયુમંડળ શુદ્ધ થાય છે.

વિધિ :- આસો વદ ૧૩, ૧૪, ૧૫ ના અઠ્ઠમ કરીને ૨૫૦ વાર સ્તોત્રનો પાઠ કરવાથી તે સિદ્ધ થાય છે. પ્રતિદિન ત્રણવાર આ સ્તોત્ર બોલવાથી સુરક્ષા થાય છે. વિશેષ

પરિસ્થિતિમાં જાપ કરવા હોય તો એકાસણું કરી ત્રણવાર પાઠ કરવો. ચોવીસ ભગવાનની સ્તુતિ એકાગ્ર ચિત્તે પ્રભુનું નામસ્મરણ કરે છે ત્યારે તેના અશુભ કર્મો અળગા થઈ જાય છે ને શુભ રૂપે ટ્રાન્સફર થઈને શુભ કર્મોનો ઉદય થાય છે. મંત્ર એટલે શું ? મંત્રેષુ વર્તતે બીજં મંત્રેણ જાયતે બંધનાશ, મંત્રેણ ગુપ્ત શક્તિ પ્રદર્શતે, મંત્રેણ કિં કિં ન સિદ્ધયતે. મંત્રમાં બીજનું સમાવિષ્ટ છે, મંત્રથી બંધ પડેલી ચીજ ઉદ્ધારિત થાય છે, મંત્રથી ગુપ્ત શક્તિઓ પ્રગટ થાય છે, શું સિદ્ધ ન થાય ? બધું સિદ્ધ થાય છે. મંત્ર તો રત્નત્રયનું બીજ છે, મોક્ષનું બીજ રત્નત્રય ચારિત્ર વ્રતરૂપ છે. દર્શન શ્રદ્ધારૂપ છે, જ્ઞાન બોધરૂપ છે.

(૧) ઋષભદેવ ભગવાન મસ્તકની રક્ષા કરે છે.

માનસિક સુખ-શાંતિ-સમાધિ પ્રાપ્ત કરવા, જ્ઞાનતંતુઓને સજાગ કરવા શ્રી ઋષભદેવાય નમઃ હે પ્રભો ! મારામાં નેગેટીવ વિચારોની મેજોરીટી છે તે દૂર થાઓ ને પોઝીટીવ ઊર્જાનો પ્રવેશ થાઓ. ૐ હ્રીં શ્રીં ઋષભદેવાય નમઃ ની એક માળા ગણવી. પ્રભુના મસ્તકને છત્ર જેવું ગોળાકાર કહ્યું છે. ઋષભદેવની પ્રતિષ્ઠા મસ્તક પર કરી મસ્તકના અણુ પરમાણુ નિર્મળ બને છે.

(૨) અજિતનાથ ભગવાન આંખોની રક્ષા કરે છે.

હે પ્રભો ! મારામાં બીજાના વીક પોઈન્ટ જોવાની ટેવ છે તે દૂર થાઓ, દ્રવ્યચક્ષુ દ્વારા બાહ્ય જગત દેખાઈ રહ્યું છે તે બાહ્ય જગત જોતા, જડ યા ચેતનને જોતા મને રાગ-દ્વેષના પરિણામ સ્પર્શે છે તે વિભાવભાવ છે, તેનાથી પર થઈ નિરંજન નિરાકાર એવા આત્મસ્વરૂપનું ધ્યાન ધરું એ મંગલ ભાવના.

હે અજિતનાથ પ્રભુ ! આપની પ્રતિષ્ઠા મારી આંખ પર કરી પ્રાર્થના કરું છું પ્રભો ! ચક્ષુવિજેતા બની ચેતન તથા જડ જગતનો જ્ઞાતાદૃષ્ટા બની આત્મસ્વરૂપમાં સ્થિર થવા માટે મારા અંતરલોચન ખોલો, જેથી મને બાહ્ય ને આધ્યાત્મિક વિજય એક સાથે ઉપલબ્ધ થાય. ૐ હ્રીં શ્રીં અજિતનાથાય નમઃ ની એક માળા.



(૩) સંભવનાથ ભગવાન કર્ણયુગલનું રક્ષણ કરે છે.

હે પ્રભો ! મારી વિકથા કરવાની અને સાંભળવાની ટેવ દૂર થાઓ. પાંચેય ઈન્દ્રિયના વિષયોને વખોડવાનો કે વખાણવાનો રસ મારો સુકાઈ જાઓ. દ્રવ્ય કર્ણ યુગલ નામ કર્મના આધારે મળ્યા છે. દ્રવ્ય આકાર મળ્યો. સાંભળવાની શક્તિ ન મળી તે જ્ઞાનાવરણીય કર્મનું ફળ છે. ધર્મકથા સાંભળવાથી ભવેભવનો થાક ઉતરે છે ત્યારે વિકથા સાંભળવાથી થાક વધે છે. શબ્દના ત્રણ પ્રકાર છે જીવ - અજીવ અને મિશ્ર-પશુ-માનવ-દેવ-નારકીનો અવાજ જીવ, પાટ પાટલાનો અવાજ અજીવ, મિશ્ર અવાજ બંસરી અજીવ છે, તેના સૂર ફેલાવનાર જીવ છે.

શય્યાપાલકે શ્રોતેન્દ્રિયનો વિજય ન કર્યો. પરિણામ શું મળ્યું ? કણની મજાએ મણની સજા અપાવી. હે પ્રભો ! આ ભવમાં સહુથી મૂલ્યવાન ઈન્દ્રિય મળી તેનું મહત્ત્વ સમજી તારી વાણી સાંભળીને હૃદયસ્થ કરું. સંભવનાથ ભગવાનની પ્રતિષ્ઠા કર્ણયુગલ પર કરી અસંભવને, અશક્ય કામને પૂર્ણ કરું એવી મનોભાવના સહ શ્રોતેન્દ્રિય વિજેતા બનું. ૐ હ્રીં શ્રીં સંભવનાથા નમઃ ની એક માળા કરવી.

(૪) અભિનંદન ભગવાન નાસિકાનું રક્ષણ કરે છે.

અભિ = તરફ, નંદ = આનંદ. ખુશી પ્રાપ્ત કરાવે છે તે અભિનંદન. નંદનવનમાં વિચરણ કરવાથી મનુષ્ય આનંદમગ્ન બને છે. દેવો ભાવવિભોર બની જાય છે તેમ અભિનંદનના નામથી મનુષ્ય આનંદિત બની જાય છે. જેમ બગીચામાં પુષ્પો ખીલ્યા હોય તે બગીચો આહ્લાદક અને રમણીય લાગે છે, તેની સુવાસ દ્વારા માનવ એકદમ પ્રસન્ન અને તાજગીસભર થઈ જાય છે.

નાસિકાનો ઉપયોગ પ્રાણાયામમાં પણ કરવામાં આવે છે. જ્યારે શરદી થાય ત્યારે નાકથી શ્વાસ લેવામાં તકલીફ થાય છે ત્યારે પ્રાણાયામ તેમાં ફાયદો કરે છે. આ તો શરીરના લાભ અલાભની વાત થઈ. આગમમાં અવલોકન કરીએ. જ્ઞાતાસૂત્રમાં રાજા પ્રધાનની કથા આવે છે. ગટરના પાણીને જોઈને રાજાથી દુર્ગંધ સહન થતી નથી

અને અણગમાના ભાવને મજબૂત કરે છે, જ્યારે પ્રધાન જ્ઞાતા-દૃષ્ટાભાવે એને જુએ છે, ને વિચારે છે કે આ તો ઔદારિક શરીરનો કચરો છે.

હે પ્રભો ! આપની પ્રતિષ્ઠા હું નાસિકા પર કરું છું. અશુચિ ભાવના દઢ બને, દુર્ગુચ્છા મોહનીય કર્મ નષ્ટ થાઓ એ ભાવના સાથે ૐ હ્રીં શ્રીં અભિનંદન સ્વામીને નમઃ

(૫) સુમતિનાથ ભગવાન બન્ને હોઠોનું રક્ષણ કરે છે.

હે પ્રભો ! આપ બન્ને હોઠોનું રક્ષણ કરો છો પણ મેં અજ્ઞાનભાવે મૂલ્યવાન એવા હોઠોનો દુરુપયોગ કર્યો. આપના હોઠને પરવાળાની ઉપમા છે. પરવાળાનો લાલ કલર છે તે મૂલ્યવાન છે. લાલ કલર તે શુભનું પ્રતીક છે, એમ હોઠ પણ પ્રેમનું પ્રતીક છે. નાના બાળકને કીસ કરે તો પણ હોઠથી કરે છે.

પ્રભો ! આજથી હું સંકલ્પ કરું છું કે સંસારનું વિસ્મરણ થાય, કષાયભાવ, રાગ-દ્વેષનું વિસ્મરણ કરવા માટે હૈયામાં હે સુમતિનાથ ભગવાન ! તારું સ્મરણ સતત રહે ને હોઠ પર પણ તારું સ્મરણ રહે એવી કૃપા વરસાવો, મારી કુમતિ સંસારસ્મરણની દૂર થાઓ, સુમતિ પ્રગટ થાઓ એવી મંગલ ભાવના સાથે આપની પ્રતિષ્ઠા હોઠ પર કરું. જેથી અણુ પરમાણુ પવિત્ર બની રહે એ જ. ૐ હ્રીં શ્રીં સુમતિનાથાય નમઃ ની એક માળા.

(૬) પદ્મપ્રભુ દાંતોની રક્ષા કરે છે.

પદ્મ = કમળ, શ્વેત નિર્મળ કમળ, પ્રભુ = પૂજ્ય, પ્રભાવક. કમલ જેવા વિકસિત હોવાથી લોકમાં પૂજાય. પદ્મપ્રભુ નિર્લેપતાનું પ્રતીક, કમળ પાણીના મેલ અર્થાત્ કીચડમાં ઉત્પન્ન થાય છે છતાં પાણી કે કીચડ એને સ્પર્શતા નથી. પદ્મપ્રભુનું સ્મરણ મલિન ચીજને દૂર કરે છે, હીયમાન કરે છે અને પવિત્રને વિકસિત કરે છે. તીર્થંકર આદિ મહાપુરુષના શરીરમાં કમળ હોય છે. શરીરના અવયવોને કમળની ઉપમા આપી છે. નયનકમળ, હસ્તકમળ, ચરણકમળ, વદનકમળ વિ. ઉપમા આપી છે. મનુષ્યને પશુની દાઢમાં ઝેર છે તે ખતરનાક છે.



હે પ્રભો ! આપની પ્રતિષ્ઠા મારા દાંતમાં કરું છું, જેથી કષાયના છોતરા નીકળે ને અણુ - પરમાણુ પવિત્ર બને એ જ મંગલ ભાવના.

ૐ હ્રીં શ્રીં પદ્મપ્રભુ સ્વામીને નમઃ ની એક માળા કરવી.

(૭) સુપાર્શ્વનાથ ભગવાન જીભનું રક્ષણ કરે છે.

સુ = સારું, પાર્શ્વ = બાજુ, સમીપ, નિકટ. આજુબાજુના પદાર્થ, વાતાવરણ, પર્યાવરણ સારા હોય તે સુપાર્શ્વ. વ્યક્તિનું મંગલ કે અમંગલ થાય તેમાં તેના પાર્શ્વ મંગલ અમંગલ વાતાવરણ પદાર્થોની અસર થાય છે. શ્રવણ ઉપર અમંગલ ક્ષેત્રનો પ્રભાવ પડ્યો. કુરુક્ષેત્રમાંથી પસાર થયાંને મા-બાપને કહે છે કે જાત્રા કરાવું છું એનું ભાડું આપો. મા બાપ ક્ષેત્રનો પ્રભાવ સમજી ગયા. ત્યાંથી ધૂળ થોડી સાથે લઈ લીધી. ક્ષેત્ર પસાર થઈ ગયા પછી તેને પશ્ચાત્તાપ થવા લાગ્યો. બધા યોગો સુમેળ હોય તો જ મુહૂર્ત કામ કરે છે.

જીભના રસાસ્વાદે જીવ કેવો ભારે કર્મી બને છે. કારણ રસના સ્વાદને કાં તો વખાણીએ ને વાગોળીએ છીએ કાં તો વખોડે છે. આગમમાં અવલોકન કરીએ. કુંડરીક મુનિ રસના સ્વાદને વખાણી સંયમના શિખર પરથી તળેટીએ આવ્યા ને પરિણામ શું આવ્યું ? સાતમી નરકની સજા મળી. પેલા મંગુ આચાર્ય રસના સ્વાદે મરીને ગટરના કીડા બન્યા. આ કેવી રીતે થાય ? જે પણ સ્વાદ લઈએ છીએ તેનું પરિણમન શેમાં થાય છે ? વમન અને વિષ્ટામાં થાય છે. પેલા ધન્ના અણગારે રસ પર વિજય પ્રાપ્ત કરી એકાવતારી બન્યા ને પ્રભુ મહાવીર ખુદ તેના તપની પ્રશંસા કરી. જીભને અસ્રાની ધાર જેવી કહી છે. હે પ્રભુ ! આપની પ્રતિષ્ઠા મારી જીભ પર કરું ને સંકલ્પ કરું છું. મારા વચન દ્વારા કોઈને દુઃખ થાય તેવું બોલીશ નહીં. જીભથી તારી ભક્તિ કરી તારા અનંત ગુણોના ગીત ગાઉં ને આસપાસનું વાતાવરણ પોઝીટીવ બને એ જ. ૐ હ્રીં શ્રીં સુપાર્શ્વનાથાય નમઃ ની એક માળા કરવી.

(૮) ચંદ્રપ્રભુ ભગવાન તાળવાનું રક્ષણ કરે છે.

ચંદ્ર જેવો શીતલકારી પ્રભાવ છે જેમનો. પ્રભુનું નામ સ્મરણ તનના તાપ અને મનના ઉતાપને શાંત કરે છે. તજા ગરમીના પ્રભાવે મોઢામાં, જીભમાં ને તાળવામાં ચાંદા પડે છે. ગરમીનો ઉપદ્રવ વધે તે ઉપદ્રવમાં ચંદ્રપ્રભુનું સ્મરણ ઔષધિનું કામ કરે છે ને ગરમી મટાડે છે.

હે પ્રભો ! નામકર્મના અનુસાર તાળવું મળ્યું. પિત્તનું જોર વધે તો ગરમી ઊભી થાય છે. એના કારણે દાહ થાય. એનું ઉપશમન પ્રભુ આપ કરો છો, પરંતુ હે પ્રભુ ! અંદરમાં જે કષાયની ગરમી છે તે મારી શાંત થાઓ. તાળવામાં આપની પ્રતિષ્ઠા કરું છું. તાળવામાં અણુ પરમાણુ પવિત્ર અને નિર્મળ થાઓ. જ્યારે પાણીની ખૂબ તરસ લાગે ત્યારે દીર્ઘ શ્વાસની સાથે શીતલ પ્રાણાયામથી પણ ફાયદો થાય છે. હે પ્રભો ! આપના જેવો શીતલ અને શાંત બનું એ જ ભાવના સહ ૐ હ્રીં શ્રીં ચંદ્રપ્રભુ સ્વામીને નમઃ ની એક માળા કરવી.

(૯) કંઠની રક્ષા શ્રી સુવિધિનાથ ભગવાન કરે છે.

સુવિધિનો સંબંધ કળા સાથે છે. તેનું બીજું નામ પુષ્પદંત. તેના દાંત પુષ્પની કળી જેવા છે. દંત શબ્દનો અર્થ રસ છે. તેમાં કોઈ રસ ઉપાદેય છે તો કોઈ રસ હેય છે. સજ્જન માણસની કળા સુવિધિપૂર્વકની હોય તેથી તે આદરણીય છે. દુર્જન માણસની કળા કુવિધિની હોય તેથી તે ત્યાજ્ય છે. સુવિધિનાથ ભગવાનનું સ્મરણ કળામાં પારંગત બનાવે છે.

(૧) સુવિધિ (૨) કુવિધિ (૩) વિધિ (૪) અવિધિ. આ ચાર રીતે વસ્તુ નિર્માણ થાય છે. આપણે સામાયિક પાળતી વખતે બોલીએ છીએ કે સામાયિકની વિધિઓ કરતા અવિધિએ થઈ હોય તો મિચ્છામિ દુક્કડમ્. અવિધિને કુવિધિ ખરાબ છે. લાંબા સમયની અવિધિ કરતા અલ્પ સમયની વિધિ સારી. કુવિધિ ને અવિધિ એટલે વેઠ ઉતારવી. ઉપયોગ વિધિમાં રહ્યો છે તે વિવેકબુદ્ધિ ને અર્થબોધ કરાવે છે.



હે પ્રભો ! કોઈને શુભ નામના ઉદયે સુસ્વર કંઠ મળ્યો. કોઈને અશુભ નામના ઉદયે દુઃસ્વર કંઠ મળ્યો. સારો કંઠ સાંભળીને વખોડીએ છીએ. રતિ અરતિના પાપનું સેવન કરીને દુર્લભબોધિ બની જશું. કોયલ ને કાગડાનો રંગ સમાન, ગતિ સમાન તથા એકને સુસ્વર કંઠ મળ્યો ને બીજાને દુઃસ્વર કંઠ મળ્યો.

હે સુવિધિનાથ ભગવાન ! આપની પ્રતિષ્ઠા કંઠ પર કરું છું ને સુલભબોધિ બની શુભ નામકર્મને ઉપાર્જન કરી તારી ભક્તિ કરું, ગુણગાન કરી સ્વયં તારા જેવો બનું એ ભાવના સહ આપની ભક્તિ કરવામાં કંઠનું મહત્ત્વ નથી, ભાવનું મહત્ત્વ છે. ૐ હ્રીં શ્રીં સુવિધિનાથાય નમઃ ની એક માળા કરવી.

(૧૦) શીતલનાથ ભગવાન હૃદયનું રક્ષણ કરે છે.

શીત = શાંતિ, સુખ અને લ = લાવવું. શાંતિ કે સુખને લાવે તે શીતલ. આ પ્રભુનું નામ આંતરિક ઉતાપને શાંત કરે છે. રોગના સંતાપ, પીડા તેમજ આંતરિક સંતાપને અને તેનાથી વધુ કટુ વચનના સંતાપને હરનાર છે.

આપણે ત્યાં કહેવત છે કે ભાલાનો માર્યો સારો થાય, તલવારનો માર્યો ઊભો થાય પણ કટુ વચનનો માર્યો બેઠો થતો નથી. હૃદયમાં કોઈએ કહેલા કટુ વચનનો સંગ્રહ કર્યો છે માટે વચનના કંટક કાઢવા મુશ્કેલ છે. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે વાયાદુરુતાણી દુરુઘરાણી. વચનની તીર ખૂબ ખરાબ છે, એ કોના માટે ? અજ્ઞાની જીવ માટે જ્ઞાની તો કર્મ બંધ કરાવે એવા વચનનો સંગ્રહ કરતા નથી.

હૃદયમાં તારા વચનોનો સંગ્રહ કરું, જેથી કર્મ ઉદયમાં આવે ત્યારે આપની વાણીને વાગોળવાનો અવસર આવે ને મારા હૃદયને સ્વચ્છ તથા પવિત્ર બનાવવા માટે આર્ત્ત ધ્યાનમાંથી બહાર નીકળી, ધર્મ ધ્યાનમાં સ્થિર થાવ તેવી કૃપાદૃષ્ટિ વહાવજો. ૐ હ્રીં શ્રીં શીતલનાથાય નમઃ ની એક માળા કરવી.

(૧૧) શ્રેયાંસનાથ ભગવાન બાહુયુગલનું રક્ષણ કરે છે.

શ્રેય = કલ્યાણ, અંશ = ખભો. કલ્યાણને ટેકો આપે, કલ્યાણને સર્જે તે

શ્રેયાંસ. સંતાપ અને દુઃખના નિવારણ માટે આ પ્રભુની જપસાધના છે. આ મંત્રની જપસાધના કરવાથી સંતોષનો ઉદય થાય છે.

પ્રભુ મને પણ બાહુયુગલ કર્મના કારણે મળ્યા છે તેનો સદુપયોગ કરું, તેની શક્તિનો ઉપયોગ સત્કાર્ય અને વૈયાવચ્ચમાં કરું એ ભાવનાની સાથે હે શ્રેયાંસનાથ ભગવાન ! સ્વપરનું કલ્યાણ થાઓ ને બીજાને ટેકો આપી તેને પડતો બચાવો.

હે પ્રભો ! આપ મને પડતા બચાવીને સંસારની ઊંડી ખીણમાંથી બહાર કાઢી શિખરે પહોંચાડો એવી આપની કૃપા ઝંખુ છું. પ્રભુ, આપની ભુજા સ્કંધ ગાડાના ધૂંસર જેવી પુષ્ટ હતી. બાહુ ફેલાવેલા સર્પરાજના શરીર જેવા દીર્ઘ હતા. આપ બે ભુજાએ સંસારસમુદ્રને તરી ગયા. પ્રભો, મને પણ એવું બળ આપો કે રાગ-દ્વેષ ભરેલા સંસારસાગરને તરી જાવ ને આપે બતાવેલા માર્ગની આરાધના કરું એ જ મંગળ ભાવના ભાવું છું. ૐ હ્રીં શ્રીં શ્રેયાંસનાથાય નમઃ ની માળા કરવી.

(૧૨) વાસુપૂજ્યસ્વામી બન્ને હાથની રક્ષા કરે છે.

વસુ = લક્ષ્મી. દ્રવ્ય અને ભાવ લક્ષ્મીના કારણે જે જગતમાં પૂજાય છે તે વાસુપૂજ્ય.

વસુ = કુબેર, વસુ = ધરતીમાતા, ગૌમાતા વસુ = દિવ્ય શક્તિઓનો દિવ્ય પ્રભાવ. ભાવવિશુદ્ધિના કારણે મુખ ઉપર તેજ પ્રગટે તે દિવ્ય પ્રભાવ છે. !! વસતિ ઈતિ વસુ !! જે નિવાસ કરે તે વાસુપૂજ્ય સ્વામી. શુભ તત્ત્વોની ઉન્નતિ કરે, અશુભ તત્ત્વોનો નિરોધ કરે તે વાસુપૂજ્ય.

હે પ્રભો ! નામકર્મના ઉદયે બન્ને હાથ મળ્યા પણ મેં તેનો ઉપયોગ કોઈને મારવામાં કર્યો. તે પાપનો બંધ વધાર્યો. કુમળા જીવોની હત્યા કરી સંસાર વધાર્યો. જે હાથથી કર્મ બાંધ્યા તે જ હાથથી સંસાર સીમિત કરું એવી ભાવના ભાવું છું. કારીગરો અલગ અલગ પ્રકારના હોય. કોઈ ચિત્ર બનાવવામાં કુશળ, કોઈ શિલ્પકળામાં, કોઈ ભરતકળામાં કુશળ હોય. આ કુશળતા બાહ્ય ક્ષેત્રમાં થઈ અભ્યંતર જગતમાં કોઈ



મહાપુરુષ હાથનો ઉપયોગ સુપાત્ર દાનમાં કરે છે, કોઈ નમસ્કાર પુણ્યમાં કરે છે. નવ પ્રકારના પુણ્ય છે. મોટા ભાગના પુણ્ય ઉપાર્જન આ હાથ દ્વારા જ થાય છે તેમજ મોટા ભાગના પાપ ઉપાર્જન પણ આ હાથ દ્વારા જ થાય છે.

આગમમાં અવલોકન કરીએ. સંગમે હાથ દ્વારા સુપાત્રમાં દાન દઈ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કર્યું. નાગેશ્રી બ્રાહ્મણીએ પણ તપસ્વી મુનિરાજને ફેંકી દેવા જેવો આહાર વ્હોરાવ્યો ને પાપાનુબંધી પાપનું ઉપાર્જન કર્યું. એક જ ક્રિયા છતાં બન્નેને ફળ અલગ મળ્યું. એકને માનવજન્મ ને એકને નરકની સજા મળી.

હે પ્રભુ ! તું મારો હાથ પકડવા તૈયાર છે પણ હું તારી આંગળી પકડવા તૈયાર નથી. આ મૂર્ખતા છે. હવે સમજાયું કે તારી આંગળી પકડવાથી મને ફાયદો છે કે એકવાર તારી આંગળી પકડીશ તો મારો હાથ તું છોડીશ નહીં - મોક્ષ ન થાય ત્યાં સુધી. દુર્ગતિ નહીં થાય એવી મને આજ સો ટકાની ખાતરી થઈ છે. બસ પ્રભુ, તું મારો હાથ પકડી રાખજે. ૐ હ્રીં શ્રીં વાસુપૂજ્ય સ્વામીને નમઃ ની એક માળા કરવી.

(૧૩) વિમલનાથ સ્વામી આંગળીઓની રક્ષા કરે છે.

વિમલ = નિર્મળ. આ પ્રભુનું નામ મનોયોગને શુદ્ધ કરે છે. મનને મંગલમય બનાવે. મન તો રાજા છે. બહારનું ચક્ર મનથી ચાલે છે. કષાયના ઉપદ્રવને હરનારું છે.

હે પ્રભો ! નામ કર્મના ઉદયે પાંચ આંગળી મળી બન્ને હાથની દસ આંગળી થઈ આ અંગુલી દ્વારા કપાળમાં તિલક કરાય સ્વસ્તિક કરાય. આ અંગુલિ દ્વારા કોઈને રસ્તો બતાવાય, આ માણસ અવગુણી છે. એક અંગુલી તેના તરફ ચાર અંગુલી તારા તરફ છે. એ બતાવે છે કે તેના કરતા તારામાં ચાર અવગુણ વધારે છે. અંગુલિ નિર્દેશ એટલે શું ? આપણામાં કહેવાય છે કે આંગળી ચીંધ્યાનું પુણ્ય છે. મહાપુરુષ આપણને અંગુલિ નિર્દેશ કરી પુણ્ય ઉપાર્જનમાં સહાય થાય છે. ૪ સે મિલે ૪ ચોવીસ હુએ, દસ રહે કર જોડ જ્ઞાની સે જ્ઞાની મિલે ઉલસે સાતે ક્રોડ ઘરમાં, કુટુંબમાં કે સમાજમાં પાંચેય આંગળી સરખી ન હોય તે કહેવત બરાબર છે. કોઈપણ કામ કરો

બધી આંગળીઓની જરૂર પડે છે. અભણ વ્યક્તિ માટે કહેવાય છે કે અંગુઠા છાપ છે જેને સાઈન કરતા ન આવડે તેને વાઉચરમાં અંગુઠો મરાવે. દેખાવમાં અભણ વ્યક્તિ હોય પણ તેનું વ્યક્તિત્વ નિરાળુ હોય. હે વિમલ! તારી વિમલતા માંગુ, પાપ પંકને ધોવા તારી મલિનતા તું જાણે જ છે. એ મલિનતા દૂર કરી વિમલતાને પામું એવી મંગલ ભાવના સાથે, ૐ હ્રીં શ્રીં વિમલનાથાય નમઃ ની એક માળા કરવી.

(૧૪) અનંતનાથ ભગવાન નખોની રક્ષા કરે છે.

અનંત = જેનો અંત નથી તે, જેનો પાર ન પામી શકાય, જે ગૂઢ રહસ્યમય હોય તે અનંત. આ મંત્રજાપ ગુપ્ત શક્તિઓ અને અગમ્ય ભાવોને જાગૃત કરનાર છે. આ મંત્રજાપ અમંગલકારી શક્તિઓનો લય કરે છે ને મંગલકારી શક્તિઓનું આહ્‌વાન કરે છે. પરકૃત પીડા અનંતનાથ ભગવાનના જાપથી શાંત થાય છે.

હે પ્રભો ! આપની પ્રતિષ્ઠા નખ ઉપર કરી ભાવના ભાવું છું કે નખ દ્વારા બીજાને વાગેલ કાંટો કાઢી શકું ને શાતા પહોંચાડું. ભાવથી મારા અંદરમાં પડેલી રાગદ્વેષની ગાંઠને છોડું એવી કૃપા વરસાવજો. ૐ હ્રીં શ્રીં અનંતનાથાય નમઃ ની એક માળા કરવી.

(૧૫) ધર્મનાથ ભગવાન ઉદર (પેટ) ને હાડકાઓની રક્ષા કરે છે.

ધર્મ = સ્વભાવ, ફરજ, મર્યાદા, ગુણ વગેરે ધર્મ = વ્રત, નિયમાદિનું આચરણ, વત્થુ સહાવો ધમ્મો ! વસ્તુના સ્વભાવને ધર્મ કહે છે. આ મંત્રજાપ દ્રવ્યથી શરીરના પેટ ઉદર ને હાડકાની રક્ષા થાય ને ભાવથી ધર્મરક્ષા માટે છે. વ્રત નિયમ આદિને સંકલ્પ પ્રમાણે પૂરા કરાવે છે. જે પદાર્થનો ગુણ ધર્મ છે તે નિશ્ચિત રૂપથી ફળ આપે છે. મનને બચાવે તે મંત્ર, તનને બચાવે તે તંત્ર અને પીડા દેવાવાળી ચીજથી રક્ષા કરે તે યંત્ર. હે પ્રભો ! નામકર્મના ઉદયે પેટ ને હાડકાઓ મળ્યા તેનું કાર્ય શું છે ? તેની અંદર શું છે ? લીવર, આંતરડા, જઠરાગ્નિ, કીડની વગેરે અવયવ અંદર છે. લીવર પાચનશક્તિનું કામ કરે છે. જઠરાગ્નિ અન્નને પાચન કરાવે છે ને શરીરને તેજસ્વી



રાખે છે. કીડની નકામો કચરો બહાર કાઢી બ્લડને શુદ્ધ કરે છે. આંતરડા ખોરાકનો રસ બનાવી સપ્ત ધાતુમાં પરિણમાવે છે. શરીરના એક એક અવયવનું કામ જુદું જુદું છે. હાડકાનું કામ શરીરને મજબૂત બનાવે છે. જૈન પરિભાષામાં એને સંઘયણ કહે છે. તેના ૬ ભેદ છે.

હે પ્રભો ! આપની પ્રતિષ્ઠા ઉદર, પેટ ને હાડકાઓ પર કરું છું ને આપની કૃપાએ સમ્યક્‌રૂપે પરિણમે અને અમારા વ્રત નિયમના સંકલ્પો પૂર્ણ કરવામાં સહાયભૂત થાઓ. ૐ હ્રીં શ્રીં ધર્મનાથાય નમઃ ની એક માળા.

(૧૬) શાંતિનાથ ભગવાન નાભિનું રક્ષણ કરે છે.

નાભિનો આકાર ગોળાકાર છે. જન્મતા બાળકનું નાભિનાળ ૪ અંગુલ રાખી બાકીનું છેદન કરે છે. તીર્થંકર જન્મે ત્યારે ૫૬ દીક્‌કુમારી દેવી આ વિધિ કરે. નાભિનાળને ખાડામાં દાટી તેના પર શિલા બનાવે છે. નાભિના નાદથી અંતર-ધ્વનિથી જે આરાધના થાય છે તેનો આનંદ કોઈ અલગ હોય. આઠ આત્મપ્રદેશો નાભિની બાજુમાં છે તેને કોઈ આવરણ નથી. તે એકદમ શુદ્ધ છે. આત્મશુદ્ધિ માટે નાભિના નાદથી આરાધના કરે તેને અલૌકિક શાંતિનો અનુભવ થાય છે. શાંતિ = શાંત થવું, શાંત કરવું. વ્યક્તિને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી મુક્ત કરી શાંતિમાં સ્થાપિત કરે, અશાંતિ અને અસમાધિને દૂર કરી સુખ, સમાધિ આપે તે શાંતિનાથ.

હે પ્રભો ! આપના શરણે આવેલા અનેક આત્માઓને શાંતિનો અનુભવ કરાવ્યો ને આત્મિક શાંતિનો રાહ બતાવી પરમેનેન્ટ શાંતિ અપાવી. પ્રભુ આજ મને સમજાયું કે આપ શાંતિના દાતાર છો. આજથી હું સંકલ્પ કરું છું. આપના નામનું સ્મરણ મારા શ્વાસોચ્છ્‌વાસમાં વણાઈ રહે એ જ ભાવના સહ ૐ હ્રીં શ્રીં શાંતિનાથાય નમઃ ની એક માળા.

(૧૭) કુંથુનાથ ભગવાન ગૃહ્ય પ્રદેશની રક્ષા કરે છે.

જેનું નામ નાનું છે પણ કામ મોટું છે. કંથવા જેવા સૂક્ષ્મ જીવાણુ બેક્ટેરિયા

સૂક્ષ્મ બાદર જીવોને સાયન્સ બેક્ટેરિયા કહે છે તે બે પ્રકારના છે પોષક અને ઘાતક. ઘાતક બેક્ટેરિયા આવે તો પોષક તેનો નાશ કરે છે. લોહીમાં લાલ અને સફેદ બેક્ટેરિયા હોય છે.

રોગ અશાતા વેદનીયના ઉદયથી જ આવે છે તેમાં સૂક્ષ્મ બાદર જીવાણુ બેક્ટેરિયા નિમિત્ત બને છે. ઓપરેશનના સાધન અશુદ્ધ હોય તો રોગનું કારણ બને છે. પાણીમાં અશુદ્ધિ આવે, બેક્ટેરિયા આવી જાય તો રોગ આવે છે. સૂક્ષ્મ બેક્ટેરિયાને કારણે જે દુઃખ ઉત્પન્ન થાય છે તે દુઃખનો નિરોધ કરે છે. સૂક્ષ્મ બેક્ટેરિયાની બેગતિ વિદાય યા મૃત્યુ, દવા આદિથી કેટલાક સૂક્ષ્મ બેક્ટેરિયા મૃત્યુ પામે છે. કેટલાક એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે. સ્થળાંતર કરે છે. સામાયિકમાં શબ્દ આવે છે. ઠાણાઓઠાણંનો પ્રયોગ કર્યો છે.

રોગથી મુક્ત થવા એકલી દવા ન ચાલે, સાથે મંત્રજાપ પણ જોઈએ. કર્મને બાળવા માટે મંત્રજાપ જરૂરી છે. નાભિમાં મન લઈ જવાથી પ્રાણ ત્યાં પહોંચી જાય છે એટલે નાભિમાંથી નાદ ઉઠે છે. આ મંત્ર એન્ટીબાયોટીક દવાનું કામ કરે છે.

હે પ્રભો ! આપ ગૃહ્ય પ્રદેશની રક્ષા કરો છો ને એન્ટીબાયોટીકની દવા દ્વારા દ્રવ્યરોગ દૂર થાય તો આપના નામસ્મરણથી ભવરોગ દૂર થાય જ. પ્રભુ આ શ્રદ્ધા અમારી સદાય ટકી રહે એવી કૃપા ઝંખુ છું. ૐ હ્રીં શ્રીં કુંથુનાથાયની એક માળા કરવી.

(૧૮) અરનાથ પ્રભુ રૂંવાટી ને કેડ (કમર) ની રક્ષા કરે છે.

અર = દુશ્મન, શત્રુને શાંત કરે તે અરનાથ. પ્રકૃતિ ૩ ગુણોથી ભરેલી છે. તમોગુણ - રજોગુણ - સત્ત્વગુણ. સોળ આનીમાંથી તમોગુણ ૮ આની, રજોગુણ ૫ આની અને સત્ત્વગુણ ૩ આની છે.

ભગવાને પહેલા તમોગુણ અર્થાત્ ક્રોધાદિ કષાય પર પહેલો પ્રહાર કર્યો છે. અરિને હણ્યા વગર વ્રત ટકી ન શકે. અરનાથ ભગવાન તમોગુણને હરનાર છે.



હે પ્રભો ! નામકર્મ પ્રમાણે શરીરના રોમ, કમર વગેરે મળ્યા છે. ઔદારિક શરીરવાળા જીવો ત્રણ પ્રકારે આહાર કરે છે - ઓજ, રોમ અને કવલ આહાર, ઓજ આહાર માતાના ગર્ભમાં જીવ આવે ત્યારે લે છે તે જિંદગીપર્યંત ટકે છે. માણસ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે શરીરના કોઈપણ અવયવથી બહાર નીકળી જાય છે. રોમ આહાર = જેમકે ખૂબ તડકો પડી રહ્યો છે. માનવ યા તિર્યંચ ચાલે ત્યારે તેને તરસ લાગે છે, પરંતુ ઝાડના છાંયે બેસે છે ત્યારે થોડી વારમાં તરસ શાંત થાય છે. રોમ દ્વારા આહાર લીધો, કવલ આહાર જમવા બેસે છે ત્યારે લે. કમરને કેડ પણ કહે છે. હાડકાનું રક્ષણ ગાદી કરે છે. ગાદી ઘસાય ત્યારે કમર દુઃખે છે. કેલ્શિયમ શરીરમાં ઓછું થાય ત્યારે હાડકાનો દુઃખાવો થાય છે.

હે પ્રભો ! આપની પ્રતિષ્ઠા રોમરાયને કમર પર કરું છું. આપ રક્ષણ કરો જ છો. તેનો સમ્યક્ ઉપયોગ કરું. સંસારના કામ વાંકા કરીને કર્યા, પણ જ્યાં કર્મ-નિર્જરા થાય તેવા અનુષ્ઠાનો સામાયિક, વંદના વિગેરે કરતા કમર દુઃખે તેની ફરિયાદ કરું છું ! હે પ્રભો ! આરાધના સાધના કમર કસીને કરું એવી શક્તિ આપજો. ૐ હ્રીં શ્રીં અરનાથાય નમઃ ની એક માળા કરવી.

(૧૯) મલ્લિનાથ ભગવાન જંઘા પીઠ ને ખભાની રક્ષા કરે છે.

પાપના અમંગલ તત્ત્વનું મર્દન કરી પવિત્રતાને પરિપક્વ કરે, પુણ્યને બળવાન બનાવે તે મલ્લિનાથ. આ મંત્ર અમંગલનું દલન કરી અમંગલ વ્યક્તિને શાંત કરે છે. આ મંત્રજાપ સ્વ અને પર બન્ને પક્ષનું કીટુ (મેલ) સાફ કરે છે. નામસ્મરણ શ્વાસ સાથે જોડાયેલું અને પ્રાણ સાથે વણાયેલું હોવું જોઈએ.

હે પ્રભો ! આપની પ્રતિષ્ઠા જંઘા, પીઠ ને ખભા પર કરું છું. આ અવયવનો હું સમ્યક્ ઉપયોગ કરી સ્વપર કલ્યાણ થાય એવી ભાવના ભાવું છું. જેમકે કોઈ ધનથી, કોઈ તનથી બીજાને ટેકો આપે. એટલે કહેવાય છે કુટુંબ - ઘર - સંઘ - સમાજમાં આ વ્યક્તિએ તન-મન-ધનથી ટેકો આપ્યો છે. ૐ હ્રીં શ્રીં મલ્લિનાથાય નમઃ ની એક માળા કરવી.

(૨૦) મુનિસુવ્રત સ્વામી પીંડીઓની રક્ષા કરે છે.

મુનિ અને સુવ્રત બે શબ્દના સંયોજનથી મુનિસુવ્રત શબ્દ બન્યો છે.

મુનિ = સાધુ, સંત = ગુરુ, સુવ્રત = શ્રેષ્ઠ નિયમો, વ્રતોનું પાલન. આ મંત્ર ગુરુ અને સુવ્રતોની આરાધનામાં સહાયક બને છે. મનુષ્યના જીવનમાં બે તત્ત્વ મુખ્ય ભાગ ભજવે છે - (૧) ગુરુપદ (૨) વ્રત આરાધના. આ બંને નાજુક અને પરમ ઉપકારી છે. ગુરુભક્તિમાં ત્રુટી આવતા વાર લાગતી નથી અને વ્રતોમાં પણ છિદ્ર પાડતા વાર લાગતી નથી ને બંને પદોની આરાધના ઉત્કૃષ્ટ ભાવે કરે તો અણધાર્યા ચમત્કારી લાભ મળે છે. આ બંને પદ ઉપાસનાનું કેન્દ્ર છે.

દરવાજા પર બધા બે ચોઘડિયાના નામ લખે છે - શુભ - લાભ, તેમાં શુભ તે ભાગ્યોદયનું ફળ છે. લાભ તે ગુરુકૃપા ને વ્રત ઉપાસનાનું ફળ છે. આ મંત્રજાપ ગુરુપદ અને વ્રતપદની ઉપાસના માટે સંજીવની રૂપ છે. એક પ્રકારની ભયદમની વિદ્યા છે.

હે પ્રભો ! આપની પ્રતિષ્ઠા પીંડીઓમાં કરું છું ને ભાવના ભાવું છું. સાધુની જે ક્રિયાઓ છે જેમ કે ગોચરી - વિહાર - પરઠવા આદિની જે ક્રિયાઓ થાય છે તે પગ દ્વારા જ થાય છે. શરીરના કાર્યો ખડે પગે કર્યા, હોંશે હોંશે કર્યા ત્યાં થાક ન લાગ્યો, પરંતુ આરાધના કરવામાં આળસ આવી છે. પ્રભુ આજથી સંકલ્પ કરું છું કે અપ્રમત્ત દશાને કેળવવી ને પુણ્યોદયે જે પીંડીઓ મળી છે તેનો સદુપયોગ કરું, અજ્ઞાનભાવે વિરાધના કરી હોય તેને વોસીરાવું છું. ૐ હ્રીં શ્રીં નેમનાથાય નમઃ ની એક માળા કરવી.

(૨૧) નમિનાથ ભગવાન પગની આંગળીઓની રક્ષા કરે છે.

નમિ = નમાવવું. બહારના શત્રુઓને કે તીવ્ર ક્રોધાદિ કષાય રૂપ અભ્યંતર શત્રુઓને નમાવે તે નમિનાથ. આ મંત્રજાપ આપણા કષાયની તીવ્રતાને ઘટાડે છે અને સામેની વ્યક્તિના તીવ્ર કષાયને મંદ કરી નાખે છે. જાપનો જેટલો પાવર વધારે તેટલી કષાયની મંદતા વધારે.



(૧) જાપ અને કષાય બંનેની તીવ્રતા હોય તો જાપનો વિજય થાય છે.

(૨) જાપની તીવ્રતાને કષાયની મંદતા હોય તો ગુણથી જ કષાયનો નાશ થાય છે.

(૩) જાપની મંદતા અને કષાયની તીવ્રતા હોય તો કષાયનો ઉપદ્રવ ઊભો રહે.

(૪) જાપની મંદતા અને કષાયની મંદતા હોય તો સાધારણ સ્થિતિ રહે.

હે પ્રભો ! નામકર્મના ઉદયે પગની આંગળીઓ મળી છે. તેનો સદુપયોગ કરી નમ્ર બનું. કષાયભાવ થાય ત્યારે પગની આંગળી દ્વારા કોઈને પાટુ પણ મારી દઈએ. હર કોઈને હાથની તેમજ પગની પાંચ પાંચ આંગળીઓ મળી છે, પણ કોઈ ભાગ્યશાળીને છ આંગળી મળે છે. અશુભ નામકર્મના ઉદયે વાંકીચૂંકી આંગળીઓ મળે છે. શુભ નામકર્મનો ઉદય હોય તો સીધી ને પ્રમાણસર મળે છે. કહેવાય છે હાથ પગની લાંબી આંગળીઓ ઉચ્ચ કોટિના પુણ્યવાન સાધક આત્માને જ મળે છે. આપની પ્રતિષ્ઠા કરી હું નમ્ર બની, મંદ કષાયી બની રહું એ જ ૐ હ્રીં શ્રીં નમિનાથાય નમઃ ની એક માળા કરવી.

(૨૨) નેમનાથ ભગવાન બન્ને ચરણની રક્ષા કરે છે.

અમંગળ તત્ત્વને નમાવે તે અરિષ્ટ નેમિ - આ મંત્રજાપ કષાયની પ્રબળતાને નમાવે છે. મંગળ તત્ત્વને સ્થિર કરે છે. દુર્ભાગ્યને સૌભાગ્યમાં સર્જન કરે છે.

હે પ્રભો ! નામકર્મના ઉદયથી બંને પગ મળ્યા. આ પગ દ્વારા કોઈને પાટુ મારી મેં મારા પુણ્યને પાટુ માર્યું છે. પુણ્યનો યોગ છે ત્યાં સુધી પગે બરાબર કામ આપ્યું. આજકાલ બધાને પગનો ને ઘૂંટણનો દુઃખાવો થાય છે. ઢાંકણી ઘસાઈ ગઈ છે કારણ પગને ઉઠબેસની કસરત ન મળી, પગ વંદનામાં વાળ્યા નહીં, સાયટીકાનો દુઃખાવો થયો. આ જ પગ દ્વારા સંત સતીઓ વિહાર કરી જીવોની જતના કરે છે. આ જ પગ દ્વારા ગોચરીએ જાય છે ને છટ્ઠનો લાભ મેળવે છે. આપણે સંતોને કહીએ છીએ કે, અમારા ઘરે પગલા કરવા પધારજો. આમ કેમ કહીએ છીએ ? સાધુ સંત આવે છે ત્યારે ખાલી તેના પગ નથી આવતા, આખું શરીર આવે છે, પણ શ્રાવકના ઘરે

જવામાં પગની પ્રધાનતા હતી. માટે વ્યવહારિક ભાષા બોલાય છે. એક પગ હોય તો ન ચલાય. ઘોડીના ટેકે ચલાય માટે બે પગ મળ્યા. બે હાથ, બે કાન, બે નાક, બે આંખ, બે કીડની મળી. જે બે અવયવ મળ્યા છે તેનું પણ કારણ છે કે એક કામ ન કરે તો બીજું કામ આવે.

હે પ્રભો ! આપની પ્રતિષ્ઠા બન્ને પગ પર કરું છું ને ભાવના ભાવું છું. પગ ચાલતા રહે ને ઉપાશ્રયે જઈ શકું, પગે ચાલીને પરોપકારના કામ કરું, સંતની સાથે વિહાર કરું એ જ શક્તિ આપજો. ૐ હ્રીં શ્રીં નેમનાથાય નમઃ ની એક માળા કરવી.

(૨૩) પાર્શ્વનાથ ભગવાન પાંસળી ફેફસાં ને સર્વાંગની રક્ષા કરે છે.

પાર્શ્વ = આજુબાજુ ચારેય બાજુના ક્ષેત્રમાં અમંગળ તત્ત્વ પર નિયંત્રણ કરે છે તે પાર્શ્વનાથ. આપણી આજુબાજુના ક્ષેત્રનું કવચ કરવા આ મંત્રજાપ છે. આ મંત્રજાપ દિશાઓનું કવચ કરે છે. જે દિશામાં જવું હોય તે દિશામાં ઊભા રહી મંત્રજાપ કરવાથી ઉપદ્રવકારી તત્ત્વ પ્રવેશ કરી શકતા નથી. દિશાવિશુદ્ધિ કરે છે.

હે પ્રભુ ! આપ પાંસળી, ફેફસાને સર્વાંગની રક્ષા કરો છો. નામકર્મના ઉદયે અંગોપાંગ પરિપૂર્ણ મળ્યા. આપના મંત્રજાપ દ્વારા અંગોપાંગ કવચ રૂપ બની રહે ને આ ઔદારિક પ્રધાન અમૂલ્ય શરીર મળ્યું છે તેનો સદુપયોગ કરીએ. તારું શાસન મળ્યું. તારી કૃપાથી નીરોગીતા મળે, શાંતિ સમાધિ મળી રહે એવી શુભ ભાવના ભાવું છું. ૐ હ્રીં શ્રીં પાર્શ્વનાથાય નમઃ ની એક માળા કરવી.

(૨૪) વર્ધમાન મહાવીર સ્વામી જ્ઞાન સ્વરૂપી આત્માની રક્ષા કરે છે.

આ ભગવાનના બે નામ પ્રચલિત છે. વર્ધમાન અને મહાવીર = મહાપરાક્રમ.

વર્ધમાન = વૃદ્ધિ થવી, સત્ત્વ શક્તિ અને પરાક્રમની વૃદ્ધિ કરે તે વર્ધમાન. જીવ મોક્ષમાં ન પહોંચે ત્યાં સુધી પુણ્ય ને પરાક્રમની જરૂર પડે.

ત્રણ પ્રકારના પુણ્ય, વ્રતમાં, સેવા, સ્વાધ્યાયમાં પરાક્રમ કરવો પડે. સંસારનું પરાક્રમ તે પાપ. સત્કાર્ય પરોપકારનું પરાક્રમ તે પુણ્ય. વ્રત નિયમના પાલનમાં પુરુષાર્થ



કરવો. તે વ્રત પરાક્રમની બેટરીને જાગૃત કરવા એક જ મંત્ર છે. ૐ હ્રીં શ્રીં વર્ધમાનાય મહાવીરાય નમઃ આ મંત્રજાપથી પરિણામ વર્ધમાન થાય છે.

હે પ્રભુ ! જ્ઞાન સ્વરૂપી આત્માની રક્ષા કરી મને અજ્ઞાન તથા મિથ્યાત્વમાંથી ઉગારો. જ્ઞાન એ પ્રકાશ છે. પૂર્ણ જ્ઞાનથી લોકાલોક દેખાય. આ જ તારી પ્રતિષ્ઠા કરી તારા જેવું પરાક્રમ રત્નત્રયની આરાધનામાં ફોરવું એ જ. ૐ હ્રીં શ્રીં મહાવીર સ્વામીને નમઃ ની એક માળા કરવી.

પ્રબુદ્ધ કરુણાના કરનાર આ આચાર્યોએ બતાવેલ મંત્ર અને સ્તોત્ર જાપની આરાધના કરવાથી જરૂર આપણું કલ્યાણ થશે.

**(પૂ. બાપજી - લલિતાબાઈ મહાસતીજીના સુશિષ્યા પૂ. શ્રી મિતલબાઈ મહાસતીજીના 'અરિહંત આરાધના' પુસ્તકમાંથી સાભાર.)**

## ૪ શક્તિસ્ત્રોત : શ્રી ભક્તામર સ્તોત્ર

- પૂ. ડૉ. સાધ્વી આરતી

जिनेषु कुशलं चित्तं तन्नमस्कार एव च ।
प्रणमामि च संशुद्धं योगबीजमनुत्तमं ॥

- શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય

જિનભક્તિ જિન થવાનો ઉત્તમ માર્ગ છે. નમો = નમસ્કાર એ જ ધર્મનું બીજ છે. તીર્થંકરો દીક્ષા ગ્રહણ કરે ત્યારે नमो सिद्धस्स અને તીર્થની સ્થાપના કરે, ત્યારે नमो तित्थस्स શબ્દનું ઉચ્ચારણ કરે છે. આ રીતે સ્વયં તીર્થંકરોએ ભક્તિમાર્ગથી જ સાધનાના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. ત્યાર પછી ગણધર ભગવંતોથી લઈને ભક્તિસાહિત્યના વિકાસક્રમને નિહાળીએ, તો આચાર્યશ્રી કુંદકુંદે 'સમયસાર' જેવા દ્રવ્યાનુયોગ પ્રધાન ગ્રંથોની રચના કરી. તેમણે પણ 'ભાવપાહુડ' જેવા ભક્તિપ્રધાન ગ્રંથની રચના કરીને ભક્તિના માહાત્મ્યને પ્રગટ કર્યું છે. ક્રમશઃ શ્રી પૂજ્યપાદ સ્વામી, શ્રી સમંતભદ્રાચાર્ય, શ્રી સિદ્ધસેન દિવાકર, શ્રી હરિભદ્રસૂરિ, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વગેરે મહાન આચાર્યોએ પોતાની આત્મસાધના અને સાહિત્ય સર્જનમાં પરમાત્માનો મહિમા મુક્તમને પ્રગટ કર્યો છે.



સંક્ષેપમાં આગમ સાહિત્યથી લઈને આજ પર્યંત દરેક વિદ્વાનોએ ભક્તિને પ્રાધાન્ય આપ્યું છે. જ્ઞાનયોગી પ્રત્યેક સાધકો અખંડ જ્ઞાનના ધારક વીતરાગી સર્વજ્ઞ પરમાત્માના ચરણોમાં સહજ ભાવે ઝૂકી જાય છે અને પોતાના આરાધ્ય પ્રતિ ભક્તિના પુષ્પો અર્પણ કરે છે. પ્રશ્ન થાય કે જ્ઞાનયોગી સાધકનો વળાંક ભક્તિયોગ તરફ કેમ થતો હશે ? પરમાત્માની ભક્તિ જ તેનું સમાધાન કરે છે - "જિનપદ નિજપદ એકતા ભેદભાવ નહીં કાંઈ..." આ ઉક્તિ અનુસાર પરમાત્માનું અનુસંધાન તે જ આત્માનુસંધાન છે. પરમાત્મભક્તિ તે જ આત્મભક્તિ છે. પરમાત્મભક્તિ માટે પ્રગટ થયેલી વીર્યશક્તિ જ અંતર્મુખ બનીને આત્મભક્તિ બની જાય છે. ભક્ત ભક્તિ દ્વારા જ પોતાની શક્તિને પ્રગટ કરે છે, ભક્તિ જ આત્મશક્તિની ગંગોત્રી છે. ભક્તિમાંથી જ આત્મશક્તિ રૂપ નિર્મળ અને પવિત્ર ગંગા પ્રવાહિત થાય છે. સાધકનો ભક્તિભાવ પ્રતિપળ વૃદ્ધિંગત થતો હોવાથી શક્તિનો સ્ત્રોત પણ વૃદ્ધિંગત થતાં થતાં અંતે અખંડ રૂપને ધારણ કરે છે. ભક્ત, ભગવાન અને ભક્તિ, એ ત્રણ તત્ત્વો અભેદાવસ્થાને પામે છે અને ભક્ત સ્વયં ભગવાન બની જાય છે.

તાહરા શુદ્ધ સ્વભાવને જી, આદરે ધરી બહુમાન,
તેહને તેહિ જ નીપજે જી, એ કોઈ અદ્‌ભુત તાન... ૧૩/૫

- શ્રી દેવચંદ્ર ચોવીસી

### શ્રી ભક્તામર સ્તોત્રનો ઉદ્‌ભવ :-

લગભગ વિક્રમની સાતમી-આઠમી સદીમાં થયેલા શ્રી માનતુંગાચાર્ય રચિત પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ પ્રભુની સ્તુતિ ભક્તામર સ્તોત્ર રૂપે પ્રસિદ્ધ છે.

રાજા ભોજના સમયમાં યંત્ર, તંત્ર અને મંત્રના જ્ઞાતા મયૂરભટ્ટ અને બાણભટ્ટ નામના બે બ્રાહ્મણ પંડિતો હતા. તેમાં મયૂરભટ્ટે સૂર્યની ઉપાસનાથી પોતાના કુષ્ઠ રોગને દૂર કર્યો અને બાણભટ્ટે ચંડિકાદેવીની ઉપાસનાથી પોતાના કપાયેલા હાથ-પગને યથાવત્ કર્યા. આ ઘટનાથી રાજસભામાં ચોમેર બ્રાહ્મણ પંડિતોની સાધનાની પ્રશંસા થઈ રહી

હતી. આ સમયે જૈનધર્મ અને જૈન સંતોની આત્મ-સાધનાની શક્તિને પ્રગટ કરવા ભોજરાજાની વિનંતીને સ્વીકારી શ્રી માનતુંગાચાર્ય રાજસભામાં પધાર્યા.

આચાર્ય ભગવંતે કહ્યું કે જૈન સંતો પ્રાયઃ આત્મસાધનામાં જ સ્થિત હોય છે. તેઓ પોતાની શક્તિને ચમત્કાર રૂપે ક્યારેય પ્રદર્શિત કરતા નથી. તેમ છતાં જિનશાસનનો મહિમા પ્રદર્શિત કરવા તીર્થંકર પરમાત્માની ભક્તિનો અલૌકિક પ્રભાવ આપ જોઈ શકશો, તેનાથી સર્વ બંધનો તૂટી જાય છે.

રાજાએ આચાર્ય ભગવંતને કારાગૃહમાં લોખંડની ૪૮ તાળાયુક્ત સાંકળથી બદ્ધ કરી દીધા. આચાર્યશ્રી સ્વયં નિશ્ચિંત અને નિર્ભય હતા. તેમણે દૃઢ શ્રદ્ધા સાથે શ્રી આદિનાથ પ્રભુ સાથે આત્માનુસંધાન કર્યું. તેઓ ભક્તિમાં લીન-તલ્લીન બન્યા. તેમના પ્રબળ ભક્તિભાવે જ ભાષાનું રૂપ ધારણ કર્યું અને વસંતતિલકા છંદોબદ્ધ ભક્તામર પ્રણત... એક એક શ્લોક તેમના આર્તનાદ રૂપે પ્રવાહિત થયા. ભક્તિની અચિંત્ય શક્તિના પ્રભાવે એક એક શ્લોકની રચના સાથે એક એક તાળું તૂટતું ગયું. આ રીતે ૪૮ શ્લોકની રચનાથી ૪૮ તાળા તૂટી ગયા અને તેઓ બંધનમુક્ત થયા. આ રીતે ભક્તામર સ્તોત્રની રચના થઈ. ભક્તામર સ્તોત્ર તેઓ માટે શક્તિસ્ત્રોત બની ગયો. તે શક્તિના સલિલમાં બંધનજન્ય અશુભકર્મો ધોવાઈ ગયા. અકલ્પ્ય ચૈતન્યશક્તિના પ્રભાવે પૌદ્‌ગલિક બંધનો સહજ રીતે દૂર થયા.

સાધક પરમાત્માને પરમ આરાધ્ય કે સાધ્ય બનાવીને ભક્તિયોગમાં પ્રવેશ કરે છે ત્યારે આત્માના ભક્તિભાવો તેનું સાધનછે. ભક્તિના ક્રમિક વિકાસથી સ્વયં પોતાના શુદ્ધ આત્મતત્ત્વ સાથે તેનું સ્વતઃ અનુસંધાન થઈ જાય છે. ક્રમશઃ આત્મભાવોની સ્થિરતા થતાં અંતે સાધન સ્વયં સાધકરૂપે પરિણત થઈ જાય છે. આ ભક્તિની પરાકાષ્ટા છે.

## ભક્તામર સ્તોત્રમાં આધ્યાત્મિક શક્તિનો ક્રમિક વિકાસ :-

હવે આપણે ભક્તકવિની સંપૂર્ણ રચનાને નિહાળીએ. આ સ્તોત્રની સાધનાથી



પ્રગટ થયેલી દિવ્યશક્તિ આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક, ત્રણે પ્રકારના દુઃખોનો, આધિ-વ્યાધિ-ઉપાધિ રૂપ ત્રિવિધ તાપને શાંત - ઉપશાંત કરવા સક્ષમ છે. સાધક જે લક્ષથી તેની આરાધના કરે, તેને અવશ્ય તથા પ્રકારની શક્તિ પ્રગટ થાય છે.

ઈતિહાસકારોના મંતવ્ય અનુસાર શ્રી માનતુંગાચાર્યે રાજાભોજ દ્વારા કરાયેલા બંધનોથી મુક્ત થવા આ સ્તોત્રની રચના કરી હતી. તે કથન ઉચિત છે તેમ છતાં તેઓ અધ્યાત્મ સાધનાના પરિપક્વ ઉચ્ચ કોટિના સાધક હતા. તેથી સ્થૂળ બંધનોથી અધિક તેમનું લક્ષ્ય વિભાવોના બંધનથી મુક્ત થઈ સ્વભાવમાં સ્થિર થવાનું હોય તે સહજ છે. તેથી એક એક શ્લોકની અનુપ્રેક્ષા તેમાં પ્રગટ થતાં અધ્યાત્મભાવોને અને અધ્યાત્મશક્તિને ઉજાગર કરે છે.

સ્તોત્રના પ્રારંભમાં જ કવિશ્રીએ કહ્યું છે કે આત્માની દિવ્યશક્તિ એટલી પ્રબળ અને વાસ્તવિક છે કે દેવલોકના દેવો કે દેવોના અધિપતિ ઈન્દ્રો પોતાની વૈક્રિયલબ્ધિ કે અઢળક ભૌતિક રિદ્ધિ-સિદ્ધિને ભૂલીને આત્મશક્તિ સમક્ષ સહજ રીતે ઝૂકી જાય છે. તેમનો બાહ્ય જગતનો અહંકાર સહજ રીતે ઓગળી જાય છે.

ભક્તિમાં તલ્લીન બનેલો ભક્ત બાળક જેવો નિર્દોષ બની જાય છે. તેને દુનિયાદારીનું ભાન રહેતું નથી. તેને શુદ્ધ આત્મતત્ત્વના અનંત ગુણરૂપ સાગર લહેરાતો પ્રતીત થાય છે. તેને જોઈને વસંતઋતુમાં થતાં કોયલના ટહુકારની જેમ તેનો મનમયૂર પણ નાચી ઉઠે છે અને આત્મભક્તિનો મધુર ટહુકાર સહજ રીતે થઈ જાય છે.

તેના અનંતકાલીન દેહના બંધન હોવા છતાં તે હર ક્ષણે મુક્તિનો અનુભવ કરે છે. ભૌતિક જગતના બંધનો કે ભૌતિક ભાવો તેને પરાયા કે આત્મભાવોથી ન્યારા ભાસે છે. આત્મદેવના જ સતત સ્મરણ રૂપ ગંગાના પ્રવાહમાં તેના વિભાવરૂપ સર્વ પાપો ક્ષણમાત્રમાં પલાયન થઈ જાય છે અને સ્વયં પવિત્રતાની અનુભૂતિ કરે છે. જ્યારે શુદ્ધ ચૈતન્યતત્ત્વ, તેના જ્ઞાનાદિ અખંડ ગુણો આદિ શાશ્વત ભાવોની મસ્તી માણે છે, ત્યાર પછી તેને ખારા સમુદ્ર જેવા આ ભૌતિક જગતના કોઈપણ ભાવો આકર્ષિત કરી શકતા નથી.

કવિરાજ આત્મભક્તિમાં આગળ વધી રહ્યા છે, તેમની આત્મશક્તિનો ખજાનો ખૂલી રહ્યો છે. તેઓ પોતાના ભાવો વિવિધ રૂપે પ્રગટ કરે છે. તેઓ સ્વયં પોતાના આત્મદેવને જ સંબોધન કરીને કહે છે કે હે શુદ્ધ આત્મદેવ ! અખંડ જ્ઞાન પ્રગટ થયા પછી આપનું જ્ઞાનાત્મક મુખ કે ઉપદેશાત્મક મુખ અલૌકિક અને અદ્‌ભુત ભાસે છે. ત્રણે લોકના કોઈપણ પદાર્થો તેની તુલના કરી શકે તેમ નથી. ચંદ્રની સૌમ્યતા કે નિર્મળતા કદાચ જગપ્રસિદ્ધ હોય, પરંતુ તારા મુખની સામે તેનું રૂપ પણ ફીક્કું લાગે છે. આ લોકમાં અંધકારનો નાશ કરનાર દીપક હોય, ચંદ્ર હોય તે સહસ્ત્રરશ્મિ સૂર્ય હોય, પરંતુ તેનો પ્રકાશ સીમિત કે મર્યાદિત છે. તેમાં અનેક દોષો છે. તારા જ્ઞાનરૂપ પ્રકાશની બરોબરી કરી શકે તેમ નથી.

આત્માના અનંત ગુણોમાંથી એક જ્ઞાનગુણની વિશિષ્ટતાની અનુભૂતિથી જ તેઓ જાણે સંતોષની અનુભૂતિ કરી રહ્યા છે. તેમના ભાવો સ્થિર બની ગયા છે. હવે તે સ્થિર ભાવો ચંચળ થતા નથી. જેમ ગાય ખીલે બંધાય જાય પછી તે જ્યાં - ત્યાં રખડતી નથી, તેમ પરમાત્મ સ્વરૂપ શુદ્ધ આત્મતત્ત્વની અનુભૂતિ રૂપ ખીલે બંધાયા પછી સાધકના ઉપયોગ કે યોગ ક્યાંય ભટકતા નથી. તેને તે જ સર્વસ્વ લાગે છે. તેથી તેઓ અવ્યય, અચિંત્ય, વિભુ, પ્રભુ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, બુદ્ધ જેવા અનેક ભાવવાહી શબ્દોથી શુદ્ધ તત્ત્વને નવાજે છે અને વારંવાર તેને નમસ્કાર કરે છે.

ચૈતન્ય શક્તિ જ્યારે શુદ્ધ ચેતનામાં જ પરિણત થાય, ત્યારે આત્માની અનંત શક્તિના પ્રભાવે તેમની આસપાસના પુદ્‌ગલો પણ શ્રેષ્ઠ પરિણામ પામી જીવના શુભ યોગો સાથે શુક્લ પર્યાયને ધારણ કરીને ચોતરફ ગોઠવાઈ જાય છે. તેથી તીર્થંકરોની આસપાસ અષ્ટ પ્રાતિહાર્યનું નિર્માણ સહજ રીતે થાય છે. જીવ જો પૌદ્‌ગલિક સુખની ઈચ્છા કરે તો પુદ્‌ગલો કનિષ્ટ પરિણામી બને છે, પરંતુ સંપૂર્ણપણે ઈચ્છારહિત થઈને પરમ જ્ઞાનાત્મક પરિણતિ પામે, તો ભૌતિક જગત પણ ઉચ્ચકોટિની ચરમ અવસ્થાને ભજે છે.



જીવની શુદ્ધ પરિણતિ સ્વયં શોકરહિત અર્થાત્ અશોક છે. તે જીવને સદાય શીતળતા બક્ષે છે. જ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મા ક્ષાયિક ભાવના અખંડ આસન પર બિરાજમાન થાય છે. તેની આસપાસ શુભયોગ રૂપ ચામર વીંઝાઈ રહ્યા છે. મન-વચન-કાયાના ત્રણ છત્રો દ્રવ્ય અને ભાવથી અલંકૃત બની આત્માભિમુખ થઈને મંગળ ભાવો પ્રગટ કરે છે. તે ભાવો જાણે દુંદુભિનો નાદ બનીને જગજીવોને અંતર્મુખ બનવાની પ્રેરણા આપે છે. તેમની આસપાસ ક્ષમા, સંતોષ, બ્રહ્મચર્ય, પરમશાંતિ, પરમ સમાધિ જેવા પુષ્પોની વૃષ્ટિ થાય છે. તે શુદ્ધ ભાવોનું નિર્મળ આભાવલય અખંડ આત્મતત્ત્વનો બોધ આપે છે. તેની અંતરસૃષ્ટિમાંથી દિવ્યધ્વનિ ઝંકૃત થાય છે. આવા અષ્ટ પ્રાતિહાર્ય યુક્ત આત્મપ્રભુના જ્ઞાન-દર્શન રૂપ બે ચરણનું ધ્યાન કરનાર સાધક વિભાવ રૂપ કીચડથી ઉપર ઉઠી જાય છે. તેના શુદ્ધ ચૈતન્ય સરોવરમાં અનંત સુખ અને અનંત સમાધિરૂપ કમળ ખીલી ઉઠે છે. આ પ્રકારની ઘટના અન્યત્ર પ્રાપ્ત થતી નથી. જેમ સૂર્યની પ્રભા જેવી પ્રભા અન્યત્ર દૃષ્ટિગોચર થતી નથી.

શુદ્ધભાવે થયેલી નિષ્કામ ભક્તિ દ્વારા શક્તિને પામેલા આત્મરાજ હવે સંપૂર્ણપણે નિર્ભય બની જાય છે. અનાદિકાળથી સત્તાધીશ બનેલા અહંકાર, ક્રોધ, લોભ વગેરે વિભાવ રૂપ શત્રુ તેને ભયભીત કરી શકતા નથી. સ્તુતિકારે આઠ પ્રકારના ભયનું કથન કર્યું છે, જેનાથી સંસારી જીવો ભયભીત છે. યથા - અહંકાર રૂપ મદોન્મત્ત ગજરાજ, હિંસાથી રક્તરંજિત વનરાજ સિંહ, ક્રોધ રૂપ ભયંકર દાવાનળ, લોભ રૂપ મણિધર સર્પ, કલેશ કંકાસ રૂપ વિભાવોનું ઘમસાણ યુદ્ધ, ભીષણ ભવરોગ, માયાવી અફાટ સંસારસાગર, પરિગ્રહ રૂપ અભેદ્ય કારાગૃહ - આ આઠે પ્રકારના ભય હકીકતમાં જીવની વૈભાવિક પરિણતિ છે. વૈભાવિક પરિણતિ તો ભયનું કારણ જ છે, પરંતુ વૈભાવિક પરિણતિ પ્રતિ અંધવિશ્વાસ તે મહાભયનું નિમિત્ત છે. વિભાવનો વિશ્વાસ તે મિથ્યાત્વ છે અને સ્વભાવનો વિશ્વાસ તે જ સમ્યગ્‌દર્શન છે. જીવ જ્યારે વિભાવને છોડીને સ્વભાવનું શરણ સ્વીકારી સ્વભાવમાં સ્થિર થઈ જાય, ત્યારે તેના સર્વ ભય સ્વયં ભયભીત બનીને ગાયબ થઈ જાય છે. આ છે ચૈતન્યશક્તિનો ચમત્કાર.

સ્તુતિકાર અંતિમ શ્લોકમાં સ્તુતિના પરિણામને પ્રગટ કરીને ભવીજીવોને આત્મસ્તુતિની પ્રેરણા આપી રહ્યા છે. જે વ્યક્તિ માનતુંગ અર્થાત્ સન્માનના શિખરે બિરાજમાન દેવાધિદેવની સ્તુતિને નિમિત્ત બનાવી સ્વયંના આત્મદેવાધિદેવની સ્તુતિ કરે છે, અનંત આત્મગુણરત્નાકરમાંથી એક એક ગુણરત્ન રૂપ મણકાથી બનેલી પરમ પારિણામિક ભાવની માળાને ધારણ કરે છે, તે શાશ્વત સિદ્ધ પર્યાયનું ઉદ્‌ઘાટન કરીને અનંત આનંદરૂપ લક્ષ્મીને વરે છે.

આ છે શક્તિસ્તોત્ર રૂપ ભક્તામર સ્તોત્રનો અચિંત્ય મહિમા.

**ભક્તામર સ્તોત્રની આધિદૈવિક અને આધિભૌતિક શક્તિ :-**

તીર્થંકર પરમાત્માની ભક્તિ સાધક માટે આધ્યાત્મિક શક્તિસ્તોત્ર છે, તે જ રીતે તેનાથી ત્રિવિધ દોષ કે ત્રિવિધ તાપથી તપ્ત સંસારી જીવો ભક્તિના ફળસ્વરૂપે ભૌતિક દુઃખનાશની ઈચ્છા કે ભૌતિક લાભની આકાંક્ષા રાખે, તે લક્ષ્ય સાથે તેઓ ભક્તિ કરે ત્યારે તેને તે ફળ પણ પ્રાપ્ત થાય છે.

ભક્તિ કરતાં ભક્તના આત્મભાવોની જેટલી શુદ્ધિ થાય તેટલી કર્મોની નિર્જરા થાય છે. તેની સાથે જ અનંત પુણ્યકર્મનો બંધ થાય છે. તે પુણ્યકર્મના ઉદયે તેને ભૌતિક લાભ થાય છે. તે ઉપરાંત દેવાધિદેવ તીર્થંકર પરમાત્માની સેવામાં રહેનારા કરોડો ભક્ત દેવો અને દેવીઓ તથા શાસનરક્ષક ગોમુખયક્ષ દેવ અને ચક્રેશ્વરી દેવી પ્રત્યક્ષ કે પરોક્ષપણે ભક્તોની ઈચ્છાપૂર્તિમાં સહાયક બની શકે છે અને ભક્તના પુણ્ય પ્રમાણે તેને અચિંત્ય ફળ પ્રાપ્ત થાય છે.

ભક્તામર સ્તોત્રની રચના થઈ ત્યારથી લઈને આજ સુધી શ્વેતાંબર અને દિગંબર બંને પરંપરામાં આ સ્તોત્ર અત્યંત શ્રદ્ધાનું સ્થાન બની ગયું છે. લાખો લોકો શ્રદ્ધા અને ભક્તિપૂર્વક તેનો નિત્ય પાઠ કરે છે. આ સ્તોત્ર નિર્વિવાદપણે સર્વમાન્ય છે. તેથી આ સ્તોત્રની રચના પછી સેંકડો આચાર્ય ભગવંતોએ ભક્તામર સ્તોત્ર ઉપર વૃત્તિની રચના કરી છે. પ્રાયઃ અનેક ભાષામાં તેનો અનુવાદ તથા વિસ્તૃત વિવેચન થયું છે.



વૃત્તિ અને ટીકા સાહિત્યમાં ભક્તામર સ્તોત્રની દરેક ગાથાના યંત્રો તથા તે તે ગાથાના ઋદ્ધિમંત્રો, બીજમંત્રો અને તે મંત્ર સાધનાના ફળનું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે. સાધક સ્તોત્રના પાઠ સાથે પોતાની ઈચ્છાનુસાર જે પરિસ્થિતિનું નિવારણ કરવું હોય, તે પ્રમાણે યંત્રની સન્મુખ બીજમંત્રોની જપસાધના કરે છે, ત્યારે તે બીજમંત્રોના અધિષ્ઠાયક દેવ-દેવીને આહ્વાન આપીને આકર્ષિત કરે છે. તે દેવ-દેવીઓ પોતાના અવધિજ્ઞાનથી ભક્તોના દુઃખને કે ઈચ્છાને જાણે છે અને વૈક્રિયલબ્ધિ દ્વારા તેને પૂર્ણ કરવાનો યથાશક્ય પ્રયત્ન કરે છે. સાધકના તથા પ્રકારના શુભકર્મોનો ઉદય થવાનો હોય, તો દેવ-દેવી તેમાં નિમિત્ત બની શકે છે.

**ભક્તામર સ્તોત્રના ૪૮ શ્લોકના બીજમંત્રો તથા તેનું ફળ :-**

ભક્તામર પ્રણત મૌલિ મણિ પ્રભાણા ..... શ્લોક - ૧

બીજમંત્ર : ૐ હ્રાં હ્રીં હ્રૂં શ્રીં ક્લીં બ્લૂં ક્રૌં ૐ હ્રીં નમઃ

ફળ : ઋદ્ધિ - સિદ્ધિ અને સંપદાની પ્રાપ્તિ થાય.

યઃ સંસ્તુતઃ સકલ ..... શ્લોક - ૨

બીજમંત્ર : ૐ હ્રીં શ્રીં ક્લીં બ્લૂં નમઃ

ફળ : નજરબંધીના દોષો દૂર થાય.

બુદ્ધયા વિનાપિ ..... શ્લોક - ૩

બીજમંત્ર : ૐ હ્રીં શ્રીં ક્લીં સિદ્ધેભ્યો બુદ્ધેભ્યો સર્વ સિદ્ધિદાયકેભ્યો નમઃ સ્વાહા

ફળ : દૃષ્ટિદોષ દૂર થાય.

વક્તું ગુણાન ..... શ્લોક - ૪

બીજમંત્ર : ૐ હ્રીં શ્રીં ક્લીં જલદેવતાભ્યો નમઃ સ્વાહા

ફળ : પાણીનો ઉપદ્રવ નષ્ટ થાય.

સોડહં તથાપિ ..... શ્લોક - ૫

બીજમંત્ર : ૐ હ્રીં શ્રીં ક્લીં ક્રૌં સર્વ સંકટ નિવારણેભ્યો સુપાર્શ્વયક્ષેભ્યો નમોનમઃ સ્વાહા

ફળ : આંખના રોગ દૂર થાય.

અલ્પશ્રુતં શ્રુતવતાં ..... શ્લોક - ૬

બીજમંત્ર : ૐ હ્રીં શ્રાં શ્રીં શ્રૂં શ્રં હં સં યઃ યઃ ઠઃ ઠઃ સરસ્વતિ ભગવતિ વિદ્યાપ્રસાદં કુરુ કુરુ સ્વાહા

ફળ : બુદ્ધિનો વિકાસ થાય, વિદ્યાપ્રાપ્તિ થાય.

ત્વત્ સંસ્તવેન ..... શ્લોક - ૭

બીજમંત્ર : ૐ હ્રીં હં સૌં શ્રાં શ્રીં ક્રૌં ક્લીં સર્વ દુરિત સંકટ ક્ષુદ્રોપદ્રવ કષ્ટ નિવારણં કુરુ કુરુ સ્વાહા

ફળ : સર્પનું ઝેર દૂર થાય.

મત્ત્વેતિ નાથ ! ..... શ્લોક - ૮

બીજમંત્ર : ૐ હ્રાં હ્રીં હ્રૂં હ્રઃ અસિઆઉસા અપ્રતિચક્ર ફટ વિચક્રાય ઝ્રાં ઝ્રાં સ્વાહા ૐ હ્રીં લક્ષ્મણા રામાનન્દ દેવ્યૈ નમોનમઃ સ્વાહા ।

ફળ : ગુમડાં, ઘા ની પીડા દૂર થાય.

આસ્તાં તવ ..... શ્લોક - ૯

બીજમંત્ર : ૐ હ્રીં શ્રીં ક્રૌં ક્લીં રઃ રઃ રઃ હં હઃ નમઃ સ્વાહા

ફળ : ચોર ડાકુ આદિનો ઉપદ્રવ દૂર થાય.

નાત્યદ્ભૂતં ..... શ્લોક - ૧૦

બીજમંત્ર : ૐ હ્રાં હ્રીં હ્રૌં હ્રઃ શ્રાં શ્રીં શ્રૂં શ્રઃ સિદ્ધ બુદ્ધ કૃતાર્થો ભવ-ભવ વષટ્ સંપૂર્ણ સ્વાહા

ફળ : વાદવિવાદમાં વિજય પ્રાપ્ત થાય.



દૃષ્ટ્વા ભવન્ત ..... શ્લોક - ૧૧

બીજમંત્ર : ૐ હ્રીં શ્રીં ક્લીં શ્રાં શ્રીં કુમતિ નિવારિણ્યૈ મહામાયાયૈ નમઃ સ્વાહા ।

ફળ : ખોવાયેલી વસ્તુ પાછી મળે, વરસાદ આવે.

યૈઃ શાન્તરાગ ..... શ્લોક - ૧૨

બીજમંત્ર : ૐ આઁ આઁ અઁ અઃ સર્વ રાજ પ્રજામોહિની સર્વજન વશ્યં કુરુ કુરુ સ્વાહા ।

ફળ : આકર્ષણ મંત્ર છે, વશીકરણ થાય.

વક્ત્રં ક્વ તે ..... શ્લોક - ૧૩

બીજમંત્ર : ૐ હ્રીં શ્રીં હં સ ઐં હ્રાં હ્રીં દ્રાં દ્રીં દ્રૌં દ્રઃ મોહિની સર્વજન વશ્યં કુરુ કુરુ સ્વાહા ।

ફળ : ચોરનો ભય દૂર થાય.

સંપૂર્ણ મંડલ ..... શ્લોક - ૧૪

બીજમંત્ર : ૐ નમો ભગવત્યૈ ગુણવત્યૈ મહામાનસ્યૈ સ્વાહા ।

ફળ : સ્મરણશક્તિ તીવ્ર બને.

ચિત્રં કિમત્ર ..... શ્લોક - ૧૫

બીજમંત્ર : ૐ નમો ભગવતી ગુણવતી સુસીમા પૃથ્વી - વજ્રશૃંખલા માનસી મહામાનસ્યૈ સ્વાહા ।

ફળ : વીર્યરક્ષા, શક્તિ અને સૌભાગ્ય વધે.

નિર્ધૂમ વર્તિર ..... શ્લોક - ૧૬

બીજમંત્ર : ૐ નમો સુમંગલા સુસીમા નામદેવી સર્વ સમી હિતાર્થ વજ્રશૃંખલાં કુરુ કુરુ સ્વાહા ।

ફળ : અગ્નિનો ભય દૂર થાય.

નાસ્તં કદાચિદ ..... શ્લોક - ૧૭

બીજમંત્ર : ૐ નમો નમિઉણ અટ્ટે મટ્ટે ક્ષુદ્રવિઘટ્ટે ક્ષુદ્ર પીડાં જઠરપીડાં ભંજય ભંજય સર્વ પીડા સર્વ રોગ નિવારણં કુરુ કુરુ સ્વાહા ।

ફળ : પેટના તમામ રોગ દૂર થાય.

નિત્યોદયં દલિત ..... શ્લોક - ૧૮

બીજમંત્ર : ૐ નમો ભગવતે જયે-વિજયે મોહ્ય મોહ્ય સ્તંભય સ્તંભય સ્વાહા।

ફળ : ધર્મારાધનામાં સ્થિરતા પ્રાપ્ત થાય, વાવાઝોડાનો ભય ટળે.

કિં શર્વરીષુ ..... શ્લોક - ૧૯

બીજમંત્ર : ૐ હ્રાં હ્રીં હ્રૂં હ્રૂં યઃ ક્ષઃ હ્રીં વષટ્ ફટ્ સ્વાહા।

ફળ : પરવિદ્યાની અસર ન થાય, આજીવિકા પ્રાપ્ત થાય.

જ્ઞાનં યથા ત્વયિ ..... શ્લોક - ૨૦

બીજમંત્ર : ૐ શ્રીં શ્રીં શ્રૂં શ્રઃ શત્રુભયનિવારણાય ઠઃ ઠઃ નમઃ સ્વાહા।

ફળ : પુત્રપ્રાપ્તિ થાય.

મન્યે વરં ..... શ્લોક - ૨૧

બીજમંત્ર : ૐ નમઃ શ્રી મણિભદ્ર જય-વિજય અપરાજિતે સર્વ સૌભાગ્યં સર્વ સૌખ્યં કુરુ કુરુ સ્વાહા।

ફળ : સ્વજનોને આકર્ષિત કરી શકાય.

સ્ત્રીણાં શતાનિ ..... શ્લોક - ૨૨

બીજમંત્ર : ૐ નમઃ શ્રી વીરેહિં જ્રૃંભય જ્રૃંભય મોહય મોહય સ્તંભય સ્તંભય અવધારણં કુરુ કુરુ સ્વાહા।

ફળ : ભૂત-પ્રેત પિશાચાદિ દૂર થાય.

ત્વામામન્તિ મુનયઃ ..... શ્લોક - ૨૩

બીજમંત્ર : ૐ નમો ભગવતિ જયવતિ મમ સમીહિતાર્થં મોક્ષસૌખ્યં કુરુ કુરુ સ્વાહા।

ફળ : શરીરરક્ષામાં સહાયક બને.

ત્વામાવ્યંય વિભુ ..... શ્લોક - ૨૪

બીજમંત્ર : ૐ નમો ભગવતે વદ્ધમાણસામિસ્સ સર્વસમીહિતં કુરુ કુરુ સ્વાહા।

ફળ : મસ્તકની બીમારી દૂર થાય.



બુદ્ધ સ્ત્વમેવ ..... શ્લોક - ૨૫

બીજમંત્ર : ૐ નમો હ્રાં હ્રીં હ્રૂં હ્રૌં હ્રઃ અસિઆઉસા ઝૌં ઝૌં સ્વાહા।

ફળ : ઉષ્ણ પદાર્થ શીતળ થઈ જાય.

તુભ્યં નમઃ ..... શ્લોક - ૨૬

બીજમંત્ર : ૐ નમો ભગવતિ ૐ હ્રીં શ્રીં ક્લીં હ્રૂં હ્રૂં પરજન શાંતિ વ્યવહારે જયં કુરુ કુરુ સ્વાહા।

ફળ : પ્રાણાન્ત કષ્ટ દૂર થાય.

કો વિસ્મયોડત્ર ..... શ્લોક - ૨૭

બીજમંત્ર : ૐ નમો ચક્રેશ્વરી દેવી ચક્રધારિણી ચક્રેણાનુકૂલં સાધય સાધય શત્રૂન ઉન્મૂલય ઉન્મૂલય સ્વાહા।

ફળ : શત્રુનો ભય દૂર થાય.

ઉચ્ચૈર શોક તરુ ..... શ્લોક - ૨૮

બીજમંત્ર : ૐ નમો ભગવતે જય-વિજય જૃંભય જૃંભય મોહ્ય મોહ્ય સર્વ સિદ્ધિ સંપત્તિ સૌખ્યં કુરુ કુરુ સ્વાહા।

ફળ : શ્રેષ્ઠ પદવી પ્રાપ્ત થાય.

સિંહાસને મણિ મયુખ ..... શ્લોક - ૨૯

બીજમંત્ર : ૐ નમો નમિઉણ પાસ વિષહર ફુલિંગ મંતો વિસહર નામક્ખર - મંતો સર્વ સિદ્ધિમીહે ઈહ સમરંતાણ મણણે જાગઈ કપ્પદુમચ્ચં સર્વ સિદ્ધિં ૐ નમો સ્વાહા।

ફળ : વિષ દૂર થાય.

કુંદાવદાત ચલ ..... શ્લોક - ૩૦

બીજમંત્ર : ૐ હ્રીં શ્રીં પાર્શ્વનાથાય હ્રીં ધરણેન્દ્ર પદ્માવતી સહિતાય અટ્ટે મટ્ટે ક્ષુદ્રવિઘટ્ટે ક્ષુદ્રાન્ સ્તંભય સ્તંભય રક્ષાં કુરુ કુરુ સ્વાહા।

ફળ : પ્રવાસ સમયના ભય દૂર થાય.

છત્ર ત્રયં ..... શ્લોક - ૩૧

બીજમંત્ર : ૐ ઉવસગ્ગહરં પાસં પાસં વંદામિ કમ્મઘણમુક્કં, વિસહર વિસણિણ્ણાસં મંગલ કલ્લાણ આવાસં ૐ હ્રીં નમઃ સ્વાહા ।

ફળ : સુખસાહ્યબી મળે.

ગંભીર તાર રવ ..... શ્લોક - ૩૨

બીજમંત્ર : ૐ ણમો હ્રીં હ્રીં હ્રીં હ્રૌં હઃ સર્વ દોષ નિવારણં કુરુ કુરુ સ્વાહા । સર્વ સિદ્ધિં વાંછા કુરુ કુરુ સ્વાહા ।

ફળ : પેટની સર્વ પીડાઓ મટે છે. સંગ્રહણી આદિ રોગો નષ્ટ થાય છે.

મંદાર સુંદર નમેરુ ..... શ્લોક - ૩૩

બીજમંત્ર : ૐ હ્રીં શ્રીં ક્લીં ક્લૂ ધ્યાન સિદ્ધિ પરમ યોગિશ્વરાય નમો નમઃ સ્વાહા ।

ફળ : સર્વ પ્રકારના તાવની પીડા શાંત થાય, તાવ ઉતરી જાય.

શુભ્ર પ્રભા વલય ..... શ્લોક - ૩૪

બીજમંત્ર : ૐ નમો હ્રીં શ્રીં ક્લીં ઐં હૌં પદ્માવત્યૈ દેવ્યૈ નમોનમઃ સ્વાહા ।

ફળ : ગર્ભનું સ્તંભન થાય. અસમયે ગર્ભપતન ન થાય.

સ્વર્ગાપવર્ગ ગમ ..... શ્લોક - ૩૫

બીજમંત્ર : ૐ નમો જય-વિજય અપરાજિતે મહાલક્ષ્મી અમૃતવર્ષિણી અમૃત સ્રાવિણી અમૃત ભવભય વષટ્ સુધાય સ્વાહા ।

ફળ : મરકીનો રોગ શાંત થાય, દુર્ભિક્ષનો ભય દૂર થાય, ચોરી, રાજભય વગેરે સર્વ ભયનો નાશ થાય.

ઉન્નિન્દ્ર હેમ નવ ..... શ્લોક - ૩૬

બીજમંત્ર : ૐ હ્રીં શ્રીં કલિકુંડ દંડ સ્વામિન આગચ્છ આગચ્છ આત્મમંત્રાન્ આકર્ષય આકર્ષય આત્મમંત્રાન્ રક્ષ રક્ષ પરમંત્રાન્ છિદં છિદં મમ સમાહિતં કુરુ કુરુ સ્વાહા ।

ફળ : ધન અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય.



ઈત્થં યથા તવ ..... શ્લોક - ૩૭

બીજમંત્ર : ૐ નમો ભગવતે અપ્રતિચક્રે ઐં ક્લીં બ્લૂં ૐ હ્રીં મનોવાંછિત સિદ્ધયૈ નમોનમઃ અપ્રતિચક્રે હ્રીં ઠઃ ઠઃ સ્વાહા ।

ફળ : શત્રુને વશ કરાય.

શ્ચયોતન્મદાવિલ ..... શ્લોક - ૩૮

બીજમંત્ર : ૐ નમો ભગવતે અષ્ટ મહાનાગ કુલ્લોચાટિની કાલદૃષ્ટં મૃતકોત્થાપિની પરમંત્ર પ્રણાશિની દેવિ શાસનદેવતે હ્રૌં નમોનમઃ સ્વાહા ।

ફળ : હાથી, સર્પને વશ કરી શકાય.

ભિન્નેભ કુંભ ..... શ્લોક - ૩૯

બીજમંત્ર : ૐ નમો એષુ વૃતેષુ વર્ધમાન તવ ભયહરં વૃતિવર્ણા યેષુ મંત્રાઃ પુનઃ સમર્તવ્યા અતોના પરમંત્ર નિવેદનાય નમઃ સ્વાહા ।

ફળ : હિંસક પશુઓનો ભય ટળે.

કલ્પાન્ત કાલ ..... શ્લોક - ૪૦

બીજમંત્ર : ૐ હ્રીં શ્રીં હ્રીં હ્રીં ક્લીં હ્રીં હ્રીં અગ્નિમુખશમનં શાંતિ કુરુ કુરુ સ્વાહા ।

ફળ : અગ્નિનો ભયદૂર થાય, અગ્નિ શાંત થાય.

રક્તેક્ષણં ..... શ્લોક - ૪૧

બીજમંત્ર : ૐ નમો શ્રાં શ્રીં શ્રૂં શ્રઃ જલદેવિ કમલે પદ્મદ્રહ નિવાસિની પદ્મોપરિસંસ્થિતે સિદ્ધિ દેહિ મનોવાંછિત કુરુ કુરુ સ્વાહા ।

ફળ : તમામ પ્રકારના ઝેર ઉતરે.

વલ્ગત્તુરંગ ..... શ્લોક - ૪૨

બીજમંત્ર : ૐ નમો નમિઉણ વિષહર વિષપ્રણાશન રોગ શોક દોષ ગ્રહ દ્રુમચ્ચજા થઈ સુહનામ ગહણ સકલ સુહેદ ૐ નમો સ્વાહા ।

ફળ : સર્વ પ્રકારના ભય દૂર થાય.

કુન્તાગ્ર ભિન્ન ..... શ્લોક - ૪૩

બીજમંત્ર : ૐ નમો ચક્રેશ્વરી દેવી ચક્રધારિણી જિનશાસન સેવા કારિણી ક્ષુદ્રોપદ્રવનાસિની ધર્મશાંતિકારિણી નમઃ શાંતિ કુરુ કુરુ સ્વાહા ।

ફળ : વિજય પ્રાપ્ત થાય અને ઋદ્ધિમાં વૃદ્ધિ થાય.

અંભોનિધૌ ..... શ્લોક - ૪૪

બીજમંત્ર : ૐ નમો રાવણાય વિભીષણાય કુંભકરણાય લંકાધિપતયે મહાબલ પરાક્રમાય મનશ્ચિંતિતં કુરુ કુરુ સ્વાહા ।

ફળ : સમુદ્રનો ભય દૂર થાય.

ઉદ્ભૂત ભીષણ ..... શ્લોક - ૪૫

બીજમંત્ર : ૐ નમો ભગવતિ ક્ષુદ્રોપદ્રવશાંતિકારિણી રોગકષ્ટ જ્વરોપશમનં કુરુ કુરુ સ્વાહા ।

ફળ : રોગ વ્યાધિ બધું દૂર થાય.

આપાદ કંઠ ..... શ્લોક - ૪૬

બીજમંત્ર : ૐ નમો હ્રાં હ્રીં શ્રીં હૂઁ હ્રૌં હ્રઃ ઠઃ ઠઃ જઃ જઃ ક્ષાઁ ક્ષીં ક્ષૂઁ ક્ષૌઁ ક્ષઃ સ્વાહા ।

ફળ : ઋદ્ધિ - સિદ્ધિ અને સંપદાની પ્રાપ્તિ થાય.

મત્ત દ્વિપેન્દ્ર ..... શ્લોક - ૪૭

બીજમંત્ર : ૐ નમો હ્રાં હ્રીં હ્રૂં હ્રૌં હ્રં યઃ ક્ષઃ શ્રીં હ્રીં ફટ્ સ્વાહા ।

ફળ : બધી દિશામાં વિજય પ્રાપ્ત થાય.

સ્તોત્રૈ સ્રજં ..... શ્લોક - ૪૮

બીજમંત્ર : ૐ નમો ભગવતે મહિ તે મહાવીર વડ્ઢમાણ બુદ્ધિરિસીણં ૐ હ્રાં હ્રીં હૂઁ હ્રૌં હ્રઃ અસિ આ ઉ સા ઝૈઁ ઝૈઁ સ્વાહા ।

ૐ નમો બંભચારિણં અટ્ઠારસ સહસ્સ સીલાંગરથધારિણં નમઃ સ્વાહા ।

ફળ : લક્ષ્મી, સંપત્તિ અને સુખ પ્રાપ્ત થાય.



ઉપરોક્ત મંત્રો અને તેના ફળન જાણવાથી સ્પષ્ટ થાય છે કે સંક્ષેપમાં આ સ્તોત્ર સાધકના ત્રિવિધ તાપને ઉપશાંત કરી શકે છે.

પૂર્વાચાર્યોએ ગ્રંથોમાં દરેક ગાથાના મંત્ર અને તેના ફળનું કથન કર્યું છે, તેમ છતાં પ્રત્યેક મંત્રની સાધના ગુરુગમથી થાય, ગુરુની આજ્ઞાથી થાય, ત્યારે મંત્રની શક્તિ સાથે ગુરુની પોઝીટીવ એનર્જી સાધનાને વેગવંતી બનાવે છે. ગુરુપ્રદત્ત મંત્ર વિશેષ બલવત્તર બને છે.

વર્તમાને અનેક સાધકો આદિનાથ પ્રભુના શાસન રક્ષક ગોમુખયક્ષ અને ચક્રેશ્વરી દેવીના આહ્વાનપૂર્વક ભક્તામર પૂજન કરે છે, કેટલાક સાધકો પૂર્વાનુપૂર્વીથી ૪૮ શ્લોક, ત્યાર પછી પશ્ચાનુપૂર્વીથી ૪૮ શ્લોક અને ત્રીજીવાર પુનઃ પૂર્વાનીપૂર્વીથી આ રીતે ત્રણવાર ભક્તામર સ્તોત્રની આરાધના કરે છે. કોઈક ત્રિસંધ્યા ભક્તામર સ્તોત્રનો પાઠ તેમજ કોઈપણ એકાદ ગાથાની આરાધના કરે છે. ભક્તિની કાયા દેખાતી નથી. ભક્તિનું પ્રમાણ કોઈ ગજથી માપી શકાતું નથી. ભક્તિ નિર્મળ જળની અવિરત વહેતી સૂક્ષ્મધારા છે. તેના દ્વારા અનંતાનંત કર્મના ખડકો ભાંગીનો ભૂકો થઈ જાય છે. ભક્તિની ધારામાં જે મલ ધોવાઈ જાય છે. ભક્તિ કરનારા ભક્ત પાપી મટીને પવિત્ર બની જાય છે. તેથી જ અનેક ભક્તો ભક્તિના અદ્ભુત ચમત્કારો અનુભવી રહ્યા છે.

ત્રિકાલ ભાવવંદન હો વીતરાગી પરમાત્મા શ્રી આદિનાથને .... ઉપકાર વંદન હો સ્તોત્ર રચનાકાર શ્રી માનતુંગ આચાર્યને .... અહોભાવે વંદન હો ભક્તિની અચિંત્ય શક્તિને ....

**(ગોંડલ સંપ્રદાયના તટસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. એવં પૂ. મુક્ત-લીલમ-વીર ગુરુણીના સુશિષ્યા ડૉ. સાધ્વી આરતી પ્રાણ આગમ બત્રીશીના સંપાદિકા તથા જૈન વિશ્વકોશના પરામર્શક છે.)**

| |
|---|
| ૫ |

# મંત્ર - યંત્ર - ભક્તિનો સમન્વય એટલે શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર

- પૂ. સાધ્વી સુબોધિકા

## ભક્તિ એટલે મંત્રનું સાંયુજ્ય :-

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રમાં ભક્તિયોગ અને મંત્રયોગનો સુમેળ જોવા મળે છે. શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તવના દ્વારા ભક્તિરસ વહાવતું એક આધ્યાત્મિક સ્તોત્ર છે. પરમાત્મા પ્રત્યેના અપાર સ્નેહ, અંતરપ્રેમ અને અનન્ય શરણભાવને ભક્તિ કહેવામાં આવે છે. પરમાત્મ સ્વરૂપની સ્તવના, સ્તુતિ, ધ્યાનાદિ કરવા તે ભક્તિયોગ છે. "पासं वंदामि, तुह सम्मत्ते लद्धे, भत्तिभर निब्भरेण ....." જેવા પદો સ્તોત્રગત ભક્તિને પ્રગટ કરે છે.

આચાર્યશ્રી ભદ્રબાહુ સ્વામીએ આ સ્તોત્રમાં ભક્તિની સાથે સાત્ત્વિક મંત્રનો સુયોગ કરેલ છે. આચાર્યશ્રી ત્રણ રીતે આ સ્તોત્રની મંત્રમયતા સિદ્ધ કરે છે. ૧. તીર્થંકર પરમાત્માના નામ સ્વયં મંત્રરૂપ છે. સર્વ વિદ્યા અને મંત્રોના બીજાક્ષરો પરમાત્માના નામાક્ષરોમાં સમાયેલા છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું નામ સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ મંત્ર રૂપ છે. આ સ્તોત્રમાં આચાર્યશ્રીએ "पासं वंदामि" પદ મંત્રરૂપે જ પ્રયુક્ત



કરેલ છે. ૨. મંત્રની વિભિન્ન વ્યાખ્યાઓ પણ આ સ્તોત્રની મંત્રમયતા સિદ્ધ કરે છે.

મંત્રની વ્યાખ્યાઓ -

૧. દેવાધિષ્ઠિત અક્ષરસમૂહ અથવા જેની સાધના કરવી જ પડે તેવા અક્ષરોની રચના મંત્ર કહેવાય છે.

૨. જેનાથી નિશ્ચિતરૂપે જ્ઞાન અને રક્ષણ થાય તે મંત્ર.

૩. પાઠ કરવાથી જે સિદ્ધ થાય તે મંત્ર.

૪. જેની આદિમાં ૐ, હ્રીં, શ્રીં જેવા બીજાક્ષરો હોય અને અંતમાં સ્વાહા જેવા પલ્લવપદ હોય તે મંત્ર.

૫. જે સૂત્ર કે પદો વારંવાર મનન કરવા યોગ્ય હોય તે મંત્ર.

૬. જે અક્ષરસમૂહનું વારંવાર સ્મરણ કરતાં વિવિધ પ્રકારના ભયોથી રક્ષણ થાય તે મંત્ર.

૭. જે શબ્દો ગુરુ ગુપ્ત રીતે શિષ્યને આપે તે મંત્ર.

મંત્રની આ વિવિધ વ્યાખ્યાઓ જોતાં સ્પષ્ટ થાય છે કે ગૂઢ, અગમ્ય શબ્દો કે બીજાક્ષરોથી યુક્ત હોય તે જ મંત્ર કહેવાય, તેવું નથી. સાદી, સરળ ભાષામાં લખાયેલ પદ કે ગાથા પણ મંત્રરૂપ બની શકે છે.

મંત્રના અક્ષરોની સંયોજના જ એવી હોય છે કે તે તેના અધિષ્ઠાયક દેવને આકર્ષે છે અને અધિષ્ઠાયક દેવ અચૂક ફળ આપે છે. આ ઉવસગ્ગહરં સ્તોત્રના અધિષ્ઠાયક દેવ પાર્શ્વયક્ષ છે. આચાર્યશ્રીએ 'उवसग्गहरं पासं' દ્વારા પાર્શ્વયક્ષનો ઉલ્લેખ કર્યો છે. તદુપરાંત ધરણેન્દ્ર દેવ, પદ્માવતી દેવી, વૈરુટ્યા દેવી જેવા અનેક પાર્શ્વ પ્રભુનું સામીપ્ય ધરાવતા દેવો આ સ્તોત્રનું પઠન કરનાર ભક્તોને ફળ આપવા તત્પર રહે છે. આ સ્તોત્ર દ્વારા મોક્ષરૂપી ફળની પણ પ્રાપ્તિ થાય છે. "पावंति अविग्घेणं जीवा अयरामरं ठाणं" પદ સૂચવે છે કે સંપૂર્ણ સ્તોત્ર એક મંત્રરૂપ છે.

૩. આ સ્તોત્રમાં "विसहर फुलिंग" મંત્ર સમાવિષ્ટ છે. આ મંત્ર "नमिऊण पास" મંત્ર તથા "पार्श्व चिंतामणि" મંત્રના નામે પણ પ્રસિદ્ધ છે. આચાર્યશ્રીને विसहर फुलिंग

मंतं દ્વારા આ સ્તોત્રનો મૂળમંત્ર "नमिऊण पास विसहर वसह जिण फुलिंग" આ અઢાર અક્ષરનો મંત્ર અભિપ્રેત છે. આ મંત્રની ગોપનીયતાને લક્ષમાં રાખી સ્તોત્રકારે મંત્રના બે પદનો બીજી ગાથામાં ઉલ્લેખ કરી શેષ પદો અને અક્ષરોને સ્તોત્રમાં અલગ-અલગ સ્થાને ગૂંથી લીધા છે. કોઈપણ મંત્રના પદો કે અક્ષરોને છૂટા પાડી સ્તોત્રમાં અત્ર-તત્ર મૂકીને સ્તોત્રમાં આખો મંત્ર આપવામાં આવે તેને વિપ્રકીર્ણ પદ્ધતિ કહેવામાં આવે છે.

न - ન દુકખ દોગચ્ચં (ગા. ૩) मि - વંદામિ (ગા. ૧)

ऊ- ઉવસગ્ગહરં (ગા. ૧) ण - કમ્મઘણ (ગા. ૧)

पास - પાસ જિણચંદ(ગા. ૫) विसहर - વિસહર (ગા. ૧/૨)

वसह - ઉવસગ્ગહરં (ગા. ૧) जिण - જિણચંદ (ગા. ૫)

फुलिंग - ફુલિંગ (ગા. ૨)

આ રીતે મંત્રગત नमिऊण અને वसह ના અક્ષરો અને શેષ પદો આ સ્તોત્રની વિભિન્ન ગાથામાં સમાવિષ્ટ છે.

મૂળમાં તો આ મંત્રના અઢાર અક્ષરો જ છે પણ પાછળથી તેમાં બીજાક્ષરો તથા પલ્લવ પદોની સંયોજના થતાં ૨૬, ૨૭, ૨૮ અને ૩૦ અક્ષરોવાળો મંત્ર આજે ઉપલબ્ધ છે. યથા -

૧૮ અક્ષરવાળો મંત્ર - નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ.

૨૬ અક્ષરવાળો મંત્ર - ૐ હ્રીં શ્રીં અર્હં નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ હ્રીં નમઃ

૨૭ અક્ષરવાળો મંત્ર - ૐ હ્રીં શ્રીં અર્હં નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ હ્રીં શ્રીં નમઃ

૨૮ અક્ષરવાળો મંત્ર - ૐ હ્રીં શ્રીં અર્હં નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ શ્રીં અર્હં નમઃ

૩૦ અક્ષરવાળો મંત્ર - ૐ હ્રીં શ્રીં અર્હં નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ ૐ હ્રીં શ્રીં અર્હં નમઃ



## વિસહર ફુલિંગ મંત્રનો અર્થ :-

नमिऊण = નમસ્કાર કરીને, पास = પાર્શ્વનાથ ભગવાનને, विसहर = વિષધરના વિષનો નાશ કરનારા, वसह जिण = જિનોમાં વૃષભ, फुलिंग = અગ્નિકણ, તણખા જેવા ઉપદ્રવો. આ મંત્રપદોમાં ક્રિયાપદ અને વિભક્તિ અધ્યાહાર છે. ક્રિયાપદ ઉમેરવાથી તેનો અર્થ થાય છે - વિષધરોના વિષનો નાશ કરનારા, ઉપદ્રવોનો નાશ કરનારા, જિનોમાં વૃષભ (પ્રધાન) એવા પાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર કરીને તેમની સ્તુતિ કરું છું. મંત્રગત 'વિસહર અને ફુલિંગ' શબ્દ મંત્ર દ્વારા થતાં કાર્યના સૂચક છે.

આ રીતે ભક્તિ અને મંત્રના સમન્વયવાળા આ સ્તોત્ર દ્વારા સાધકો ઈષ્ટદેવ સાથે નિકટતા સાધી કષ્ટોથી મુક્તિ મેળવે છે. આચાર્યશ્રીએ સ્તોત્રમાં ત્રણ પ્રકારના ભક્ત આત્માઓ અને ત્રણ પ્રકારના ફળનું તથા ત્રણ પ્રકારના કષ્ટોની નિવૃત્તિનું નિરૂપણ કર્યું છે. આ જગતમાં ત્રણ પ્રકારના કષ્ટો છે :- ૧. આધિભૌતિક - રોગ, વ્યાધિ વગેરે કષ્ટો. ૨. આધિદૈવિક - ભૂત, પ્રેત, શાકિની આદિ દેવકૃત કષ્ટો અને ૩. આધ્યાત્મિક - રાગ - દ્વેષ, ઈર્ષા, મિથ્યાત્વ વગેરે કષ્ટો.

જઘન્ય કક્ષાના ભક્તો તરીકે સ્તોત્રકારે मणुओ - સામાન્ય મનુષ્યોને દર્શાવ્યા છે. તેઓ ભૌતિક આપત્તિઓના નિવારણને જ મહત્ત્વ આપે છે. તેઓ આધિભૌતિક અને આધિદૈવિક વિપદાઓને દૂર કરવા પ્રયત્નશીલ હોય છે. આ સ્તોત્ર દ્વારા તેમને પ્રાપ્ત થતાં ફળનું કથન બીજી ગાથામાં 'तस्स गह रोग मारी दुट्ठजरा जंति उवसामं' થી કર્યું છે.

મધ્યમકક્ષાના ભક્તો તરીકે પ્રણત - પ્રણામ કરતાં (तुज्झ पणामो) આત્માઓને દર્શાવ્યા છે. તેઓને પ્રાપ્ત થતાં ફળમાં 'बहुफलो' દ્વારા સમૃદ્ધિ, રાજ્ય સુખ, દૈવી સંપદા, દુઃખનાશ વગેરેનું કથન ત્રીજી ગાથામાં કર્યું છે.

ઉત્તમ કક્ષાના ભક્તો તરીકે સ્તોત્રકારે 'तुह सम्मत्ते लद्धे' લબ્ધ સમ્યક્ત્વ આત્માઓ દર્શાવ્યા છે. તેમને પ્રાપ્ત થતાં ફળ સ્વરૂપે अयरामरं ठाणं - મોક્ષ-પ્રાપ્તિનું કથન ચોથી ગાથામાં કર્યું છે.

આ સ્તોત્ર તથા 'વિસહર ફુલિંગ' મંત્રનું નિર્માણ સત્યસંકલ્પવાળા ભદ્રબાહુ સ્વામીએ કર્યું છે. પોતે જે ઈચ્છે તે કાર્ય શબ્દ દ્વારા અવશ્ય કરી શકે તેવી શક્તિને સત્ય સંકલ્પ કહેવામાં આવે છે. આવી શક્તિ વિશિષ્ટ તપ કરનાર તથા મહાવ્રતોનું આચરણ કરનાર મુનિઓમાં હોય છે. 'આ મંત્રથી આ કાર્ય થાઓ' તેવી સંકલ્પ સાથે શબ્દોની સંયોજના દ્વારા નિશ્ચિત કાર્ય થાય છે. જે અધિષ્ઠાયક દેવને અનુલક્ષીને મંત્ર નિર્મિત થયો હોય તે દેવ યંત્રમાં અધિષ્ઠિત થાય છે અને મંત્ર કે સ્તોત્રના જાપ-કર્તાને ફળ આપે છે.

**મંત્ર અને યંત્ર :-**

મંત્ર અને યંત્ર ભિન્ન હોવા છતાં બંને એકબીજા સાથે ગાઢ સંબંધ ધરાવે છે. દેવ અધિષ્ઠિત વિશિષ્ટ અક્ષરોની રચના તે મંત્ર છે. મંત્ર દ્વારા શક્તિનો ઉદ્ભવ થાય છે અને સત્-ચિત્ આનંદ સ્વરૂપી ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે. યંત્ર મંત્રાધિષ્ઠિત દેવ-દેવીનું ઘર, નગર કે શરીર છે. મંત્રના દેવ યંત્રમાં સાક્ષાત્ રૂપે નિવાસ કરે છે. મંત્રદેવ અને યંત્ર એકરૂપ હોય છે. યંત્ર શરીર છે તો મંત્રદેવ તેમાં રહેલો આત્મા છે. મંત્રમાં શબ્દ, સ્થાન તથા અર્થનું મહત્ત્વ હોય છે અને યંત્રમાં આકૃતિ અને તેની ગોઠવણીનું મહત્ત્વ હોય છે.


શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર મંત્રમય સ્તોત્ર છે. મંત્રનું મહત્ત્વનું અંગ યંત્ર છે. આત્મા અને દેહની જેમ મંત્ર અને યંત્ર ઓતપ્રોત હોય છે. મંત્રદેવને રહેવાનું ઘર એટલે યંત્ર. યંત્ર અને મંત્રદેવતામાં કોઈ ભેદ નથી. મંત્ર શબ્દપ્રધાન હોય છે, જ્યારે યંત્ર આકૃતિપ્રધાન હોય છે. જે કાર્ય મંત્ર કરે છે તે જ કાર્ય યંત્ર પણ કરી શકે છે. માટે યંત્રમાં દેવ-દેવી, તેનો પરિવાર, બીજાક્ષરો, વર્ણો કે વિશિષ્ટ આકૃતિઓને જ્યાં સ્થાપન કરવાનું વિધાન હોય ત્યાં જ સ્થાપવા આવશ્યક છે ને તો જ તે ફળદાયી બને છે.

દેવો યંત્રને આધીન છે, યંત્રો મંત્રને આધીન છે અને મંત્રો મંત્રકર્તાને આધીન હોય છે. જેટલા મંત્રો તેટલા જ યંત્રો હોય છે. મંત્ર કે સ્તોત્રના જાપથી જે ઊર્જા કે પોઝીટીવ વાઈબ્રેશન ઉત્પન્ન થાય છે તે યંત્રમાં ઝીલાયા છે. માળા પણ એક યંત્ર જ



છે. માળા લઈને જાપ કરતાં હોય તો વાઈબ્રેશન માળામાં ઝીલાય અને પછી સામે રાખેલ યંત્રમાં પ્રવાહિત થાય છે. યંત્રમાંથી આ વાઈબ્રેશન કોસમોસ (બ્રહ્માંડ) માં જાય અને વિશ્વમાં વ્યાપક બની બ્રહ્માંડમાં રહેલા તેવા પોઝીટીવ વાઈબ્રેશનથી પ્રભાવિત બની, વિશેષ બલશાળી બની પુનઃ જાપકર્તામાં પરિવર્તીત થાય છે.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની લઘુવૃત્તિમાં યંત્રોનું વિશદ્ વર્ણન છે. પ્રાચીન હસ્તલિખિત પોથીમાં ઉવસગ્ગહરં સ્તોત્રનો 'વાપીયંત્ર' જોવા મળે છે. તેની આલેખનવિધિ સહિત યંત્ર અત્રે આપેલ છે. ઉવસગ્ગહરં સ્તોત્રની પાંચ ગાથાના ૨૪ યંત્રોની વિધિવત્ આલેખનવિધિ તથા તેના ફળનું વિશદ વર્ણન 'ઉવસગ્ગહરં સ્તોત્ર વિવેચના' ગ્રંથમાં છે. પ્રાપ્તિસ્થાન નંબર છે - પાવનધામ, કાંદીવલી, પ્રીતિબેન , ૦૨૨-૨૮૬૫૯૩૨૪, બકુલભાઈ, ૦૨૮૧-૨૪૬૮૮૩૭



## વાપી યંત્ર

ઉવસગ્ગહરં સ્તોત્રના ૧૮૫ અક્ષરો તથા પંચગૃહવાળા એકસો પંચ્યાસીયા સર્વતોભદ્ર યંત્રને સમાવિષ્ટ કરતું આ વિશાળકાય વાપી યંત્ર છે. આ યંત્ર નવકોણ, નવ સોપાન શ્રેણી, ચાર દ્વાર અને એકસો પંચ્યાસીયા યંત્રથી સંયુક્ત છે.

**લેખનવિધિ** :- કેન્દ્રમાં એક પાંચ ગૃહવાળા વાપીગૃહ ઉ ની સ્થાપના કરવી.

- તેની પૂર્વ-પશ્ચિમમાં ૯-૯ સોપાનગૃહ અને અંતે ૧-૧ દ્વારગૃહની સ્થાપના કરવી. આ રીતે કેન્દ્રશ્રેણીમાં ૨૧ ગૃહ તૈયાર થશે.
- આ કેન્દ્રશ્રેણીની ઉત્તરમાં અને દક્ષિણમાં બે-બે ગૃહ ઘટાડતા ૧૯-૧૯, ૧૭-૧૭, ૧૫-૧૫, ૧૩-૧૩, ૧૧-૧૧, ૯-૯, ૭-૭, ૫-૫, ૩-૩ ગૃહવાળી નવ-નવ સોપાનશ્રેણીઓ આલેખવી.

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | ઉ | | |
| | | | | |
| | | | | |

- તેની ઉપર (ઉત્તર-દક્ષિણમાં) એક-એક દ્વારગૃહ આલેખવા. આ રીતે ૨૧ + ૩૮ + ૩૪ + ૩૦ + ૨૬ + ૨૨ + ૧૮ + ૧૪ + ૧૦ + ૬ + ૨ = ૨૨૧ ગૃહવાળી વાપી તૈયાર થશે.
- યંત્રમાં અંક અને અક્ષરોનો સમન્વય કરવા મધ્યના ૨૫ ગૃહ (૫ **x** ૫ = ૨૫) ના સર્વતોભદ્રનાં કેન્દ્રગૃહમાં ઉવસગ્ગહરંનો ઉ સ્થાપિત કરવો.
- શેષ ૨૪ ગૃહોમાં અંકો એવી રીતે સ્થાપિત કરવા કે તેની સર્વબાજુથી ગણતરી કરતાં સરવાળાની સંખ્યા ૧૮૫ થાય.
- સર્વતોભદ્રની ચારેય દિશાના ત્રણ-ત્રણ ગૃહમાં ૧૮૫ નો અંક સ્થાપિત કરવો.



- શેષ રહેલા ૧૮૪ ગૃહોમાં (સર્વતોભદ્રની નૈઋત્ય તરફની બીજી સોપાન-શ્રેણી તરફથી શરૂ કરી ઉત્તર, પૂર્વ, પશ્ચિમ તેમ સર્વતોભદ્રની ફરતે) વ, સ, ગ્ગ, હ, રં, આદિ ૧૮૪ અક્ષરોને ક્રમશઃ આલેખવા.

મૂળમંત્ર - ૐ હ્રીં શ્રીં નમિઊણ પાસ વિસહર વસહ જિન ફુલિંગ નમ:

**સાધના વિધિ** :- યંત્રને સામે રાખી પાર્શ્વપ્રભુના મનોસાંનિધ્યે, ગુરુવંદનપૂર્વક ત્રિસંધ્યાએ ૧૦૮ વાર ઉવસગ્ગહરં સ્તોત્ર અથવા મૂળમંત્રનું સ્મરણ કરવાથી દુષ્ટગ્રહ અને રોગ શાંત થાય છે. ચાંદીની થાળીમાં ચંદન આદિથી યંત્ર આલેખી તેને પાણીથી ધોઈ તે પાણી પીવાથી શાકિની આદિની પીડા દૂર થાય છે. યંત્રપાન કરવાથી મહાવિષ પણ પરાભવ કરી શકતું નથી. આ યંત્રને ભુજા પર કે મસ્તક ઉપર ધારણ કરવાથી લક્ષ્મી, કીર્તિ, સૌભાગ્યની વૃદ્ધિ થાય છે, રાજ સન્માન પ્રાપ્ત થાય છે. આલોક અને પરલોકમાં સુખની પ્રાપ્તિ થાય છે.

**(સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મહારાજના શિષ્યા મુક્ત લીલમ પરિવારના વિરલપ્રજ્ઞા પૂ. વીરમતીબાઈ મહાસતીજીના વિદ્વાન સાધ્વી રત્ન શિષ્યા સુબોધિકાબાઈ મહાસતીજી આગમ સંપાદન કાર્ય સાથે જોડાયેલા છે. ઉવસગ્ગહરં સ્તોત્ર પર તેમનો ગ્રંથ પ્રકાશિત થયેલ છે.)**

# ૬

# વૈશ્વિક મંત્રોમાં શ્રી નવકાર મહામંત્રની વિરલ વિશેષતા

- પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

દરેક ધર્મનું ભવન એક મુખ્ય મંત્રની આસપાસ રચાય છે. એ ધ્વનિરૂપ બનીને અનંત આકાશમાં સંગ્રહિત થાય છે. જ્યારે એનું ઉચ્ચારણ કરીએ ત્યારે અંતરિક્ષમાંથી એની ભાવનાઓની આરાધક પર વૃષ્ટિ થતી હોય છે. બીજ પર વર્ષા પડતાં જેમ એ ભૂમિમાંથી વર્ધમાન થઈને વૃક્ષ બને છે, એ રીતે મંત્રોચ્ચારથી આકાશના ધ્વનિઓ મંગલકામના પ્રગટ કરે છે. આજનું ધ્વનિવિજ્ઞાન પણ કહે છે કે જગતમાં પેદા કરાયેલો ધ્વનિ કદી નષ્ટ થતો નથી.

ઘણીવાર આપણને શિખર દેખાય છે, પણ એની પગદંડી જડતી નથી. નવકારમંત્રનું રટણ એ શિખર છે, જે હજારો વર્ષથી ઉચ્ચારાય છે, પણ એની પગદંડી મેળવવી જરૂરી છે.

મંત્રોની સૃષ્ટિમાં નમસ્કાર મહામંત્રનો આગવો પ્રભાવ છે. મંત્રો તો ઘણા હોય છે, કિન્તુ એમાં નમસ્કાર મહામંત્ર અનેરો ને અદ્વિતીય છે. એક વસ્તુ બીજી વસ્તુથી જે ગુણને લીધે એ જુદી પડે છે, તેને વિશેષતા કહેવામાં આવે છે. આંબા અને લીમડામાં વૃક્ષત્વ સમાન હોવા છતાં તે દરેકને પોતાની વિશેષતા છે અને તેના લીધે જ



એક આંબા તરીકે તો બીજો લીમડાના વૃક્ષ તરીકે ઓળખાય છે. અન્ય મંત્રો અને નમસ્કાર મંત્રમાં મંત્રત્વ સમાન છે, પણ નમસ્કારમંત્ર પોતાની અનેકવિધ વિશેષતાઓને કારણે એ બધા મંત્રોમાં જુદો તરી આવે છે.

**લોકોત્તર મહામંત્ર :-**

નમસ્કાર લોકોત્તર મંત્ર છે, એ એની પહેલી વિશેષતા છે. જે મંત્રોનો ઉપયોગ સામાન્ય રીતે આકર્ષણ, વશીકરણ, ઉચ્ચારણ, વિદ્વેષણ, સ્તંભન, મોહન, મારણ, રોગનિવારણ કે ધનપ્રાપ્તિ આદિ લૌકિક કાર્યો માટે થાય, તે લૌકિક કહેવાય અને જેનો ઉપયોગ આત્મશુદ્ધિ કે મોક્ષપ્રાપ્તિ જેવા લોકોત્તર કાર્યો માટે થાય તે લોકોત્તર કહેવાય.

અહીં કદાચ પ્રશ્ન થશે કે, 'નમસ્કાર મંત્રનો ઉપયોગ પણ આકર્ષણાદિ કાર્યો માટે થાય છે, તો તેને લૌકિક કેમ ન કહેવાય ?'

તેનો ઉત્તર એ છે કે, 'નમસ્કારમંત્રનું મુખ્ય પ્રયોજન આત્મશુદ્ધિ કે મોક્ષપ્રાપ્તિ છે. તેથી તે લોકોત્તર જ ગણાય. આકર્ષણાદિ કાર્યો તેના વડે સિદ્ધ થાય છે ખરાં, પણ તે એનું મુખ્ય પ્રયોજન નથી.'

વચ્ચે એક કાળ એવો આવી ગયો કે લોકો મંત્રનો આવા ભૌતિક કે દુન્યવી કાર્યો માટે ખૂબ ઉપયોગ કરવા લાગ્યા અને એમ કરતાં ધર્મના ધોરી નિયમો પણ ભૂલી ગયા. શાકત, બૌદ્ધ વગેરે મંત્રવાદીઓ દ્વારા પ્રવર્તાવેલા મત્સ્ય, માંસ, મદિરા, મુદ્રા તથા મૈથુન એ પાંચ મ'કારે તો હાહાકાર મચાવી દીધો અને મંત્ર-તંત્ર શાસ્ત્રનું નામ બદનામ કરી દીધું. તેની અસર ઓછા-વત્તા અંશે આજના સમાજ સુધી પહોંચે છે. કેટલાક શિક્ષિત લોકોની મંત્ર-યંત્ર-તંત્ર પર મુદ્દલ શ્રદ્ધા બેસતી નથી, તેનું કારણ એ છે કે તેની મથરાવટી ખૂબ મેલી થઈ ગઈ છે અને તેનાં નામે એવાં એવાં કાર્યો થયા છે કે જે આપણને નિતાંત ઘૃણા ઉપજાવે.

અહીં સંતોષ લેવા જેટલી વાત એ છે કે નમસ્કારમંત્રના કલ્પો વગેરેમાં આકર્ષણાદિ કાર્યોનું વિધાન ભલે કરેલું હોય, પણ એવાં કાર્યો માટે તેનો ખાસ ઉપયોગ

થયો નથી અથવા તો અતિ અલ્પ પ્રમાણમાં જ થયો છે અને તેણે તેનું લોકોત્તરપણું મહદ્ અંશે ટકાવી રાખ્યું છે. તેનું જ એ પરિણામ છે કે આજે પણ જનસમૂહ તેને માટે પરમ શ્રદ્ધા અને આદરની લાગણી ધરાવે છે.

નમસ્કારમંત્રને લોકોત્તર કહેવાનું એક કારણ એ પણ છે કે તે અરિહંત જેવાં લોકોત્તર મહાપુરુષ વડે કહેવાયેલો છે અને ગણધર જેવા લોકોત્તર મહાપુરુષ વડે શબ્દસંકલના પામેલો છે. મંત્રશક્તિમાં યોજકોની શક્તિનો અંશ ઊતરે છે, એ વાત લક્ષ્યમાં લેતાં નમસ્કારમંત્રની લોકોત્તરતા વિષે કોઈપણ જાતની શંકા રહેતી નથી.

**પંચ-નમસ્કારનો મર્મ :-**

શ્રી ભદ્રબાહુ સ્વામી 'આવશ્યકનિર્યુક્તિ' માં પંચનમસ્કાર કરવાનો હેતુ સમજાવતાં કહે છે કે :

'માર્ગ, અવિપ્રણાશ, આચાર, વિનય અને મોક્ષપ્રાપ્તિમાં સહાયકતા આ પાંચ હેતુઓથી હું પાંચ પ્રકારનો નમસ્કાર કરું છું.'

અહીં 'માર્ગ' થી મોક્ષમાર્ગનું સૂચન છે કે જેનું પ્રવર્તન અરિહંત દેવો વડે થાય છે. અરિહંત દેવોએ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને મોક્ષનો માર્ગ કહ્યો અને તેને પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપ્યો, તેથી તેઓ પરમ પૂજ્ય અને પરોપકારી બન્યા અને તે જ કારણે તેમને પ્રથમ નમસ્કાર કરવામાં આવે છે.

અહીં 'અવિપ્રણાશ' શબ્દથી 'અવિનાશિતા' અભિપ્રેત છે કે જેનો ખ્યાલ સિદ્ધ ભગવંતો આપી રહ્યા છે. દેવેન્દ્ર, ચક્રવર્તીઓ વગેરેનાં પદોનો તથા સુખોનો અંત આવે છે, પણ સિદ્ધ ભગવંતના અનુપમ સુખનો કદી અંત આવતો નથી. તેમનું સુખ સાદિ - અનંત છે, એટલે કે તેનો પ્રારંભ થયો છે, પણ કદી છેડો આવનાર નથી. તેઓ આપણને આ પદે પહોંચવાની પ્રેરણા કરી રહ્યા છે અને તેથી જ તેમને બીજો નમસ્કાર કરવામાં આવે છે.

આ રીતે આચાર્ય ભગવંતોથી આચારની પ્રાપ્તિ થાય છે, ઉપાધ્યાય ભગવંતોથી વિનયની - જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને સાધુ ભગવંતોથી મોક્ષપ્રાપ્તિમાં વિવિધ પ્રકારની



સહાય મળે છે, તેથી જ તેમને અનુક્રમે ત્રીજો, ચોથો અને પાંચમો નમસ્કાર કરવામાં આવે છે. આ પરથી જોઈ શકાશે કે નમસ્કારમંત્ર આત્મશુદ્ધિ કે મોક્ષપ્રાપ્તિ માટે જ યોજાયેલો છે, તેથી તે લોકોત્તર મંત્રની પૂરી યોગ્યતા ધરાવે છે. આજ સુધીમાં અનંત આત્માઓએ નમસ્કાર મંત્રનો આશય લીધો છે, એ હકીકત પણ યાદ રાખવી જોઈએ. આથી જ કહેવાયું છે કે -

'પરમપદપુર એટલે મોક્ષનગરી કે સિદ્ધશિલા. તેને જેઓ પામ્યા છે, પામશે અને પામે છે, તે સર્વ પંચનમસ્કારરૂપી મહારથના સામર્થ્યયોગે જ જાણવું.'

આ શબ્દો વાંચ્યા - સાંભળ્યા પછી કોઈને નમસ્કાર મંત્રની લોકોત્તરતા માટે રજ પણ શંકા રહેવી જોઈએ નહીં.

અન્ય મંત્રોમાં જેમની સાધના કે આરાધના કરવાની છે, તે દેવ-દેવીઓ વિશિષ્ટ શક્તિથી વિભૂષિત હોવા છતાં આખરે તો સંસારી આત્માઓ જ છે એટલે રાગ, દ્વેષ, સ્પૃહા આદિથી યુક્ત હોય છે, જ્યારે નમસ્કાર મંત્ર વડે જેમની આરાધના થાય છે, એ પંચપરમેષ્ઠી વીતરાગી અને નિઃસ્પૃહી છે. તેમની અચિંત્ય શક્તિ આગળ દેવ-દેવીઓની શક્તિ કંઈ વિસાતમાં નથી.

**પાંચ મહાશક્તિઓનો સમવાય :-**

અહીં કોઈ એમ માનતું હોય કે દેવ-દેવીઓ કરતાં અધિક શક્તિ પહેલા બે પરમેષ્ઠીઓમાં સંભવી શકે, પણ આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુઓમાં સંભવી શકે નહીં, તો એ માન્યતા સુધારવા જેવી છે. 'શ્રી દશવૈકાલિક સૂત્ર' ના પ્રારંભમાં કહ્યું છે કે, 'જે સાધુઓ અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મને ઉત્કૃષ્ટ મંગલરૂપ માને છે અને તે ધર્મના પાલનમાં જ સદા પોતાનું મન જોડાયેલું રાખે છે, તેમને દેવો પણ નમે છે.'

અહીં વિચારવાનું એ છે કે જો ધર્મનિષ્ઠ સાધુઓ શક્તિ અને સામર્થ્યમાં ચડિયાતા હોય તો જ દેવો એમને નમે કે એમને એમ નમે ?

જો અહીં એમ કહેવામાં આવે કે તેમને પૂજ્યતા પ્રગટ કરવા માટે દેવો આ પ્રમાણે નમે, તો પૂજ્યતા એમને એમ પ્રાપ્ત થતી નથી. જ્યારે આત્માની શક્તિનો

પરમ પ્રકાશ લાધે છે ત્યારે જ પૂજ્યતા પ્રકટે છે, એટલે દેવો પરમ શક્તિમાન કે સામર્થ્યવાન માનીને જ તેમને નમે છે.

અહીં એ પણ સ્પષ્ટ થવાની જરૂર છે કે અહિંસાશક્તિ, સંયમશક્તિ તથા તપશક્તિ એ કોઈ નાની શક્તિઓ નથી. એ અખિલ બ્રહ્માંડને ડોલાવી શકે છે અને દેવ-દેવીઓને પણ કાન પકડાવી શકે છે. તાત્પર્ય કે આચાર્યાદિ અન્ય ત્રણ પરમેષ્ઠીમાં પણ દેવ-દેવીઓ કરતાં અધિક શક્તિ સંભવે છે.

હજી પણ એક વસ્તુ પાઠકોના ધ્યાનમાં લાવવાની રહી. એકલા અરિહંત, એકલા સિદ્ધ, એકલા આચાર્ય, એકલા ઉપાધ્યાય કે એકલા સાધુની શક્તિ જ્યારે આ પ્રમાણે દેવ-દેવીઓ કરતાં અધિક છે, ત્યારે એ પાંચેનો સમવાય થતાં એ શક્તિનું પ્રમાણ કેટલું વધી જાય ? આ વિશ્વમાં કોઈ મંત્ર એવો નથી કે જેમાં આ રીતે પાંચ મહાન શક્તિઓ એક સાથે કામ કરતી હોય.

**નિષ્કામ ભાવ અને અલ્પ પ્રયાસ :-**

અન્ય મંત્રો કામના કરવાથી એટલે કે વિશિષ્ટ સંકલ્પ આદિ કરવાથી ઘણા પ્રયત્ને ફળદાયી થાય છે, જ્યારે નમસ્કાર મંત્ર નિષ્કામ ભાવે જપવા છતાં અલ્પ પ્રયાસે ફળદાયી  થાય છે અને તે સાધકની સર્વ કામનાઓ પૂરી કરે છે.

'પ્રકૃષ્ટ ભાવથી પરમેષ્ઠીઓને કરેલો એક પણ નમસ્કાર, પવન જેમ જલને શોષવી નાખે, તેમ સકલ ક્લેશજાલને છેદી નાખે છે.'

અહીં ક્લેશજાલથી આત્માને ક્લેશ ઉપજાવે તેવાં સર્વ પ્રકારનાં કષ્ટો, તેવી સર્વ પ્રકારની ચિંતાઓ તથા તેનો કારણભૂત એવો કર્મસમૂહ સમજવાનો છે.

**અધિષ્ઠાયક દેવ નહીં :-**

અન્ય મંત્રોમાં કોઈને કોઈ દેવ તેનો અધિષ્ઠાયક હોય છે અને તે વશ થાય કે પ્રસન્ન થાય, તો જ એ મંત્ર સિદ્ધ થયો ગણાય છે. તાત્પર્ય કે ત્યાર પછી જ તે પોતાનું ફળ આપે છે, પરંતુ એ દેવોને વશ કરવાનું કે પ્રસન્ન કરવાનું કામ સહેલું હોતું નથી.



અનેક પ્રકારના અટપટા ઉપાયો કામે લગાડ્યા પછી કે કઠિન અનુષ્ઠાનો કર્યા પછી જ તેમાં સફળતા મળે છે. તેમાં ભયસ્થાનો પણ ઘણાં રહેલાં છે. કંઈ ફેર થયો કે આડું પડ્યું કે આશાતના થઈ તો સાધક પોતાનો પ્રાણ ગુમાવે છે અથવા અન્ય કષ્ટ ભોગવે છે, અથવા ચિત્તભ્રમ આદિનો ભોગ બનીને ખુવાર થાય છે, પરંતુ નમસ્કારમંત્રનો કોઈ એક અધિષ્ઠાયક દેવ નથી.

વધારે સ્પષ્ટ કહીએ તો કોઈ તેનો અધિષ્ઠાયક દેવ થઈ શકે એમ નથી. સમ્યક્ત્વધારી અનેક દેવો તેના સેવક થઈને રહેલા છે અને તે અનન્ય ભાવે આરાધના કરનારના સર્વ મનોરથો પૂરા કરે છે.

લોકોત્તર વસ્તુઓનું આકર્ષણ કરવું, એ નમસ્કારમંત્રની એક આગવી વિશેષતા છે. તે અંગે કહ્યું છે કે,

'તે પંચપરમેષ્ઠી નમસ્ક્રિયારૂપ અક્ષરમયી આરાધના દેવતા તમારું રક્ષણ કરો કે જે સુરસંપદાઓનું આકર્ષણ કરે છે, મુક્તિરૂપી લક્ષ્મીને વશ કરે છે, ચાર ગતિમાં થનારી વિપત્તિઓનું ઉચ્ચાટન કરે છે, આત્માના પાપો પ્રત્યે વિદ્વેષણ કરે છે, દુર્ગતિ પ્રત્યે ગમન કરવાને પ્રયત્ન કરતા જીવોનું સ્તંભન કરે છે, એટલે કે તેમને અટકાવે છે અને જે મોહનું પણ સંમોહન કરે છે, એટલે કે તેને મુંઝવે છે.'

**સરળ અને સ્પષ્ટ ઉચ્ચારણ :-**

અન્ય મંત્રો ઉચ્ચારણમાં ક્લિષ્ટ કે કઠિન હોય છે, તેમજ અત્યંત ગૂઢાર્થવાળા હોય છે, ત્યારે નમસ્કારમંત્ર ઉચ્ચારણમાં સરળ છે અને તેના અર્થ પણ અતિ સ્પષ્ટ છે. તેથી બાળકથી માંડીને વૃદ્ધ સહુ કોઈ તેને સરળતાથી બોલી શકે છે તથા તેનો અર્થ સમજી શકે છે.

નમસ્કારમંત્રની સાતમી વિશેષતા એ છે કે પ્રણવ (ૐકાર), હ્રીંકાર, અર્હં વગેરે શક્તિશાળી બીજો તેમાં છૂપાયેલાં છે. નમસ્કારમંત્ર સર્વ મંત્રોનું ઉત્પત્તિસ્થાન છે, એ જ એની આગવી વિશેષતા છે.

અન્ય મંત્રોમાં કોઈ પદ આગળ કે પાછળ અથવા બે વાર આવેલું હોય છે, પણ નમસ્કાર મંત્રમાં નમો પદ પાંચ વાર આવેલું છે. આ નમઃ પદ ધર્મશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર તથા તંત્રશાસ્ત્રની દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું છે. ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ એ વિનયનું પ્રતીક છે. મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ એ શોધનબીજ છે એટલે શરીર, મન અને આત્માની શુદ્ધિ કરનારું છે તથા તંત્રદૃષ્ટિએ એ શાંતિ-પૌષ્ટિક ક્રિયાનો સંકેત કરનારું છે એટલે તેનાથી સર્વ ઉપદ્રવોની શાંતિ થાય છે અને ધન-ધાન્યાદિની વૃદ્ધિ થાય છે.

નમસ્કારમંત્રની એક વિશેષતા એ છે કે તેનું ઉચ્ચારણ કરતાં અડસઠ તીર્થની યાત્રા થઈ જાય છે. તેનો એક અક્ષર એક તીર્થ બરાબર છે, એ રીતે અડસઠ અક્ષરો અડસઠ તીર્થ બરાબર છે.

**મહાઉપકારી મંત્ર :-**

પૃથ્વી આપણા પર ઉપકાર કરે છે; તે આધાર ન આપે તો આપણે આ જગતમાં રહી શકીએ નહીં. જલ આપણા પર ઉપકાર કરે છે; તેના વિના આપણું જીવન ટકી શકે નહીં. વાયુ આપણા પર ઉપકાર કરે છે; તેના વિના શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા સંભવી શકે નહીં. અગ્નિ એટલે ઉષ્મા કે ગરમી આપણા જીવન પર ઉપકાર કરે છે, તેની સહાય ન હોય તો ખાધેલું પચે નહીં કે શરીર સારી રીતે સારી અવસ્થામાં રહી શકે નહીં. આ રીતે બીજી પણ કેટલીક વસ્તુઓ આપણા પર ઉપકાર કરે છે અને તેથી જ આપણું જીવન શક્ય બને છે. પણ આ બધા સામાન્ય કોટિના ઉપકારો છે. સામાન્ય કોટિના એટલા માટે કે નમસ્કાર મંત્ર આપણા પર જે ઉપકાર કરે છે, તેની તુલનામાં એ ઊભા રહી શકે નહીં. અન્ય શબ્દોમાં કહીએ તો આપણા પર નમસ્કાર મંત્રનો ઉપકાર સહુથી મોટો છે, મહાન છે, તેથી જ તેને મહા ઉપકારી ગણવામાં આવે છે.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'નમસ્કાર મંત્ર તો જડ અક્ષરની રચના છે, તે આપણા પર ઉપકાર શી રીતે કરી શકે ?' તો એમ કહેવું ઉચિત નથી. જડ વસ્તુ પણ આપણા પર ઉપકાર કરી શકે છે. દાખલા તરીકે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય એ ચારે દ્રવ્યો જડ છે, છતાં આપણા જીવન પર કેટલો ઉપકાર કરે છે !



જો મંત્રને જડ અક્ષરની રચના માની તેના ઉપકારીપણાનો નિષેધ કરીએ તો શાસ્ત્ર પણ જડ અક્ષરની રચના છે, તેને ઉપકારી શી રીતે માની શકીએ ? પણ દરેક સુજ્ઞ મનુષ્ય શાસ્ત્રને ઉપકારી કે મહાઉપકારી માને છે, કારણ કે તેના વડે સમ્યક્‌જ્ઞાન કે સદ્‌બોધની પ્રાપ્તિ થાય છે.

નમસ્કારમંત્રનું પણ તેવું જ છે. તે અહિંસા, સંયમ, તપ તથા યોગસાધનાનો ઊંચામાં ઊંચો આધ્યાત્મિક આદર્શ આપણી સામે રજૂ કરે છે અને એ રીતે આપણા જીવનનો ઉત્કર્ષ સાધવામાં ઘણી સહાય કરે છે. આ તેનો જેવો તેવો ઉપકાર નથી!

'ગુરુને સામાન્ય માનનારો, મંત્રમાં અક્ષરબુદ્ધિ ધારણ કરનારો તથા દેવપ્રતિમામાં પથ્થરની મૂર્તિ માનનારો નરકમાં જાય છે.'

કહેવાનું તાત્પર્ય એ છે કે ગુરુને સામાન્ય કોટિના ન માનતા દેવસ્વરૂપ માનવા જોઈએ અને તેમના પ્રત્યે એવો જ વિનયપૂર્ણ વ્યવહાર રાખવો જોઈએ. જો ગુરુને સામાન્ય માની તેમની સાથે એ પ્રકારનું વર્તન કર્યું, તો મંત્રસાધના નિષ્ફળ જવાની, એટલું જ નહિ પણ ભવિષ્યમાં દુર્ગતિની પ્રાપ્તિ થવાની.

જે મનુષ્યો મંત્રને દિવ્ય શક્તિથી વિભૂષિત એક પવિત્ર વસ્તુ માનવાને બદલે માત્ર જડ અક્ષરોનો સમૂહ માને છે અને એ રીતે તેના અચિંત્ય પ્રભાવ વગેરેની ઉપેક્ષા કરે છે, તેમની અવસ્થા પણ આવી જ થવાની.

તે જ રીતે જેઓ દેવપ્રતિમાને દેવત્વનો સાક્ષાત્કાર કરાવનારી એક મંગલમય પ્રશસ્ત વસ્તુ માનવાને બદલે પથ્થરનું પૂતળું માની તેનો ઉપહાસ કરે છે કે તેના પ્રત્યે આદર ધરાવતો નથી, તેમને માટે નરક સિવાય અન્ય કોઈ ગતિ નથી.

તાત્પર્ય કે નમસ્કારમંત્ર સાક્ષાત્ દેવતારૂપ છે, એમ માનીને તેના ઉપકાર-મહાઉપકારનો વિચાર કરવો જોઈએ.

**જીવની ગતિ સુધારે :-**

નમસ્કાર મહામંત્રની પ્રથમ મહત્તા એ છે કે એ વ્યક્તિના જીવન પર અત્યંત ઉપકાર કરનાર હોવાથી એને મહા ઉપકારી ગણવામાં આવે છે, કારણ કે એના વડે સમ્યક્‌જ્ઞાન અને સદ્‌બોધની પ્રાપ્તિ થાય છે.

આધ્યાત્મિકતાનો સૌથી ઊંચો આદર્શ આ નવકારમંત્રમાં પ્રગટ થાય છે. દિવ્ય શક્તિથી વિભૂષિત એવો આ નવકારમંત્ર અચિંત્ય પ્રભાવ ધરાવે છે. હકીકતમાં આ નમસ્કારમંત્ર એ સાક્ષાત્ દેવતારૂપ છે.

નમસ્કાર મંત્રનો બીજો કોઈ મહાઉપકાર એ છે કે તે આપણી ગતિ સુધારે છે એટલે કે તે આપણને નરક અથવા તિર્યંચગતિમાં જવા દેતો નથી. 'નવ લાખ જપંતા નરક નિવારે' વગેરે શબ્દો તેના પ્રમાણરૂપ છે.

દુર્ગતિમાં કેટલું દુઃખ છે તે સ્વયં વિચારી લેવું. અહીં સંક્ષેપમાં એટલું જ કહી શકાય કે નરક એ અકલ્પ્ય દુઃખોનો ભંડાર છે અને તિર્યંચાવસ્થા પણ વિવિધ પ્રકારના દુઃખોથી ભરેલી છે તેનું નિવારણ કરવું, એ કંઈ જેવો તેવો ઉપકાર નથી.

એક માણસને બાર વર્ષની સજા થઈ હોય અને કોઈ એને બે વર્ષનો ઘટાડો કરી આપે તો તેનો ઉપકાર માનવામાં આવે છે, ત્યારે આ તો લાખોથી પણ અધિક વર્ષપ્રમાણ નરકગતિના દુઃખો તથા સેંકડો હજાર વર્ષપ્રમાણ તિર્યંચ ગતિના દુઃખો નિવારવાની - ઘટાડી આપવાની વાત છે. તેનો ઉપકાર તો આપણે શબ્દોમાં માની જ ન શકીએ.

અહીં એટલી સ્પષ્ટતા કરવા ઈચ્છીએ છીએ કે નવ લાખનો જપ કરતાં નરક ગતિનું નિવારણ થાય છે એમાં તો કોઈ શંકા જ નથી, પણ પ્રાણીઓના અંત સમયે જો આ મંત્રના અક્ષરો થોડી વાર પણ કાન પર પડે છે, તોયે તેમની ગતિ સુધરી જાય છે. સમડી, ઘોડા, બળદ, સાપ વગેરેને છેલ્લી ઘડીએ નમસ્કાર મંત્ર સંભળાવવાથી તેમની ગતિ સુધરી ગઈ, એવા અનેક દૃષ્ટાંતો જૈન શાસ્ત્રોમાં નોંધાયેલા છે.

આપણે મનુષ્યભવ પામ્યા, તેમાં પણ આ નમસ્કારમંત્રનો જ મહાઉપકાર કેમ ન હોય ! સંભવ છે કે દુર્ગતિમાં રખડી રહેલા એવા આપણા આત્માએ તેનું અમુકવાર સ્મરણ કર્યું હોય કે છેલ્લી ઘડીએ તેના અક્ષરો સાંભળી તેમાં ચિત્ત પરોવ્યું હોય.



**મિથ્યાત્વનાશક શક્તિ :-**

નમસ્કારમંત્રનો બીજો એક મોટો ઉપકાર તે એની મિથ્યાત્વનાશક શક્તિનો, જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે -

'જેમાં શ્રદ્ધા રૂપી દીવેટ છે, બહુમાન રૂપી તેલ છે અને જે મિથ્યારૂપી તિમિરને હરનારો છે, એવો આ નવકારરૂપી શ્રેષ્ઠ દીપક ધન્ય પુરુષોના મનરૂપી ભવનને વિશે શોભે છે.'

તાત્પર્ય કે નમસ્કારમંત્ર મિથ્યાત્વનો નાશ કરનારો છે અને સમ્યક્ત્વની સ્પર્શના કરાવનારો છે. આત્મવિકાસની દૃષ્ટિએ આ બે ક્રિયાઓ એટલી મહત્ત્વની છે કે તેને અપૂર્વ કે અજોડ જ કહી શકાય.

ઉવસ્સગહરં સ્તોત્રમાં કહ્યું છે કે,

'હે ભગવાન્ ! તમારું સમ્યક્ત્વ, ચિંતામણિરત્ન તથા કલ્પવૃક્ષથી પણ અધિક પ્રભાવશાળી છે કે જેને પ્રાપ્ત કરવાથી જીવો કંઈપણ વિઘ્ન વિના અજરામર સ્થાને પહોંચી જાય છે.' અજરામર સ્થાનથી મોક્ષ, મુક્તિ કે સિદ્ધોના નિવાસસ્થાનરૂપ સિદ્ધશિલા સમજવી.

જે વસ્તુ મહાશત્રુ સમાન મિથ્યાત્વનો નાશ કરે, અતુલ ગુણના નિધાન સમાન સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ કરાવે અને અજરામર સ્થાનમાં લઈ જાય, તેનો કેવો અને કેટલો ઉપકાર માનવો ?

તાત્પર્ય કે નમસ્કારમંત્ર આપણા પર મહાન ઉપકાર કરનારો છે, તેથી તેના પ્રત્યે સદા આદર રાખવો અને તેનું ભક્તિભાવથી સ્મરણ કરવું એ પરમ હિતાવહ છે. આપણને મનુષ્યભવ મળ્યો, સંપત્તિ મળી, સુખનાં સાધનો મળ્યા એ પૂર્વભવની સાધનાનો પ્રતાપ છે.

પૂર્વભવની એ સાધનામાં નમસ્કારમંત્રની સાધના પણ કેટલાક પ્રમાણમાં થઈ હશે કારણ કે નરભવના સુખનું કારણ પણ નમસ્કારમંત્ર જ છે, એમ શાસ્ત્રકારોનું કથન છે. હવે એ સાધના આગળ વધારવી કે નહીં એ આપણે વિચારવાનું છે.

જો સાધના વિના સિદ્ધિ મળતી હોત તો સહુ કોઈ સિદ્ધિને પ્રાપ્ત કરી સિદ્ધ બની ગયા હોત અને અક્ષય, અવિચલ સુખ ભોગવતા હોત, પછી સંસારમાં નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ નામની ચાર ગતિ પણ ન રહેત અને ભવભ્રમણ જેવી કોઈ ક્રિયા પણ ન રહેત, પરંતુ આપણે જાણીએ છીએ કે આજે ચારે ગતિઓ વિદ્યમાન છે અને આપણું તેમજ બીજા અનંત જીવોનું ભવભ્રમણ ચાલુ છે. એટલે સાધના કરે તેને જ સિદ્ધિ મળે, એ કુદરતનો કાનૂન અટલપણે અમલમાં છે.

નમસ્કારમંત્ર શ્રેષ્ઠ છે, પવિત્ર છે, મહાન છે, અદ્‌ભુત છે, અલૌકિક છે, ત્રિકાલ મહિમાવંત છે, અચિંત્ય પ્રભાવશાળી છે, જિનશાસનનો સાર છે તથા અનેક પ્રકારની વિશેષતાઓ ધરાવે છે એવું પ્રતિપાદન કરવાનો મુખ્ય આશય તો એ જ છે કે જ્યારે આવો એક ઉત્તમ મંત્ર આપણને અનાયાસે પ્રાપ્ત થઈ ગયો છે ત્યારે તેની સાધના-આરાધના-ઉપાસના કરવી જોઈએ અને તેનાથી આપણા જીવનને ધન્ય બનાવવું જોઈએ.

**સાધના વિના સિદ્ધિ નહીં :-**

એક વસ્તુ અત્યંત લાભકારી છે એમ જાણ્યા પછી તેનો આપણા જીવન સાથે કંઈ સંબંધ ન જોડીએ તો આપણા જેવા મૂર્ખ કોણ ? ડાહ્યા અથવા પંડિત તો તે જ ગણાય કે જે ક્રિયાશીલ છે, જાણેલું અમલમાં મૂકે છે. તે અંગે શાસ્ત્રકાર મહર્ષિઓનાં વચનો સાંભળવા જેવા છે :

'મનુષ્યો વિવિધ શાસ્ત્રો ભણવા છતાં મૂર્ખ રહે છે કારણ કે તેઓ જાણેલું અમલમાં મૂકતા નથી. જે પુરુષ ક્રિયાવાન - ક્રિયાશીલ હોય તેને જ વિદ્વાન કહેવાય. ઔષધનું સારી રીતે ચિંતન કરનાર રોગીને ઔષધના જ્ઞાન-માત્રથી આરોગ્યની પ્રાપ્તિ થતી નથી.' તાત્પર્ય કે તેને તેવું ઔષધ પ્રાપ્ત કરવું પડે છે તથા તેનું યથાવિધિ સેવન કરવું પડે છે, તો જ તેને આરોગ્યની પ્રાપ્તિ થાય છે.

માથું મોટું થાય અને હાથ - પગ દૂબળા પડે તો શરીર કઢંગુ બને છે, તેમ જ્ઞાન વધે અને ક્રિયામાં શિથિલતા આવે તો આત્માની સ્થિતિ કઢંગી થાય છે. એટલે કે



તે પોતાનો વિકાસ સાધી શકતો નથી અને પરિણામે ઉચ્ચ કોટિનો આનંદ કે ઉચ્ચ કોટિનું સુખ મેળવી શકતો નથી. જ્ઞાનીપુરુષોએ 'નાણકિરિયાહિં મોકખો' એવું સૂત્ર ઉચ્ચાર્યું, તેનો આશય એ છે કે મનુષ્યો જાણેલું અમલમાં મૂકે અને એ રીતે તેઓ ક્રિયાશીલ બનીને મોક્ષના અધિકારી થાય.

જૈન ધર્મે માત્ર જ્ઞાનથી કે માત્ર ક્રિયાથી મોક્ષ માન્યો નથી, પરંતુ ઉભયના યોગથી મોક્ષ માનેલો છે, તેથી અભ્યુદયની ઈચ્છા રાખનાર સ્ત્રી-પુરુષોએ જ્ઞાનસંપાદન પછી ક્રિયાકુશલતા તરફ દૃષ્ટિ દોડાવવી જોઈએ અને તેમાં જ્યારે સફળતા મળે ત્યારે જ સંતોષ માનવો જોઈએ.

ટૂંકમાં 'સાધના વિના સિદ્ધિ નહિ' એ એક સિદ્ધ હકીકત છે, તેથી નમસ્કારમંત્રની સિદ્ધિ કરવા માટે તેની સાધના અવશ્ય કરવી જોઈએ.

**સ્થાનનો પ્રભાવ :-**

મંત્રસાધનામાં સ્થાન પણ એક મહત્ત્વની વસ્તુ છે. જો સ્થાન અનુકૂળ હોય તો સાધનામાં સહાય મળે છે અને સિદ્ધિ સત્વર થાય છે, અન્યથા સાધનામાં વિક્ષેપ પડે છે અને સિદ્ધિ દૂર ઠેલાય છે. તેથી મંત્રસાધના ક્યાં કરવી તે બરાબર જાણી લેવું જોઈએ.

મંત્રવિશારદોના અભિપ્રાયથી જ્યાં તીર્થંકર ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ - એ પાંચ કલ્યાણકોમાંથી એક કે વધુ કલ્યાણકો થયા હોય અથવા જ્યાં તેમણે વધારે સ્થિરતા કરેલી હોય કે જ્યાં તેમના જીવનની કોઈ મોટી ઘટના બનેલી હોય તે સ્થાન ખાસ પસંદ કરવા યોગ્ય છે કારણ કે ત્યાંના વાતાવરણ પર એ પરમ પુરુષોનો વિશિષ્ટ પ્રભાવ પડેલો હોય છે અને તેમની સ્મૃતિ મંત્રસાધના માટે પ્રેરણાનો અવિરત સ્ત્રોત બની રહે છે.

આજે તીર્થંકરોની કલ્યાણક ભૂમિઓમાં મોટાભાગે મંદિર તથા ધર્મશાળા બંધાયેલા છે તથા ત્યાં પ્રાયઃ ભોજનશાળાની વ્યવસ્થા પણ છે, એટલે ત્યાં મંત્રસાધના માટે ૪૫ થી ૯૦ દિવસ કે આવશ્યકતા અનુસાર થોડા વધારે દિવસો સુધી રહેવું હોય

તો રહી શકાય છે. સાથે પોતાના ખાસ માણસો કે ઉદારસાધક હોય તો ભોજનાદિની સ્વતંત્ર વ્યવસ્થા પણ કરી શકાય છે.

જ્યાં કોઈ સિદ્ધ પુરુષે અમુક સમય સ્થિરતા કરીને મંત્રસિદ્ધિ કરેલી હોય તે સ્થાન પણ પસંદ કરવા યોગ્ય છે તથા તીર્થની ખ્યાતિ પામેલા સ્થાનો કે ત્યાંનું વાતાવરણ પવિત્ર અને પ્રેરણાત્મક હોય છે, તે પણ પસંદ કરવા યોગ્ય છે.

**સઘળી મંત્રસાધના અધૂરી :-**

મનન કરવાને યોગ્ય હોય તે મંત્ર. એમાંય શ્રી નમસ્કાર મહામંત્રનું તો સતત મનન કરવું જોઈએ.

મંત્રસિદ્ધિ માટે સામાન્યપણે ત્રણ માર્ગ છે - એક તો મંત્રનું સ્મરણ, બીજો છે મંત્રનો જાપ અને ત્રીજો માર્ગ છે મંત્રનું ધ્યાન. આમાં મંત્રનું ધ્યાન વિશેષ મહત્ત્વનું છે. એક અર્થમાં કહીએ તો નમસ્કાર મંત્રનું સ્મરણ કરીએ, તેનો જપ કરીએ પરંતુ એનું ધ્યાન ન કરીએ તો એ મંત્ર અધૂરો રહે છે અને એ અધૂરો રહેલો મંત્ર અપૂર્ણ સાધના ગણાય. જ્યારે સાધના જ અપૂર્ણ હોય ત્યારે સિદ્ધિની વાત કઈ રીતે થઈ શકે ? આથી જ નવકારમંત્રના મનનનો ઘણો મહિમા છે.

આ મનન બે પ્રકારે થઈ શકે - એક તો મૂલપાઠ અક્ષરશુદ્ધિ તથા ઉચ્ચારશુદ્ધિપૂર્વક બોલ્યા કરવો અને બીજું તેનું ચિંતન કરવું. તેમાં અક્ષરશુદ્ધિ તથા ઉચ્ચારશુદ્ધિપૂર્વક પાઠ બોલ્યા કરવો, તે સ્મરણ કે જપ કહેવાય છે. તેનું ચિંતન કરવું તે ધ્યાન કહેવાય છે. હવે પાઠ કરતાં પણ ચિંતનનું મહત્ત્વ ઘણું વધારે છે, તેથી જાપ કરતાં ધ્યાનની ક્રિયા ઉત્તમ ગણાય છે અને તે સિદ્ધિને સમીપે લાવવામાં અતિ અગત્યનો ભાગ ભજવે છે, તેથી ધ્યાન વિના કોઈપણ મંત્રસાધના પૂર્ણતાને પામી શકે નહીં એ દેખીતું છે.

મહર્ષિ પતંજલિએ મંત્રસિદ્ધિ માટે જપ કરવો અને તેની અર્થભાવના એટલે ચિંતન પણ કરવાનું કહ્યું છે. જૈન મહર્ષિઓ કે જૈન શાસ્ત્રોનો મત આથી ભિન્ન નથી,



એટલું જ નહીં પણ તેમણે પરમપદની પ્રાપ્તિ માટે, પરમતત્ત્વની પ્રાપ્તિ માટે તેમજ ધ્યાનસિદ્ધિ માટે નમસ્કાર મંત્રનું ધ્યાન ધરવાનો ખાસ ઉપદેશ આપેલો છે.

'પંચ નમુક્કાર ફલ' માં કહ્યું છે કે, 'જે કંઈ પરમતત્ત્વ છે અને જે કોઈ પરમપદનું કારણ છે તેમાં પણ પરમ યોગીઓ વડે આ નમસ્કાર મંત્ર જ ચિંતવાય છે અર્થાત્ તેનું ધ્યાન ધરાય છે.'

શ્રી હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર' માં કહ્યું છે કે, 'ત્રણ જગતને પાવન કરનાર અને મહાપવિત્ર એવા પંચપરમેષ્ઠિ - નમસ્કારમંત્રને યોગીએ - યોગસાધકે વિશેષ પ્રકારે ચિંતવવો જોઈએ, અર્થાત્ તેનું ધ્યાન ધરવું જોઈએ.'

શ્રી સિદ્ધસેનસૂરિએ 'નમસ્કાર - માહાત્મ્ય' માં કહ્યું છે કે,

'પુણ્યાનુબંધી પુણ્યને ધારણ કરનારો જે આત્મા વિધિપૂર્વક પંચપરમેષ્ઠિ - નમસ્કારમંત્રનું ધ્યાન કરે છે, તે તિર્યંચ અથવા નારક થતો નથી.' તાત્પર્ય કે તે મૃત્યુ બાદ મનુષ્ય અથવા દેવગતિને પ્રાપ્ત કરે છે અને તેમાં પ્રાપ્ત થઈ શકતાં સુખોનો ઉપભોગ કરે છે. આ પરથી સાધકોને નમસ્કાર મંત્રના ધ્યાનનું મહત્ત્વ સમજાશે.

જપનો સમાવેશ અભ્યંતર તપમાં થાય છે, તેમ ધ્યાનનો સમાવેશ પણ અભ્યંતર તપમાં જ થાય છે. વળી, તેનો નિર્દેશ જપ પછી તરત જ કરવામાં આવે છે, તે જપની સાથે તેનું સહચારિત્વ સૂચવે છે. આ રહ્યાં તે અંગેના શાસ્ત્રકાર મહર્ષિનાં વચનો :

'પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય (જપ), ધ્યાન અને ઉત્સર્ગ, એ અભ્યંતર તપ છે.'

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે જે કર્મો અતિ ચીકણા હોય અને દીર્ઘકાળથી સંચિત થયેલાં હોય, તે ધ્યાનરૂપી અગ્નિથી ક્ષણમાત્રમાં બળીને ભસ્મ થઈ જાય છે. ધ્યાનની આ બલિહારી છે અને તેથી જ તીર્થંકર ભગવંતો તથા મહામુનિઓ તેનો આશ્રય અવશ્ય લે છે.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સાધનાકાળમાં એકાંત, મૌન અને ઉપવાસનો આશ્રય લઈ મોટા ભાગે ધ્યાનમાં જ રહેતા અને એ રીતે પોતાના કર્મો ખપાવતા. અન્ય રીતે કહીએ તો શ્રમણ ભગવાન મહાવીર જેમ દીર્ઘ તપસ્વી હતા. તેમ દીર્ઘધ્યાની પણ હતા અને તેથી જ તેઓ ટૂંકા સમયમાં ભારે કર્મોની નિર્જરા કરી શક્યા હતા.

ધર્મધ્યાનની ધારાએ ચડ્યા વિના આધ્યાત્મિક પ્રગતિ થતી નથી અને શુક્લ-ધ્યાનના બીજા પાયે પહોંચ્યા વિના કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. આમ છતાં આજે ધ્યાનની પ્રવૃત્તિ મંદ પડી ગઈ છે અને તેના પર જોઈએ તેવો ભાર અપાતો નથી. એ ઘણી જ અફસોસની વાત છે.

**અધ્યાત્મની ચરમસીમા :-**

અધ્યાત્મની ચરમસીમાને સ્પર્શતો અને પામતો આ મંત્ર છે, જે તમારી આસપાસનું વિદ્યુતક્ષેત્ર બદલી નાખશે. આભામંડળ બદલાય એટલે આદમી બદલાય. માત્ર શુભ માટે જ નહીં, કિંતુ અશુભ કે પાપ કરવા માટે પણ આભામંડળ જોઈએ. 'સવ્વ પાવપ્પણાસણો' નો અર્થ કહે છે કે આ એક એવું આભામંડળ કે જે તમને પાપ નહીં કરવા દે, હત્યા નહીં કરવા દે.

નવકાર મંત્રના ચાર સ્તર છે. એક ઈન્દ્રિય ચેતનાનું સ્તર, બીજું માનસ ચેતનાનું સ્તર, ત્રીજું બૌદ્ધિક ચેતનાનું સ્તર અને ચોથું અનુભવ ચેતનાનું સ્તર. આ ચારેય સ્તરને પાર કરનારી શક્તિ તે મંત્ર, જે આરાધકના જીવનમાં વિકાસ અને વિસ્ફોટ બંને શક્ય બનાવે છે.

**વૈશ્વિક ફલક પર :-**

વિશ્વના પ્રત્યેક ધર્મ પાસે પોતાનો એક મહામંત્ર હોય છે, જે એ ધર્મના હૃદયસમાન કેન્દ્રસ્થાને હોય છે. આવા વિશ્વના મંત્રોના સંદર્ભમાં શ્રી નમસ્કાર મહામંત્રની વિશેષતા કઈ ?

એની પહેલી વિશેષતા એ કે નમસ્કાર મહામંત્ર એ શાશ્વત મહામંત્ર છે.



અન્ય ધર્મોમાં મંત્રોનો ઉદ્‌ઘોષ કોઈ દૈવી વિભૂતિ દ્વારા કરવામાં આવ્યો હોય છે, જ્યારે નમસ્કાર મંત્ર એ અર્થમાં શાશ્વત છે કે એના શબ્દો અને એના અર્થો એના એ જ રહ્યા છે. સામાન્ય રીતે સમયનો પ્રવાહ જતાં શબ્દોની રચનામાં પરિવર્તન આવે છે, પરંતુ નમસ્કાર મહામંત્રની શબ્દરચના અને અર્થપ્રાગટ્ય બંનેમાં કોઈ પરિવર્તન આવ્યું નથી. વળી, ધર્મના મુખ્ય મંત્રમાં કોઈ વિભૂતિ કે ધર્મસ્થાપકનું મહિમાગાન હોય છે, જ્યારે નમસ્કાર મહામંત્ર એક જૈન ધર્મના હાર્દને અને એના તત્ત્વજ્ઞાન મર્મને હૂબહૂ પ્રગટ કરતું અધ્યાત્મ - આરોહણ છે.

**જીવમાત્ર માટેનો મંત્ર :-**

જૈન ધર્મ એ ભાવનાનો ધર્મ છે. આધ્યાત્મિક ઊર્ધ્વીકરણ સધાય ત્યારે વ્યક્તિનાં નામ, ઠામ કે ગામ-શહેર કશાય મહત્ત્વનાં રહેતા નથી. માત્ર એની આધ્યાત્મિક પ્રાપ્તિ જ મૂલ્યવાન બની રહે છે. નવકારમાં ગુણને નમસ્કાર છે, કોઈ વ્યક્તિ વિશેષને નમસ્કાર નથી. વિશ્વના અન્ય ધર્મોના મહામંત્રોને જોઈએ ત્યારે ખ્યાલ આવે કે તેમાં તો અમુક વ્યક્તિ વિશેષને નમસ્કાર કરવામાં આવે છે. તેનું શરણ સ્વીકારવામાં આવે છે. જ્યારે નમસ્કાર મંત્રની મહત્તા જ એ છે કે એ વ્યક્તિ વિશેષને બદલે અતિ ઉચ્ચ આધ્યાત્મિક ગુણયુક્ત પદને નમસ્કાર કરે છે. પરિણામે આ મંત્ર એ સાંકડા સાંપ્રદાયિક સીમાડાઓને વટાવી જાય છે. માનવી-માનવી વચ્ચેની ભેદરેખાને ભૂંસી નાખે છે અને જીવમાત્ર માટેનો મંત્ર બની રહે છે.

કોઈપણ જાતિ કે કોઈપણ દેશની વ્યક્તિ જે આ ગુણની આરાધના કરવા ચાહતી હોય તેનો આ મહામંત્ર છે. એમાં કોઈ ચોક્કસ કાળમાં વસેલું મર્યાદિત સત્ય નથી, પરંતુ જીવમાત્ર માટેનું કાલાતીત સનાતન સત્ય રહેલું છે. આથી જ નમસ્કાર મહામંત્ર એ સાંપ્રદાયિક મંત્ર નથી, બલ્કે સ્વરૂપમંત્ર છે. જીવમાત્રના સત્ય સ્વરૂપને એમાં દર્શાવવામાં આવ્યું છે. પ્રત્યેક જીવ એના અંતરમાં તો જાણ્યે - અજાણ્યે નમસ્કાર મહામંત્રની ભાવના ધરાવતો હોય છે.

**ગાગરમાં શક્તિસાગર :-**

વિશ્વના અન્ય ધર્મોના મહામંત્રોની તુલનામાં નવકાર અતિ સંક્ષિપ્ત મહામંત્ર છે. કોઈને એ ગાગરમાં સાગર સમાન લાગે છે, તો કોઈને એ અતિ સૂક્ષ્મ ભાવોને અડસઠ અક્ષરોમાં દર્શાવતો મહામંત્ર લાગે છે. એથીય વિશેષ એના પાંચ પદનું સંક્ષિપ્ત રૂપ ''અસિઆઉસા'' પણ મળે છે, જેમાં અત્યંત નાના સ્વરૂપમાં સંપૂર્ણ નવકાર આવી જાય છે. સંક્ષિપ્તનું પણ સંક્ષિપ્ત, સૂક્ષ્મનું પણ સૂક્ષ્મતમ રૂપ. જેમ આગ્રાના ફતેહપુર સીક્રીના કિલ્લામાં એક જગ્યાએ રાખેલા નાનકડા કાચમાંથી આખો તાજમહાલ જોવા મળે છે, એ રીતે આ ૬૮ અક્ષરના નવકારમાંથી વિરાટનો અનુભવ થતો હોય છે.

સૂક્ષ્મને ભીતરમાં સ્થાપીને વિરાટ બનવાની આ પ્રક્રિયા છે. બીજમાંથી વૃક્ષ થાય અને ઝરણામાંથી નદી અને સાગર સર્જાય, એ સ્વાભાવિક કુદરતી પ્રક્રિયા છે. એ જ રીતે આ નમસ્કાર મહામંત્રથી વ્યક્તિના જીવનમાં સર્વતોમુખી પ્રકાશ પથરાય છે. આથી જ નવકારનું માત્ર ઉચ્ચારણ જ પૂરતું નથી. જીભ અને કંઠ સુધી જ એ સીમિત નથી. એ તો વ્યક્તિના હૃદયમાં અહર્નિશ સ્થાન પામનારો મહામંત્ર છે.

**સર્વકાલીન વ્યાપકતા :-**

વળી એ માત્ર વર્તમાનમાં મર્યાદિત નથી, પરંતુ ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ એમ ત્રણેય કાળને આવરી લેતો મહામંત્ર છે. જેમકે 'નમો અરિહંતાણં' ના ઉચ્ચારણ સાથે ભૂતકાળમાં થયેલા અનંત અરિહંત, વર્તમાનમાં વિદ્યમાન અરિહંત અને ભવિષ્યમાં થનારા અનંત અરિહંત - એ સહુ કોઈને નમસ્કાર કરવામાં આવે છે અને તેથી આ મંત્ર એ કાલાતીત મહામંત્ર છે. ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળના અનંતાનંત અરિહંતોને નમસ્કાર કરવાથી કેટલો બધો કર્મક્ષય થાય. માત્ર બે શબ્દોમાં જ ત્રણે કાળના અરિહંતોને નમસ્કાર કરવાની વ્યાપકતા અહીં પ્રગટ થાય છે.

કેટલાક મંત્રો કંઠના ઘોષ પર આધારિત હોય છે. એના બુલંદ અવાજે થતાં ઉચ્ચારણમાં એનો પ્રભાવ હોય છે. કેટલાક જીભ પર આધારિત હોય છે, જ્યારે



નમસ્કાર મહામંત્ર એ શ્વાસ પર આધારિત છે. ધ્યાનની તમામ પ્રક્રિયા અને વ્યક્તિનું આયુષ્ય શ્વાસ નિર્ભર છે. નમસ્કાર મહામંત્ર એ વ્યક્તિના શ્વાસમાં વણાઈ ગયો છે અને એટલે જ એ કોઈપણ સ્થળે અને કોઈપણ સમયે ગણી શકાય છે. 'ઉપદેશતરંગિણી' ગ્રંથમાં કહ્યું છે કે ભોજન સમયે, શયન સમયે, જાગવાના સમયે, પ્રવેશ સમયે, ભય કે કષ્ટના સમયે અને સર્વ સમયે નવકારમંત્રનું સ્મરણ કરવું જોઈએ. વળી, મૃત્યુ વેળાએ જેઓ આ મહામંત્રનું સ્મરણ કરે છે તેની ભવાંતરને વિશે સદ્‌ગતિ થાય છે.

કેટલાક મંત્રો સંકટ વિમોચક હોય છે. વ્યક્તિના જીવન પર આવતી આપત્તિઓ, અનિષ્ટો અને અમંગલ તત્ત્વોને દૂર કરનાર હોય છે. જ્યારે નમસ્કાર મહામંત્ર એ એવો મંગલસર્જક મંત્ર છે કે આપોઆપ અમંગલ દૂર થઈ જાય છે. એનો મર્મ એ છે કે જેમ પ્રકાશ પ્રગટે એટલે અંધકાર ક્યાં નાસી જાય છે ? કોઈ તમને કહે કે એ અંધકારને શોધીને પાછો હાજર કરો. તો એમ અંધકારને પાછો લાવી શકાય નહીં, એ જ રીતે નમસ્કાર મહામંત્ર એવા માંગલ્યનું સર્જન કરે છે કે એના પ્રભાવ આગળ પામર, મલિન, દુરિત કે અનિષ્ટકારક તત્ત્વો ક્યાંય દૂર દૂર નાસી જાય છે. એનું અસ્તિત્વ જ રહેતું નથી.

**અધર્મ અને અશુભનો નાશક :-**

આથી જ આ સૂક્ષ્મ અને વ્યાપક મહામંત્ર ''સવ્વ-પાવ-પ્પણાસણો'' કહેવામાં આવ્યો છે. એટલે કે સર્વ તાપનો પ્રાણાશક કહ્યો છે. અર્થાત્ બધા પાપોનો પ્રકર્ષથી નાશ કરનાર યા વિધ્વંસક કહ્યો છે. આમાં 'સવ્વ' શબ્દ એ તમામ પ્રકારના અધર્મ અને અશુભ કર્મોને આવરી લે છે. 'પ્પણાસણો' (પ્રણાશન) શબ્દ અત્યંત નાશ કે સર્વથા નાશનો અર્થ દર્શાવે છે. આ રીતે આનો અર્થ થશે સર્વ અધર્મનો કે અશુભ કર્મનો અત્યંત નાશ કરનાર શ્રી નમસ્કાર મહામંત્ર છે.

આરાધકના વ્યવહારિક અને આધ્યાત્મિક જીવનમાંથી અનુક્રમે પાપ અને અવરોધનો નાશ કરનાર એવો મંગલમય મંત્ર છે. નવકાર મંત્રને જનમજનમના સાથી

તરીકે સાધકો અપનાવે છે. એ વ્યક્તિના મોહના સંસ્કારોને જડમૂળથી ઉખેડી છે કે નાખે છે અને એના જ્ઞાનાદિ ગુણોને નિર્મળ રીતે કાર્ય કરવા માટે એના મૂળ સ્વરૂપની આડે આવનારા મોહના સંસ્કારો દૂર કરે છે. નમસ્કાર મહામંત્ર સંબંધી એક શાસ્ત્રીય પાઠ છે કે...

'નવકાર ઈક અખ્ખર પાવ ફેડઈ સત્ત અયરાઈ...'

સાત સાગરોપમ સુધી નરકની અશાતા વેદનીય વેદીને જે કર્મનિર્જરા થાય, તેટલી કર્મનિર્જરા નવકારમંત્રના એક અક્ષરના ઉચ્ચાર માત્રથી થાય છે.

**સમગ્ર શ્રુતજ્ઞાનનો સાર :-**

અખિલ શ્રુતના સાર જેવો આ નમસ્કાર મહામંત્ર સુખદુઃખ આદિ તમામ સ્થિતિઓમાં અને જન્મમરણના સર્વકાળે સ્મરણીય છે. તે ભયંકર પાપી જીવન જીવતા મનુષ્યોને ઉદ્ધારનાર અને ઉમદા જીવન જીવનારને આધ્યાત્મિકતા અર્પનાર છે. એ જ રીતે સર્વશ્રેષ્ઠ ધ્યેય, ધ્યાતા અને ધ્યાનનો દર્શક એવા આ મહામંત્રના ગાનમાં શ્રુતગામી મહર્ષિઓએ પણ પોતાના જીવનનો અંતિમકાળ વીતાવ્યો છે. આઠ સિદ્ધિ અને નવ નિધિ આપનાર આ મંત્રને ચૌદ પૂર્વનો સાર કહેવામાં આવે છે અર્થાત્ આ એક મંત્ર દ્વારા સર્વશાસ્ત્રનું અધ્યયન, સર્વ શાસ્ત્રરહસ્યનું જ્ઞાન અને સર્વ મંત્રો સિદ્ધ થાય છે.

**વિધિ, ધ્યાન અને રંગ :-**

નમસ્કાર મહામંત્રના જાપ પૂર્વે સ્નાન કરી પ્રથમ શરીરને પવિત્ર બનાવવું, પછી પદ્માસનની મુદ્રામાં બેસીને હાથ વડે યોગમુદ્રા કરવી અને સ્પષ્ટ, મધુર અને ગંભીર સ્વરે સંપૂર્ણ નવકારમંત્રની માળા ગણવી. હાથની આંગળીથી, માળાથી તેમજ અનાનુપૂર્વી વગેરેથી નવકારનો જાપ કરી શકાય. માળાને હૃદય સામે રાખી તેને વસ્ત્ર કે પગનો સ્પર્શ ન થાય તેમ કરવું જોઈએ. વળી મેરુ (મેરા-મણકા) નું ઉલ્લંઘન ન થાય એ રીતે વિધિપૂર્વક માળા ગણવી જોઈએ.

નવકાર મંત્રના જપની ત્રણ પદ્ધતિ છે. બધા સાંભળી શકે તેમ મોટે અવાજે જપ કરવાની ક્રિયાને ભાષ્ય જપ કહેવાય છે, બીજાઓ સાંભળી ન શકે તેવો પણ



અંદરથી રટણરૂપ હોય તેમજ જીભ અને હોઠ થોડા હાલતા હોય તેને ઉપાંશુ જપ કહેવામાં આવે છે. જે માત્ર મનોવૃત્તિ વડે જપાય તે માનસજપ છે. તેનો અનુભવ સાધકને પોતાને જ થાય છે. આમાં ભાષ્ય જપ અધમ કહ્યો છે, કારણ કે આ પ્રકારનો જપ વશીકરણ જેવાં દુષ્ટ કાર્યો માટે પણ થાય છે. ઉપાંશુ જપ મધ્યમ કહ્યો છે, જ્યારે માનસ જપ કષ્ટસાધ્ય હોવા છતાં તેનાથી શાંતિકાર્યો કરાય છે અને તે ઉત્તમ છે. નવકારનો માનસ જપ સૌથી વિશેષ ફળદાયી છે તેમ શ્રી પાદલિપ્તસૂરિજીએ પ્રતિષ્ઠા પદ્ધતિમાં જણાવ્યું છે.

ધર્મ અને મંત્ર સાથે શ્રદ્ધા આવશ્યક છે. શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર્ય એ ત્રણનો ત્રિવેણી સંગમ સધાય તે જરૂરી છે. આથી જ ધર્મગ્રંથોમાં કહ્યું છે કે, સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે. આ રીતે કોઈપણ મંત્ર એ દેહ, મન અને આત્મામાં ઉતારવાનો હોય છે અને તેથી નમસ્કાર મંત્રને જીવનવ્યાપી બનાવવા માટે ધ્યાન જરૂરી છે.

હવે નમસ્કાર મંત્રનો ધ્યાનવિધિ જોઈએ. આ વિધિ પ્રમાણે નિત્ય-નિયમિત નમસ્કાર મંત્રનું ધ્યાન ધરવાથી મંત્રાર્થ અને મંત્ર ચૈતન્યની પ્રાપ્તિ થાય છે અને તે સિદ્ધિને સત્વર સમીપે લઈ આવે છે.

આસન, પ્રાણાયામ વગેરેની જેમ ધ્યાન પણ અભ્યાસથી જ સિદ્ધ થાય છે. આનો અર્થ એમ સમજવાનો કે ધ્યાન ધરવાની શરૂઆત કરીએ કે ધ્યાન યથાર્થપણે થાય એમ બનતું નથી, પણ ખંતપૂર્વક અભ્યાસ ચાલુ રાખીએ તો ધીમે ધીમે તેમાં સુધારો થાય છે અને છેવટે તે યથાર્થપણે થઈ શકે છે.

આપણે નિશાળે બેઠા, ત્યારે એકડો કેવો ઘૂંટાતો હતો ? પણ તેનો અભ્યાસ ચાલુ રાખ્યો, એટલે તેમાં મરોડ આવ્યો અને તે સારી રીતે લખવા શક્તિમાન થયા. ધ્યાનની બાબતમાં પણ આમ જ સમજવું.

નમસ્કાર મંત્રનું ધ્યાન ધરવા માટે પ્રાતઃકાલ અને સંધ્યાનો સમય ઉત્તમ છે. તે અંગે 'અરિહાણાઈથુ-તં' માં કહ્યું છે કે,

'આ નમસ્કાર મંત્રનું શુભ ધ્યાન કરનારો ભવ્ય મનુષ્ય પ્રાતઃકાલ અને સંધ્યા સમયે નિરંતર આવી રીતે ધ્યાન ધરતાં મોક્ષ પ્રતિ સજાગ બને છે.'

જો આ સમય અનુકૂળ ન હોય તો જપ પછી તરત જ ધ્યાનમાં બેસી શકાય છે અથવા તો અન્ય કોઈપણ સમયે બેસી શકાય છે. તેમાં જોવાનું એટલું જ કે તે સમયે મન શાંત અને સ્વસ્થ હોવું જોઈએ. અન્ય શબ્દોમાં કહીએ તો એ વખતે મનમાં કોઈપણ પ્રકારની વ્યાકુળતા ન હોવી જોઈએ. વળી ભરેલું પેટ ધ્યાન ધરવા માટે અનુકૂળ હોતું નથી, એટલે ભોજન પછીનો એક કલાક ધ્યાન માટે વર્જ્ય ગણવો જોઈએ.

'નમસ્કાર લઘુપંજિકા' માં કહ્યું છે કે નમસ્કાર મંત્રનું ધ્યાન પર્યંકાસને બેસીને કરવું જોઈએ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર' ના ચતુર્થ પ્રકાશમાં પર્યંકાસનનું સ્વરૂપ આ પ્રમાણે દર્શાવેલું છે. 'બંને જંઘાના નીચલા ભાગો પગના ઉપર મૂકવાથી અને જમણો તથા ડાબો હાથ બંને નાભિ પાસે ઉંચા ઉત્તર-દક્ષિણ રાખવાથી પર્યંકાસન થાય છે.'

અન્યત્ર પદ્માસનની ભલામણ પણ કરવામાં આવી છે, પરંતુ પર્યંકાસને કે પદ્માસને બેસવાનું અનુકૂળ ન હોય તો સુખાસને બેસીને પણ નમસ્કાર મંત્રનું ધ્યાન ધરી શકાય છે.

આ વખતે જમીન પર કે ફરસબંધી પર એમને એમ બેસી ન જતાં ઊનનું આસન બિછાવું જોઈએ. આ વખતે સાધકે પોતાનું મુખ પૂર્વ દિશા ભણી કે ઉત્તર દિશા ભણી રાખવું જોઈએ. આ વખતે દૃષ્ટિ નાસિકાના અગ્ર ભાગ પર સ્થાપવી, અથવા તો આંખો બંધ રાખવી. ત્યાર પછી પૂરક, કુંભક અને રેચકરૂપ પ્રાણાયામની ક્રિયા કરવી. નાડીતંત્રને સ્થિર કરવામાં આ ક્રિયા ઉપયોગી છે. તેથી જ અન્ય સંપ્રદાયો જપ તથા ધ્યાન પૂર્વે પ્રાયઃ ષોડશઃ પ્રાણાયામ કરે છે. જૈન પરંપરામાં પ્રાણાયામ ઉપર વિશેષ ભાર મૂકાયો નથી છતાં કેટલીક પ્રક્રિયાઓમાં તેનું વિધાન પણ થયેલું છે. શ્રી સિંહતિલકસૂરિજીએ 'મંત્રરાજરહસ્ય' માં પ્રાણાયામ કરવાપૂર્વક હૃદયમાં અર્હદબિંબનું ધ્યાન ધરવાનું કહ્યું છે. 'નમસ્કારલઘુપંજિકા' માં પણ એવો જ ઉલ્લેખ આવે છે.



શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના પાંચમા પ્રકાશમાં પ્રાણાયામનું વિસ્તારથી વર્ણન કરેલું અને વાયુ તથા મનનો જય કરવા માટે તેની આવશ્યકતા દર્શાવેલી છે. નમસ્કાર મંત્રનો જપ શરૂ કરતાં પહેલાં તેમજ નમસ્કાર મંત્રનું ધ્યાન ધરતાં પહેલાં આઠ અથવા દશ પ્રાણાયામ કરવાથી મન વધારે સ્વસ્થ બને છે અને તેથી જપ તથા ધ્યાનની ક્રિયા સારી રીતે થઈ શકે છે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં જુદા જુદા રંગનું ધ્યાન કરવામાં આવે છે. એમાં ''નમો અરિહંતાણં'' સમયે શ્વેત રંગનું ધ્યાન કરવાથી મનને શાંતિ પ્રાપ્ત થાય છે. પૂર્ણિમાના ચંદ્રની માફક શ્વેત રંગથી પવિત્રતા અને એકાગ્રતા વધે છે. વિકારશુદ્ધિ થાય છે. ''નમો સિદ્ધાણં'' પદ પર ધ્યાન કરતી વખતે પૂર્વ દિશામાં ઉદય પામતા ઉષાના સૂર્યના લાલ રંગ પર નમો સિદ્ધાણં પદનું ધ્યાન કરવું જોઈએ. આ લાલ રંગ સ્ફૂર્તિ, જાગૃતિ, ઉત્સાહ લાવે છે અને આંતરદૃષ્ટિ વિકસિત કરે છે. આ લાલ રંગ પિચ્યુરિટી ગ્લેન્ડ અને એના સ્ત્રાવોને નિયંત્રિત કરવામાં સહાયક બને છે. ''નમો આયરિયાણં'' પદનું ધ્યાન સુવર્ણ જેવા પીળા રંગ પર કરવાથી તેજ અને પ્રભાવની વૃદ્ધિ થાય છે. પીળા રંગથી શારીરિક દુર્બળતા દૂર થાય છે અને જ્ઞાનશક્તિ વિકસિત થાય છે. ''નમો ઉવજ્ઝાયાણં'' પદ વખતે નીલા રંગનું ધ્યાન કરવાથી શરીર અને મનમાં શાંતિ અને સમાધિ વધે છે. નીલો રંગ સાધકને એકાગ્રતામાં સહાયક થાય છે. ''નમો લોએ સવ્વ સાહૂણં'' પદનું ધ્યાન કાળા રંગ પર એકાગ્ર થઈને કરવું. કાળો રંગ બાહ્ય અનિષ્ટો અને શારીરિક રોગોનો અવરોધક છે. એનાથી શરીરની પ્રતિકારકશક્તિ અને સહિષ્ણુતા વધે છે.

મંત્રપટ પર આ રીતે લખેલા રંગોને અનિમેષ દૃષ્ટિએ જોઈને ધીરે ધીરે આંખો બંધ કરવી. એ રંગનું પ્રતિબિંબ બંધ આંખોમાં પડશે અને ત્યારે નમસ્કાર મંત્રના અક્ષર પણ એ જ રંગમાં દેખાશે.

આ જ રીતે નમસ્કાર મહામંત્રનું આગવું ધ્વનિવિજ્ઞાન અને યંત્રો દ્વારા તેમજ

યોગના સાત ચક્રની દૃષ્ટિએ પણ સાધના થઈ શકે છે. દ્વાદશાંગ જિનવાણીના સાર સમો આ મંત્ર બીજ છે અને સમસ્ત જૈનાગમ એ એનું વૃક્ષ છે. નવકારનો પ્રભાવ તીર્થંકરો, મુનિઓ, રાજા અને છેક અર્જુન માળી જેવા હત્યારા સુધી જોવા મળે છે. એટલું જ નહીં પણ પશુઓ પર પડેલા એના પ્રભાવની કથાઓ પણ મળે છે. શ્રી આચારાંગ સૂત્ર જેવા આગમો પદસંખ્યાની દૃષ્ટિએ ખૂબ જ મોટા હોવા છતાં તેઓને ફક્ત શ્રુતસ્કંધ કહેવામાં આવે છે, જ્યારે ચૂલિકાથી સહિત આ નવકારને મહાશ્રુતસ્કંધ કહેવામાં આવે છે.

આ રીતે માનવ જ નહીં, બલ્કે પ્રાણીમાત્રનો ભૂલોક અને પરલોકમાં સૌથી મોટા રક્ષક કે માર્ગદર્શક તરીકે નમસ્કાર મહામંત્ર દ્વારા વ્યક્તિ પોતાના અંતિમ લક્ષ્ય સમાન આત્માની વિશુદ્ધ અવસ્થા પ્રાપ્ત કરી શકે છે અને આ જ મહામંત્રનું ચરમ લક્ષ્ય છે.

**(આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સાહિત્યકાર પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના દેશ-વિદેશમાં પ્રવચનો યોજાતા રહે છે. તેમના ૧૫૦ થી વધુ પુસ્તકો પ્રગટ થયા છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ જૈનોલોજી, ગુજરાત વિશ્વકોશ, જૈન વિશ્વકોશ વગેરે અનેક સાહિત્ય અને શિક્ષણની સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ગુજરાત સમાચારના વરિષ્ઠ કોલમ લેખક છે.)**



## ૭ ઋષિમંડળ સ્તોત્ર - એક અભ્યાસ

- ડૉ. અભય દોશી

જૈન સ્તોત્ર પરંપરામાં ઋષિમંડળ સ્તોત્ર એક પ્રાચીન, પ્રભાવક અને રહસ્યમય સ્તોત્ર તરીકે પ્રતિષ્ઠિત છે. તેનો મહિમા ખૂબ વ્યાપક છે. તેની આરાધના રહસ્યમય અને કઠિન ગણાય છે. અનેક મુનિભગવંતો તેની નિત્ય આરાધના કરે છે, તો શ્રાવકોમાં પણ કેટલાક સાધકો આની આરાધના કરતા હોય છે. ઉપધાનના આરાધકોએ તેનું નિત્ય શ્રવણ કરવાનું હોય છે.

'ઋષિમંડળ' શબ્દનો અર્થ છે ઋષિઓ - તપસ્વી, ઋતને ધારણ કરનારા મુનિઓ અને તેનું મંડળ એટલે કે તેમની વર્તુળાકાર આકૃતિમાં સ્થાપના કરીને કરાતી ઉપાસના. 'ઋષિમંડળ' શબ્દમાં ઋષિ એટલે ચોવીસ તીર્થંકરો જે ઋષિશ્રેષ્ઠ છે, જિનેશ્વર છે, તેની 'ઋષિમંડળ યંત્ર' ના કેન્દ્રસ્થાને રહેલા હ્રીંકાર માં સ્થાપના કરાય છે તેમજ અન્ય દેવી-દેવતાઓ, મુનિ ભગવંતો આદિની યથાક્રમે સ્થાપના કરાય છે.

ઋષિમંડળ સ્તોત્રની ૬૩, ૯૮, ૧૦૨ એમ વિવિધ વાચનાઓ ઉપલબ્ધ થાય છે, પરંતુ ઋષિમંડળસ્તોત્ર પર સંશોધન કરનાર પ્રસિદ્ધ જૈનાચાર્ય

યશોદેવસૂરીશ્વરજી મ.સા. (ધર્મસૂરીશ્વરજી સમુદાયે) યોગ્ય રીતે દર્શાવ્યું છે કે ૬૩ ગાથા એ મૂળ ઋષિમંડળ સ્તોત્ર છે અને પછીની ગાથાઓ કાળક્રમે વૃદ્ધિ પામી છે.

ઋષિમંડળ સ્તોત્રના પ્રારંભે વર્ણમાતૃકાના પ્રથમ અને અંતિમ અક્ષરના સંયોજનથી બનતા મંત્રની વાત કરાઈ છે. જૈનપરંપરામાં વર્ણમાતૃકાના ધ્યાનની સુદીર્ઘ પરંપરા રહી છે. આ જગતમાં બોલાતા, વંચાતા, લખાતા જ્ઞાનનું મૂળ વર્ણમાતૃકા રહી છે. આ વર્ણમાતૃકા એટલે અ થી હ સુધીના ૪૯ કે ૫૨ અક્ષરો. આપણી લોકભાષામાં કહી તો કક્કો છે. આ અક્ષરો પર સમગ્ર જ્ઞાનનો વ્યવહાર ઉદ્ભવે છે, ચાલે છે અને ટકે છે. આ અક્ષરો (વર્ણો) જ્ઞાનને દેનાર હોવાથી જ્ઞાનમાતા - વર્ણમાતૃકારૂપે સુપ્રસિદ્ધ છે. આ વર્ણમાતૃકાનો 'હ' નું સંયોજન કરવામાં આવે અને તેની પર અગ્નિબીજ 'ર' કારની રેફ રૂપે સ્થાપના કરવામાં આવે. અગ્નિબીજ 'ર' કાર મનોવિશુદ્ધિને કરનાર છે. ઉપર અનાહતનું સૂચન કરનાર નાદ-બિંદુ આદિની સ્થાપના કરવામાં આવે છે. આ 'અર્હમ્' શબ્દ બ્રહ્મવાચક, પરમેષ્ઠીવાચક છે અને સિદ્ધચક્રના પરમબીજ - વર્ણમાતૃકા - અક્ષરચક્રના બીજરૂપે સ્થાપિત થયેલ છે. આમ, આ સ્તોત્રમાં 'અર્હમ્' ની ધ્યાનવિધિ દર્શાવવામાં આવશે, અથવા આ સ્તોત્ર ઋષિશ્રેષ્ઠ 'અરિહંતો' નું સ્તોત્ર છે તેવું પ્રારંભમાં દર્શાવવામાં આવ્યું છે.

સ્તોત્રને પ્રારંભે સાધકનું ચિત્ત ભૌતિક પદાર્થોમાં ભટકે નહીં, તે એકાગ્ર થઈ સાધના કરી શકે તે માટે મંત્રન્યાસ કરવામાં આવતો હોય છે. મંત્રના અમુક પદોની અંગ પર સ્થાપના કરાતી હોય છે. નમસ્કાર મહામંત્ર માટે 'વજ્રપંજર સ્તોત્ર' નો ન્યાસ પ્રસિદ્ધ છે. સ્તોત્રકર્તા ઋષિમંડળ સ્તોત્રમાં ઉપાસ્ય અષ્ટ આરાધ્ય તત્ત્વોનો 'અર્હમ્' મૂળમંત્રમાંથી સ્ફૂરેલા આઠ સંયુક્તાક્ષર સાથેનો ન્યાસ દર્શાવે છે.

મોટાભાગના સ્તોત્રોને પ્રારંભે ન્યાસ કરાતો હોય છે એ જ રીતે અનેક સ્તોત્રોના મૂળમંત્રો હોય છે. જે મૂળમંત્રનું સ્તોત્રને અંતે ધ્યાન કરાતું હોય છે. ક્યારેક મૂળમંત્ર સ્તોત્રમાં સ્પષ્ટ કરાતો હોય છે, તો ક્યારેક ગર્ભિત રખાતો હોય છે. જે ગુરુપરંપરાથી



જાણવા મળતો હોય છે. ઋષિમંડળ સ્તોત્રનો મૂળમંત્ર સ્તોત્રની પ્રારંભિક ગાથાઓમાં જ સ્પષ્ટ કરાયો છે. ॐ જે પ્રણવ તરીકે ઓળખાય છે, એ મંત્રબીજનો મંત્રશાસ્ત્રમાં ખૂબ મોટો મહિમા છે. હિંદુ ધર્મગ્રંથોમાં ॐ કારને સૃષ્ટિનું આદિબીજ તરીકે ગણવામાં આવ્યું છે. જૈન ધર્મગ્રંથોમાં ॐ કારમાં પંચપરમેષ્ઠીની સ્થાપના કરવામાં આવે છે. ઋષિમંડળ સ્તોત્રના મૂળમંત્રમાં પ્રારંભે ॐ ની સ્થાપના કરાઈ છે. ત્યારબાદ હ્રીં કારમાંથી ઉદ્ભવેલ આઠ મંત્રાક્ષરોની સ્થાપના છે. એ પછી પંચપરમેષ્ઠીના પાંચ પ્રથમાક્ષરો અ, સિ, આ, ઉ, સા (અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ) ની સ્થાપના થયેલી છે. ત્યારબાદ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્નત્રયીની સ્થાપના કરાઈ છે. કેટલાકને પ્રશ્ન થશે કે, અનેક સ્થળે દર્શન, જ્ઞાન, ચારિત્ર એવો ક્રમ મળે છે, અહીં જ્ઞાન પ્રથમ કેમ ? દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ક્રમમાં દર્શન એ પાયાનો મહત્ત્વનો ગુણ હોવાથી પ્રથમ સ્થાપિત કરવામાં આવે છે. ત્યારે અહીં ઋષિમંડળ સ્તોત્રમાં પરમતેજરૂપ અર્હતત્ત્વની સ્તવના હોવાથી ઉત્પત્તિક્રમથી સ્થાપના કરાઈ છે. સાધકને સર્વપ્રથમ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પછી જ તેના સમ્યગ્દર્શન (સમજણ) રૂપ ચક્ષુનો ઉઘાડ થતો હોય છે. એ જ જ્ઞાનદર્શનના યોગે ચારિત્રરત્નની પ્રાપ્તિ થતી હોય છે. માટે અહીં ઉત્પતિક્રમથી જ્ઞાન, દર્શન, ચારિત્રની સ્થાપના કરી છે. અંતે પુનઃ હ્રીં કારથી વેષ્ટિત કરી નમઃ પદથી સ્તુતિ કરાઈ છે.

આ પ્રકારે મંત્રની યોજના થાય છે.

ॐ ह्रां ह्रीं ह्रूँ ह्रें ह्रैं ह्रैं ह्रौं ह्रः अ सि आ उ सा ज्ञान दर्शन चारित्रेभ्यो ह्रीं नमः।

આ મંત્રમાં કેટલેક સ્થળે જ્ઞાનની આગળ સમ્યગ્ એવું પાઠાંતર મળે છે. વળી કેટલેક સ્થળે ૨૭ અક્ષર પૂર્ણ કરવા નવ બીજાક્ષરો આદિ જોવા મળે છે, પરંતુ ઋષિમંડળ સ્તોત્રમાં દર્શાવ્યા મુજબ આ પ્રકારે મૂળમંત્ર બને છે અને આ પ્રકારે બનેલ મૂળમંત્રની આરાધના કરવાના અનેક લાભો સાધકોને અનુભવાયા છે.

આ મૂળમંત્ર બાદ ધ્યાનનો વિધિ દર્શાવાયો છે. સાધકે જંબુવૃક્ષ અને તેની ચારેબાજુ ફેલાયેલા લવણસમુદ્રનું ધ્યાન કરવું જોઈએ. તેની મધ્યમાં મેરુપર્વતની સ્થાપના કરી, આ મેરુપર્વતના શિખર પર અરિહંતની દિવ્ય જ્યોતિર્મય પ્રતિમાનું ધ્યાન કરવું જોઈએ. સ્તોત્રકારે પરમાત્માની દિવ્ય જ્યોતિને ખૂબ સુંદર રીતે વર્ણવી છે. આ મેરુપર્વત પરની પ્રતિમાનું સાધકે પોતાના લલાટ પર રહેલા આજ્ઞાચક્ર પર સ્થાપન કરી ધ્યાન કરવાનું છે.

સ્તોત્રકારે પરમતત્ત્વને વર્ણવવા માટે ખૂબ સુંદર શબ્દો પ્રયોજ્યા છે :

અક્ષયં નિર્મલં શાંતં બહુલં જાડ્યતોજ્જ્ઝિતમ્
નિરીહં નિરહંકારં સારં સારતરં ધનમ્
અનુદ્ધતં શુભં સ્ફીતં, સાત્વિકં રાજસં મતમ્
તામસં ચિર સંબુદ્ધં, તૈજસં શર્વરિસમમ્
સાકારં ચ નિરાકારં સરસં વિરસં પરમ્
પરાપર પરાતીતં પરં પરંપરાપરમ્
સકલં નિષ્કલં તુષ્ટં, નિર્વૃતમ્ ભ્રાંતિવર્જિતમ્
નિરંજનં નિરાકારં, નિર્લેપં વિતસંશ્રયમ્.
બ્રહ્માણમીશ્વરં બુદ્ધં સિદ્ધં મતં ગુરુમ્
જ્યોતિરૂપં મહાદેવં લોકાલોક પ્રકાશકમ્.

અર્હત્ ભગવાનનું બિંબ અક્ષય, કર્મમલથી રહિત એટલે નિર્મળ, સ્ફૂરિત શાંતિવાળું, અજ્ઞાનથી રહિત, જેમાં અહંકાર નથી તેવું, સમગ્ર લોકના સારતત્ત્વ સમાન શ્રેષ્ઠ બિંબ શોભે છે. તેમાં ઉદ્ધતતા નથી, તેમજ સ્ફટિકસમાન શુભ્ર તેજસ્વી છે. તેઓ સત્વમાં સ્થિર હોવાથી સાત્ત્વિક, ચૌદ રાજલોકના સ્વામી હોવાથી રાજસિક તેમજ આઠે કર્મનો ક્ષય કરવામાં પ્રતાપી હોવાથી તામસિક છે. વળી, કેવળજ્ઞાનયુક્ત હોવાથી શાશ્વત જ્ઞાનવાળા હોવાથી પૂનમની રાત્રિ જેમ ચંદ્રથી શોભાયમાન થાય છે, એમ



સમગ્ર વિશ્વને પોતાના તેજથી શોભાયમાન કરનારા છે. તેઓ ભાવ-અરિહંત સમવસરણ અવસ્થાની અપેક્ષાએ સાકાર છે, અત્યારે મોક્ષગમન પામેલા હોવાથી નિરાકાર છે. સમ્યગ્દર્શનથી પરિપૂર્ણ હોવાથી રસમય છે, સાંસારિક પદાર્થોની દૃષ્ટિએ વિરસ છે. તેઓ ઉત્કૃષ્ટથી અતિઉત્કૃષ્ટ, સંસારસાગર પાર પામેલા, સર્વ પદાર્થોથી પર થયેલા છે. તેઓ અરિહંતની અપેક્ષાથી સર્વ કળા ધારણ કરનારા હોવાથી 'સકલ' સિદ્ધની અપેક્ષાએ 'નિષ્કલ' છે. પરિપૂર્ણ સ્વરૂપને લીધે તુષ્ટ, વળી સાંસારિક અપેક્ષાથી રહિત હોવાથી નિવૃત્ત સર્વ પ્રકારના અજ્ઞાન પર વિજય પામેલ હોવાથી ભ્રાંતિરહિત છે. રાગ-દ્વેષથી રહિત હોવાથી નિરંજન છે અને દેહથી મુક્ત હોવાથી નિરાકાર છે, ઈચ્છારહિત હોવાથી નિર્લેપ અને સર્વ પ્રકારે સંશયથી રહિત એવું તે જિનબિંબ છે.

તેઓ ત્રણે લોકના નાથ હોવાથી ઈશ્વર છે, આત્મસ્વરૂપમાં રમમાણ હોવાથી બ્રહ્મ છે, તેનો માર્ગ દેખાડનાર હોવાથી બુદ્ધ છે, આત્મસ્વરૂપ સિદ્ધ કરેલું હોવાથી સિદ્ધ છે, લોકના ગુરુ છે, જ્યોતિસ્વરૂપ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ દેવતા છે અને પોતાના ધ્યાનથી સમગ્ર લોકના, અલોકના પદાર્થોને દર્શાવનારા હોવાથી લોકાલોક પ્રકાશક છે.

આમ, આ પાંચ શ્લોકો દ્વારા સ્તોત્રકાર સિદ્ધ પરમાત્માનું દિવ્ય, તેજોમય અને પરસ્પર વિરોધી વિશેષણો એક સાથે સંભવ પામે તેવા વિશિષ્ટ સ્વરૂપની ખૂબ વિસ્તારથી માર્મિક ઓળખાણ કરાવી છે.

આ પાંચ શ્લોકોમાં સ્તોત્રકાર મહર્ષિએ પરમાત્માના ભવ્ય - દિવ્યરૂપને ખૂબ સુંદર રીતે અનેક વિશેષણોની સંયોજનાથી સુંદર રીતે ઉપસાવી આપ્યું છે.

આ નિર્મળ, અક્ષય બિંબનું ધ્યાન સાધકના કર્મરોગોને હરનારું અને સર્વસુખોને આપનારું છે. આ ધ્યાન દર્શાવ્યા બાદ ઋષિમંડળ સ્તોત્રનો કેન્દ્રીય મંત્રબીજ 'અર્હમ્' ના દ્વિતીય અક્ષર ર્હ પર ચતુર્થ સ્વરનું સંયોજન કરવાથી ઉદ્‌ભવેલ હ્રીં કાર મંત્રબીજ જે માયાબીજ તરીકે પ્રસિદ્ધ છે. તેની અંદર ચોવીસ તીર્થંકરોની સ્થાપનાનો ક્રમ દર્શાવ્યો છે. તે માટે પહેલા હ્રીં કારનો મહિમા દર્શાવતા સ્તોત્રકાર મહર્ષિ કહે છે,

આ વર્ણ એકવર્ણ, દ્વિવર્ણ, ત્રિવર્ણ, ચારવર્ણ અને પંચવર્ણ પણ છે. તે અર્હં મંત્રની સાથે ચતુર્થસ્વર 'ઈ' કાર જોડવાથી અને રેફ, બિંદુ, નાદ આદિ જોડવાથી પ્રગટ થાય છે. સ્તોત્રના રચયિતા મહામુનિ હવે હ્રીં બીજમાં ચોવીસ તીર્થંકરોની સ્થાપના દર્શાવે છે. સર્વપ્રથમ 'નાદ' માં શ્વેતવર્ણવાળા ચંદ્રપ્રભસ્વામી અને પુષ્પદંત (સુવિધિનાથસ્વામી) ની સ્થાપના કરવામાં આવે છે. બિંદુમાં શ્યામવર્ણવાળા નેમિનાથ અને મુનિસુવ્રતસ્વામીની સ્થાપના કરાય છે. કલામાં પદ્મપ્રભ સ્વામી અને વાસુપૂજ્ય સ્વામીની સ્થાપના કરાય છે. 'ઈ' કારમાં મલ્લિનાથ અને પાર્શ્વનાથપ્રભુની સ્થાપના કરાય છે. શેષ ૧૬ તીર્થંકરો 'હ' કાર અને 'ર'કારમાં સ્થપાય છે. આ રાગદ્વેષ, મોહથી રહિત, સર્વ પાપ વિવર્જિત, સર્વકાળમાં સર્વ દેવોમાં શ્રેષ્ઠ એવા આ ૨૪ જિનેશ્વરો છે. તેમ, તેમની સ્તુતિ કર્યા બાદ આ હ્રીં કારરૂપ દિવ્યચક્રના પ્રભાવે સાધકને સાત પ્રકારની વ્યંતરદેવીઓ ઉપદ્રવ ન કરે તેવી પ્રાર્થના કરવામાં આવી છે. આ ડાકિની, રાકિની, લાકિની, કાકિની, શાકિની, હાકિની, યાકિની આ દેવીઓ શરીરમાં રહેલ ષટ્ચક્ર અને બ્રહ્મરંધ્રમાં રહેલ અંતિમ સહસ્ત્રારચક્ર (કમળ) ની અધિષ્ઠાયિકા છે. એટલે અહીં પરોક્ષ રીતે પ્રાર્થના કરાઈ છે કે, જિનેશ્વર દેવોના ધ્યાનના પ્રતાપે સાધકના ચક્રો ખુલે અને સાધક ઊર્ધ્વગતિ કરતો હોય, ત્યારે ચક્રોની અધિષ્ઠાત્રી દેવીઓ આપ વિઘ્ન કરનારા ન થતાં, સહાયક બનજો. ત્યારબાદ સર્પ, હાથી, રાક્ષસ, અગ્નિ, સિંહ, દુર્જન અને રાજાઓ પણ સહાય કરનારા થાઓ એવી પ્રાર્થના કરાઈ છે. આ પ્રાર્થના પ્રથમ પ્રાર્થનાની જેમ સાંકેતિક છે કે કેવળ સ્થૂળ પદાર્થોને સૂચવે છે, તે નિશ્ચિત કરવું અઘરું છે.

પરમાત્માની જ્યોતિ ગૌતમસ્વામીના તેજથી અનેક ગણી છે, એમ કહેવાયું છે. ત્યાર પછીના શ્લોકોમાં ચાર નિકાયના દેવતાઓ રક્ષા કરે તેમજ લબ્ધિધારી મુનિઓ પણ રક્ષા કરે એવી પ્રાર્થના કરાઈ છે. આ ચોવીસ તીર્થંકરોના સ્મરણના પ્રભાવે દુષ્ટ



દેવો, વેતાલ આદિનો ઉપદ્રવ શાંત થાય એવી પ્રાર્થના કરાઈ છે. ત્યારબાદ ત્રણ શ્લોકોમાં કેટલીક અત્યારે પણ પ્રસિદ્ધ અને કેટલીક તે સમયે પ્રસિદ્ધ એવી દેવીઓને સાધક માટે કાન્તિ, કીર્તિ, તેજ, બુદ્ધિ આદિને આપનાર થાય એવી પ્રાર્થના કરી છે.

હવે સ્તોત્ર રચનાર મુનીશ્વર આ ઋષિમંડળ સ્તોત્રની સાધનાવિધિ દર્શાવે છે. આ ઋષિમંડળ સ્તોત્ર દિવ્ય, ગુપ્ત છે અને જગતના કલ્યાણ અર્થે તીર્થંકરોએ દર્શાવેલ છે. અનેક વિપત્તિઓમાં તેનું સ્મરણ વિઘ્ન-વિનાશ કરનારું બને છે. વિપત્તિના સમયમાં સાધક સાચા હૃદયે મૂળમંત્રનું સ્મરણ કરે તો વિપત્તિ દૂર થાય છે, એવો અનેક સાધકોનો અનુભવ છે. આ સ્તોત્રને ગુપ્ત રાખવાનું તેમજ અન્યોને ન આપવાની સ્પષ્ટ ભલામણ કરાઈ છે. જે સાધક આ સ્તોત્રની આરાધના કરવા ઈચ્છતા હોય તેમણે ગુરુગમથી આ સ્તોત્ર ગ્રહણ કરવું આવશ્યક છે. આ સ્તોત્રની આરાધના એક યા ત્રણ આયંબિલ કરી ગુરુગમથી - સદ્ગુરુ એવા સાધુ-સાધ્વીજી ભગવંત પાસેથી ગ્રહણ કરીને કરવાની છે. આ સ્તોત્રની આરાધનાથી મનમાં ઈચ્છેલા ફળની પ્રાપ્તિ થાય છે. વળી, આઠ મહિના સુધી નિત્ય આરાધના કરનારને દિવ્યજ્યોતિરૂપ એવા પરમ તેજમય (જેનું સ્તોત્રમાં વર્ણન કરાયું છે તેવા) અર્હદ્બિંબના દર્શન થાય છે. આ દર્શન થયા પછી સાધકનો સાત ભવમાં મોક્ષ નિશ્ચિત થાય છે.

આમ, સાધકને વિઘ્નવિનાશથી પ્રારંભ કરી મોક્ષ સુધી પહોંચાડતું આ દિવ્યસ્તોત્ર છે. આ સ્તોત્રમાં અર્હમ્, હ્રીં કાર અને પરમાત્મપ્રતિમાના ધ્યાનની અનેક વિધિઓ દર્શાવી છે. ધ્યાનયોગના રસિકો માટે આ સ્તોત્ર ખજાનાસમું છે. આ વિધિઓ ગૂઢ હોવાથી મંત્ર-ધ્યાનના રસિકોએ અનુભવી ગુરુજનો પાસેથી પ્રાપ્ત કરવી.

આ સ્તોત્રના કર્તા કોણ છે તે નિશ્ચિત કરવું અઘરું છે. લોકપરંપરા. ગૌતમસ્વામીને આ સ્તોત્રના કર્તા માને છે, પરંતુ સ્તોત્રના મધ્યમાં ગૌતમસ્વામીનો ઉલ્લેખ તેમજ તેની સંસ્કૃત ભાષા આદિને કારણે વિક્રમની છઠ્ઠી - સાતમી સદીના કોઈ મહાન મંત્રવાદી મુનિભગવંતે આ રચના કરી હોય તેવું જણાય છે.

એ જે પણ હોય, ઋષિમંડળ સ્તોત્ર વર્તમાન જૈનસંઘમાં શ્રમણોની નિત્ય આરાધનાનું એક અનિવાર્ય અંગ બનેલું જણાય છે. અનેક શ્રાવકો પણ તેની આરાધના કરનારા બન્યા છે. તેના પટ, યંત્ર આદિની પણ ઉપાસના થાય છે. આ સ્તોત્રની આરાધના શુદ્ધ આત્મતત્ત્વનો બોધ કરાવનારી અને પરમતત્ત્વ સાથે મિલન કરાવનારી છે.

**(જૈનદર્શનના અભ્યાસુ મુંબઈ સ્થિત અભયભાઈ એન.એમ. કોલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ છે. મુંબઈ યુનિ. ના Ph.D. ના ગાઈડ છે અને તેઓના પાંચ પુસ્તકો પ્રગટ થયા છે.)**



## ૮ મંત્ર અને સ્તોત્ર વિષે કેટલીક પાયાની વાતો

- ડૉ. સેજલ શાહ

મનુષ્ય માત્રની ભક્તિ સાથે કામના જોડાયેલી હોય છે. તે નિર્દોષ પણ હોઈ શકે અને રાગી પણ. શબ્દ એક શક્તિ છે અને તેના કેટલાક જોડાણો અને શક્તિના સંયુક્ત સંધિથી કેટલાક વિશિષ્ટ પદ નિર્માણ થાય છે, જેનામાં ઊર્જા નિર્માણ કરવાની ગજબની શક્તિ હોય છે. મંત્રનો અર્થ છે ધ્વનિ, કોઈ એક વિશિષ્ટ ઉચ્ચારણ. આજે આધુનિક વિજ્ઞાન સૃષ્ટિના સમગ્ર અસ્તિત્વને ઊર્જાના પ્રતિધ્વનિ, સ્પંદનોના વિવિધ સ્તર તરીકે જુએ છે. જ્યાં સ્પંદન છે ત્યાં ધ્વનિ હોય જ. એટલે, એનો અર્થ એમ થાય કે, સૃષ્ટિનું સમગ્ર અસ્તિત્વ એક પ્રકારનો ધ્વનિ અથવા અવાજોનું એક જટિલ મિશ્રણ જ છે - સૃષ્ટિનું સમગ્ર અસ્તિત્વ એકથી વધુ મંત્રોનું જટિલ મિશ્રણ છે. મંત્રોમાં જે અવાજ અને સ્પંદન હોય છે તેને મનુષ્યની શક્તિ વિશિષ્ટ રૂપ આપી શકે છે. અહીં બે ભૂમિકા મહત્ત્વની છે, એક તમારું સમર્પણ અને શ્રદ્ધા. મંત્ર એ છે જેમાં સ્વયંને ઢાળી દેવા માટે તમે સખત પરિશ્રમ કરો છો કારણ કે જ્યાં સુધી તમે સ્વયં ચાવીરૂપ નહીં બની જાવ, ત્યાં સુધી તમને અસ્તિત્વનો અર્થ નહીં સમજાય. મંત્રના રૂપમાં એકાકાર

થઈ જવું, એનો અર્થ એ કે તમે ચાવીરૂપ બની રહ્યા છો. જો તમે સ્વયં ચાવી હો, તો જ એ તાળું ખોલી શકશો. નહીં તો કોઈ બીજાએ તમારી માટે એ તાળું ખોલવું પડશે ને તમારે એની આજ્ઞા માનવી પડશે.

થોડા ઈતિહાસ તરફ નજર કરીએ તો આ શબ્દના ઉદ્ભવ પાછળની ભૂમિકામાં માત્ર શ્રદ્ધા અને શક્તિનું પ્રદર્શન કાર્ય કરતું હતું પણ અધ્યાત્મની દષ્ટિએ તેની સાથે આત્માનું એકાકાર થવું જરૂરી છે.

મંત્ર (દેવનાગરી લિપિમાં मन्त्र) નો ઉદ્ગમ ભારતની વૈદિક પરંપરામાં થયો અને સમયાંતરે હિંદુ પરંપરા અને બૌદ્ધવાદ, શીખવાદ અને જૈનવાદની અંદર રૂઢિગત પ્રણાલીઓના આવશ્યક અંગરૂપે સ્થાન લીધું. મંત્રોનો ઉપયોગ હવે સમગ્ર વિવિધ આધ્યાત્મિક પ્રચલનો વ્યાપક ફેલાવો થયો છે. કયા મંત્રનો પ્રતીકાત્મક અર્થ કેવો છે અથવા તેનું કાર્યાન્વયન કઈ રીતે થાય છે તેની સમજ તે વિવિધ પરંપરાઓમાં ભિન્ન હોય અને તે એના પર પણ આધાર રાખે છે કે કયા સંદર્ભમાં તે મંત્ર લખાયેલો છે અથવા ઉચ્ચારાયેલો છે. ઉપનિષદોના હિંદુ ધર્મગ્રંથોના રચયિતાઓ માટે ૐ - જે સ્વયં મંત્ર છે તે બ્રાહ્મણ, ઈશની દિવ્ય પ્રતિમા તેમજ સમગ્ર સર્જનનું પ્રતિનિધિત્વ કરે છે. કુકેઈના મતાનુસાર તમામ ધ્વનિ ધર્મકાય બુદ્ધનો નાદ છે - એટલે કે હિંદુ ઉપનિષધક અને યોગિક વિચારધારામાં હોય છે તે જ રીતે, આ ધ્વનિઓ અંતિમ અને પરમ સત્યની ઘોષણા છે. ધ્વનિના અર્થમાં જે મંત્રોનો કંઠ્ય ધ્વનિ, મંત્રના ઉચ્ચારણ કરતી વ્યક્તિના બોગ્રહણથી સ્વતંત્ર રહીને નિહિત અર્થ ધરાવતો હોય છે. ટૂંકમાં એમ કહી શકાય કે મંત્રો - યંત્રો પર ઉત્કીર્ણ કરેલા સંસ્કૃત ઉચ્ચારણ, દિવ્યતા અથવા વૈશ્વિક શક્તિઓનું પ્રતિનિધિત્વ કરતા વિચાર સ્વરૂપો છે, જે ધ્વનિ કંપનના માધ્યમથી પોતાના પ્રભાવનું કાર્યાન્વયન કરે છે.

સંસ્કૃત શબ્દ **mantra** (એમ તથા સં. મંત્રમ) - મૂળ ક્રિયાપદ મન - એટલે વિચારવું (માનસમાં પણ મન) અને તેને લગતા અનુગ - ત્ર એટલે કે ઓજારો કે સાધનો એવી રીતે બનેલો છે તેથી મંત્રનું શબ્દશઃ રૂપાંતર કે અનુવાદ ''વિચારનું



સાધન'' એવો થાય. ભારતીય - ઈરાની મંત્ર અવેસ્તન મંન્થ્રામાં સચવાયેલો છે, જેનો અસરકારક અર્થ એ શબ્દ પણ તેનો સૂચિતાર્થ દૂરવ્યાપી છે : મંથ્રાસ અંતર્ગત રીતે ''સત્ય'' અસા છે અને તેના યોગ્ય પઠનથી તેમાંનું નિહિત સત્ય પ્રગટ થાય છે. એમ પણ કહી શકાય કે મંત્રો અસ્તિત્વની અનુભૂતિ અને ''સત્કાર્ય'' બન્ને છે અને તેનું પઠન વિન્યાસ અને સત્વના સંવર્ધન માટે અત્યાવશ્યક છે.

મંત્રોની મૂળ કલ્પના વેદોમાં થયેલી હતી. મોટા ભાગના મંત્રોમાં બે ચરણના ''શ્લોક'' ની લેખિત પદ્ધતિ અનુસરવામાં આવે છે જો કે તે અમુકવાર એક પંક્તિ અથવા તો માત્ર એક જ શબ્દના રૂપમાં પણ જોવા મળે છે. સૌથી મૂળ મંત્ર ૐ છે, જે હિંદુધર્મમાં ''પ્રણવ મંત્ર'' તરીકે પણ ઓળખાય છે અને તે તમામ મંત્રોનો સ્ત્રોત છે. આની પાછળનું હિંદુ તત્ત્વચિંતન નામ-રૂપનો (સંજ્ઞા) નો વિચાર છે, જેમાં એવું માનવામાં આવે છે કે પ્રતિનિધિ વિષયક (દશ્યજયત્) વિશ્વની અંદર અસ્તિત્વ ધરાવતી વસ્તુઓ, વિચારો અથવા સત્વો કોઈપણ પ્રકારે નામ અને રૂપ ધરાવે છે. સૌથી વધુ મૂલાધાર નામ અને રૂપ એ ૐ નું આદિકાળથી અસ્તિત્વ ધરાવતું સ્પંદન છે, કારણ કે તે બ્રાહ્મણનું પ્રથમ ઉદ્ઘોષિત નામરૂપ છે, જે અનુદ્ઘોષિત વાસ્તવિકતા / અવાસ્તવિકતા છે. સવિશેષતઃ અસ્તિત્વ પૂર્વે અને અસ્તિત્વ પછી એકમાત્ર વાસ્તવિકતા - બ્રહ્મા છે અને અસ્તિત્વમાં બ્રહ્માનું પ્રથમ પ્રાગટ્ય ૐ છે. આ જ કારણસર 'ૐ' ને સર્વશ્રેષ્ઠ મૌલિક અને શક્તિશાળી મંત્ર તરીકે ગણવામાં આવે છે અને આવી રીતે 'ૐ' તમામ હિંદુ પ્રાર્થનાઓની આરંભમાં અને અંતમાં (પૂર્વાંગ અને અનુગ તરીકે) હોય છે. જ્યારે અમુક મંત્રોથી કોઈ ચોક્કસ દેવો અથવા મૂળ તત્ત્વને આહ્વાન કરી શકાય છે, 'ૐ', 'શાંતિમંત્ર', 'ગાયત્રીમંત્ર' અને અન્ય તમામ મંત્રો જેવા સૌથી વધુ મૌલિક મંત્રો આખરે તો એક જ સત્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## સંસ્કૃત સ્તોત્ર કાવ્ય અને તેનું પાઠફળઃ એક અભ્યાસ :-

(**SANSKRIT** ''તોત્રમ્''.... પુરાણકાળમાં વિભિન્ન દેવ-દેવીઓને ઉદ્દેશી અનેક સ્તુતિઓ અને સ્તોત્રો છે. ઋષભદેવ ભગવાનનું સ્તોત્ર એટલે ભક્તિ છે. ધર્મ

જીવને ધર્મ એટલે આ આત્માનો જે જ્ઞાન અને આનંદ એનો સ્વભાવ છે, શક્તિનો એ ભંડાર છે આત્મા. અનંત અનંત સંખ્યાએ શક્તિઓ (રહેલી છે).

મનુષ્ય પ્રકૃતિના વિવિધ રૂપોને મુગ્ધ બનીને નિહાળતો, માણતો ત્યારે આનંદિત બનતો તો બીજી તરફ રૌદ્ર રૂપને જોઈ ભયભીત પણ બનતો. આ રહસ્યને પામવાનો તે સતત પ્રયાસ કરતો રહ્યો. પરમ તત્ત્વ સાથેના તેના ભાવુક હૃદયે રાગાત્મક, ભાવાત્મક સંબંધ સ્થાપ્યો. અને એ સંબંધમાંથી જે ભાવવાહી, છંદોબદ્ધ કાવ્ય પ્રગટ્યું તે જ સ્તોત્ર.

માનવીએ ભાવુક હૃદયથી એ પરમતત્ત્વની ક્યારેક પિતારૂપે, ક્યારેક માતારૂપે તો ક્યારેક સખારૂપે કલ્પના કરી વિભિન્ન ભાવો અનુભવ્યા. હૃદયમાં ભાવ સ્પંદિત થતાં અસંખ્ય કવિઓ અને ભક્તોએ જે શબ્દપુષ્પો પરમતત્ત્વને ચરણે અર્ઘ્ય રૂપે અર્પિત કર્યા, તે બધાનો સમાવેશ સ્તોત્ર સાહિત્યમાં થાય છે. તે પરમતત્ત્વ અથવા ઈષ્ટદેવને સ્વરુચિ અનુસાર ભજતો, સમર્પિત કરતો અને હૃદયને સાવ અનાવૃત કરી નિષ્કપટ સાથે નિવેદન કરતો ત્યારે સ્તોત્રનું નિર્માણ કે તેના મૂળ નખાતા. અહીંનો રાગ કરુણ, દીન, મમતા, સમર્પિત રહેતો.

સંસ્કૃત સાહિત્યમાં ભક્તિભાવનાના પ્રચાર તથા વિકાસ માટે ધાર્મિક સ્તોત્રકાવ્યો રચવામાં આવ્યા. ઈતિહાસકારો સ્તોત્ર સાહિત્યને ગીતિકાવ્ય કે મુક્તકની કક્ષામાં મૂકે છે અને ગીતિકાવ્યના એક પ્રકાર તરીકે તેને ધાર્મિક કાવ્ય અથવા ભક્તિ કાવ્ય તરીકે ઓળખે છે. સંસ્કૃત સાહિત્યના પ્રસિદ્ધ ઈતિહાસકાર એ.બી. કીથ નોંધે છે કે ''સ્વભાવતઃ ઉચ્ચસ્તરની કવિતાએ આ ક્ષેત્રને પણ આક્રાન્ત કર્યું અને દાર્શનિકો દ્વારા એ દેવોના વિષયમાં જેમના સાકાર સ્વરૂપનો વ્યાવહારિક દૃષ્ટિથી એટલો જ દૃઢતાપૂર્વક સ્વીકાર કરવામાં આવ્યો, જેટલો તેઓ પારમાર્થિક દૃષ્ટિએ તેનો નિષેધ કરતા હતા. સ્તોત્ર રચનામાં ભાગ લેવાની પ્રવૃત્તિએ આ કલાને વધુ ગૌરવ પ્રદાન કર્યું.'' આધ્યાત્મિક સાહિત્યક્ષેત્રમાં સ્તોત્ર સાહિત્યનું એવું સ્થાન છે, જેવું સ્થાન લોકસાહિત્યમાં લોકગીતોનું છે. સ્તોત્ર કાવ્યની એ વિશેષતા છે કે તેમાં વિસ્તાર નહીં પણ ભાવોની ગહનતા મહત્ત્વપૂર્ણ હોય છે.



**સ્તોત્રનો વ્યુત્પત્તિજન્ય અર્થ :**

સ્તોત્ર અર્થાત્ જેનાથી સ્તુતિ કરાય તે. ''स्तूयते अनेन इति स्तोत्रम्'' મૂળ ષ્ટુઞ્ સ્તુતૌ (સ્તુતિ કરવી) એ ધાતુથી કરણાર્થમાં ''दाम्नीशम्'' સૂત્ર દ્વારા ''कृतिष्ट्रनि'' પ્રત્યય લગાડીને ''त्र'' (ષ્ટ્રન) પ્રત્યય થયો. સ્તુત્ર એ સ્થિતિમાં ''तितुत्र'' સૂત્રથી ''इड्र'' ન થતાં ''સાર્વધાતુક'' સૂત્ર દ્વારા ''स्तु'' ના 'उ' નો ગુણ થઈ ''સ્તોત્ર'' પદ બને છે.

''वाचस्पत्यम्'' નામના કોશ ગ્રંથમાં ''स्तवे गुणकर्मादिभिः प्रशंसनेडमरः'' એમ કહી અષ્ટાધ્યાયીનું વાક્ય ટાંકી તેના દ્રવ્ય સ્તોત્ર, કર્મસ્તોત્ર, વિધિસ્તોત્ર અને અભિજન સ્તોત્ર એમ ચાર પ્રકાર બતાવ્યા છે.

શ્રી દ્વારિકાપ્રસાદ, ''संस्कृतशब्दार्थकौस्तुभ'' માં 'સ્તોત્ર' શબ્દને સમજાવતાં ''स्तोत्रम् प्रशंसास्तुतिबिरुदावलिः प्रशंसात्मकं गीतम्'' એમ નોંધે છે. અર્થાત્ પ્રશંસા, સ્તુતિ, બિરુદાવલીને પ્રશંસાત્મક ગીત એટલે સ્તોત્ર. વ્યુત્પત્તિ જન્ય અર્થાનુસાર સ્તોત્ર દ્વારા કોઈની સ્તુતિ એવો અર્થ નિષ્પન્ન થાય છે. સ્તોત્ર દ્વારા સ્તુતિ થતી હોવાથી સ્તોત્ર સાધનારૂપ છે. સ્તોત્ર અને સ્તુતિને સમાનાર્થક માની સ્તોત્રકારોએ પોતાની કૃતિઓને સ્તોત્ર અથવા સ્તુતિ નામ આપ્યા છે.

**સ્તોત્ર અને સ્તુતિ વચ્ચેનો ભેદ :**

સ્તુતિ શબ્દ ''સ્તુ'' ધાતુમાંથી નિષ્પન્ન થાય છે, જેનો અર્થ છે - આરાધ્યના ગુણોથી પ્રશંસા કરવી. કોઈપણ પદાર્થ, વ્યક્તિ કે પરમતત્ત્વના વિદ્યમાન ગુણદોષનું યથોચિત વર્ણન એટલે સ્તુતિ.

સ્તુતિ શબ્દ ધાતુ ''स्तुञ् + कितन्'' થી બન્યો છે. ''स्तुतिभ्यो व्यतिरिच्यन्ते दूराणि चरितानि तै'' રઘુવંશના સંદર્ભનું સૂચન કરી પ્રશંસાકારક સૂક્ત અથવા ગુણકીર્તનને આપ્ટે સ્તુતિ કહે છે.

સ્તુતિ અને સ્તોત્ર વચ્ચેનું અંતર મેકડોનલ ''વૈદિક ઈન્ડેક્સ'' માં આ રીતે સમજાવે છે. સ્તુતિ શબ્દનો અર્થ આપતાં ''ઋગ્વેદ અને પછી સ્તુતિ ગીતોની દ્યોતક''

એમ નોંધે છે, જ્યારે સ્તોત્રનો અર્થ તેઓ 'ઉદ્‌ગાતાને સહાયક પુરોહિત વગેરેના ગાયનોને સૂચવનાર' આપે છે.

એક રીતે સ્તોત્ર - એ કાવ્ય સ્વરૂપ છે, પરંતુ લઘુકાવ્યમાં છંદ, લય મહત્ત્વના છે. એના બે ભાગ પણ પાડી શકાય છે, લઘુસ્તોત્ર અને બૃહતસ્તોત્ર. લઘુસ્તોત્રમાં મુક્તક કે ગીતકાવ્ય હોય છે. એમાં ૧૦૦ કરતાં ઓછી શ્લોક સંખ્યા હોય છે, જ્યારે બૃહત્‌માં ૧૦૦ કરતાં વધુ હોય છે. શીર્ષકમાં આરાધ્યદેવ અથવા વિષયવસ્તુનું નામ આવરી લેવાય છે.

કવિ અથવા ભક્તને મન તેના આરાધ્ય દેવ જ અજરામર, સર્વસત્તાધીશ, પરબ્રહ્મ પરમાત્મા છે. પરમાત્માના ગુણમહિના અને સર્વસમર્થતાના સંદર્ભમાં ભક્ત પોતાને પામર અને દીન અનુભવે છે. પોતાને બાળક સમાન માની પોતાની ભાવનાઓ ભગવાનના ચરણોમાં સમર્પિત કરે છે. ભક્તના વિભિન્ન ભાવોને સમજવા કેટલાક ઉદાહરણો નોંધનીય છે.

**ભક્તિનો મહિમા, સમર્પણ, આત્માની સ્થિતિનો સ્વીકાર અહીં જોવા મળે છે.**

જેમ કે કવિ માનતુંગાચાર્ય પોતે જિનેન્દ્રની સ્તુતિ કરવા પ્રવૃત્ત થયા છે. તે પોતાનો જળમાં ચંદ્રના પ્રતિબિંબને પકડવાનો પ્રયાસ કરતા નાદાન બાળક સમાન ગણાવે છે. ''વસંતઋતુમાં કોયલ મધુર કૂજન કરે છે. તેમાં આમ્રમંજરીનો સમૂહ જ એક માત્ર કારણ છે. તેમ મને તારી જ ભક્તિ વાચાળ બનાવે છે.'' લક્ષ્મીદેવીની સ્તુતિ કરવા ઉદ્યત કવિ પોતાની કર્કશ વાણીનું નિરૂપણ કરતાં કહે છે, ''હે માતા ! પ્રાતઃકાળે કમળવનમાં સંચાર કરતી વેળાએ જે તારા કોમળ ચરણકમળ પુષ્પની મૃદુલ શિખાઓથી પણ વ્યથા પામે છે. તેવા તે ચરણોમાં મારી આ કઠોર વાણી કેવી રીતે પ્રવેશે ?'' અન્ય સ્તોત્રમાં શિવના મહિમાનું વર્ણન કરતાં પુષ્પદંત કહે છે, ''હે પ્રભુ ! આપ મધ જેવી મધુર અને અમૃત સમાન જ્ઞાનયુક્ત વેદવાણી ઉત્પન્ન કરનાર છો, તો



પછી બ્રહ્માની વાણી શું આશ્ચર્ય પમાડે ? છતાં હે મહાદેવ ! આપના ગુણોનું વર્ણન કરવાના પુણ્ય વડે મારી વાણીને હું પવિત્ર કરું એ હેતુથી જ આ કામમાં મારી બુદ્ધિ તત્પર થયેલી છે.''

વિદ્વાનોના મતાનુસાર સ્તોત્ર કાવ્યમાં સંગીતમય અર્થાત્ ગેયતા અનિવાર્ય છે. સંગીતમાં રાગ યોજના આવશ્યક છે. રાગ શબ્દ ધાતુ रञ्ज् માંથી નિષ્પન્ન થયો છે, જેનો અર્થ થાય છે પ્રસન્ન કરવું. આથી સ્વરોની એ વિશિષ્ટ રચના રાગ છે, જેમાં સાંભળનારના ચિત્તને પ્રસન્ન કરનાર સ્વર તથા વર્ણ બન્ને હોય. સંગીતના બન્ને તત્ત્વો નાદ સૌંદર્ય અને સંગીતત્વ, સ્તોત્રકાવ્યમાં ઉપલબ્ધ થાય છે, જેનાથી સ્તોત્ર અત્યંત પ્રભાવશાળી અને પ્રેક્ષણીય બને છે. પંડિત ઓમકારનાથ ઠાકુરના મંતવ્યાનુસાર ''સંગીતમાં શબ્દના અર્થનું જ્ઞાન થયા વગર જ ભાવ યા રસની પ્રતીતિ થઈ જાય છે.'' સરળ, સહજ, સંગીતાત્મક અભિવ્યક્તિનું ઉત્તમ ઉદાહરણ શ્રીમદ્ વલ્લભાચાર્ય રચિત 'મધુરાષ્ટકમ્' છે. ''अधरं मधुरं वदनं मधुरम्'' શ્લોકની પંક્તિના ગાન સમયે મધુર શબ્દના ઉચ્ચાર સાથે જ મધુર રસની હેલી વરસે છે અને રસરાજ નટનાગર શ્રીકૃષ્ણની મોહિની મૂરત ભક્ત હૃદયમાં સાકાર બને છે. વલ્લભાચાર્ય વિરચિત ''श्रीनन्दकुमाराष्टकम्'' શ્રી ચિંતામણિ રચિત ''गौरीशाष्टकम्'' તેના ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ક્યારેક કવિ અનુપ્રાસ, યમક અલંકાર યોજના દ્વારા વર્ણ કે પદની પુનરાવૃત્તિ દ્વારા સુંદર લય માધુર્ય નિષ્પન્ન કરે છે. રાવણકૃત ''शिवतांडवस्तोत्रम्'' માં નાદ અને લય માધુર્યની અનોખી છટા દૃષ્ટિગોચર થાય છે.

કોઈપણ મંત્ર કે સ્તોત્ર એ માત્ર ધર્મનું પ્રતિબિંબ નથી પણ માનવીય ચૈતસિક અવસ્થાનું પ્રમાણ છે. અસ્તિત્વની ઊર્જાનું પ્રમાણ છે. સ્વયંને પામવા માટેનો યજ્ઞ છે, ધ્વનિનું પરિવર્તન થઈ પ્રકૃતિમાં રૂપાંતર થવું અને એકાકાર થવું - એ અનુભવની વાત છે, એને સીમિત શબ્દોમાં ન મૂકી શકાય.

છેલ્લે,

નાદ બ્રહ્મ વિશ્વરૂપ

નાદ હી સકલ જીવરૂપ

નાદ હી કર્મ, નાદ હી ધર્મ

નાદ હી બંધન, નાદ હી મુક્તિ

નાદ હી શંકર, નાદ હી શક્તિ

નાદમ નાદમ સર્વં નાદમ

નાદમ નાદમ નાદમ નાદમ

ભાષાંતર : ધ્વનિ બ્રહ્મ છે, (as per original : ધ્વનિ બ્રાહ્મણ છે) બ્રહ્માંડની અભિવ્યક્તિ છે, ધ્વનિ સ્વયંને જીવનના પ્રત્યેક રૂપમાં અભિવ્યક્ત કરે છે, ધ્વનિ બંધન છે, ધ્વનિ મુક્તિ માટેનું સાધન છે, ધ્વનિ જ બાંધે છે, ધ્વનિ જ મુક્ત કરે છે, ધ્વનિ જ લાભકર્તા છે, ધ્વનિ પ્રત્યેક વસ્તુ પાછળની ઉર્જા છે. ધ્વનિ સર્વસ્વ છે. તમે જો તમારા અસ્તિત્વને એ ગીતમાં ભેળવી દો, તો એક વિશિષ્ટ ઊર્જા મળશે. એમાં તમે જો સ્વયં ને ખરેખર હોમી દો, તો એનામાં તમને એકાકાર કરી લેવાની શક્તિ છે.

**(મુંબઈ સ્થિત સેજલબહેન મણિબહેન નાણાવટી વિમેન્સ કોલેજના ગુજરાતી ભાષાના વિભાગાધ્યક્ષ છે. 'પ્રબુદ્ધ જીવન' ના તંત્રી છે. તેઓએ બે પુસ્તકો લખ્યા છે. 'મુઠ્ઠીભરની આઝાદી' અને "આંતરકૃતિઓ અને ગુજરાતીમાં તેનો વિનિયોગ", "ગુજરાતી પદ્યવિમર્શ : ફાગુ મારમાસી" અને "જૈન સાહિત્ય વિમર્શ" નું સંપાદન કર્યું છે.)**



# ૯ મંત્ર વિજ્ઞાન અને સૂરી મંત્ર

- સુરેશ ગાલા

## મંત્ર એ ધ્વનિનું વિજ્ઞાન છે

ધ્વનિના સ્પંદનો દ્વારા મંત્ર અસરકારી બને છે. શ્રી લાભશંકર પુરોહિત કહે છે કે મંત્રનું મંત્રત્વ ધ્વનિમાં છે, લિપિમાં નથી. ઓશો રજનીશજી કહે છે કે જેની પુનરુક્તિ શક્તિ અર્જીત કરે એ મંત્ર છે. મનનાત્ ત્રાયતે ઈતિ મંત્રઃ । સતત રટણ કરવાથી રટણ કરનારનું ત્રાણ અથવા રક્ષણ જે કરે એને મંત્ર કહે છે. મનની પાર લઈ જાય તેને મંત્ર કહે છે.

પ્રાચીન સમયમાં જૈન મંત્રસાધકો શ્રીં હ્રીં ધૃતિ કીર્તિ બુદ્ધિ અને લક્ષ્મી એમ છ દેવીઓની સાધના કરતા હતા. જૈન મંત્રસાધકો સોળ વિદ્યાદેવીઓ તથા તીર્થંકરોના શાસનદેવ અને શાસનદેવીઓની પણ સાધના કરતા હતા. આ સાધનાથી અનેક પ્રકારની સિદ્ધિઓ સાંપડે છે. દેવદેવીઓ મુખ્યત્વે ધર્મશાસનના અને આરાધકોના વિઘ્નો કે ઉપસર્ગો શાંત કરવાનું કાર્ય કરે છે. પરિણામે આરાધકો પોતાની આરાધના શાંતિથી કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી શકે. જૈન ધર્મના દેવદેવીઓ સાત્ત્વિક, સૌમ્ય અને

અહિંસક છે. આ સૂક્ષ્મદેહધારી દેવદેવીઓ સાથે મંત્ર દ્વારા એટલે કે ધ્વનિના સ્પંદનો દ્વારા અનુસંધાન થઈ શકે છે, જે અનુભૂતિનો વિષય છે. ઋષિમુનિઓએ યોગીઓને કે સંતોને સમાધિ અવસ્થામાં મંત્રનું દર્શન થાય છે. માટે તેઓ મંત્રના રચનાર નહીં પણ મંત્રદષ્ટા કહેવાય છે. મંત્રો બે પ્રકારના હોય છે - (૧) બીજમંત્ર (૨) નામમંત્ર.

બીજમંત્રમાં માત્ર અક્ષર હોય છે. દા.ત. હ્રીં શ્રીં ક્લીં આદિ આ અક્ષરનો કોઈ અર્થ હોતો નથી, પણ એના ધ્વનિના સ્પંદનોની અસર હોય છે. આ ધ્વનિના સ્પંદનોની **frequency** અને **wavelength** નો જે તે સ્તરના દેવી/દેવતાઓની **frequency** અને **wavelength** સાથે **Resonanse** થાય પરિણામે એ દેવી-દેવતાઓ સાથે મંત્રસાધકના અનુસંધાન થઈ શકે છે. ઓમ નમો શિવાય, શ્રી કૃષ્ણ શરણં મમ એ નામમંત્ર છે. જૈનોમાં નામમંત્ર લોગ્ગસ સૂત્ર છે. પેટરબાર સ્થિત શ્રી જયંતિલાલ મહારાજ સાહેબે એમના પુસ્તક 'તીર્થંકર નામમંત્ર ફલાદેશ' માં તીર્થંકરોના નામના રટણથી થતા લાભનું વર્ણન કર્યું છે, જે એમની અનુભૂતિ છે.

મંત્રસાધકમાં સાધકનો ચૈતન્ય, સાત્ત્વિકતા અને પવિત્રતા અગત્યની છે. મંત્રનો જપ કરતી વખતે ઓમકારનું પ્રથમ ઉચ્ચારણ કરવાનું વિધાન છે. દરેક મંત્રને ઓમકારનો સંપુટ જોઈએ. મંત્રજપથી ચૈતન્ય પર એક લિસોટો પડી જાય છે.

આપણી જિહ્વા પર ત્રણ પ્રકારની અશુદ્ધિઓ જોવા મળે છે -

(૧) ભોજનથી થતી (૨) અસત્ય બોલવાથી થતી (૩) કલહ અને ટીકાથી થતી.

મંત્રજપ કરતાં પહેલાં મુખશોધન કરી લેવું જોઈએ, અશુદ્ધ જિહ્વાથી મંત્ર ન બોલવા જોઈએ, મંત્રસાધના દ્વારા પશુત્વ છોડી દેવત્વમાં પ્રવેશાય છે.

કોઈપણ મંત્ર હોય તેમાં મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ પાંચ અંગો અગત્યના છે -

| | | |
|---|---|---|
| (૧) મંત્રઋષિ | - | મંત્રના દૃષ્ટા |
| (૨) મંત્ર છંદ | - | દા.ત. અનુષ્ટુપ આદિ |
| (૩) મંત્ર દેવી / દેવતા | - | દેવી / દેવતા સાથે અનુસંધાન |
| (૪) મંત્ર વિનિયોગ | - | મંત્ર શું કાર્ય કરશે ? |
| (૫) મંત્રન્યાસ | - | અંગન્યાસ, કરન્યાસ (સ્થાપન કરવું) |



મંત્રના અક્ષરો અંગત, પવિત્ર અને રહસ્યમય છે. મંત્રનું વર્ણાનાત્મક અને અર્થગત મૂલ્ય ઘણું ઓછું છે, પણ પરમ સાથેના તાર જોડવામાં ઘણું મૂલ્ય છે.

મંત્રમાં શક્તિમાન વર્ણ કે વર્ણસમૂહનું વારંવાર મનન કરવાથી સંસારના ક્ષયની શરૂઆત થાય છે.

અજ્ઞાનનો, તમસનો, જડતાનો આવા અનેક અંધકારો દૂર કરવાનો પ્રયાસ એટલે જ મંત્રસાધના. લેખક શ્રી સુભાષ ભટ્ટના શબ્દોમાં કહીએ તો મંત્રદષ્ટા ઋષિઓ શક્યતાઓના શિલ્પી હતા, અશક્યના ઈજનેરો હતા, અનંતના આંકડાશાસ્ત્રીઓ હતા અને અજ્ઞેયને ઓળખનારા હતા. મંત્ર દ્વારા જીવનઊર્જાનો પ્રવાહ સરળ, સાહજિક, અવિભાજિત અને અખંડ થઈ શકે છે. પરિણામે વિસંવાદિત ઊર્જાઓ સંવાદિત બને છે અને આનંદ પ્રગટે છે. મંત્રનો સૂક્ષ્મ મનોગત અને ભાવગત ઊર્જાઓ સાથે સંબંધ છે.

૨૫૦૦ વર્ષથી અખંડ ચાલતી જૈન પરંપરાના મૂળમાં આચાર્યોની સૂરિમંત્રની આરાધના છે. સૂરિમંત્ર અને તેની આરાધના ગોપનીય અને રહસ્યમય છે. સૂરિમંત્ર કલ્પ સમુચ્ચય ગ્રંથમાં નિમ્નલિખિત બીજાક્ષરોનો / શબ્દોનો ઉલ્લેખ છે, જેનો અર્થ નથી પણ એની અસર છે.

વગ્ગું વગ્ગું - ઈરિ્ કિરિ્ ગિરિ્ સિરિ્ હિરિ્ પિરિ્

ક્ષાં ક્ષીં ગ્રાં ગ્રીં હ્રાં શ્રાં શ્રીં હ્રીં

આ ગ્રંથના પાના નં. ૫૨ ઉપર શ્લોક નં. ૪૩૭ માં કુંડલિની ભુજંગાકૃતિ શબ્દ છે. શ્લોક ૪૩૮ માં આજ્ઞાચક્ર અને શ્લોક નં. ૪૪૦ માં શંભુ, બ્રહ્મા, વિષ્ણુનો ઉલ્લેખ છે. પાના નં. ૧૩૩ ઉપર હિલિ હિલિ કિલિ કિલિ શબ્દોનો ઉલ્લેખ છે. પાના નં. ૧૫૭ પર રેચક પૂરક - કુંભણ (કુંભકનો) ઉલ્લેખ છે.

સૂરિમંત્ર વિશે વિવરણ કરીશ.

# સૂરિમંત્ર

શ્વેતાંબર જૈન મૂર્તિપૂજક પરંપરામાં આચાર્ય માટે સૂરિ શબ્દ વપરાય છે. સ્થાનકવાસી જૈન અને દિગંબર જૈન પરંપરામાં આચાર્ય માટે સૂરિ શબ્દ વપરાતો નથી.

અભિધાન રાજેન્દ્રકોષમાં સૂરિ શબ્દનું વિવરણ આ પ્રમાણે દર્શાવ્યું છે.

સૂરિ = સૂર્ય ઉપાસ્ય તયા અસ્તિ અસ્ય

સૂરિ શબ્દને સૂર્ય ઉપાસના સાથે સંબંધ છે. ગોશાલકે ભગવાન મહાવીર પાસેથી પ્રાપ્ત કરેલી તેજોલેશ્યાની વિદ્યાનો સંબંધ સૂર્ય ઉપાસના સાથે હોઈ શકે એવો એક મત છે.

કેટલાક વિદ્વાનોનું માનવું છે કે સૂરિ શબ્દ ભગવાન મહાવીર પહેલાંથી જ જૈન પરંપરામાં પ્રચલિત છે કારણ કે કથાગ્રંથમાં ભગવાન નેમિનાથના સમયમાં કંદકસૂરિનો ઉલ્લેખ મળે છે.

કેટલાક વિદ્વાનોનું એમ માનવું છે કે સૂરિપટ અને સૂરિમંત્રની આરાધના આઠમી શતાબ્દી કે બારમી શતાબ્દીમાં પ્રચલિત થઈ છે. આચાર્ય માટે વપરાતા સૂરિ શબ્દ ચોથી શતાબ્દીમાં પ્રચલિત થયો છે. એની પહેલાં આર્ય, ગણિ, ક્ષમાશ્રમણ, સ્વામી સ્થવિર (પ્રાકૃતમાં થેરે) કે આચાર્ય શબ્દ પ્રચલિત હતા. કેટલાક વિદ્વાનોનું માનવું છે કે જૈન પરંપરામાં આચાર્ય શબ્દ આદિ શંકરાચાર્ય પછી પ્રચલિત થયો છે.

શબ્દકોષમાં સૂરિ શબ્દના ઘણા અર્થ મળે છે. દા.ત. સૂર્ય, વિદ્વાન, ડાહ્યો પુરુષ, ભક્ત આદિ. આપણે એમ કહી શકીએ કે આત્મજ્ઞાન અને શાસ્ત્રજ્ઞાનના તેજથી જે સૂર્ય સમાન ઝળહળે છે એ સૂરિ છે. એમનામાં શાસ્ત્રજ્ઞાન ઉપરાંત વ્યવહારિક ડહાપણ પણ છે કારણ કે એમના ઉપર સંઘ સંચાલનની જવાબદારી હોય છે, જેને માટે વ્યવહારિક ડહાપણ બહુ જ જરૂરી છે.

સૂરિમંત્ર ઉપર ઘણું સાહિત્ય રચાયું છે. મુનિશ્રી જંબુવિજયજી સંપાદિત



સૂરિમંત્ર કલ્પસમુચ્ચય ગ્રંથમાં નિમ્નલિખિત આચાર્યોએ સૂરિમંત્ર ઉપર રચેલા ગ્રંથો સમાવિષ્ટ કર્યા છે :-

(૧) આચાર્ય સિંહતિલકસૂરિ રચિત મંત્રરાજરહસ્ય ગ્રંથ જે ઈ.સ. ૧૨૭૧ માં રચાયેલો છે. આ ગ્રંથ ૬૨૬ ગાથાનો બનેલો છે. આ ગ્રંથમાં એ વખતે સૂરિમંત્રની પ્રસિદ્ધ અનેક આમ્નાયો (વિધિની પરંપરા) સંગ્રહિત છે.

(૨) જિનપ્રભુસૂરિવર રચિત સૂરિમંત્ર બૃહત્ કલ્પ વિવરણ

(૩) રાજશેખરસૂરિ વિરચિત સૂરિમંત્રકલ્પ

(૪) મેરુતુંગસૂરિ વિરચિત સૂરિમુખ્યમંત્રકલ્પ

(૫) અજ્ઞાતસૂરિકૃત સૂરિમંત્રકલ્પ

(૬) શ્રી દેવાચાર્ય ગચ્છીય સૂરિશિષ્ય રચિત દુર્ગપદવિવરણ

(૭) અચલગચ્છ આમ્નાય અનુસાર સૂરિમંત્રાદિવિચાર

શ્રી જંબુવિજયજીએ સલાહવિમર્શ કરી નક્કી કર્યું કે સૂરિમંત્રનું સાહિત્ય અનઅધિકારી વ્યક્તિઓના હાથમાં ન જાય તે માટે સૂરિમંત્ર કલ્પોનું ભાષાંતર આ ગ્રંથમાં પ્રગટ કરવું નહીં. જ્યાં જ્યાં સાવદ્ય પ્રયોગો દર્શાવ્યા હતા તે છાપવા નહીં. કારણ કે મંત્રોમાં અનેક મહાન શક્તિઓ છે. અભ્યુદય અને મોક્ષ માટે એ શક્તિઓનો યોગ્ય અધિકારીઓ દ્વારા યોગ્ય ઉપયોગ થાય એ જરૂરી છે. શ્રી જંબુવિજયજી પ્રસ્તાવનામાં લખે છે કે સૂરિમંત્ર અનેકાનેક અદ્‌ભુત શક્તિઓનો ખજાનો છે. એનો જુદા જુદા પ્રસંગે જુદી જુદી રીતે ઉપયોગ કરવાથી અતિમહાન કાર્યો સિદ્ધ કરી શકાતા હતા. એના બળથી શ્રી તીર્થંકર પરમાત્માએ સ્થાપેલું ધર્મશાસન સુંદર રીતે ચાલતું હતું. જ્ઞાન અને ચારિત્રના બળથી આચાર્યો શાસન ચલાવતા હતા. એ તો પ્રસિદ્ધ વાત છે પણ એમાં મંત્રસાધનાનો ઘણો મોટો હિસ્સો હતો.

શ્રી જંબુવિજયજી લખે છે કે શ્રી તીર્થંકર ભગવંતો પોતે જ ગણધરોને સૂરિમંત્ર આપે છે. એના દ્વારા અનેક વિદ્યાઓ, લબ્ધિઓ અને શક્તિઓ પ્રાપ્ત થઈ શકે છે.

એની ઘણી વિધિઓ પણ ગુપ્ત રાખવામાં આવે છે. ગુરુકૃપાએ એ જ મંત્રસિદ્ધિ માટે અમોઘ શક્તિ છે. મંત્રસિદ્ધિમાં આમ્નાય, વિધિની પરંપરા અને વિશ્વાસબાહુલ્ય અથવા શ્રદ્ધા એ બે મહાન સહકારી કારણો છે.

જૈન કથાગ્રંથમાં બે માનદેવસૂરિનો ઉલ્લેખ જોવા મળે છે. પ્રથમ માનદેવસૂરિ 'લઘુશાન્તિ' ના કર્તા તરીકે પ્રસિદ્ધ છે. બીજા માનદેવસૂરિ આચાર્ય સમુદ્રસૂરિના શિષ્ય અને હરિભદ્રસૂરિના ૧૪૪૪ ગ્રંથના રચયિતા હરિભદ્રસૂરિ નહીં પણ બીજા હરિભદ્રસૂરિ જેમનું બીજું નામ હરીલસૂરી કે હરીગુપ્તસૂરી પણ હતું. તેઓ હરિભદ્રસૂરિના ગુણનિધાન મિત્ર હતા. ઈ.સ. ૫૨૬ માં બીજા માનદેવસૂરિને સૂરિપદે સ્થાપ્યા હતા. તેમને તેમના ગુરુ તરફથી ચંદ્રકુળનો અને હરિભદ્રસૂરિ તરફથી વિદ્યાકુળનો એમ બે વાચનાસિદ્ધ સૂરિમંત્ર મળ્યા હતા. એવી કથા છે કે કાળક્રમે દારુણ દુષ્કાળ આદિના કારણે તેઓ બંને સૂરિમંત્ર વિસરી ગયા. તેમણે ગિરનાર તીર્થમાં અંબિકા દેવીને પ્રસન્ન કરી સીમંધર સ્વામી પાસેથી પુનઃ સૂરિમંત્ર પ્રાપ્ત કર્યો, જે અંબિકા મંત્ર તરીકે પ્રસિદ્ધ પામ્યો. (આધાર - બૃહદ્‌ગચ્છની સૂરીવિદ્યા પાઠની ૧૨ ગાથાની પ્રશસ્તિ પુષ્પિકા)

શ્વેતાંબર જૈન મૂર્તિપૂજક તપાગચ્છમાં કેટલીક પરંપરાઓમાં ૧૦૦૦ વર્ષથી શ્રી બપ્પભટ્ટિસૂરિની આમ્નાય પ્રમાણે સૂરિમંત્રની આરાધના આચાર્યો કરે છે. ગચ્છની ભિન્નતાને કારણે સૂરિમંત્રમાં થોડોક પાઠભેદ હોય છે. સૂરિમંત્ર સંસ્કૃતમાં છે છતાં એમાં પ્રાકૃત આદિ ભાષાના કેટલાક શબ્દો પણ છે.

બારમું અંગ દૃષ્ટિવાદ પૂર્વ કે જેમાં ૧૪ પૂર્વ હતા. એ પૂર્વમાં પ્રાણની સાધના, બીજમંત્રોની સાધના અને સૂરિમંત્ર અંગે માર્ગદર્શન હતું. એ બધું લુપ્ત થઈ ગયું છે. પરિણામે હાલમાં પ્રાપ્ત આગમગ્રંથોમાં સૂરિમંત્રની સાધના અંગેનો ઉલ્લેખ જોવા મળતો નથી.

૨૫૦૦ વર્ષથી ભગવાન મહાવીરની પરંપરા અખંડિત રૂપે ચાલી રહી છે. એના મૂળમાં આચાર્યના શીરે બહુ મોટી જવાબદારી હોય છે. તીર્થોની, જ્ઞાનભંડારોની



સકળ સંઘની રક્ષા થતી રહે, વૃદ્ધિ થતી રહે અને જૈન પરંપરા નિર્વિઘ્ને ચાલતી રહે એ માટે આચાર્યએ મંત્રોના અવલંબન લેવા પડતા હોય છે. આચાર્ય શાંતિમંત્ર, પુષ્ટિમંત્ર, વશીકરણ મંત્ર આદિ મંત્રોના જાણકાર હોય છે. આ મંત્રોનો ઉપયોગ આચાર્ય સ્વહિતના માટે ક્યારેય કરતા નથી. સંઘની રક્ષા, સુખાકારી અને સમૃદ્ધિ માટે જ આચાર્ય ગુરુ પરંપરાથી પ્રાપ્ત થયેલા મંત્રોનો ઉપયોગ કરે છે. આ મંત્રોના ઉપયોગની પાછળ આચાર્યનો આશય શુભ હોય છે. કોઈને પણ હાનિ થાય એવા મંત્રોનો ઉપયોગ આચાર્ય કરતા નથી.

શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરામાં જ્યારે આચાર્યપદ અપાય છે ત્યારે નવા આચાર્યને એમના ગુરુ સૂરિમંત્રનો પટ આપે છે. સૂરિમંત્રના પટમાં પાંચ પ્રસ્થાન હોય છે. પાંચ પ્રસ્થાનને પાંચ પીઠ પણ હોય છે.

આચાર્યએ દરરોજ ઉપરોક્ત પાંચ પ્રસ્થાનની (પીઠની) ગુરુપરંપરા અનુસાર વાસક્ષેપ દ્વારા પૂજા અને મંત્રો દ્વારા આરાધના કરવાની હોય છે. જૈન પરંપરામાં ભલે ૨૪ તીર્થંકરો થયા છે પણ અત્યારે ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીરનું શાસન પ્રવર્તે છે. હાલની જૈન પરંપરા ભગવાન મહાવીરને આભારી છે અને જૈન સાધુની પરંપરાનું મૂળ પ્રથમ ગણધર ગૌતમસ્વામી છે. માટે પહેલું પ્રસ્થાન કે પહેલી પીઠ ભગવાન મહાવીર અને એમના શિષ્ય પ્રથમ ગણધર ગૌતમ સ્વામીની છે. દેવતત્ત્વ (ભગવાન મહાવીર) અને ગુરુતત્ત્વ (ગૌતમસ્વામી) દ્વારા દૈવી તત્ત્વો સાથે અનુસંધાન સાધવા માટે વાસક્ષેપ દ્વારા પૂજા અને મંત્ર દ્વારા ભગવાન મહાવીર અને ગૌતમ સ્વામીની આરાધના આચાર્યએ કરવાની હોય છે.

બીજું પ્રસ્થાન કે બીજી પીઠ સરસ્વતી માતાની છે. સરસ્વતી માતાની વાસક્ષેપ દ્વારા પૂજા અને મંત્ર દ્વારા આરાધના કરવાથી આચાર્યની સ્મરણશક્તિ, વકતૃત્વશક્તિ, નિરીક્ષણશક્તિ અને પરીક્ષણશક્તિ વિકસે છે. આચાર્ય સ્વપર-દર્શનના જ્ઞાતા હોવા જરૂરી છે. આચાર્યએ અન્ય ધર્મોના આચાર્યોને પણ મળવું પડતું હોય છે. અન્ય ધર્મોના આચાર્યોને મળતી વખતે એ ધર્મોના દર્શનશાસ્ત્રનું જ્ઞાન આચાર્યને હોવું જરૂરી

છે કારણ કે અન્ય ધર્મોના આચાર્ય સાથેના વાર્તાલાપ દરમ્યાન આ જ્ઞાનને કારણે અને અનેકાંતદૃષ્ટિને કારણે સંવાદિતા સાધી શકાય છે, જે બહુ જ જરૂરી છે. આચાર્ય માટે ભીમકાંત ગુણોપેત શબ્દ આપણા શાસ્ત્રોમાં વપરાયો છે.

સંઘ વ્યવસ્થા બરાબર જળવાય, શિષ્યો પણ આમન્યામાં રહે, શિસ્તબદ્ધ જીવન જીવી શકે એ માટે જરૂર પડે તો આચાર્યએ ભીમ (કડક) ગુણનું પણ અવલંબન લેવું પડતું હોય છે. જરૂર પડે તો શિષ્યો સાથે, શ્રાવકો સાથે કે અન્ય મુલાકાતીઓ સાથે આચાર્યએ કાંત (મૃદુ) ગુણનું પણ અવલંબન લેવું પડતું હોય છે.

સરસ્વતી માતાની કૃપાને પરિણામે આચાર્યોના શબ્દો પાછળ અર્થ દોડે છે એટલે કે લોકહિતાર્થે, સંઘહિતાર્થે કે શાસનહિતાર્થે આચાર્ય જે શબ્દ ઉચ્ચારે છે એવું ઘટિત થાય છે. ભવભૂતિએ ઉત્તમરામચરિત નાટકમાં કહ્યું છે,

**ઋષિણામ પુનરાધ્યાનાં વાચમ અર્થો અનુધાવતિ.**

ઋષિઓની વાણીની પાછળ અર્થ દોડે છે. એટલે કે ઋષિ જે બોલે છે એ મૂર્ત થાય છે.

ત્રીજું પ્રસ્થાન કે ત્રીજી પીઠ ત્રિભુવનસ્વામિનીની છે. ત્રિભુવનસ્વામિનીની વાસક્ષેપ દ્વારા પૂજા અને મંત્ર દ્વારા થતી આરાધનાને પરિણામે આચાર્યનો પ્રભાવ ખૂબ જ વિસ્તરે છે. લોકો આચાર્ય પ્રત્યે પૂજ્યભાવ ધરાવતા થઈ જાય છે. ઘણા જૈન પરંપરાના યોગીઓ ત્રિભુવનસ્વામિનીની આરાધનાને કુંડલીની શક્તિની આરાધના તરીકે પણ જુએ છે, જેને પરિણામે આચાર્યનું તેજસ (સૂક્ષ્મ) શરીર ખૂબ જ પ્રબળ બને છે. તેજસ શરીરના બે મુખ્ય કાર્ય છે -

(૧) અનુગ્રહ (કૃપા) (૨) નિગ્રહ (શાપ)

સ્વહિતાર્થે નહીં પણ સંઘ સંચાલન માટે જરૂરી પડે ત્યારે આચાર્ય અનુગ્રહ અને નિગ્રહ કરવા સમર્થ હોય છે. અનુગ્રહ અને નિગ્રહમાં આચાર્યના વ્યક્તિગત



ગમા કે અણગમાનું બિલકુલ સ્થાન હોતું નથી, પરંતુ જૈન પરંપરા નિર્વિઘ્ને ચાલતી રહે એ જ લક્ષ્ય હોય છે. જૈન ધર્મનું ગૌરવ ખંડિત કરવાનો જાદુગર મહમદ છેલનો પ્રયાસ આચાર્યએ નિગ્રહ દ્વારા નાકામિયાબ બનાવ્યો હતો એ બહુ જાણીતો પ્રસંગ છે.

ચોથું પ્રસ્થાન કે ચોથી પીઠ લક્ષ્મીદેવીની છે. આચાર્યએ દરરોજ લક્ષ્મીદેવીની વાસક્ષેપ દ્વારા પૂજા અને મંત્ર દ્વારા આરાધના કરવાની હોય છે. સંપ્રદાય સાથે સંકળાયેલ વ્યક્તિઓ શુભ ભાવમાં રહી શકે, ધર્મ પ્રત્યે એમનું આકર્ષણ જળવાઈ રહે એ માટે આચાર્યએ સંઘના સંચાલક શ્રાવકોની સહાયતાથી ધાર્મિક ઉત્સવોનું આયોજન કરવું પડતું હોય છે. દેરાસરોના જીર્ણોદ્ધાર, જ્ઞાનભંડારોની જાળવણી આદિની વ્યવસ્થા પણ કરવી પડતી હોય છે. સંઘ જમણવાર અને પૂજનોના કાર્યક્રમોનું પણ આયોજન કરવું પડતું હોય છે. આ બધા આયોજન માટે ધનની જરૂર પડતી હોય છે. લક્ષ્મીદેવીની આરાધનાના પ્રતાપે આચાર્યોને આવા આયોજન માટે ભક્તિભાવે શુભ ભાવથી પોતાના ધનનો ઉપયોગ કરનાર શ્રાવકો મળી જતા હોય છે. શ્રાવકોની ધર્મભાવના અને દાનવૃત્તિ પાંગરતી રહે એ માટે આચાર્યોએ લક્ષ્મીદેવીની આરાધના કરવી પડતી હોય છે.

પાંચમું પ્રસ્થાન કે પાંચમી પીઠ ગણીપિટક યક્ષરાજની છે. આચાર્યએ દરરોજ ગણીપિટક યક્ષરાજની વાસક્ષેપ દ્વારા પૂજા અને મંત્ર દ્વારા આરાધના કરવાની હોય છે. શાસ્ત્રો ભણાવી શકે એવા સાધુને ગણી કહે છે. ગણધરોએ રચેલ દ્વાદશાંગીને (૧૨ અંગસૂત્રો) જે પેટીમાં રાખવામાં આવે છે એ પેટીને પિટક કહે છે. ગણી આવી પેટી પોતાની પાસે રાખે છે. માટે એને ગણીપિટક કહે છે. દ્વાદશાંગીના (૧૨ અંગસૂત્રો) રક્ષક દેવને ગણીપિટક યક્ષરાજ કહે છે.

હાલમાં ૧૧ અંગસૂત્રો ઉપલબ્ધ છે. ૧૨ મું અંગસૂત્ર ઉપલબ્ધ નથી.

વિધર્મીઓના આક્રમણ સામે, આગ લાગવી, પૂર આવવું કે ધરતીકંપ જેવી કુદરતી આપત્તિઓ સામે જૈન પરંપરાના ગ્રંથભંડારો સુરક્ષિત રહી શકે, દૈવી તત્ત્વો સહાયભૂત થાય એ માટે આચાર્યો ગણીપિટક યક્ષરાજની આરાધના કરતા હોય છે.

ચંદનના પાવડરમાં સુવાસિત દ્રવ્યો જેવાં કે બરાસ, કપૂર આદિ મેળવીને બનાવેલ પાવડર ભગવાનની મૂર્તિના અંગો પર ભાવપૂર્વક મૂકવામાં આવે એને વાસક્ષેપ પૂજા કરી કહેવાય છે. ગુરુ ભગવંતો પણ વંદન કરવા આવેલા શ્રાવકોના માથા પર વાસક્ષેપ કરી આશીર્વાદ આપે છે. પૂજ્ય કીર્તિચંદ્રમહારાજ સાહેબના (બંધુત્રિપુટી) મત પ્રમાણે મૂળમાં વાસક્ષેપ દ્વારા ગુરુ ભગવંતો શ્રાવકોમાં શક્તિસંચરણ (શક્તિપાત) કરતા હતા.

સૂરિમંત્રનો પટ અને સૂરિમંત્રના પટના પાંચ પ્રસ્થાનની આચાર્યો વાસક્ષેપ દ્વારા પૂજા અને મંત્રો દ્વારા આરાધના કરે છે અને દરરોજ ૧ થી ૧.૫ કલાકનો સમય આરાધના માટે ફાળવે છે. આ પરંપરા શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરાની વિશિષ્ટતા છે, જેના પરિણામે દૈવી તત્ત્વો સાથે અનુસંધાન સંધાય છે. સૂરિમંત્રમાં કેટલીયે નિગૂઢ અર્થવાળી પ્રક્રિયાઓ છે જે ગુરુ આમ્નાય, આરાધના અને અનુભવથી ગમ્ય છે. એ શાબ્દિક પાંડિત્યનો વિષય નથી.

કબીર સાહેબ કહે છે,

હમવાસી વા દેશ કે અવિનાશકા આન,<br>
દુઃખ સુખ વ્યાપે નહીં, સબદિન એક સમાન.<br>
હમવાસી વા દેશ કે બારહ માસ વિલાસ,<br>
પ્રેમ ઝરૈ વિકસૈ કમલ તેજપુંજ પરકાશ.

એવો દેશ (જેને જૈન પરંપરા સિદ્ધશિલા કહે છે) કે જ્યાં અવિનાશની ચાલ છે, જે સુખદુઃખથી પર છે, જ્યાં બધું પ્રેમમય છે છતાં નિર્લેપતા છે. જે સતત પ્રકાશિત છે એવા દેશની (પરમપદની) પ્રાપ્તિના એક માર્ગ એટલે જ મંત્રસાધના, સૂરિમંત્ર આરાધના.

**(મુંબઈ સ્થિત જૈન દર્શનના અભ્યાસુ સુરેશભાઈના નવ પુસ્તકો પ્રગટ થયા છે. તેઓ વિવિધ વ્યાખ્યાનમાળાઓમાં ચિંતનસભર પ્રવચનો આપે છે.)**



# ૧૦ સર્વતોભદ્ર સ્તોત્ર : એક અવલોકન

- ડૉ. રતનબેન ખીમજી છાડવા

પ્રત્યેક ધર્મદર્શનમાં ભગવાનભક્તિ હેતુ સ્તવન, સ્તોત્ર, સ્તુતિ, પ્રાર્થના, મંત્ર વગેરેનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે કારણ કે આરાધ્યના ગુણગાન, મહત્તા, અલૌકિકતા એના માધ્યમ દ્વારા જ વ્યક્ત કરી શકાય છે. જિનભક્તિ મુખ્ય ઉદ્દેશ્ય છે. જિનેશ્વર પ્રત્યે શ્રદ્ધા, અહોભાવ, પ્રેમભાવ કેળવવાનો અને તેમના વિવિધ ગુણોનું સ્મરણ કરી નિજ આત્મામાં તે ગુણો પ્રગટાવવા. તેથી જ ભક્તિમાર્ગમાં સર્વત્ર સ્તુતિ સ્તવન - સ્તોત્રનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે, હે ભગવન ! સ્તવ અને સ્તુતિરૂપ ભાવમંગલથી જીવ કયા લાભને પ્રાપ્ત કરે છે ? ત્યારે પ્રભુ મહાવીર કહે છે કે, સ્તવ સ્તુતિરૂપ ભાવમંગલથી જીવને જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વરૂપ બોધિ પ્રાપ્ત થતાં તે જીવ મોક્ષ મેળવવા યોગ્ય આરાધના કરી વૈમાનિક દેવ તરીકે ઉત્પન્ન થાય છે અને ભવાંતરમાં મોક્ષમાં જાય છે. શ્રી હરિભદ્રસૂરિએ ચતુર્થ પંચાશકમાં કહ્યું છે કે, સારભૂત સ્તુતિ, સ્તવનો, સ્તોત્રના અર્થાવબોધથી કલ્યાણકારી અધ્યવસાયો જાગે છે અને તેના સુંદર

ભાવો અર્થ ન સમજનાર એવા અજ્ઞાત લોકોના પણ કુશલ પરિણામો જગાડે છે. જેમ કે બીમાર વ્યક્તિ હોય તેના દર્દને શમાવે તેવા રત્નોના ગુણ જાણ્યા ન હોય છતાં તે રત્નો દર્દોને શમાવે તેમ પ્રશસ્ત ભાવ રચનાવાળા અજ્ઞાત ગુણવાળા સ્તુતિ - સ્તોત્રરૂપ ભાવરત્નો પણ કર્મરૂપી જ્વરને શમાવે છે.

શાસ્ત્રમાં સ્તોત્રના છ લક્ષણોનો ઉલ્લેખ બતાવ્યો છે. નમસ્કાર, આશીર્વાદ, સિદ્ધાંતપૂર્વકનું કથન, શૂરવીરતા આદિનું વર્ણન, ઐશ્વર્યનું વિવરણ તથા પ્રાર્થના. આ છ પ્રકારના લક્ષણવાળું સ્તોત્ર હોય છે, પરંતુ ક્યારેક કોઈ લક્ષણ ઓછું પણ હોય છે. સામાન્ય રીતે રચનામાં આ ધોરણ જળવાય છે. તેમાં મહાપુરુષોએ ગૂઢ તત્ત્વો (મંત્રો) એવી ખૂબીથી ગૂંથ્યા છે કે તેનો નિયમિત પાઠ કરવાથી અનેક જાતના લાભો થાય છે અને પ્રગતિનો માર્ગ ખૂલી જાય છે. મહાપુરુષોનું ભક્તહૃદય જ્યારે ઈષ્ટદેવના અલૌકિક મહિમાનું ભાવોલ્લાસ સાથે સ્તોત્ર રચે છે ત્યારે તે સ્તોત્ર કે સ્તુતિ સ્વયં જ મંગલકારી - કલ્યાણકારી બની જાય છે. આવું જ એક સ્તોત્ર... એટલે સર્વતોભદ્ર સ્તોત્ર (વિજય પહુત્ત સ્તોત્ર).

આ સ્તોત્રના રચનાકાર પરંપરાથી શ્રીમાન દેવસૂરિ માનવામાં આવે છે. આ સ્તોત્રની ઉત્પત્તિ સાથે એક પ્રાચીન ઘટના સંકળાયેલી છે.

ભગવાન નેમિનાથના સમયની વાત છે. ભગવાન નેમિનાથ સમવસરણમાં બિરાજમાન હતા ત્યારે તેમની અધિષ્ઠાયિકા અંબિકાદેવી ત્યાં આવી અને કહેવા લાગી કે હે પ્રભુ ! હું કેટલી ભાગ્યશાળી છું. વર્તમાનમાં આપની ઉપાસનાનો લાભ મળે છે અને આ ચોવીસીના આગામી તીર્થંકર પ્રભુ પાર્શ્વનાથ અને પ્રભુ મહાવીરના સાંનિધ્યનો લાભ પણ મળશે. શું પ્રભુ આના પહેલા મારા જેવી ભાગ્યશાળી કોઈ દેવી થઈ છે, જેને આવો મહાન પુણ્યનો અવસર પ્રાપ્ત થયો હોય ?

ત્યારે પ્રભુ નેમિનાથે એક અપૂર્વ રહસ્યનું ઉદ્‌ઘાટન કરતાં કહ્યું કે, દેવી ! ભગવાન અજિતનાથના સમયમાં મહાદેવી અજિતાને ૧૭૦ તીર્થંકરની એક સાથે



આરાધના કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો. આ ખુશીમાં તેણે એક દિવ્ય સ્તોત્રનું નિર્માણ કર્યું, જેનું નામ 'તિજય પુહુત્ત' સ્તોત્ર છે. આ સ્તોત્રનો મહિમા ૨૪ મા તીર્થંકરના શાસનમાં એમના નિર્વાણ પછી દુઃખનાશ, પાપનાશ, ભયનાશમાં તથા આત્મધ્યાનમાં ઉપયોગી થશે. યંત્રરૂપ આ સ્તોત્ર સૂર્ય-ચંદ્ર નાડી શુદ્ધિ સાથે પ્રવાહિત થવાવાળી પ્રાણધારાની પવિત્રતાનો સાક્ષી રહેશે.

આ અપૂર્વ સ્તોત્રનો મહિમા સાંભળી અંબિકાદેવીએ ભગવાન નેમિનાથને પૂછ્યું કે હે ભગવંત ! પરમાત્મા અજિતનાથના સમયમાં ૧૭૦ જિનેશ્વરોની વિદ્યમાનતા કેવી રીતે હતી ? ત્યારે પ્રભુએ તેનું સમાધાન કરતા કહ્યું કે તે સમયે ભરતક્ષેત્રમાં પાંચ તીર્થંકર, ઐરાવત ક્ષેત્રમાં પાંચ, તેમજ મહાવિદેહ ક્ષેત્રમાં ૧૬૦ તીર્થંકર હતા.આમ કુલ મળીને ૧૭૦ તીર્થંકરો થયા હતા. તે સમયે તીર્થંકર અજિતનાથથી પ્રભાવિત શાસનરક્ષિકા દેવી અજિતા હતી. પોતાની દૈવીય શક્તિથી તેણે તે સમયના તીર્થંકરોની પર્યુપાસના કરી હતી અને ફળસ્વરૂપે પ્રતિપ્રસાદ પ્રભાવના સ્વરૂપે તેણે એક યંત્રગર્ભિત, ચક્રગર્ભિત, નામગર્ભિત, અંકગર્ભિત, રહસ્યગર્ભિત સ્તોત્રની રચના કરી હતી. આ સ્તોત્રનું નામ સર્વતોભદ્ર સ્તોત્ર. સર્વતઃ અર્થાત્ ચારે તરફથી, ભદ્ર એટલે કલ્યાણકારી સ્તોત્ર. આ સ્તોત્રમાં સાધક સ્વયં યંત્રની મધ્યમાં રહીને અલિપ્ત બની સર્વથા સુરક્ષિત બની જાય છે. આ સર્વતોભદ્ર સ્તોત્ર સમયાંતરમાં 'સત્તરિસય' સ્તોત્રના નામથી પ્રસિદ્ધ થશે. એમાં ૧૭૦ તીર્થંકરોની સ્તુતિ હોવાથી એનું નામ 'સત્તરિસય થુત્તં' કહેવાશે. તીર્થંકર મહાવીરના શાસનમાં પરિવર્તન પામશે અને તેનું નામ પ્રથમ અક્ષરથી પ્રસિદ્ધ થશે. એનું પ્રથમ અક્ષર છે 'તિજય પહુત્ત'.

પ્રથમ અક્ષર સાંભળતા જ પ્રથમાક્ષર વિદ્યાસિદ્ધિવાળી અંબિકાને સંપૂર્ણ સ્તોત્ર આત્મસાત્ થઈ ગયો. આ સ્તોત્રનો ઉદ્‌ભવ પરમાત્મા અજિતનાથના સમયમાં થયો હતો. એનો આવિર્ભાવ પરમાત્મા નેમિનાથના સમયમાં થયો અને તેનો પ્રભાવ પરમાત્મા મહાવીરના શાસન પછી પણ રહેશે. પુણ્યપ્રભાવે આજે પણ એનો અનુભવ કરી પરિણામ પ્રાપ્ત કરી શકાય છે.

પરંપરાથી આ સાધનામય સ્તોત્ર હતો, પરંતુ શ્રી માનદેવસૂરિના સમયમાં શ્રીસંઘમાં વ્યંતરકૃત ઉપસર્ગ નિવારણાર્થે પ્રયોગમાં આવતા આ સ્તોત્ર ખૂબજ પ્રચલિત થયો. સમયની પ્રસિદ્ધમાં જનશ્રુતિથી આ સ્તોત્ર શ્રીમાનદેવ સૂરિની રચના માનવામાં આવે છે. જે પણ હોય એટલું તો ચોક્કસ છે કે આ સ્તોત્ર ખૂબજ અદ્‌ભુત છે.

## (તિજય પહુત્ત સ્તોત્રં) સર્વતોભદ્ર સ્તોત્ર

तिजय पहुत्तपयासय अट्ठमहापाडिहेरजुत्ताणं ।
समयविरक्तठिआणं सरेमि चक्कं जिणंदाणं ॥ १ ॥
पणवीसा य असीआ, पनरस पन्नास जिणवरसमूहो ।
नासेउ सयलदुरिअं, भवियाणं भत्तिजुत्ताणं ॥ २ ॥
वीसा पणयाला विय, तीसा पन्नतरी जिणवरिंदा ।
गहभूअरक्खसारणि थोरुवसग्गं पणासंतु ॥ ३ ॥
सत्तरि पणतीसा विय, सट्ठी पंचेव जिणगणो एसो ।
वाहि जल जलण हरि करि चोरारि महाभयं हरउ ॥ ४ ॥
पणपन्ना च दसेव च, पन्नट्ठी तह य चेव चालीसा ।
रक्खंतु में सरीरं, देवासुरपणमिआ सिद्धा ॥ ५ ॥
ॐ ह र हुं हः स र सुं सः ह र हुं हः तह्य चेवसरसुंसः
आलिहिय नामगब्भं चक्कं किंर सव्वओभद्दं ॥ ६ ॥
ॐ रोहिणि पन्नति, वज्जसिंखला तह य वज्ज अंकुसिया ।
चक्केसरि नरदत्ता, कालि महाकाली तह गोरी ॥ ७ ॥
गंधारी महज्जाला माणवि वइरुट्ट, तह य अच्छुता ।
माणसि महमाणसिआ, पिज्जादेवीओ रक्खंतु ॥ ८ ॥
पंचदसकम्मभूमिसु, उप्पन्नं सत्तरि जिणाणं सयं ।
विविहरयणाइवन्नो, वसोहिअं हरउ दुरिआई ॥ ९ ॥



चउतीसअइसयजुआ, अट्ठमहापाडिहेरकयसोहा ।
तित्थयरा गयमोहा, झाएअव्वा पयत्तेणं ॥ १० ॥
ॐ वरकणयसंखबिह म-मरगयघणसन्निहं विगहमोहं ।
सत्तरिसियं जिणाणं, सव्वामरपूइअं वंदे । स्वाहा ॥ ११ ॥
ॐ भवणवइवणवंतर जोइसवासी विमाणवासी अ ।
जे के वि दुट्ठदेवा, ते सव्वे उवसमंतु मम ॥ स्वाहा ॥ १२ ॥
चन्दणकप्पुरेणं फलए लिहिऊग खालिअं पीअं ।
एगंतराइगहभूअ साइणिमुग्गंपणासेइ ॥ १३ ॥
इय सत्तरिसयं जंतं, सम्मं मंतं दुवारि पीडिलिहिअं ।
दुरिआरि विजयवंतं, निष्भंत निच्चमच्चेहं ॥ १४ ॥

પ્રસ્તુત સ્તોત્રમાં ચૌદ ગાથા આપેલ છે. આ એક એવો સ્તોત્ર છે, જેમાં યંત્ર, મંત્ર અને તંત્ર ત્રણેય સાધના સમાયેલી છે. અન્ય સ્તોત્રોમાં પરમાત્મા અને તેની શાસનરક્ષક દેવી-દેવતાઓના નામ હોય છે, જ્યારે આ સ્તોત્રમાં સાધકનું નામ જોડી અનામી આત્મસ્વરૂપનો માર્ગ બતાવ્યો છે. નવાક્ષરી મંત્રમય આ સ્તોત્ર નાડી સંશોધન, પાપવિશોધન, રક્ષાકરણ તેમજ કષ્ટહરણના અદ્‌ભુત પ્રયોગરૂપે ખજાનો છે.

સ્તોત્રના પ્રારંભમાં જ આરાધ્ય એવા પરમાત્માના પ્રભુત્વ અને ઐશ્વર્યનું ગૂઢ રહસ્ય બતાવી યંત્ર (ચક્રના) ના માધ્યમે સર્વ ભક્તજનોને પરમાત્માનું સ્મરણ કરવાનો અધિકાર આપેલ છે.

પ્રથમ ગાથામાં 'સરેમિ' શબ્દ ગૂઢાર્થે પ્રયુક્ત થયો છે. સરેમિ અર્થાત્ સ્મરણ કરું છું. પરંતુ કોનું સ્મરણ કરવાનું છે ? જેનો મેળાપ થયો હોય તે યાદ આવે, અથવા તો જેનાથી છૂટા પડાયું હોય તે યાદ આવે, પરંતુ જેનો ક્યારે પણ મેળાપ થયો ન હોય તે કેવી રીતે યાદ કરી શકાય ! ત્યારે અહીં 'સરેમિ' શબ્દ એવો વિશ્વાસ ઉત્પન્ન કરાવે છે કે ૧૭૦ પરમાત્મામાંથી કોઈ એક સાથે મુલાકાત અવશ્ય થઈ છે. ભલે હમણાં

સ્થાન, નામ, સ્વરૂપ કાંઈપણ સ્મરણમાં નથી પણ મિલન અવશ્ય થયું છે અને સ્મરણથી સાધકની આત્મિક શક્તિ જાગૃત થતાં સ્મૃતિના પૃષ્ઠો ખૂલવા લાગે છે.

સ્મરણ માત્ર એક તીર્થંકરનું નહીં પરંતુ તીર્થંકરના સમૂહનું સ્તોત્ર પ્રમાણે ચક્ર કે યંત્રના માધ્યમે કરવાનું છે. ચક્ર અનેક રેખાઓનું બનેલું હોય છે. વર્તુળાકાર રેખાઓ દ્વારા ગતિ કરવાવાળા યંત્રને ચક્ર કહે છે. આપણું આભામંડળ પણ ચક્રાકારરૂપે છે. એમાં અસ્ત-વ્યસ્ત રેખાઓને ઉચિત અને વ્યવસ્થિત રેખાઓમાં આલેખી ૧૭૦ આભામંડળમાંથી જેની પણ સાથે સાધકનું આભામંડળનો મેળ થાય એ પરમાત્મા સાથે સાધકનું જોડાણ થઈ શકે છે.

એવી જ રીતે યંત્રનો ઉપયોગ પણ કરી શકાય છે. યંત્ર-મંત્ર અને તંત્રમાં યન્-મન્ અને તન્ શબ્દની સાથે 'ત્ર' જોડેલો છે. 'ત્ર' ના બે અર્થ થાય. એક તો રક્ષણ કરવું અને બીજો વિસ્તાર કરવું. મુશ્કેલીના સમયમાં રક્ષાના ઉપયોગમાં અને અન્ય સમયે ગતિ સહાયક થાય છે. તન-મન અને આત્માની શક્તિના વિસ્તાર માટે તેનો ઉપયોગ યુગોથી થાય છે. યન્ + ત્ર = યંત્ર. યન્નો અર્થ છે કોઈ સ્વરૂપની ધારણા કરવી. અહીં ૧૭૦ તીર્થંકરોની ધારણા કરવામાં આવી છે. એક સાથે ૧૭૦ તીર્થંકરનું સ્મરણ મુશ્કેલ હોવાથી મહાદેવી અજિતાએ તેને વ્યવસ્થિત અંકોમાં આબદ્ધ કર્યા છે, જેના માધ્યમથી આધિ-વ્યાધિ અને ઉપાધિ દૂર કરી શકાય છે.

પ્રસ્તુત સ્તોત્રની પ્રથમ ગાથામાં પરમાત્મા માટે ત્રણ વિશેષણનો ઉલ્લેખ થયો છે. જેમ કે (૧) તિજ્ય પહુત્ત પયાસય છે. જેમાં તિજ્ય પ્રથમ શબ્દ છે. તિજ્યનો અર્થ છે ત્રણના વિજેતા. કોઈને પણ જીતવા સામે પક્ષે બીજાની જરૂર પડે, પરંતુ પરમાત્મા તો સાધનાના ક્ષેત્રે એકલા જ ચાલ્યા છે. તો પછી પ્રભુએ શું જીત્યું ? સ્વયં ઉપર સ્વયંની જીત. આ જ જિનેશ્વરોની સાધનાનું રહસ્ય છે. એમની સાધનામાં ત્રણ ઉપર વિજયના અનેક રહસ્યો રહ્યા છે. (૧) મન - વચન - કાય રૂપ ત્રણ યોગ પર વિજય પ્રાપ્ત કરી અયોગી થયા. (૨) બાલ - યુવા - વૃદ્ધાવસ્થા ત્રણેય અવસ્થાઓ પર વિજય



મેળવી અવસ્થાતીત થયા. (૩) જન્મ - જરા - મૃત્યુ ત્રણ સ્થિતિ પર વિજય પ્રાપ્ત કરી અણાયુ બન્યા. (૪) ભૂત - ભવિષ્ય - વર્તમાન ત્રણ કાળ ઉપર વિજય મેળવી કાલાતીત થયા અને (૫) અધઃ મધ્ય - ઉર્ધ્વ ત્રણ લોક પર વિજય મેળવી લોકાતીત બન્યા. આમ, પ્રભુએ પાંચ ત્રિક ઉપર વિજય મેળવી તિજ્ય કહેવાયા.

બીજો શબ્દ છે 'પહુત્ત'. ઉપરોક્ત પાંચ ત્રિકના વિજયની પ્રભુતાને પ્રગટ કરવાવાળા જિનેન્દ્રનું આ પ્રથમ સંબોધન છે. 'પહુત્ત' અર્થાત્ પ્રભુત્વ, વૈભવ, વૈશિષ્ટ્ય. પ્રભુત્વ એનામાં જ પ્રગટે છે કે જે સર્વ જીવોને 'આત્મવત્ સર્વભૂતેષુ' ગણે તેમજ સર્વ જીવ માટે પરમ સુખની ચાહના કરે. આવી મહાન ભાવનાથી પ્રભુત્વ પ્રગટ થાય છે. ત્રીજો શબ્દ છે 'પ્રકાશક'. જિનેન્દ્ર પ્રભુત્વના પ્રકાશક પણ છે. અર્થાત્ પ્રભુત્વને પ્રગટ કરવાના રહસ્યોનું ઉદ્ઘાટન કરવાવાળા છે. જિનેન્દ્ર ફક્ત સ્વયં જ પ્રભુ બનીને નથી રહેતા, પરંતુ અન્ય અનેકોમાં પ્રભુત્વ પ્રગટ કરાવી ખરા અર્થમાં વિધાતા બને છે.

જિનેન્દ્ર પ્રભુનું બીજું વિશેષણ 'અષ્ટ મહાપ્રતિહાર્ય જુત્તાણં' છે. આઠ મહાપ્રતિહાર્યને દૈવીય રચના માનવામાં આવે છે, પરંતુ એનો પ્રકૃતિ સાથે અદ્ભુત સંયોગ રહેલ છે. નિસર્ગની વાસ્તવિકતા પ્રગટ કરવામાં રહસ્યનો ખજાનો છે. જો એને સર્વમાન્ય બનાવવામાં આવે તો પ્રદૂષણથી બચી શકાય છે. બીજો શબ્દ છે 'જુત્તાણં'. જુત્તાણં શબ્દમાં ઘણો સારગર્ભિત અર્થ રહેલ છે, જેનો અર્થ થાય છે - યુક્ત, જોડાયેલું. પ્રભુ અષ્ટ મહાપ્રાતિહાર્યો સહિત છે. વિજ્ઞાન અનુસાર કોઈપણ પદાર્થને તોડતાં જ જાઓ, અંતમાં જે અણુ રહે છે તે ઊર્જા છે, વિદ્યુતશક્તિ છે. જ્યારે પરમાત્માએ અસ્તિત્વની સાથે અસ્તિત્વને જોડ્યું. જેથી પદાર્થ ઊર્જા કરતાં અનેક ગણી ઊર્જા અસ્તિત્વમાં નિહિત બની. જે તોડે છે તે વિજ્ઞાન અને જોડીને મેળવે તે ભગવાન છે.

પરમાત્માનું ત્રીજું વિશેષણ 'સમયજિત્તહિયાણં' છે. અર્થાત્ સમય અને ક્ષેત્રમાં સ્થિત પરમાત્મા. ત્રીજું વિશેષણ અદ્ભુત છે. પરંપરાથી ૧૭૦ ની ગણતરીનું મૂળ બિંદુ પણ આને જ માનવામાં આવે છે. કાળથી અઢી શબ્દ અને ક્ષેત્રથી દ્વીપ લઈ અઢીદ્વીપ અર્થાત્ ૫ ભરત, ૫ ઐરાવત અને ૫ મહાવિદેહમાં સ્થિત અર્થાત્ સંયમ

સાધનામાં અનુભૂતિમય તીર્થંકર પરમાત્મા છે. આમ, જિનેન્દ્રના ત્રણ વિશેષણોનું સ્વરૂપ આધ્યાત્મિકતા પ્રગટ કરે છે.

પરમાત્મા માટે પ્રસ્તુત સ્તોત્રમાં 'જિન' શબ્દ પ્રયોગ વિશેષરૂપે રહેલ છે. જિન શબ્દ સામાન્ય અને વિશેષ બન્ને પરમાત્મા માટે વપરાય છે, પરંતુ આ સ્તોત્રમાં તીર્થંકરની અપેક્ષાએ 'જિન' શબ્દનો પ્રયોગ થયો છે.

પ્રસ્તુત સ્તોત્રમાં ગાથા ૨ થી ૫ માં યંત્રના અંકોની વિધિ આપી છે. ચારે ગાથામાં આપેલ અંકોનો સરવાળો ૧૭૦ જ થાય છે. ચારે ગાથામાં કોઈપણ અંકની પુનરાવૃત્તિ થતી નથી. તેમજ પ્રત્યેક ગાથાનું ફળ પણ ભિન્ન ભિન્ન આપેલ છે.

ગાથા ૬ માં અંકોની સાથે રહસ્યમય મંત્રોનું વિધાન આપેલ છે. આ મંત્રની સંખ્યા ૯ છે. એમાં ત્રણ વિભાગ છે. એક "ૐ" બીજો હરહુંહઃ અને ત્રીજો સરસુંસઃ પરંતુ લખવાની વિધિથી તેના ૧૬ અક્ષર થાય, જેને 'કરતલ મંત્ર' કહ્યો છે. જે સૂર્ય - ચંદ્ર નાડીના વિશેષ પ્રભાવથી અદ્‌ભુત રીતે જોડાયેલો છે. આ ગાથાની સર્વોત્તમ વિશેષતા એ છે કે અહીં સાધ્યની સાથે સાધકનું નામ પણ ગર્ભિત કરવામાં આવ્યું છે.

ગાથા ૭ અને ૮ માં સોળ વિદ્યાદેવીની નામ ગર્ભિત કરેલ છે. પરમાત્મા પાસેથી લૌકિક કામનાઓની યાચના અનુચિત સમજી અહીં સાધકને દેવીઓના આશ્રયે મૂકી ઇચ્છિતપૂર્તિ પૂર્ણ કરવાની યુક્તિ આપી છે. નિર્માત્રી દેવી અજિતા સ્વયં દેવી હતી. આ શક્તિદેવી સોળ પ્રમુખ વિદ્યાઓમાં શક્તિસ્વરૂપે વ્યાપ્ત હોવાથી અહીં સોળ નામ પણ આપ્યા છે.

ગાથા ૯ માં ૧૭૦ જિનેશ્વરોનો પંદર કર્મભૂમિમાં એકસાથે ઉત્પન્ન થવાનો અને વિચરણનો ઉલ્લેખ કરી પરમાત્માઓને દુઃખ હરનાર, અશુભનાશક બતાવી વિવિધ રત્નોના પ્રાકૃતિક વર્ણોથી સુશોભિત બતાવી વિવિધ રંગ ચિકિત્સાઓની અનેક ખૂબીઓનું રહસ્ય ગૂંથી લીધું છે.

ગાથા ૧૦ માં ત્રણ વિશેષણો દ્વારા પરમાત્માના આંતરિક અને બાહ્ય બન્ને ઐશ્વર્યનો ઉલ્લેખ કરી, પરમાત્મા સ્વયં મોહરહિત બતાવી ધ્યાનનું અનિવાર્ય તત્ત્વ



ગણાવી સાધકને પિંડસ્થ ધ્યાનથી પ્રારંભ કરાવી રૂપાતીત ધ્યાન સુધી 'ગયમોહા' શબ્દ દ્વારા શબ્દાતીત સ્થિતિ સુધીની યાત્રા દર્શાવી છે, પ્રયત્ન કે પ્રયાસ દ્વારા ધ્યાન કરવાની વિશેષ પદ્ધતિથી આ સ્તોત્રમાં આધ્યાત્મિક રહસ્યની કૂંચી બતાવી છે. ધ્યાન સાધના છે. સમાધિ કે અવસ્થા સ્થિતિ છે. અવસ્થા સુધી પહોંચવા માટે ધ્યાન એક વ્યવસ્થા છે.

ગાથા ૧૧ માં સોનું, શંખ, મૂંગા, પન્ના અને નીલમ જેવા પાંચ ઉત્તમ પદાર્થો દ્વારા વિશેષ વર્ણોનો ઉલ્લેખ કરી સાધકને ધ્યાન માટે વર્ણની પસંદગીનો અવસર આપ્યો છે. આ પાંચ ઉત્તમ પદાર્થોમાં વિશિષ્ટ પ્રકારના ગુણધર્મો હોવાથી તેનું મહત્ત્વ વિશેષરૂપે રહ્યું છે. ભૌતિક દૃષ્ટિથી ગ્રહપીડા મુક્તિનો ઉપાય પણ બતાવ્યો છે.

ગાથા ૧૨ માં દૈવીય તત્ત્વોથી થવાવાળા ઉપદ્રવોના નિવારણના હેતુ રૂપે ઉપાય દર્શાવેલ છે. દેવોની ચાર પ્રકારની જાતિનો ઉલ્લેખ કરી એમની સાથે વૈરભાવની શાંતિ હેતુ એમને ઉપશાંત કરવાની ભાવના વ્યક્ત કરી છે.

ગાથા ૧૩-૧૪ માં મંત્ર અને યંત્રથી ગર્ભિત સ્તોત્રની તાંત્રિક વિધિ આલેખી સમાપ્તિનું આયોજન કર્યું છે. તેમજ સ્તોત્રના અંતમાં 'निब्भंत' અને 'निच्चमच्चेह' શબ્દ દ્વારા વિશ્વાસ અને પ્રેરણા પ્રદાન કરે, કરાવે છે. 'निब्भंत' અર્થાત્ ભ્રાંતિ રહિત - સંદેહ રહિત થઈ, 'निच्चं' એટલે નિત્ય - પ્રતિદિન, 'अच्चेह' અર્થાત્ આરાધના કરવી. શ્રદ્ધાપૂર્વક પ્રભુભક્તિથી એકત્વની અનુપમ અનુભૂતિની પ્રાપ્તિ થઈ શકે છે.

પ્રસ્તુત સ્તોત્રમાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ ધ્વનિ, અંક, વર્ણ જેવી અનેક ચિકિત્સાઓનો ખજાનો રહેલ છે, પરંતુ આ સ્તોત્ર અને યંત્રનો મુખ્ય ઉદ્દેશ્ય તો આત્મરક્ષા અને સત્ત્વરક્ષા જ છે. રક્ષાના બાધક બે તત્ત્વ છે - ભય અને ઉપસર્ગ અને એનું કારણ પૂર્વજનિત પાપકર્મ છે. જો પાપનો ઉદય ન હોય તો ન ભય લાગે કે ન ઉપસર્ગ આવે, પરંતુ ભય અને ઉપસર્ગની અસર શરીર ઉપર પડે છે. એટલા માટે દેહરક્ષા હેતુ એનું નિવારણ પણ જરૂરી છે. આમ, સર્વ રક્ષાથી સત્ત્વરક્ષા સુધી લઈ જનાર સર્વતોભદ્ર સ્તોત્ર પોતાના નામને પણ સાર્થક બનાવે છે.

સર્વતોભદ્ર એક દિવ્ય સ્તોત્ર છે. સ્તોત્ર નિરંતર પ્રવાહિત થતો જ રહે છે. જેમ જળનો સ્તોત્ર પાત્રમાં સંચય કરવાથી પાત્રના આકારમાં પરિણત થાય તેમ આ દિવ્ય સ્તોત્ર શાંતિનો પ્રવાહ છે. પ્રત્યેક સાધકની શક્તિ અને આવશ્યકતા અનુસાર તેનો પ્રવાહ પરિણત થઈ જાય છે.

**(મુંબઈ સ્થિત ડૉ. રતનબેન 'જૈન પ્રકાશ' ના તંત્રી છે. શ્રાવક કવિ ઋષભદાસ પર 'વ્રત વિચારરાસ' પર શોધ પ્રબંધ લખી Ph.D. કરેલ છે. હસ્તપ્રતોના સંશોધન અને જૈન સાહિત્ય સત્રોમાં ખૂબ રસ લે છે.)**

સંદર્ભગ્રંથ :-

દિવ્ય સ્તોત્ર સર્વતોભદ્ર, સાધ્વી ડૉ. દિવ્યપ્રભા



## ૧૧ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સ્તોત્ર

- ડૉ. પાર્વતીબેન ખીરાણી

દિવ્ય, ભવ્ય જૈન પદ્ય સાહિત્યમાં અનેક પ્રકારમાંનો એક પ્રકાર છે સ્તોત્ર. સ્તોત્ર શબ્દ સ્તુ = વખાણવું ધાતુથી બન્યો છે, જેનો અર્થ થાય છે સ્તુતિ વાક્ય. ભગવાનની દિવ્ય વિભૂતિ - રૂપસૌંદર્ય, સામર્થ્ય, શ્રેષ્ઠતા આદિથી ભક્તનું હૃદય કુતૂહલ અને આશ્ચર્યથી પરિપૂર્ણ બની જાય છે ત્યારે અંતઃકરણની પ્રેરણાથી જે કાવ્યમય સ્તુતિ રચાઈ જાય છે એને સ્તોત્ર કહે છે. સ્તોત્રની ભાષા આરાધકના ભાવની ભાષા હોય છે. પોતાના સુખદુઃખ, રાગ-દ્વેષ, હર્ષ-વિષાદ, આસક્તિ-વિરક્તિ, કુતૂહલ, આશ્ચર્ય, ઉદ્વેગ, ભય વગેરે ભાવનાઓને પ્રભુચરણમાં ન્યોછાવર કરીને કોઈપણ કટાક્ષની ભાષા વગર હૃદયસ્થિત ભાવનાઓનું શાબ્દિક ઝરણું વહેવા લાગે છે. અર્થાત્ ભાવનાઓ અક્ષરદેહ ધારણ કરે છે એને સ્તોત્ર કહે છે.

આ સ્તોત્ર અનેક પ્રકારના છે જેમ કે શ્રી આદિનાથ સ્તોત્ર (ભક્તામર સ્તોત્ર), શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર, શ્રી ઘંટાકર્ણ સ્તોત્ર, શ્રી પાર્શ્વનાથ સ્તોત્ર, શ્રી જિનવાણી સ્તોત્ર,

શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર, શ્રી ષડ્દશ સતી સ્તોત્ર, શ્રી ગૌતમસ્વામી સ્તોત્ર, શ્રી ચતુર્વિંશતિ સ્તોત્ર, શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સ્તોત્ર ઈત્યાદિ અનેક સ્તોત્ર પ્રાપ્ત થાય છે.

આ બધા સ્તોત્રમાંથી મારે કયું સ્તોત્ર પસંદ કરવું એની મીઠી મૂંઝવણ થવા લાગી ત્યારે યુવાવસ્થામાં કંઠસ્થ કરેલું, પરંતુ અત્યારે વિસ્મૃત થઈ ગયેલ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સ્તોત્રનો પ્રથમ શ્લોક મારા મનમાં પ્રતિધ્વનિત થવા લાગ્યો. જાણે મને કહેતો ન હોય કે વિચારે છે શું ? આ સ્તોત્રના ભાવ જ ઉજાગર કર અને પસંદગીનો કળશ આ સ્તોત્ર પર ઢોળાઈ ગયો.

આ એક સંસ્કૃત ભાષામાં ૧૧ શ્લોકમાં રચાયેલ અદ્‌ભુત, અલૌકિક, વિલક્ષણ ભાવોથી ભરપૂર સ્તોત્ર છે. એમાં આધ્યાત્મિક શક્તિની અનુભૂતિ સહ આનંદરસ ઉભરાય છે. જેમના પદાર્પણથી ધરામાં કસ અને ધાન્યમાં રસની વૃદ્ધિ થઈ જાય તથા રોમરાજિ અને વનરાજિ પુલકિત થઈ ઉઠે તેમજ દુર્ભાવને હટાવનારો પ્રભાવ પ્રસરી જાય એવા તીર્થંકર પરમાત્મા ચિંતામણિની ઉપમા આપીને કવિએ ચમત્કૃતિ સર્જી છે.

એના શીર્ષકમાં રહેલા ચિંતામણિના અર્થ માટે ભગવદ્‌ગોમંડળમાં જોયું તો એક અર્થ ઈષ્ટદેવ, મહાદેવ = દેવાધિદેવ, પરમેશ્વર કર્યો છે. તો બીજો અર્થ એક કલ્પિત રત્નનો છે, જે એક અદ્‌ભુત ચીજ છે કે જે ચિંતવેલું આપે છે. ચિંતાનો એક અર્થ ચિંતન છે એટલે જેનું ચિંતન કરીએ એ પ્રાપ્ત કરાવે એવો મણિ અથવા તો પારસમણિ. આ બધા અર્થ ભૌતિક સુખની કામના દર્શાવે છે, જ્યારે આ સ્તોત્રમાં તો હવે કોઈ દ્રવ્યલાલસા બાકી નથી એનું ચિંતન વ્યક્ત થયું છે. સાથોસાથ શુદ્ધ ભાવલાલસાનું સુંદર નિરૂપણ થયું છે. એ જોતાં ખ્યાલ આવે છે કે તીર્થંકરો તો પારસમણિ કે ચિંતામણિથી પણ અધિક મૂલ્યવાન દિવ્યમણિ છે, મહામણિ છે. ચિંતામણિથી તો ફીઝીકલી (ભૌતિક) ફેરફાર થાય છે, જ્યારે તીર્થંકરોના માહાત્મ્યથી કેમિકલી (રાસાયણિક) ફેરફાર થાય છે. ફીઝીકલી ચેન્જ ટેમ્પરરી હોય છે જ્યારે કેમિકલી ચેન્જ પરમેનન્ટ હોય છે.



ચોવીસે તીર્થંકરો એકસરખી આત્મલક્ષ્મીવાળા હોવા છતાં પ્રભુ પાર્શ્વનાથની પ્રબળ પુણ્યરાશિને કારણે એમનો મહિમા અઢળક ગવાયો છે. અનેકો એમનાથી પ્રભાવિત થાય છે, જેનાથી રચયિતા પણ બાકાત નથી રહ્યા. માટે એમણે આ સ્તોત્ર દ્વારા પાર્શ્વનાથની ગુણગરિમાનું ગાન ગાયું છે.

**કર્તા :-** જો કે એના રચયિતાનો કોઈ પરિચય કે નામ પ્રાપ્ત થતું નથી, પરંતુ અંતિમ શ્લોકમાં આવેલા 'શિવપદ' નો અર્થ જો નામોદ્યોતક હોય તો શિવમુનિ કે શિવાચાર્ય જેવા કોઈ પ્રખર પ્રતિભાવને આ અનુપમ, અનુત્તર, અલૌકિક સ્તોત્રની રચના કરી હોય એમ પ્રતીત થાય છે.

**મંગલાચરણ :-** કોઈપણ સર્જક પોતાની કૃતિ રચે તો પહેલા મંગલાચરણ કરે છે, પરંતુ અહીં કોઈ મંગલની પ્રસ્તુતિ કર્યા વગર આરાધ્યના શરીરને લક્ષ્ય કરીને શુભારંભ કર્યો છે. દેવાધિદેવોનું શરીર વિશ્વના સર્વશ્રેષ્ઠ પુદ્‌ગલોથી જ બને છે, જે ઓછું મંગલ નથી અને જો અન્ય રીતે મૂલવીએ તો આખું સ્તોત્ર જ મહામાંગલિક રૂપે છે. એમાં રહેલા અદ્‌ભુત ભાવોને સંક્ષિપ્તમાં પ્રગટ કરવા એટલે રેતીમાં રત્ન, બિંદુમાં સિંધુ, દીવામાં દિવાકરના દર્શન કરાવવા સમાન કાર્ય છે.

किं कर्पूरमयं सुधारसमयं किं चन्द्ररोचिर्मयं,
किं लावण्यमयं महामणिमयं कारुण्य केलिमयम् ।
विश्वानंदमयं महोदयमयं शोभामयं चिन्मयं
शुक्लध्यानमयं वपुर्जिनपतेर्भूयाद् भवालम्बनम् ॥ १ ॥

સ્તોત્રના આ પ્રથમ શ્લોકમાં આત્મા સ્થૂળદૃષ્ટિથી શરીરમાં રહે છે. માટે પ્રભુના શરીરનું રોચક વર્ણન છે. દેહથી દેહી (આત્મા) સુધી પહોંચવાની યાત્રા શરૂ થાય છે. સંસારી જીવોની ઓળખ શરીરથી થાય છે. કોઈપણ સંસારી જીવ શરીર વગરનો હોતો જ નથી. તીર્થંકર પણ એમાંથી બાકાત ન હોય. અલબત્ત, એમનું શરીર સંસારના સમસ્ત જીવોમાં અત્યંત દેદીપ્યમાન, તેજસ્વી, ઓજસ્વી, આકર્ષક હોય છે અને આપણી દૃષ્ટિ પણ પ્રથમ દેહ પર જ પડે છે. તેથી અહીં કવિએ પણ 'वपुः जिनपतेः'

કહીને તીર્થંકરના શરીર માટે ૧૧ વિશેષણોની સરિતા વહાવીને આશ્ચર્યજનક ચતુરાઈ બતાવી છે. તે ૧૧ વિશેષણ આ પ્રમાણે છે. (૧) કપૂર જેવું સુગંધી (૨) સુધા = અમૃતનો આસ્વાદ કરાવનાર (૩) ચંદ્રની ચાંદની જેવું શીતળ (૪) લાવણ્ય યુક્ત (૫) મણિની જેમ નિરંતર પ્રકાશ આપનાર (૬) કરુણાસભર (૭) વિશ્વને પ્રચૂર આનંદ આપનાર (૮) મહોદય એટલે સૂર્યોદયની જેમ અજ્ઞાનરૂપ અંધકાર દૂર કરનાર (૯) દ્રવ્ય ભાવ બંનેથી શોભાયમાન (૧૦) ચિત્ત = નિર્મળ જ્ઞાન સહિત (૧૧) સર્વશ્રેષ્ઠ શુક્લધ્યાનવાન. આ ૧૧ વિશેષણોમાં 'મય' શબ્દનો ઉપયોગ કરીને અદ્‌ભુત છટા ઊભી કરી છે.

પ્રભુના દર્શનથી જ કેવા ભાવવિભોર બની જવાય છે. એવી વિલક્ષણતા રજૂ કરીને આનંદની અગિયાર ભક્તિ સરિતાઓમાં ડૂબકી મરાવીને પવિત્ર કરવાનો પુરુષાર્થ આરંભ્યો છે.

આગળ વધીને બીજા શ્લોકમાં યશોગાનના વિલક્ષણ ભાવને સ્પર્શ કરે છે. પ્રભુનો યશરૂપી હંસ પાતાળ, ધરા, આકાશ એટલે કે અધો, તિર્ચ્છો અને ઊર્ધ્વ એ ત્રણે લોકરૂપ બ્રહ્માંડમાં વિચરણ કરે. હંસ પાણીમાં રહે છે, જમીન પર પાપા પગલી માંડે છે તો આકાશમાં ઉડે પણ છે. આમ, હંસની ઉપમાથી એક અનોખા રસની અનુભૂતિ કરાવી છે તેમજ છાયાવાદની ઝલક પ્રગટ કરી છે.

આ પદ દ્વારા ભક્તિની પરાકાષ્ઠા વ્યક્ત થઈ છે. કવિ માત્ર દેહદર્શનથી તૃપ્ત નથી થયા, પરંતુ ગુણગાન દ્વારા અસીમ ભક્તિનું પ્રદર્શન કર્યું છે.

ત્રીજા શ્લોકમાં પાર્શ્વચિંતામણિ એટલે કે પ્રભુ પાર્શ્વનાથ પોતે જ ચિંતામણિ છે અને એમનું નામ પાર્શ્વચિંતામણિ રાખવામાં આવ્યું છે. એમની વ્યાપક ગુણ- ગરિમા પ્રગટ કરવામાં આવી છે. આમાં ચિંતામણિ પાર્શ્વચિંતામણિની ઉપમા આવી છે. આ શ્લોકમાં ચિંતામણિનો ભિન્ન ભિન્ન વિરાટ પ્રભાવ પ્રદર્શિત કર્યો છે. જ્યાં સુધી બાહ્ય પુણ્યમય સાધન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મોક્ષની સાધના દુર્લભ છે. ચિંતામણિને સુરેન્દ્રવૃક્ષ, કલ્પવૃક્ષ કહીને પુણ્યમય ભાવોની પ્રાપ્તિનું સાધન કહીને મુક્તિની નિસરણી



પણ બતાવ્યું છે. આમ કહીને કવિ ચિંતામણિના એક એક પાસાને ઉજાગર કરી રહ્યા છે. એક એક સોપાન પર આરૂઢ થઈને ચિંતામણિના અદ્‌ભુત ગુણોનું આખ્યાન કરતા કહે છે કે ચિંતામણિ સર્વગુણસંપન્ન છે, છતાં વિશેષ ગુણોની અભિવ્યક્તિનું સાહસ કર્યું છે. અહીં એક વ્યવસ્થિત ક્રમિક ઉત્ક્રાંતિના ભાવ પ્રગટ કર્યા છે.

ચોથા શ્લોકમાં ચિંતામણિ પાર્શ્વનાથનું વાસ્તવિક રૂપ કેવું છે એનું રહસ્યોદ્‌ઘાટન કર્યું છે.

श्री चिंतामणिपार्श्व विश्व जनता संजीवनस्तवं मया ।
दृष्टतात ! ततः श्रियः सम भवन्नाश क्रमा चक्रिणम् ॥
मुक्तिः क्रीडती हस्तयोर्बहुविधं सिद्धं मनोवच्छितं ।
दुर्देव दुरितं च दुर्दिन भयं कष्टं प्रणष्टं मम ॥ ४ ॥

અર્થાત્ - હે તાત ! (હે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ) સંપૂર્ણ વિશ્વના જીવનરૂપ, સચ્ચિદાનંદ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જ્યારથી મને આપના દર્શન થયા છે, ત્યારથી જ ઈન્દ્રદેવ તથા ચક્રવર્તી પર્યંતની સમૃદ્ધિ મને પ્રાપ્ત થઈ છે. મારા હસ્તમાં જ મુક્તિરૂપી દેવી ક્રીડા કરી રહી છે, મારી વિવિધ પ્રકારની મનની અભિલાષાઓ સિદ્ધ થઈ છે અને મારું દુર્દેવ, મારું દુઃખ તથા મારી દરિદ્રતાનો ભય સમૂળગો નાશ પામ્યો છે.

આ શ્લોકમાં ચિંતામણિના દર્શનથી મુક્તિ હાથવેંતમાં જ છે એનું બેખૂબ દિગ્દર્શન કર્યું છે. પાર્શ્વનાથ પ્રભુ સ્વયં ચિંતામણિ છે, જેમના સ્મરણથી અઘરામાં અઘરી પરિસ્થિતિથી પણ પાર ઉતરી જવાય છે.

આગળ વધીને પાંચમા શ્લોકમાં ચિંતામણિ પાર્શ્વનાથનો અધિક પ્રભાવ વ્યક્ત કર્યો છે. પ્રતાપવાન સૂર્ય સમ બતાવીને મોહરૂપ અંધકારનો નાશ કરનારા બતાવ્યા છે અને પછી છઠ્ઠી ગાથામાં શરીરને લક્ષ્ય કરીને બતાવ્યું કે સૂર્ય બાલ્યાવસ્થામાં હોવા છતાં, વિશ્વવ્યાપી અંધકાર દૂર કરવા સમર્થ છે. કલ્પવૃક્ષનો એક અંકુર દરિદ્રતાનો નાશ કરવા સમર્થ છે. સિંહનું બચ્ચું હાથીઓને હંફાવવા સમર્થ છે. અગ્નિનો એક દાહ જથ્થાબંધ કાષ્ઠનો નાશ કરી શકે છે. અમૃતનું એક બિંદુ રોગ મટાડે છે, એમ

આપનું શરીર ત્રણે જગતના દુઃખો હણવા સમર્થ છે. આ આખા પદમાં દાર્શનિક સિદ્ધાંત 'પરમાણુવાદ' ઉજાગર થયો છે.

અર્થાત્ અણુ અને મહત્‌ની પ્રક્રિયાનો ગૂઢાર્થ ચરિત થાય છે. પરમાણુવાદની પ્રક્રિયામાં નાના નાના નથી અને મોટા મોટા નથી. અણુ અને મહદ્ બંને એકબીજા સાથે સંબંધ રાખે છે અને સમગ્ર વિશ્વ અણુથી મહત્ અને મહત્‌થી અણુ એ પ્રકારની સંઘટન, વિઘટનની ચક્કીમાં પિસાઈને ભિન્ન ભિન્ન દૃશ્યમાન સ્વરૂપને પ્રગટ કરે છે. સમગ્ર વિશ્વલીલાનો આવિર્ભાવ થાય છે અને પુનઃ વિલુપ્ત થવાથી એમાં બધા દૃશ્ય તિરોહિત થઈ જાય છે. ભગવદ્‌ગીતામાં કહ્યું છે 'अव्ययतात् व्यवते भवति एवं व्यवतात् अव्ययतं भवति ।' અર્થાત્ અપ્રગટથી પ્રગટ અને પ્રગટથી અપ્રગટ. બીજથી વૃક્ષ અને વૃક્ષથી બીજ પ્રગટ થાય છે અને વૃક્ષ વિલુપ્ત થઈને પરમાણુની સૃષ્ટિમાં જતો રહે છે. જૈન તત્ત્વજ્ઞાનમાં આ પ્રક્રિયાની બહુ વિશદ્‌રૂપે વ્યાખ્યા કરવામાં આવી છે. પરમાણુથી દ્વિપ્રદેશી સ્કંધ, ત્રિપ્રદેશી, ચતુર્પ્રદેશી યાવત્ સંખ્યાત, અસંખ્યાત, અનંત પ્રદેશી સ્કંધો અને મહાસ્કંધ પણ બને છે અને ફરીથી તે જ સ્કંધો વિખરાઈને પરમાણુમાં પ્રવર્તિત થઈ જાય છે.

સાતમાં શ્લોક દ્વારા મંત્રનો મહિમા ગાયો છે. ૐ હ્રીં શ્રીં વગેરે બીજમંત્રો છે, જેનો શ્રદ્ધાપૂર્વક જાપ કરવામાં આવે તો મહાફળની પ્રાપ્તિ થાય છે. શ્રીં અને હ્રીં જે બે પ્રબળ શક્તિ છે જેનો બીજમંત્રોમાં આચાર્યોએ ઉલ્લેખ કર્યો છે. બંને શક્તિઓને આ ચિંતામણિ મંત્રમાં સંયુક્ત કરીને મંત્રની મહાનતા પ્રગટ કરી છે.

આઠમા શ્લોકમાં એ જ ચિંતામણિ મંત્રનું આલંબન લઈને એક વિશેષ વિશિષ્ટ સાધનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મુનિઓ માટે ત્યાગ વૈરાગ્યનો માર્ગ જ શ્રેષ્ઠ હોવા છતાં ચંચળ મનને વશ કરવા માટે અને આંતરિક શક્તિઓને જાગૃત કરવા માટે ભિન્ન ભિન્ન પ્રકારના યોગીજનોએ વિલક્ષણ પ્રયોગ કર્યો છે. એમ છતાં જૈન જપસાધનામાં હિંસાત્મક ભાવ અને તમોગુણનો અભાવ છે.



સ્ત્રગ્ધરા છંદમાં રચાયેલ નવમા શ્લોકમાં તો અમંગલ તત્ત્વોના પરિહારથી શું પ્રાપ્ત થઈ શકે એનો નિર્દેશ છે. કવિએ સ્વયં વ્યવહારિક અનુભવોના આધારે વિપરીત ફલદાયી ચૌદ પ્રતિકૂળતાનું વર્ણન કર્યું છે. રોગ, શોક, ક્લેશ, દુશ્મનનો ઉપદ્રવ, મૃગી, ભૂકંપ, વ્યાધિ, અસમાધિ, દુષ્ટ આચરણ, પુણ્યહીનતા, શાકિની-ભૂત-પિશાચનો ઉપદ્રવ, વાઘ-હાથીનો પ્રહાર, સર્પાદિકના દંશ વગેરે અમંગલ નષ્ટ થાય છે. આ રીતે કવિએ સંભવતઃ જેટલા અમંગલ છે એના વિષય માટે ચિંતામણિને એક ઉત્તમ સાધન માન્યું છે.

માત્ર અમંગલના પરિહારથી જ સુખની પ્રાપ્તિ થતી નથી, પરંતુ ચિંતામણિ પાર્શ્વનાથની સ્તુતિ કરવી જરૂરી છે. એનાથી જ આનંદની પ્રાપ્તિ થાય છે તેમજ કલ્પવૃક્ષ, પારસમણિ, કામધેનુ આદિ અલૌકિક પદાર્થ પ્રાપ્ત થાય છે. બ્રહ્માંડમાં - વિશ્વસત્તામાં એક શુભ શક્તિ પ્રવાહિત થાય છે. એની ઉપલબ્ધિ થાય છે. આમ ૧૦ મી ગાથામાં સ્તોત્રના મહિમાનું પ્રાગટ્ય કર્યા પછી કવિ અંતિમ અગિયારમાં શ્લોકમાં એનો સાર શું છે એ બતાવ્યું છે.

इति जिनपतिपार्श्व पार्श्वः पार्श्वाख्य यक्षः ।<br>
पदालीतदूरितौधः प्रीणितप्राणी सार्थः ॥<br>
त्रिभुवनजनवांच्छा दान चिंतामणिर्वाः ।<br>
शिवपद तरुवीजं बोधिबीजं ददातु ॥ ११ ॥

અર્થાત્ - આ પ્રમાણે જિનપતિ પાર્શ્વનાથ ભગવાનની પાસે રહેનારો પાર્શ્વ નામનો યક્ષ, જેના પાપકર્મો નષ્ટ થઈ ગયા છે અને જે ત્રણે ભુવનની વાંચ્છા પૂરવામાં ચિંતામણિ સમાન છે, તે મોક્ષપદરૂપી વૃક્ષનું બીજરૂપ સમકિત મને અર્પણ કરો.

પદના પ્રારંભમાં ઈતિ શબ્દ ગાંભીર્યપૂર્ણ છે. ઈતિ સમાપનવાચી પણ છે અને સાટવાચી પણ છે. વ્યાકરણમાં ઈતિ શબ્દ અસીમ ભાવોનો પ્રદર્શક છે. અહીં કવિએ ઈતિ કહીને આગળના દશ શ્લોકોનું સંપૂર્ણ આખ્યાન કરી દીધું છે. ચિંતામણિનો મહિમા પૂર્ણરૂપથી પ્રગટ કરી દીધો છે. ચિંતામણિના ગુણોની સીમા નથી. અસીમ

કલ્યાણકારી આ પદને સમાપ્ત કરતા કવિશ્રીએ જે કહેવું હતું તે કહી દીધું. હવે કાંઈ બાકી રહ્યું નથી. આ મહાપદની અહીં ઈતિશ્રી થઈ રહી છે, જે અસ્ખલિત શુભ ભાવોની ગંગોત્રી છે. આ કોઈ જડ ચિંતામણિ નથી, પરંતુ આ મહાપદના આરાધ્યદેવ સ્વયં પાર્શ્વનાથ ભગવાન છે કે જેમની કૃપાથી આ ચિંતામણિ પ્રગટ થયું છે. જે પ્રભુ સ્વયં આત્મવિજેતા છે, ક્ષાયિક ભાવોના અધિષ્ઠાતા છે. અનંતજ્ઞાન - દર્શન - શક્તિના ધારક છે તે જ જિનપતિ કહેવાય છે. જિનપતિરૂપ હિમાલયથી જ જૈન સંસ્કૃતિરૂપ ગંગા પ્રવાહિત થઈ છે.

જૈનધર્મનું મૂળ લક્ષ્ય મુક્તિ પ્રાપ્ત કરવાનું છે. માટે કવિએ પણ આમાં 'શિવપદ' દ્વારા સમાપન કરીને સાધ્ય તરીકે મોક્ષને સિદ્ધ કર્યું છે, જે આત્મબોધથી ભરેલા નૈતિક જીવનનું ઉદ્‌બોધન કરે છે. જે ભારતીય સંસ્કૃતિની અમોલ નિધિ છે.

**ઉપસંહાર :-** આ સંપૂર્ણ સ્તોત્ર ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. પ્રારંભમાં આધ્યાત્મિક ભાવોનો અદ્‌ભુત ઉન્મેષ છે, જેને આ સ્તોત્રનું હાર્દ ગણી શકાય. એ જ ભૂમિકા પર માનવને પીડામુક્ત કરવા માટે આગળ વધીને મંત્રયંત્રનો પણ નિવેશ કર્યો છે. મંત્રશક્તિને પરમાત્માની દિવ્યમૂર્તિની સાથે સંલગ્ન કરતા કરતા યંત્રની પણ સ્થાપના કરી છે. ખૂબજ આત્મવિશ્વાસ સહ ભવિષ્યમાં થવાવાળી સિદ્ધ સ્થિતિની પ્રતીક્ષા ન કરતાં વર્તમાનમાં જ પોતાના હાથમાં મુક્તિ રમણ કરી રહી છે કહીને અલૌકિક આરાધનાના પરમ સુખની અનુભૂતિ પ્રગટ કરી છે.

પ્રત્યેક પદોમાં ક્રમશઃ ઉપમાઓની સાથે સાથે સાર્થક ઉત્ક્રાંતિ ક્રમ પણ પ્રગટ થયો છે. તેમજ શબ્દસૌંદર્ય સહિત અલંકારોની ઝડી વરસાવી છે. પ્રત્યેક ભાવ અલંકારપૂર્ણ છે. કેટલીક જગ્યાએ ક્લિષ્ટતા પણ છે છતાં વારંવાર ઉચ્ચારણ કરવાથી જીભ પર સંસ્થાપિત થઈને સ્મૃતિસરિતા બની જાય છે તથા ભિન્ન ભિન્ન સ્વરોમાં ગાઈ શકાય એ માટે સ્વર પ્રભાવનું પણ ધ્યાન રાખ્યું છે. જ્યાં જે સ્વર જરૂરી લાગ્યો એ પ્રમાણે શાર્દૂલવિક્રિડિતમ્, સ્ત્રગ્ધરા અને માલિની છંદનો સમજપૂર્વક પ્રયોગ થયો છે. પ્રત્યેક વાર ગાવાથી ભિન્ન ભિન્ન ભાવોને પ્રતિફલિત કરે છે. આ શ્લોક સંસ્કૃત ભાષામાં



રચાયેલો છે અને સંસ્કૃત ભાષામાં અર્થ અને ધ્વનિ સંકળાયેલા હોય છે. દા.ત. આપણે અંગ્રેજી ભાષામાં 'ટૂ' શબ્દનું ઉચ્ચારણ કરીએ ત્યારે એ ધ્વનિથી સ્પષ્ટ નથી થતું કે આમાં કયા 'ટૂ' થી વાત થાય છે ? to તરફ માટે, too પણ માટે અને two બે માટે પણ હોય છે. આમ, એનો સ્પેલિંગ અલગ હોય છે. જે લખવાનો હોય છે એનાથી કયો શબ્દ છે એ સ્પષ્ટ થતું નથી. માટે લખવું એ મહત્ત્વનું નથી. જ્યારે ધ્વનિ ઉચ્ચારણ થાય ત્યારે ધ્વનિ સાથે અમુક અર્થ જોડાઈ જાય છે. બંને એકબીજાના પૂરક બને છે અને કયા સંદર્ભમાં કયો શબ્દ છે એ સ્પષ્ટ થઈ જાય છે. માટે સંસ્કૃતમાં ભાષા શીખવાડાય ત્યારે રટણ માટે કંઠસ્થ કરીને શીખવાડાય છે, જેથી ધ્વનિની સાથે અર્થ પણ ખ્યાલમાં આવી જાય. માટે ધ્વનિ અર્થ કરતાં વધુ મહત્ત્વનો છે. એ ધ્વનિ જાગૃતિપૂર્વક બોલાય તો એક વિશિષ્ટ પ્રકારની ઊર્જા સક્રિય થાય છે, જેથી શક્તિશાળી સાધન બની શકે. જેનાથી અનેક લાભ થઈ શકે.

આજે આધુનિક વિજ્ઞાન પણ સાઉન્ડ ઈફેક્ટને માને છે, જેનાથી વૃક્ષ, પર્વત વગેરે તૂટી જાય. તો આ સ્તોત્ર લયબદ્ધ, છંદ પ્રમાણે ગાવામાં આવે તો અનંત કર્મોના ભૂકા બોલી જાય. સકારાત્મક, વિધેયાત્મક ઊર્જા ઉત્પન્ન થાય છે. તન-મનમાં શાંતિ પમાડે છે. આમ, આખા શ્લોકનું વિહંગાવલોકન કરતાં ખ્યાલ આવે છે. આ કાવ્યમાં ભાવ અને કલાપક્ષનો મણિકાંચન યોગ સર્જાયો છે.

**(મુંબઈ સ્થિત ડૉ. પાર્વતી નેણશી ખીરાણી M.A., Ph.D. જૈન સિદ્ધાંત આચાર્ય શ્રાવક કવિ ઋષભદાસ રચિત 'જીવવિચાર રાસ' પર સંશોધન કરીને Ph.D. કર્યું છે. તેઓ છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડમાં ઉપપ્રમુખ છે તથા અધ્યયન, અધ્યાપન, સંશોધન, લેખન, હસ્તપ્રત, લિપ્યાંતર વગેરે પ્રવૃત્તિઓમાં રસ ધરાવે છે.)**

સંદર્ભગ્રંથ :-

(૧) जयंतमुनिश्री विवृत्त श्री चिंतामणि पार्श्वनाथ स्तोत्र, संपादक - गुणवंत बरवालिया

(૨) શ્રી જૈન સ્તુતિ, સંગ્રાહક - રાજેન્દ્રભાઈ વાડીલાલ

(૩) ભગવદ્‌ગોમંડલ, કર્તા - ભગવતસિંહજી

# ૧૨ મંત્રની પરિભાષા, પ્રાપ્તિ અને પ્રભાવ

- ડૉ. છાયા પી.શાહ

**મંત્રની પરિભાષા :-**

'સ્વર' જેવા કે અ, આ, ઇ, વગેરે તથા 'વ્યંજન'ક, ખ, ગ વગેરે આમ તો સાવ સામાન્ય લાગે છે, પરંતુ એ સ્વર અને વ્યંજનમાં અચિંત્ય શક્તિ રહેલી છે. તેનામાં ધારી અસર ઉપજાવવાનું બળ, કાર્ય નિપજાવવાનું સામર્થ્ય ગુપ્ત રીતે રહેલું છે. વ્યાકરણ શાસ્ત્રીઓએ આ વાત સિદ્ધ કરીને બતાવી છે. જેમ કે ''ર'' એ અગ્નિબીજ છે. ૧૦૦૦ વાર 'ર' બોલવાથી શરીરનું ઉષ્ણતાપમાન ૧ ડીગ્રી વધે છે. દીર્ઘ 'ઈ' બોલવાથી નાક વાટે કફ નીકળી જાય છે. હ્રસ્વ 'ઇ' બોલવાથી આનંદની લાગણી પ્રગટે છે. યોગીપુરુષો પોતાની દિવ્ય દૃષ્ટિથી આ સ્વર અને વ્યંજનોનું વિવિધ રીતે સંયોજન કરી મંત્રાક્ષરો બનાવે છે. આ રીતે મંત્રાક્ષરો બને છે. આ થઈ પ્રથમ પરિભાષા.

પંચાશક સૂત્રમાં મંત્રની પરિભાષા બતાવતા કહ્યું છે, "मंत्रो देवाधिष्ठितोऽसाधनो वाङ्मरेचना विशेषः" અર્થાત્ મંત્ર એટલે દેવાધિષ્ઠિત અક્ષરસમૂહ અથવા જેની સાધના કરવી ન પડે તેવી અક્ષરોની રચનાવાળો સમૂહ.



જેની આદિમાં 'ॐ' કાર હોય અને અંતમાં 'સ્વાહા' હોય તેવો હ્રીં કાર આદિ વર્ણવિન્યાસવાળો મંત્ર કહેવાય છે.

ॐकाराधि स्वाहापर्यंतो ह्रींकारादिवर्णविन्यासात्मकस्तं ।

- ઉત્ત. બૃ.વૃ., અધ્ય. ૧૫, પૃ. ૪૧૭

પાઠ કરવા માત્રથી સિદ્ધ અથવા પુરુષ (દેવ) જેનો અધિજ્ઞાયક હોય તે મંત્ર.

पाठमात्रसिद्धः पुरुषाधिष्ठानो वा मंत्र ।

- ધ.સં. અધિ ૩

જ્ઞાન અને રક્ષણ તેનાથી નિશ્ચયથી થાય છે માટે તેને મંત્ર કહે છે.

ज्ञानरक्षणे नियमाद् भवत् इति कृत्वा मंत्र उच्चत्ते ।

- ષોડ. ૭, યશોભદ્રસૂરિ કૃત વિવ. પત્ર ૩૯ એ

મંત્ર પ્રાચીન પવિત્ર સંપત્તિ છે. ઉપનિષદ્, યોગશાસ્ત્ર, મહાનિર્વાણતંત્ર, મંત્રવ્યાકરણ, વેદ, રૂદ્રયાગલ ઈત્યાદિ અનેક પૌરાણિક ગ્રંથોમાં પ્રચંડ પ્રજ્ઞાના સ્વામી એવા વિદ્વાનોએ મંત્રની પરિભાષા આપી છે તે આ પ્રમાણે છે.

નિરુકતકાર વ્યાસ મુનિએ કહ્યું છે 'મન્ત્રો મનનાત્'. 'મંત્ર' શબ્દનો પ્રયોગ મનના કારણે થયેલો છે. તાત્પર્ય એ કે જે શબ્દો-વાક્યો વારંવાર મનન કરવા યોગ્ય હતા તેના પર મનન કરતા ઋષિ-મુનિઓને આ વિશ્વનું વિરાટ સ્વરૂપ સમજાયું અને પરમ તત્ત્વનો પ્રકાશ લાધ્યો તેથી તે મંત્ર કહેવાયા. જૈન ધર્મનું 'પંચાગસૂત્ર' અને બૌદ્ધોની 'ત્રિશરણ પદરચના' આ જ દૃષ્ટિએ ઉત્કૃષ્ટ મંત્ર તરીકે ઓળખાઈ છે.

પિંગલામત (તંત્રગ્રંથ) માં કહ્યું છે,

'મનન' એટલે સમસ્ત વિજ્ઞાન અને 'ત્રાણં' એટલે સંસારના બંધનથી રક્ષણ. આ બંને કાર્યો સારી રીતે સિદ્ધ કરે તે 'મંત્ર'.

પંચકલ્પભાષ્ય નામના જૈન ગ્રંથમાં લખ્યું છે, ''જે પાઠ સિદ્ધ હોય તે મંત્ર.''

મંત્રવ્યાકરણમાં લખ્યું છે, જે મંત્રવિદો વડે ગુપ્ત પ્રમાણે બોલાય તે મંત્ર.

ગુપ્ત પરિભાષણાર્થક 'મંત્રિ' ધાતુમાંથી 'મંત્ર' શબ્દ બનેલો છે. એટલે તેનો અર્થ 'ગુપ્તભાષણ' થાય છે. મંત્રસંપ્રદાય એવા છે કે જ્યારે ગુરુ શિષ્યોને મંત્રદીક્ષા આપે ત્યારે તેનો કાન ફૂંકે. એટલે તેના કાનમાં મંત્ર બોલે.

પાર્વતીજીએ પ્રશ્ન કર્યો કે, 'હે સદાશિવ, મંત્ર કોને કહેવાય ?' તેનો ઉત્તર આપતા સદાશિવ એટલે કે શંકરે કહ્યું, 'હે પ્રિય ! મનન અને પ્રાણથી મારા સ્વરૂપનો અવબોધ થવાથી તેમજ મારા અધિષ્ઠાનથી તે સમ્યક્‌પણે મંત્ર કહેવાય છે.'

લલિતસહસ્ર નામની ટીકામાં કહ્યું છે, 'જે મનન, ધર્મથી પૂર્ણ અર્હતા સાથે અનુસંધાન કરીને આત્મામાં સ્ફૂરણાઓ ઉત્પન્ન કરે છે તથા સંસારનો ક્ષય કરનારા ત્રાણ ગુણવાળો છે તે મંત્ર કહેવાય છે.'

મીમાંસા મત અનુસાર જે વેદવાક્ય દ્વારા કોઈપણ ધર્મ કરવાની પ્રેરણા પ્રાપ્ત થાય તે મંત્રપદ બને છે.

મંત્ર એટલે વિશિષ્ટ મનન વડે, મંત્રના વર્ણો વડે મનનું સંકલ્પ - વિકલ્પોથી થતું રક્ષણ.

મંત્રમાં શબ્દશક્તિ, પુરુષશક્તિ અને પ્રત્યયની સાથે અભેદબુદ્ધિ જરૂરી છે. તે બધાનો અભેદ થવાથી મંત્ર પોતાનું કાર્ય કરે છે.

મંત્રની રચના ગમે તે મનુષ્ય કરી શકતા નથી. જેને આર્ષદૃષ્ટિ પ્રાપ્ત થઈ છે, જેઓ આગમ-નિગમનો ભેદ જાણે છે અને જેઓ મંત્રવિદ્યાના તમામ રહસ્યોથી પરિચિત છે એવા પુરુષો જ મંત્રની રચના કરી શકે છે.

મંત્ર એટલે અમુક પ્રકારના અક્ષરોની સંકલના. જેમ આકર્ષણ વિદ્યુતના સમાગમથી તણખો ઉત્પન્ન થાય તેમ જુદા જુદા સ્વભાવવાળા અક્ષરોની યથાયોગ્ય રીતે સંકલના - ગૂંથણી કરવાથી કોઈ અપૂર્વ શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે. એ તો જાણીતી વાત છે કે મહાપુરુષોએ ઉચ્ચારેલા સામાન્ય શબ્દોમાં પણ અદ્‌ભુત સામર્થ્ય રહેલું છે, તો પછી ઉદ્દેશપૂર્વક વિશિષ્ટ વર્ણોની સંકલનાથી યોજેલા પદોના સામર્થ્યની તો



વાત જ શી ? આવા મંત્રપદોના રચયિતા જેટલે અંશે સંયમ અને સત્યના પાલક હોય એટલે અંશે વિશિષ્ટતા સંભવે. તેથી જ મંત્રની પરિભાષા પરિવર્તન કરવામાં આવે તો તે મંત્રની ગરજ સારી શકે નહીં.

સ્ત્રી દેવતાથી અધિષ્ઠિત હોય તે 'વિદ્યા',
પુરુષ દેવતાથી અધિષ્ઠિત હોય તે 'મંત્ર'.

**મંત્રની પ્રાપ્તિ :-**

મંત્રની પ્રાપ્તિ એટલે મંત્રને સિદ્ધ કરવો, મંત્રને સફળ કરવો. આ પ્રાગટ્ય કરવા માટે કેટલીક જરૂરિયાતો હોય છે. એ પરિપૂર્ણ કર્યા પછી જ મંત્ર સિદ્ધ થાય છે.

સૌ પ્રથમ જૈન અને જૈનેતર બધા જ ગ્રંથો એ વાતે સર્વસંમત છે કે જે મંત્ર સિદ્ધ કરવો હોય તેના જે અધિષ્ઠાયક દેવ હોય તેના પ્રત્યેની શ્રદ્ધા અનન્ય કોટિની હોવી જોઈએ.

વળી, આ મંત્ર ગુરુ દ્વારા પ્રદત્ત આમ્નાય પ્રાપ્ત થયેલો હોવો જોઈએ. જો આ વસ્તુ ના હોય તો મંત્ર ફળદાયક થતો નથી. પછી ભલે તે મંત્રનો તેના માટે વિદિત કરેલો જાપ યા તપ આદિ કરવામાં આવે.

વિધિનો ઉલ્લેખ કરતા કહેવાય છે કે શરીરને સુખ થાય એવા આસને બેસી, ઓષ્ટપુટને જોડેલું રાખી, નાસિકાના અગ્ર ભાગ ઉપર નેત્રયુગલને સ્થાપી, દાંતો પરસ્પર સ્પર્શ ન કરે તેવી રીતે રજોભાવ અને તમોભાવથી રહિત એવું પ્રસન્ન વદન રાખી, ભ્રૂચાલન વગેરેથી રહિત થઈ, પૂર્વાભિમુખ, ઉત્તરાભિમુખ યા જિનપ્રતિમાને અભિમુખ બની, પ્રમાદનો ત્યાગ કરી, શરીરને સીધું અને સરળ રાખી ધ્યાનનો પ્રારંભ કરવો જોઈએ.

મંત્ર આરાધનામાં સ્થાન એ મહત્ત્વની વસ્તુ છે. મંત્રવિજ્ઞાનમાં લખ્યું છે કે શિવજી કહે છે કે ઘરમાં કરેલો જાપ એકગણું ફળ આપે પણ ગૌશાળામાં કરેલું ધ્યાન સો ગણું ફળ આપે, પવિત્ર ઉદ્યાનમાં કરેલા જાપનું ફળ હજાર ગણું, પવિત્ર પર્વત ઉપર

જાપનું ફળ દશ હજાર ગણું, નદીપટ પરના જાપનું ફળ લાખ ગણું અને દેવાલયમાં કરેલા જાપનું ફળ કરોડ ગણું હોય છે.

જાપના સમય માટે સૂર્ય ઉગતા પહેલાની એક ઘડી અને સૂર્યાસ્ત પહેલાની એક ઘડી ઉત્તમ કાળ કહેવાયો છે. ત્રિસંધ્યાનો સમય પણ ઉત્તમ છે. એક સ્થાન અને એક સમયે જ રોજ જાપ કરવો જોઈએ. જાપ કરતી વખતે આસન, વસ્ત્ર સફેદ રંગના રાખવા. જાપ બાબતમાં આચાર્ય હરિભદ્રસૂરિજીએ 'યોગબિંદુ'માં એમ કહ્યું છે કે ચિત્તની ગતિ વિચલિત થવા માંડે ત્યારે જાપનો ત્યાગ કરવો. વિશ્રાંતિ લેવાથી જાપમાં સારી પ્રવૃત્તિ થાય છે.

**મંત્રનો પ્રભાવ :-**

ઉપરોક્ત વિધિ પ્રમાણે મંત્ર ગણવામાં આવે તો તે અવશ્ય પ્રભાવ બતાવે છે. પ્રભાવક ચરિત્રમાં એવો ઉલ્લેખ છે કે એક વખત કર્મની વિચિત્રતાના યોગે માનતુંગસૂરિજીને મગજનો રોગ થયો. તેમણે અનશન કરવા માટે શ્રી ધરણેન્દ્રનું સ્મરણ કર્યું. ધરણેન્દ્રએ કહ્યું કે હજુ તમારું આયુષ્ય બાકી છે. આપનું આયુષ્ય ઘણા લોકોને ઉપકારક છે. એમ કહી અઢાર અક્ષરનો મંત્ર સમર્પણ કર્યો, જેના પ્રભાવથી તેઓ સંપૂર્ણપણે નીરોગી થયા. આ મંત્ર વિસહર ફૂલિંગ મંત્ર તરીકે પ્રસિદ્ધ થયો. કેટલાક સ્તોત્રો પણ મહાપ્રભાવક પૂર્વાચાર્યો દ્વારા રચાયેલા હોવાથી સ્તોત્રો જ મંત્ર સ્વરૂપ થઈ જાય છે. તેથી તે સ્તોત્રનો એકાગ્ર મનથી કરાયેલો પાઠ સમસ્ત આપત્તિઓનું નિવારણ કરે છે. ઉવસગ્ગહરમ્, સંતિકરમ્, ભક્તામર, લઘુશાંતિ વગેરે સ્તોત્રો મંત્રસ્વરૂપ છે.

વર્તમાનમાં જોઈએ તો 'નમસ્કાર મહામંત્ર' ના પ્રભાવથી અનેક લોકોના રોગ, આપત્તિ નાશ પામે છે. એના ઘણા ઉદાહરણો પ્રાપ્ય છે.

ઉવસગ્ગહરમ્ સ્તોત્ર જે મંત્ર સમાન છે તેના પ્રભાવથી મૃત્યુના મુખમાં ગયેલ આચાર્ય નમ્રમુનિ બચી ગયા. સ્વસ્થ જીવન પામ્યા અને શાસનની અનેક રીતે પ્રભાવના કરી.



નમિઉણ સ્તોત્રમાં વેરેલા અઢાર અક્ષરનો 'વિસહર ફૂલિંગ' મંત્ર ગણવાથી વર્તમાન યુગમાં પણ ઘણા રોગમુક્ત થયાના ઉદાહરણ છે.

ભક્તામર સ્તોત્રની ગાથાઓમાં છુપાયેલા મંત્રોની આરાધના કરવાથી વર્તમાન યુગમાં પણ તેનો પ્રભાવ પ્રાપ્ત થાય છે.

જે કોઈ મંત્રની આરાધના કરે તે એકાગ્રતાપૂર્વક કરે તો કોઈપણ યુગમાં તે તેનો પ્રભાવ બતાવે છે. ઉદ્દેશ સિદ્ધ કરી આપે જ છે. તેથી જીવનમાં કોઈપણ એક મંત્રની આરાધના કરવી જ જોઈએ. આવી આરાધના જીવનને ભયરહિત બનાવે છે, સ્વસ્થ બનાવે છે, કલ્યાણકારી બનાવે છે.

સમગ્ર લેખમાં વીતરાગની આજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો 'મિચ્છામિ દુક્કડમ્'.

**(અમદાવાદ સ્થિત જૈન ધર્મના અભ્યાસુ છાયાબહેન પી.શાહ અમદાવાદ ગુજરાત વિદ્યાપીઠમાં જૈનકેન્દ્રમાં વીઝીટીંગ ટીચર તરીકે, અમદાવાદ વિશ્વકોશમાં પ્રતિક્રમણ સૂત્રાર્થના ક્લાસમાં લેક્ચરર તરીકે તથા ઘરે જીવવિચાર, કર્મગ્રંથનો અભ્યાસ કરાવે છે.)**

સંદર્ભ સૂચિ :-

(૧) 'નમસ્કાર મંત્ર એક અધ્યયન', લેખિકા - ડૉ. છાયા શાહ
(૨) પ્રબોધટીકા, પ્રકાશક - જૈન આદિત્ય વિકાસ મંડળ, મુંબઈ
(૩) ઉવસગ્ગહરં સ્તોત્ર, લેખક - પંડિત શ્રી ધીરજલાલ શાહ
(૪) યોગદૃષ્ટિ સમુચ્ચય, લેખક - આ. હરિભદ્રસૂરિશ્વરજી, અનુ. - શ્રી ધીરજલાલ મહેતા

## ૧૩

# જૈનધર્મના મંત્ર - યંત્ર - તંત્ર : પરિચય - પ્રભાવ અને રહસ્ય

- ખીમજી મ. છાડવા

ભારતવર્ષ અનાદિકાળથી જ્ઞાન-વિજ્ઞાનની શોધ, અનુશીલતા અને અનુસંધાનની ભૂમિ રહી છે. વિદ્યાઓની વિભિન્ન શાખાઓ - દર્શન, વ્યાકરણ, સાહિત્ય, ન્યાય, ગણિત, જ્યોતિષ વગેરેમાં ભારતીય મનીષીઓ, ઋષિઓ તેમજ અધ્યવેત્તાઓનું કૃતત્વ અને વ્યક્તિત્વ અનેક દૃષ્ટિથી અસાધારણ રહ્યું છે. આ શોધના પરિણામ સ્વરૂપે મંત્ર-યંત્ર અને તંત્ર સાધનાનું પ્રસ્ફૂટન થયું.

ભારતીય મંત્રશાસ્ત્રની આ વિશાળ પરંપરામાં જૈન ધર્મદર્શનમાં પણ મંત્ર-યંત્ર-તંત્રથી સંબંધિત શાસ્ત્રો પ્રચૂર માત્રામાં ઉપલબ્ધ છે. જૈન દર્શનની પ્રત્યેક વિદ્યાઓનો પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ વીરવાણીથી જોડાયેલો છે. આગમ સાહિત્ય દ્વાદશાંગીનું બારમું અંગ એટલે દૃષ્ટિવાદ સૂત્ર, જેમાં વિદ્યાપ્રવાદ નામક પૂર્વમાં મંત્ર, યંત્ર અને તંત્રનો વિસ્તારપૂર્વક વિશ્લેષણ તેમજ વિવેચન થયું હતું. જેના આધારે વર્તમાનમાં ઉપલબ્ધ મંત્રશાસ્ત્ર કે સાહિત્ય નિર્મિત છે. મંત્રવિજ્ઞાનમાં મંત્ર-યંત્ર અને તંત્ર ત્રણેયનો વિનિયોગ જોવા મળે છે.



**મંત્રનો પરિચય - પ્રભાવ - રહસ્ય :-**

આજે દરેક ધર્મદર્શનમાં શક્તિના ખજાના રૂપે મંત્રો રહેલા છે. ત્યારે મંત્ર શું છે ? શું એ માત્ર દોરા-ધાગા, જાદુ-ટોના, મારણ-જારણ કે ચમત્કારિક ચીજ છે ? મંત્રોમાં કાંઈક વૈજ્ઞાનિકતા જેવું છે ? આવા અનેક પ્રશ્નો આજના બૌદ્ધિક લોકોના મનમાં વારંવાર ઉઠતા હોય છે. ત્યારે આ બધા જ પ્રશ્નોના જવાબ રૂપે કહી શકાય કે મંત્રોમાં ખરેખર તો વિશ્વની વ્યાપક કલ્યાણકારી શક્તિઓ નિહીત થયેલી છે.

રોજબરોજના જીવનમાં પણ અનુભવ થાય છે કે વ્યક્તિ અમુક શબ્દો ઉચ્ચારે છે તેના પર શબ્દની અસરનો ઘણો બધો આધાર રહેલો છે. જેમ બે જુદી જુદી વ્યક્તિઓ પ્રશંસાના સમાન શબ્દો ઉચ્ચારે, તેમાંથી એક વ્યક્તિએ કહેલાં શબ્દોની અસર દીર્ઘકાળ સુધી રહે છે, જ્યારે અન્ય ખુશામતખોર વ્યક્તિએ પોતાની ટેવ પ્રમાણે યાંત્રિક રીતે ઉચ્ચારેલી પ્રશંસાની અસર થતી નથી.

ભારતીય મંત્રવિજ્ઞાન અનુસાર દરેક અક્ષર અમુક ગુપ્ત શક્તિનો વાહક હોય છે. અક્ષરોની શક્તિ સંબંધિત આ વિદ્યા 'માતૃકાવિદ્યા' કહેવાય છે. જ્યારે મહાપુરુષો પોતાની એકાગ્ર થયેલી સંકલ્પશક્તિને અમુક શબ્દોમાં આરોપિત કરે છે ત્યારે તે શબ્દોના અક્ષરોની સાહજિક ગોઠવણ જ એવી રચાઈ જાય છે કે પોતાની મેળે અમુક અક્ષરોની નિકટતાને કારણે શક્તિઓનો સ્તોત્ર ઉત્પન્ન થાય છે. એટલે જ મહાપુરુષો શબ્દ ઉચ્ચારે છે ત્યારે તેની અસર ઊંડી થાય છે. મંત્રની એક વ્યાખ્યામાં કહેવાયું છે, 'मननात् त्रायते इति मंत्र ।' મનન, સતત અનુશીલન દ્વારા કાર્યાન્વિત બનીને રક્ષણ કરે છે, ફળ આપે તે મંત્ર. મંત્રની પોતાની પૂર્ણ અને સ્વતંત્ર સત્તા છે. જીવનમાં પાર્થિવ - અપાર્થિવ, ચેતન - અચેતન, નિષ્ક્રિય અને સક્રિય જીવમાં મંત્રની સર્વોપરિ મહત્તા રહેલી છે.

'મંત્ર' ની વ્યાકરણ શાસ્ત્રની દૃષ્ટિએ જુદી જુદી વ્યાખ્યા જોવા મળે છે. 'મંત્ર' શબ્દ મન્ ધાતુથી 'ત્ર' પ્રત્યયથી બનેલ છે. જેના દ્વારા આત્મદ્રવ્યનો નિજાનુભવ કરવામાં

આવે તે મંત્ર છે. બીજા પ્રકારે તનાદિગણ 'મન્' ધાતુથી 'ષ્ટ્રન્' પ્રત્યય વડે 'મંત્ર' શબ્દ બને છે. આ વ્યુત્પત્તિના અનુસાર જેના દ્વારા આત્મદ્રવ્ય પર વિચાર કરવામાં આવે તે મંત્ર છે. ત્રીજા પ્રકારે સમ્માનાર્થક 'મન' ધાતુથી 'ષ્ટ્ર' પ્રત્યય વડે મંત્ર શબ્દ બને છે. આ વ્યુત્પત્તિ અનુસાર જેના દ્વારા પરમ પદમાં સ્થિત પાંચ ઉચ્ચ આત્માઓ અથવા શાસન દેવી-દેવતાઓનો સત્કાર કરવામાં આવે તે મંત્ર છે.

શાબર મંત્ર, વૈદિક મંત્ર, તાંત્રિક મંત્ર વગેરે મંત્રોના મુખ્ય પ્રકાર છે. તેવી જ રીતે ઓમ (ૐ) જેવા એકાક્ષરીથી નવ અક્ષર સુધીના મંત્રો બીજમંત્રો કહેવાય છે. દશ અક્ષરથી વીસ અક્ષર સુધીના મંત્રોને મંત્રો કહેલ છે. જ્યારે વીસથી વધુ અક્ષર હોવાથી તે માલામંત્ર કહેવાય છે.

મંત્રનિર્માણ માટે ऑं, ह्रीं, क्लीं, श्रीं જેવા અનેક બીજાક્ષરોની આવશ્યકતા હોય છે. સાધારણ રીતે આ બીજાક્ષર નિરર્થક લાગે, પરંતુ આ બીજાક્ષરો ઘણા જ સાર્થક હોય છે. એનામાં આત્મશક્તિ અથવા તો દેવતાઓને જાગૃત કરાવી શકાય તેવી શક્તિ હોય છે. તેમજ આ બીજાક્ષર અંતઃકરણ અને સમર્પણની શુદ્ધ પ્રેરણાના વ્યક્ત શબ્દ છે.

'બીજકોશ' અનુસાર આ બીજાક્ષરોની ઉત્પત્તિ મુખ્યતઃ નમોકાર મંત્રથી જ થઈ છે. કારણ કે માતૃકા ધ્વનિ આ મંત્રથી જ ઉદ્ભુત છે. બધામાં 'ओ' પ્રધાન બીજ ગણાય છે. તેને તેજોબીજ, કામબીજ અને ભવબીજ માનવામાં આવે છે. પંચપરમેષ્ઠી વાચક હોવાથી 'ओ' ને સર્વ મંત્રનો સારતત્ત્વ બતાવ્યો છે. એને પ્રણવવાચક પણ કહેવામાં આવે છે. એવી જ રીતે અન્ય શ્રીં, ક્ષીં આદિ બીજોની ઉત્પત્તિ નમોકારમંત્રના જુદા જુદા પદોમાંથી થઈ છે. ભક્તામર યંત્ર, મંત્ર, કલ્યાણમંદિર યંત્ર, મંત્ર, યંત્ર મંત્ર સંગ્રહ વગેરે માંત્રિક ગ્રંથોના અવલોકનથી ખબર પડે છે કે સમસ્ત મંત્રોના રૂપબીજપલ્લવ આ મહામંત્રથી જ નીકળે છે.

પ્રાચીન ધર્મગ્રંથોમાં મંત્રજાપના મહત્ત્વને વિસ્તારથી બતાવ્યો છે. વારંવાર લયબદ્ધ જાપ કરવાથી આ શબ્દોમાં પારસ્પરિક સંઘર્ષણથી વાતાવરણમાં એક પ્રકારની



વિદ્યુત તરંગ ઉત્પન્ન થવા લાગે છે ત્યારે સાધકની ઈચ્છાશક્તિ સ્વીચનું કામ કરે છે, જેનાથી આત્મિક શક્તિ તેમજ સમસ્ત વાતાવરણ શુદ્ધ બનતાં દેવતાઓ પણ આકર્ષાય છે. તેમજ મંત્રશક્તિ પ્રાણઊર્જાને જાગૃત કરે છે અને મંત્ર જ દેવ સમાન બની જાય છે. સાધકની ઈચ્છિત ભાવનાઓને બળ મળવા લાગે છે અને તે જે ઈચ્છે છે તે જ થાય છે. મન-વચન અથવા ઉપાંશુ જાપ દ્વારા મંત્રોનો જાપ કરવામાં આવે છે. સ્પષ્ટ મંત્રોચ્ચાર કરવા તે વાચિક, મનમાં મંત્રનું રટણ તે માનસ તેમ જ બીજા સાંભળી ન શકે તેમ જાપ કરવા તે ઉપાંશુ જાપ કહેવાય છે.

મંત્રની સિદ્ધિ માટે મંત્રને ગુપ્ત રાખવો જોઈએ. એવી જ રીતે મંત્રજાપમાં આસન, માળા, શુદ્ધ ઉચ્ચારણ, મનની એકાગ્રતા, વસ્ત્ર, સ્થાન, દિશા, સમય, સંખ્યા વગેરેનું પાલન અત્યંત જરૂરી હોય છે. મંત્રસાધના જો વિધિવત્ થાય તો જ ઈષ્ટ દેવી-દેવતાની કૃપા પ્રાપ્ત થાય. મંત્ર પ્રતિ પૂર્ણ આસ્થા, દૃઢ સંકલ્પ અને ઈચ્છા ત્રણેય યથાવત્ હોય તો જ મંત્ર ફલદાયક બને છે.

આધુનિક યુગમાં પણ શબ્દોના અદ્ભુત પ્રયોગો જોવા મળે છે. જેમ કે મેઘ-મલ્હાર રાગથી વરસાદ વરસે છે, તો દીપકરાગથી દીપક પ્રગટે છે. એટલું જ નહીં, લખનૌના એક વૈજ્ઞાનિકે સ્લાઈડના માધ્યમથી સિદ્ધ કર્યું હતું કે સંગીતની સ્વરલહરી સાંભળી ગાય-ભેંસો પણ અપેક્ષા કૃત વધારે દૂધ આપે છે. વિદેશોમાં પણ આવા જ પરીક્ષણથી જાણવા મળે છે કે રાગ-રાગિણીઓથી શેરડી, સફરજન કે ધાન્ય આદિની ખેતી પ્રભાવિત થાય છે. આ ઉપરથી કહી શકાય કે મંત્રની સૂક્ષ્મ શક્તિને જગાડીને પણ અસાધારણ કાર્યનું સંપાદન કરી શકાય.

**યંત્રનો પરિચય - પ્રભાવ - રહસ્યો :-**

યંત્ર :- વિવિધ રેખાઓને નિયત આકૃતિમાં અંકિત કરવું તેને યંત્ર કહે છે. આ યંત્રને ઊર્જાનો પિંડ કહ્યો છે. રેખા સમૂહથી ઉદ્ભુત આકૃતિમાંથી તરંગમય ઊર્જા સંયોજન અને અનુભૂતિના બળ પર ચેતના કેન્દ્રોને ઉદ્દીપ્ત કરે છે. એમાં આકર્ષણ અને વિકર્ષણ બન્ને શક્તિઓ નિહીત હોય છે. આ આકૃતિઓ સ્વયં તરંગોને પોતાની તરફ આકર્ષિત

કરે છે તેમજ તેમના સુનિશ્ચિત ગુણધર્મો યંત્રધારકમાં તે તરંગોને વિકસિત પણ કરે છે. આમ, યંત્ર એક પ્રકારથી સુરક્ષાકવચ છે. યંત્રરચના માત્ર રેખાંકન નથી, પરંતુ તેમાં વૈજ્ઞાનિક તથ્ય પણ રહેલું છે. જેમ મંત્રોમાં નિયત ધ્વનિ અને નાદની પ્રધાનતા હોય છે, તંત્રમાં પદાર્થ અને વિધિની પ્રધાનતા હોય છે તેમ યંત્રોમાં આકૃતિ, અંકની અને અક્ષરની પ્રધાનતા હોય છે.

વિવિધ રેખાઓ દ્વારા ચક્ર, વૃત્તકોણ, ત્રિભુજ, ચતુષ્કોણ વગેરે આકૃતિમાં તેમજ ભોજપત્ર, કાગળ, કાષ્ઠ, કાપડ અથવા ધાતુ ઉપર યંત્રની રચના થાય છે. આ યંત્ર ફક્ત દીપાવલી કે હોળી અથવા ગ્રહણકાળમાં બનાવી સિદ્ધ કરવામાં આવે છે. બીજાક્ષરવાળું યંત્ર સંપૂર્ણ યંત્ર માનવામાં આવે છે. દરેક ગ્રહના ભિન્ન ભિન્ન યંત્રો હોય છે.

યંત્ર દેવ-દેવીઓનું પ્રતિનિધિત્વ કરે છે. કોઈપણ લક્ષ્યને શીઘ્ર પ્રાપ્ત કરવા માટે યંત્ર સાધનાને બધાથી સરળ સાધના માનવામાં આવી છે. મંત્રશાસ્ત્રના અનુસાર યંત્રમાં અદ્‌ભુત દિવ્યશક્તિઓનો નિવાસ હોય છે કારણ કે સામાન્ય રીતે યંત્ર તામ્રપત્ર ઉપર બનાવવામાં આવે છે. તે સિવાય યંત્ર સુવર્ણ, ચાંદી અને સ્ફટિકના પણ હોય છે. આ ચારે પદાર્થો કોસ્મિક તરંગ ઉત્પન્ન કરવાની તેમજ ગ્રહણ કરવાની સર્વાધિક ક્ષમતા ધરાવે છે.

યંત્ર મુખ્યરૂપે ત્રણ સિદ્ધાંતોના સંયુક્તરૂપે છે. જેમ કે આકૃતિરૂપ, ક્રિયારૂપ અને શક્તિરૂપ. એવી માન્યતા છે કે તે બ્રહ્માંડના આંતરિક ધરાતલ પર ઉપસ્થિત આકારનું પ્રતિરૂપ છે. જેમ કે બધા પદાર્થોનું બાહ્ય સ્વરૂપ ગમે તે હોય, પરંતુ તેનું મૂળ અણુઓનું પરસ્પર સંયુક્તરૂપ જ છે. આ પ્રકારે યંત્રમાં વિશ્વની સમસ્ત રચનાઓ સમાહિત છે. યંત્રને વિશ્વવિશેષ દર્શક આકૃતિ કહી શકાય છે. આ સામાન્ય આકૃતિઓ બ્રહ્માંડમાંના નક્ષત્રનું પોતાની એક વિશેષ આકૃતિ રૂપ યંત્ર હોય છે. યંત્રોની પ્રારંભિક આકૃતિઓ મનોવૈજ્ઞાનિક ચિહ્નો છે, જે માનવીની આંતરિક સ્થિતિને અનુરૂપ તેને સારું કે ખરાબનું જ્ઞાન, એમાં વૃદ્ધિ અથવા નિયંત્રણને સંભવ બનાવે છે. એટલા માટે યંત્ર ક્રિયારૂપ છે.



યંત્રની નિરંતર નિષ્ઠાપૂર્વક પૂજા કરવાથી આંતરિક સુષુપ્તાવસ્થા સમાપ્ત થઈ આત્મશક્તિ જાગૃત થાય છે અને આકૃતિ અને ક્રિયાથી આગળ જઈ શક્તિરૂપ ઉત્પન્ન થાય છે, જેનાથી સ્વતઃ ઉત્પન્ન આંતરિક પરિવર્તન અથવા માનસિક અનુભવ થવા લાગે છે. આ સ્થિતિ પર આવતાં અનેક રહસ્યો ખૂલવા લાગે છે.

ઉચ્ચ કોટિના મંત્રના પૂજન - અર્ચન માટે યંત્ર હોય છે. મંત્ર દેવ છે તો યંત્ર દેવગૃહ છે. મંત્રવિદોના અનુસાર તપોધન ઋષિઓ - મુનિઓ દ્વારા જે રેખાકૃતિ બનાવવામાં આવે છે તેમાં તેઓ મનોરથ પૂર્ણ કરવા માટે જે શક્તિ બીજાક્ષરોમાં હોય છે તેને મંત્ર સામર્થ્યથી રેખાકૃતિઓમાં (યંત્રોમાં) ભરી દે છે. આમ, મંત્ર અને મંત્રદેવતા આ બંનેનું શરીર યંત્રકલ્પમાં હોય છે.

યંત્રશાસ્ત્રના અંતર્ગત એવા કેટલાક દુર્લભ યંત્રોનું વર્ણન છે કે જેનું વિધિ વિધાનથી પૂજન કરવાથી અભિષ્ટ ફળની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. યંત્રની ચલ અને અચલ બંને પ્રકારની પ્રતિષ્ઠા કરી શકાય છે. આ યંત્ર ધનપ્રાપ્તિ, શત્રુબાધા નિવારણ, મૃત્યુંજય જેવા કાર્યો માટે રામબાણ પ્રયોગ હોય છે. સ્વયંસિદ્ધ, ઐશ્વર્ય પ્રદાન કરવામાં સર્વથા સમર્થ આ યંત્ર જીવનને સુખ અને સૌમ્યતાથી ભરી દે છે. યંત્રનો સંપૂર્ણ અર્થ સમજવો સરળ છે, પણ એનો આંતરિક અર્થ સમજવો અતિ કઠિન છે કારણ કે મુખ્યતઃ શ્રદ્ધાપૂર્વક કરેલાં પ્રયાસના આત્મિક અનુભવથી જતેને જાણી શકાય છે.

યંત્રની પ્રાણપ્રતિષ્ઠા ઉત્તમ દ્રવ્યો વડે તેમજ સંબંધિત મંત્રોથી કરવામાં આવે છે. પ્રાણ-પ્રતિષ્ઠા વગર યંત્રને પૂજાસ્થાન પર રાખી શકાય નહીં કારણ કે એવું કરવાથી નકારાત્મક કિરણોના પ્રભાવથી હાનિ થવાની સંભાવના રહે છે. અનેક પ્રકારના યંત્રોને એકવાર પ્રાણપ્રતિષ્ઠા પછી નિયમિત પૂજાની જરૂર હોતી નથી અને તે જીવનપર્યંત રાખી શકાય છે.

યંત્રોનો અદ્‌ભુત મહિમા જોતાં ખ્યાલ આવે છે કે પ્રાચીનકાળથી જ યંત્રો પર આધારિત મંદિરોનું નિર્માણ કરવામાં આવે છે. જે મંદિર યંત્ર આધારિત હોય છે તે

પોતાનું વિશેષ ધાર્મિક મહત્ત્વ રાખે છે. પ્રત્યેક યંત્ર પોતાનું અલગ અલગ મહત્ત્વ ધરાવે છે.

ભારતીય સંસ્કૃતિમાં સુખ-સમૃદ્ધિ, દીર્ઘજીવન, સારું સ્વાસ્થ્ય વગેરે માટે મંત્ર-તંત્રની સાથે યંત્રની આધ્યાત્મિક આકૃતિઓનું મહત્ત્વ વિશેષરૂપે રહેલ છે.

**તંત્રનો પરિચય - પ્રભાવ - રહસ્ય :-**

મંત્ર-યંત્રની સ્થાપના પછી અનેક વિધિવિધાન અને ક્રમ માટે તંત્ર અર્થાત્ શાસ્ત્રની રચના થાય છે. શાસ્ત્રના અર્થમાં તંત્રમાં લઈ એને યંત્ર મંત્રની સમકક્ષ અર્થમાં મૂકવામાં આવેલ છે. કોઈ વિશેષ સમયમાં કોઈ વસ્તુ વિષયને વિધિપૂર્વક લઈ ઉપયોગ કરવો તંત્રશાસ્ત્રના અંતર્ગત આવે છે. અર્થાત્ દિવસ, પક્ષ, નક્ષત્ર, માસ વગેરેનું ધ્યાન રાખી કોઈ વસ્તુને વિધિપૂર્વક લાવવી તથા ઉદ્દેશ્યાનુસાર ઉપયોગ કરવો એને તંત્ર-વિદ્યા કહેવામાં આવે છે.

તંત્રવિદ્યામાં મંત્રસાધનાની કોઈ આવશ્યકતા હોતી નથી. તેમ છતાં એના સંબંધિત કોઈ મંત્ર હોય તો તેને સિદ્ધ કરી લેવાથી તંત્ર અધિક ગુણકારી બની જાય છે. તંત્રવિધિને સ્વયંમાં જ દેવ માનવામાં અતઃ મંત્ર-યંત્ર જેટલા ગુણકારી છે તેટલી જ તંત્રવિદ્યા પણ ગુણકારી છે. આચાર્યોએ મંત્રને દેવ, યંત્રને એનું શરીર અને તંત્રને એની પ્રિય વસ્તુ માની છે.

'તંત્ર' મંત્ર વિદ્યાનું એક પ્રમુખ વિશિષ્ટ અંગ છે. તંત્રોનો સંબંધ વિજ્ઞાનથી છે. એમાં કેટલીક રાસાયણિક વસ્તુઓનો પ્રયોગ થાય છે, જેનાથી એક પ્રકારની વિશિષ્ટ સ્થિતિ પેદા કરી શકાય છે. માનવીય શક્તિ પ્રાપ્ત કરવા માટે મંત્ર યંત્રગર્ભિત વિશિષ્ટ પ્રયોગોનો વૈજ્ઞાનિક સંચયન તંત્ર છે. વિદ્વાનોએ 'તંત્ર' શબ્દની વ્યાખ્યામાં બે મુખ્ય આશયોને વિશેષ મહત્ત્વ આપ્યું છે. એક દૃષ્ટિકોણથી તેને જ્ઞાનના માર્ગદર્શકના રૂપમાં વ્યાખ્યાયિત કરે છે, જેનાથી લૌકિક દૃષ્ટાને અસાધારણ શક્તિ, અદ્‌ભુતતા અને વૈશિષ્ટયનો લાભ પ્રાપ્ત થાય છે. બીજો દૃષ્ટિકોણ અલૌકિક અથવા મોક્ષપરક છે. એટલા માટે તંત્રની ચરમ સિદ્ધિ એ જ્ઞાનની બોધિકા છે, કે જેનાથી જન્મમરણના



બંધનથી ઉનમુક્ત થઈ જીવન સત્-ચિત્-આનંદમય બની જાય છે. મોક્ષગત થઈ જવાય અથવા સિદ્ધત્વ પ્રાપ્ત કરી લે. મંત્ર અને યંત્રથી આ વિષય વિશેષરૂપ સંબંધ ધરાવે છે. માટે તદાનુસાર અભ્યાસ અને સાધનાથી કાર્ય સિદ્ધિદાયક બને છે. આમ, તંત્રમાં મંત્ર તેમજ યંત્રના પ્રયોગથી તંત્રની શક્તિ બેગણી થવાથી સાધનાને સફળ બનાવી શકાય છે.

આ મંત્ર અને યંત્રોના અધિષ્ઠાતા દેવ-દેવીઓ ચોવીસ તીર્થંકરોની સેવા કરવાવાળા યક્ષ-યક્ષિણીઓ હોય છે. તીર્થંકર તો મુક્ત થઈ જાય છે. વીતરાગ હોવાથી કાંઈપણ આપતા કે લેતા નથી, પરંતુ ધર્મપ્રભાવનાની દૃષ્ટિથી આ યક્ષ-યક્ષિણીઓ વગેરે શાસનદેવતા મંત્ર સાધકોને લાભાન્વિત કરે છે. એનાથી સાધકનું પુણ્ય-પાપ કરણ બને છે અને તે પ્રમાણે ફળ મળે છે.

મંત્ર-યંત્રનો મુખ્ય હેતુ મોક્ષનો અને કર્મનિર્જરાનો જ હોવો જોઈએ. જેમ યોગસાધનાનો અંતિમ હેતુ મોક્ષ હોવા છતાં યોગમાર્ગમાં આગળ વધતાં અનેક સિદ્ધિઓ સહજ મળે છે, એવી જ રીતે મંત્ર-યંત્રની સાધનામાં દિવ્યશક્તિઓ, અનેક ભૌતિક સિદ્ધિઓ ઉત્પન્ન થાય છે, પરંતુ સાધકનો હેતુ કર્મનિર્જરાનો જ રહે તેમ જ ઈચ્છા આંકાક્ષાઓથી પર થઈ પોતાની અંતિમ મંજિલને પ્રાપ્ત કરે.

**(મુંબઈ સ્થિત જૈન દર્શનના અભ્યાસુ ખીમજીભાઈ તારદેવ જૈન સંઘના સ્થાપક ટ્રસ્ટી, મુંબઈ જૈન મહાસંઘના ટ્રસ્ટી અને છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડના પ્રેરક દાતા છે.)**

સંદર્ભસૂચિ :-

(૧) નવકાર યાત્રા - સંકલન - જિજ્ઞાસુ

(૨) દિવ્ય સ્તોત્ર : સર્વતોભદ્ર, સાધ્વી ડૉ. દિવ્યપ્રભા

(૩) વેરના વમળમાં - ગુણભદ્રવિજયજી

(૪) પારસ મુનિના બોધવચનો

## ૧૪ મોટી શાંતિના રહસ્યો

- ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

સાંજના દેવસી પ્રતિક્રમણમાં દુઃખનો ક્ષય અને કર્મનો ક્ષય એ નિમિત્તે ચાર લોગસ્સ અથવા સોળ નવકારનો કાઉસ્સગ કરીને લઘુશાંતિનો પાઠ વર્ણવામાં આવે છે. તેને નાની શાંતિ પણ કહે છે, પરંતુ પખ્ખી - પ્રતિક્રમણ, ચોમાસી પ્રતિક્રમણ અને સંવત્સરી - પ્રતિક્રમણમાં આ રીતે કાઉસ્સગ પાળીને મોટી શાંતિ બોલવામાં આવે છે. આ રીતે જૈનધર્મમાં આ બન્ને સૂત્રો નાની શાંતિ અને મોટી શાંતિ તરીકે પ્રસિદ્ધ છે.

આ મોટી શાંતિના કર્તાએ ગ્રંથને અંતે પોતાનું નામ જણાવ્યું નથી તો પણ અહં તિત્થયર માયા સિવાદેવીએ. ગાથાની ટીકા લખતાં ટીકાકાર શ્રી હર્ષકીર્તિસૂરી લખે છે - શ્રી નેમિનાથની માતા શિવાદેવી કહે છે કે હું તીર્થંકરની માતા શિવાદેવી નામની તમારા નગરને વિષે રહેનારી છું. તે ઉપરથી શિવાદેવી માતાએ દેવીપણાની અવસ્થામાં આ શાંતિ રચી છે એમ નિર્ણય થાય છે. તીર્થંકરનો જન્મ થાય ત્યારે ચોસઠ ઈન્દ્રો પ્રભુના જન્મસ્થાને આવે અને જે દિશાના ક્ષેત્રમાં જન્મ થયો હોય તે દિશાના નાયક ઈન્દ્ર (સૌધર્મ અથવા ઈશાન) સર્વને અવસ્વાપિની નિદ્રા મૂકી ભગવંતનું



પ્રતિબિંબ ભગવંતની માતા આગળ સ્થાપીને પોતે પાંચ રૂપ કરી, પ્રભુને ગ્રહણ કરી મેરૂ પર્વત ઉપર પાંડુક વનમાં આવેલી શિલાના સિંહાસનને વિષે પ્રભુને સ્થાપીને ઉત્તમ ઔષધિ મિશ્રિત જળના મોટા એક કરોડ અને સાઠ લાખ કળશો વડે પ્રભુને નવડાવે છે અને ઉત્તમ દ્રવ્ય વડે પૂજે છે અને પછી સર્વને શાંતિ થાય તે માટે શાંતિ પાઠ ભણે છે. એ પ્રકારે ઈન્દ્રાદિક દેવો પ્રભુની જે પ્રકારે ભક્તિ કરે છે તેનું અનુકરણ કરવાના બહાને આપણે પણ (સ્નાત્ર મહોત્સવાદિ દ્વારા) પ્રભુભક્તિ અવશ્ય કરવી જોઈએ. તે કેવી રીતે કરવી ? એ વગેરે હકીકત આ સ્તવને વિષે આવે છે.

સ્નાત્રપૂજા, શાંતિ સ્નાત્ર કે કોઈપણ મોટી પૂજા ભણાવ્યા પછી અંતિમ વિધિમાં શાંતિકળશ કરવામાં આવે છે, જેમાં પ્રભુના ન્હવણની ધારા કરી મોટી શાંતિ બોલીને ન્હવણને મંત્રિત કરવામાં આવે છે. આ ન્હવણ શરીરે લગાડવાથી તાવ-જરા જેવા રોગો દૂર થાય છે. તેમજ ઘરમાં, રૂમમાં છાંટવાથી પવિત્રતા પ્રસરે છે.

પ્રભુના જન્મ સમયે દેવતાઓ મેરુ પર્વત ઉપર પ્રભુનો જન્માભિષેક કેવી રીતે કરે છે તેનું વર્ણન કરી તેમનું અનુકરણ કરવાનો ઉપદેશ છે.

જે અભિષેક આદિદેવ - ઋષભદેવના જન્મકાળે મેરુ પર્વતના શિખર ઉપર અને જે તેમના રાજાધિરાજ્ય પ્રસંગે ભૂમંડલ પર, ભક્તિના ભારથી અત્યંત નમ્ર બનેલા સુરેન્દ્રોએ અને અસુરેન્દ્રો કર્યો હતો. તે અભિષેક ત્યારથી શરૂ કરીને કરેલાનું અનુકરણ કરવામાં આદરવાળા, પુણ્યફળ વડે પ્રેરાયેલા સદ્‌બુદ્ધિશાળી મનુષ્યોએ પણ સેવેલો છે, કારણ કે, 'મહાજન જે માર્ગે ગયા, તે માર્ગ છે' તાત્પર્ય કે આ રત્નત્રયવિધિ દેવતાઓએ કરેલા જન્માભિષેકના અનુકરણ રૂપ છે.

હે ભવ્યજનો ! આ જ અઢીદ્વીપના ભરત, ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મેલા સર્વ તીર્થંકરોના જન્મ સમયે પોતાનું સિંહાસન કંપતા સૌધર્મેન્દ્ર અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે છે અને તેનાથી જિનેશ્વરનો જન્મ થયેલો જાણીને સુઘોષા-ઘંટા વગડાવીને

(ખબર આપે છે પછી) બધા સુરેન્દ્રો અને અસુરેન્દ્રો (જવાને તૈયાર થાય છે તેમ) ની સાથે અર્હતના (જન્મસ્થાને) આવીને વિનયપૂર્વક શ્રી અરિહંત ભગવંતને હાથમાં ગ્રહણ કરીને મેરુ પર્વતના શૃંગ પર લઈ જાય છે. જ્યાં જન્માભિષેક કર્યા પછી શાંતિની ઉદ્‌ઘોષણા કરે છે તેમ હું (પણ) કરેલાનું અનુકરણ કરવું એમ માનીને 'મહાજનો જે માર્ગે જાય તે જ માર્ગ' એમ જાણીને ભવ્યજનો સાથે આવીને, સ્નાત્ર પીઠે સ્નાત્ર કરીને, શાંતિની ઉદ્‌ઘોષણા કરું છું, તો તમે બધા પૂજા મહોત્સવ, (રથ) યાત્રા મહોત્સવ, સ્નાત્ર મહોત્સવ વગેરેની પૂર્ણાહુતિ કરીને કાન દઈને સાંભળો ! સાંભળો ! સ્વાહા.

અનેક પ્રકારના અનુષ્ઠાનોમાં મોટી શાંતિના નીચેના મંત્રો અવારનવાર ઉદ્‌ઘોષણાપૂર્વક બોલાય છે.

ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયંતાં પ્રીયંતાં

ૐ પદથી ઉચ્ચારણ કરીને જાહેર કરવામાં આવે છે.

આજ ઉત્તમ દિવસ છે. આજનો દિવસ ધન્ય છે. મોટી શાંતિમાં ૨૪ તીર્થંકરોના નામ દઈને સ્તુતિ કરવામાં આવી છે. ૧૬ વિધિ દેવીઓના નામોલ્લેખ કરી અમારી રક્ષા કરો એવી પ્રાર્થના જોવા મળે છે.

નવ ગ્રહો, ચાર લોકપાલ, તમામ નગરના, ગામના ક્ષેત્રના અધિષ્ઠાયક દેવતાઓ વગેરે પ્રસન્ન થાઓ એવી પ્રાર્થના છે.

સર્વ મિત્ર, પુત્ર, સહોદર, સ્ત્રી, દોસ્ત, જ્ઞાતિજન, સગાસંબંધીઓ નિરંતર આનંદપ્રમોદમાં રહે એવી ભાવના રજૂ થઈ છે. સમસ્ત ચતુર્વિધ સંઘ, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા સંગ ઉપદ્રવ આધિ-વ્યાધિ, દુઃખ, દુષ્કાળ, ચિત્તની અસ્વસ્થતા વગેરે શાંતિ થાઓ, ઉપશમ પામો.

ચિત્તને સંતોષ, પુષ્ટિ, દોલત, વંશવૃદ્ધિ, કલ્યાણ અને ઉત્સવ થાઓ, ઉદયમાં આવેલ પાપો નિરંતર શાંત થાઓ (નાશ પામો), અશુભકર્મો શાંત થાઓ, શત્રુઓ અવળા મુખવાળા થાઓ.



શ્રી શાંતિજિન શ્રીમાન, ત્રણ લોકને શાંતિના કરનારા, દેવેન્દ્રોના મુકુટો વડે પૂજાયેલા છે ચરણકમળ જેમના એવા શ્રી શાંતિનાથને નમસ્કાર થાઓ.

શાંતિને કરનારા, તત્ત્વોપદેષ્ટા અને શ્રીમાન એવા શાંતિનાથ પ્રભુ મને શાંતિ આપો. જેઓના ઘરને વિષે શાંતિનાથ પ્રભુ પૂજાય છે તેઓના ઘરે નિરંતર શાંતિ જ થાય છે.

દૂર કર્યા છે ઉપદ્રવ, દુષ્ટ ગ્રહની ગતિ (ખરાબ સ્થાને ગ્રહનું સંક્રમવું), ખરાબ સ્વપ્ન (ઊંટ, મહિષનું આરોહણ વગેરેનું સ્વપ્નમાં દેખવું) અને દુષ્ટ નિમિત્ત (ખરાબ અંગનું ફરકવું) વગેરે જેણે અને સંપાદન કરી છે શુભલક્ષ્મી જેણે એવું શાંતિનાથ પ્રભુનું નામગ્રહણ (નામોચ્ચારણ) જયવંત વર્તે છે, અર્થાત્ ભક્તજનોને સુખ અને શ્રેયને કરનારું છે.

આ શાંતિપાઠ તીર્થંકરોની પ્રતિષ્ઠા, યાત્રા અને સ્નાત્રાદિને અંતે ભણવો. આ શાંતિની ઉદ્‌ઘોષણા કેવી રીતે કરવી તે કહે છે. કોઈ વિશિષ્ટ ગુણવાન શ્રાવક ઊભો થઈને શાંતિકળશ (શાંતિને માટે શુદ્ધ જળથી ભરેલ કળશ) ને ગ્રહણ કરીને (ડાબા હાથમાં ધારણ કરી જમણો હાથ તેના ઉપર ઢાંકી) કેસર, સુખડ, બરાશ, અગર, ધૂપવાસ (અગ્નિમાં ધૂપ નાખવાથી નીકળતી સુગંધી અથવા કેસર ચંદનાદિના ઘસવાથી નીકળતો સુગંધી પરિમલ) અને કુસુમાંજલિ (પુષ્પથી ભરેલ અંજલિ - ખોબો) સહિત છતો, સ્નાત્ર મંડપને વિષે શ્રીસંઘ સહિત છતો; પવિત્ર છે શરીર જેનું એવો, પુષ્પ, વસ્ત્ર,ચંદન અને અલંકાર (ઘરેણાં) વડે, સુશોભિત છતો; પુષ્પની માળાને ગળામાં ધારણ કરીને શાંતિપાઠની ઉદ્‌ઘોષણા કરીને શાંતિકળશનું પાણી (સર્વજનોએ પોતાના) મસ્તકે નાખવું.

સર્વ જગતનું કલ્યાણ થાઓ, પ્રાણી સમુદાય પારકાનું હિત કરવામાં તત્પર થાઓ, દોષો (વ્યાધિ, દુઃખ અને દમનપણું વગેરે) વિશેષ નાશ પામો અને જીવલોક સર્વ ઠેકાણે (સર્વ કાર્યમાં) સુખી થાઓ.

મોટી શાંતિમાં આવતો પાઠ શિવમસ્તુ સર્વ જગતઃ જૈન સમાજમાં પ્રખ્યાત છે. નાડોલ નગરમાં ચોમાસુ હતું. તે વખતે શ્રીશાકંભરી નગર મધ્યે શાકિનીએ કરેલ મરકીના ઉપદ્રવે શ્રીસંઘ પીડાવાથી, તે શ્રીસંઘે માણસો મોકલી શ્રી માનદેવસૂરિને હકીકત જાહેર કરી તે ઉપદ્રવ નિવારવા માટે વિનંતી કરી. તેથી પદ્મા, જયા, વિજયા અને અપરાજિતા એ ચાર દેવીઓનું સાન્નિધ્ય છે જેમને એવા અને અત્યંત કરુણાભાવે કરીને સહિત એવા તે સૂરિએ ઉપદ્રવ નિવારવા અર્થે આ લઘુશાંતિ સ્તવનની રચના કરીને શાકંભરીના સંઘને મોકલ્યું. તેથી આ સ્તવન પોતે ભણવાથી અગર અન્ય પાસે સાંભળવા થકી અને સ્તવન વડે મંત્રિત જળ છાંટવાથી ઉપદ્રવ નાશ પામ્યો અને શાંતિ થઈ.

આમ, ઉપદ્રવની શાંતિ માટે લઘુશાંતિ અને મોટી શાંતિનો પાઠ બોલવાનો જૈન સમાજમાં પ્રખ્યાત રિવાજ છે.

**(અમદાવાદ સ્થિત પ્રવીણભાઈએ જૈન ધર્મમાં જ્ઞાનમીમાંસા વિષય પર Ph.D. કરેલ છે. તેઓ દેશ વિદેશમાં જૈન ધર્મ પર પ્રવચનો આપે છે.)**

સંદર્ભ સૂચિ :-

(૧) પ્રબોધિકા, શ્રી પંચપ્રતિક્રમણ સાથે



# ૧૫ કલ્યાણમંદિર સ્તોત્રના સર્જક આચાર્યશ્રી પૂ. સિદ્ધસેન દિવાકરજી

- ગુણવંત બરવાળિયા

આચાર્ય સિદ્ધસેન દિવાકરજી સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના મહાન પંડિત હતા. તેઓશ્રીના સાંસારિક જીવન અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ વિશે જુદા જુદા મંતવ્યો મળે છે. તેઓશ્રીના જીવન અને સમયની ચોક્કસ માહિતી મળતી નથી. ઉજ્જૈન નિવાસી વિક્રમ રાજાના પુરોહિતના તેઓ પુત્ર હતા. તેઓની માતાનું નામ દેવસિકા હતું. તેઓનું સંસારી નામ મુકુંદ હતું. વિક્રમની ચોથી સદીમાં તેઓ થઈ ગયા.

મુકુંદ પંડિત મહાજ્ઞાની હતા. તમામ ભારતીય દર્શનોના અભ્યાસી તથા તાર્કિક સમર્થ પ્રતિભાના તેઓ સ્વામી હતા. વાદ-વિવાદ કરવામાં તેઓ ખૂબ પ્રવીણ હતા. ભારતવર્ષના વિદ્વાનોએ તેઓનું આહ્વાન કર્યું હતું. કોઈપણ ધર્મ, સંપ્રદાય કે સાહિત્યના મૂર્ધન્ય પંડિતો સાથે વિવાદ કરવા તેઓ ઉત્સુક રહેતા, એટલું જ નહીં, વિવાદમાં જો કોઈ તેમને પરાજિત કરે તો તેના શિષ્ય બની જવાની પ્રતિજ્ઞા તેઓએ જાહેર કરી હતી.

શ્રી મુકુંદ પંડિત વિવાદ માટે ભારતભરમાં ફરી રહ્યા હતા. અનેક વિવાદોમાં તેઓએ વિજય પ્રાપ્ત કર્યો હતો. ગુજરાતના ભૃગુકચ્છ (ભરૂચ)માં ઘણા જ્ઞાની વિદ્વાનો

સાથે વિવાદ કરવાનો તેઓએ નિર્ણય લીધો અને ભરૂચ આવવા માટે તેઓ નીકળી પડ્યા. ભરૂચ પહોંચતા પહેલા રસ્તામાં આચાર્ય વૃદ્ધવાદિસૂરિ સાથે તેઓને મળવાનું થયું. વિચારવિમર્શ થયા. મુકુંદ બ્રાહ્મણે આચાર્યશ્રીને વિવાદ કરવાની વિનંતી કરી અને પોતાની પ્રતિજ્ઞા વિશે પણ જણાવતાં કહ્યું કે જો હું પરાજય પામીશ તો તમારો શિષ્ય બની જઈશ.

આચાર્યશ્રીએ જણાવ્યું કે આ વનપ્રદેશમાં વિવાદ કોણ સાંભળશે અને નિર્ણાયક પરીક્ષક કોણ બનશે ? ભરૂચ શહેરમાં પહોંચીને વિવાદ કરીએ. પરંતુ મુકુંદ પંડિત સંમત થયા નહિ અને વનપ્રદેશમાં ઘુમતા ગોપાલકને ન્યાયાધીશ બનાવ્યો. વિવાદ શરૂ થયો.

આચાર્યશ્રી ગોપાલક સમજી શકે તેવી સરળ, રાગયુક્ત મધુર વાણીમાં દોહા અને ગીતોની સહાયથી જૈનધર્મનું મર્મ પ્રગટ કર્યું. પંડિત મુકુંદે સંસ્કૃતમાં સમજવામાં મુશ્કેલ, સમાસસંકુલ શૈલીમાં પોતાનો દાર્શનિક મંતવ્ય પ્રગટ કર્યો. ગોપાલકે આચાર્યશ્રીને વિજયી ઘોષિત કર્યા.

આચાર્યશ્રીએ પંડિતજીને કહ્યું, ''અહીં વિજય કે પરાજય કહેવો ઉચિત નથી. હવે આપણે બંને ભરૂચની વિદ્વાનોની સભામાં વિવાદ કરીશું અને ત્યાં જે નિર્ણય લેવાશે તેનો આપણે સ્વીકાર કરીશું.'' વિજય પ્રાપ્ત કરવાનો એક મોકો મળશે એમ વિચારીને પંડિતજીએ આ વાતનો સ્વીકાર કર્યો અને તેઓ બંને ભરૂચ પહોંચ્યા.

ભરૂચની સભામાં પંડિત મુકુંદે ગીત, રાસ, દોહા અને કવિતામાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું, પરંતુ આચાર્યશ્રીએ વિદ્વત્તાપૂર્ણ, સમાસસંકુલ, અલંકારયુક્ત, વિવિધ અર્થચ્છાયા યુક્ત વાણીમાં પોતાનું મંતવ્ય પ્રગટ કર્યું. વિદ્વાનોની સભામાં આચાર્યશ્રીનો વિજય થયો. પંડિત મુકુંદે આ નિર્ણયનો સહર્ષ સ્વીકાર કર્યો અને આચાર્યશ્રીના શિષ્ય બની ગયા. શ્રી ગુરુભગવંત પ્રત્યે નમ્રતા વ્યક્ત કરતાં જૈનદર્શનના વિશેષ રહસ્યો, નય તથા નિક્ષેપની દૃષ્ટિએ સમજવા લાગ્યા. તેઓ સ્વાધ્યાયમાં લીન રહેવા લાગ્યા. ગુરુજીએ તેઓનું નામ કુમુદચંદ્ર રાખ્યું.



કુમુદચંદ્રને બુલંદ અવાજ અને મોટા અવાજે સ્વાધ્યાય કરવાની આદત હતી. મોટા અવાજથી પરેશાન એક યુવાસાથી મહાત્માએ કહ્યું, ''મહારાજ, આપ વૃદ્ધ થઈ ગયા છો. વધારે પઠન કરવાથી હવે શો લાભ થશે ? શું તમે સ્તંભ કે દંડ પર ફૂલ ઉગાડી શકો છો ?''

ગુરુબંધુની આ વાત સાંભળીને કુમુદચંદ્રને ચોટ લાગી અને તેઓ સરસ્વતીની ઉપાસના કરવા લાગ્યા. મા સરસ્વતીની સાધના કરતાં કરતાં એકવીસમા દિવસે મા સરસ્વતી પ્રસન્ન થયા, કૃપા કરીને સ્તંભ પર ફૂલ ઉગાડ્યું. આચાર્યશ્રી - ગુરુજીએ આ જોયું તો તેઓ પણ પ્રસન્ન થયા અને તેઓને આચાર્યપદ પ્રદાન કર્યું. હવે કુમુદચંદ્રનું નામ આચાર્ય સિદ્ધસેન દિવાકર રાખવામાં આવ્યું.

એક બીજો પ્રસંગ બહુ પ્રસિદ્ધ છે. પૂ. કુમુદચંદ્ર એકવાર ચિત્રકૂટ તરફ વિહારયાત્રા કરી રહ્યા હતા. રસ્તામાં તેઓએ એક વિલક્ષણ સ્તંભને જોયો. આ સ્તંભનો સ્પર્શ કર્યો અને ઔષધિઓનો સ્તંભ પર પ્રયોગ કર્યો. ઔષધિ લગાડતાં જ સ્તંભમાં છિદ્ર પડ્યું. છિદ્રમાં જોતાં જ ઘણી હસ્તપ્રતો દેખાઈ. પોથી બહાર કાઢી અને એક પાનું વાંચતાં 'સુવર્ણસિદ્ધિપ્રયોગ' અને 'સરસ્વતી મંત્ર' પ્રાપ્ત થયા. દેવપાલકર રાજાએ સૂરિજીની વિશેષ શક્તિઓ વિશે સાંભળીને તેઓના ચરણનું શરણ સ્વીકાર્યું. વિજયવર્મા રાજાએ દેવપાલના રાજય પર આક્રમણ કર્યું હતું. આ આક્રમણથી બચવા માટે તેણે ગુરુજીની સહાય માગી. ગુરુજીએ સરસ્વતી મંત્ર દ્વારા મોટી સેના અને સુવર્ણસિદ્ધિ દ્વારા ઘણું દ્રવ્ય પ્રાપ્ત કરીને રાજાની સહાયતા કરી. દેવપાલ વિજયી થયો. ઘોર અંધકારમાં દિવાકર - સૂર્ય સમાન પ્રકાશિત થવાના કારણે તેઓ આચાર્ય સિદ્ધસેન દિવાકર તરીકે ઓળખાવા લાગ્યા અને તે નામથી આજે પણ પ્રસિદ્ધ છે, આદરણીય છે, વંદનીય છે.

પૂ. સિદ્ધસેન દિવાકરજી સંસ્કૃત ભાષાના મહાન વિદ્વાન હતા. 'નમોઽર્હત' (પરમેષ્ઠી નમસ્કાર) 'નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્ય:' પ્રાકૃત - અર્ધમાગધી ભાષામાંથી સંસ્કૃતમાં રચના કરી, એટલું જ નહીં તેઓએ બધા આગમ-

સિદ્ધાંતોનું પણ ભાષાંતર કરવાનો વિચાર સંઘ સમક્ષ વ્યક્ત કર્યો, પરંતુ આની જાણ થતાં પૂ. આચાર્યશ્રી વૃદ્ધવાદીસૂરિ અને સંઘે તેઓને પ્રાયશ્ચિત્ત આપીને ગચ્છની બહાર કાઢી મૂક્યા.

ગુરુ તથા સંઘની આજ્ઞાનો વિનય અને નમ્રતાપૂર્વક સિદ્ધસેન દિવાકરજીએ સ્વીકાર કર્યો. તેઓ ગુપ્ત વેશમાં વિહાર કરતાં ઉજ્જયિની પધાર્યા અને વિક્રમ રાજાને પ્રતિબોધિત કર્યા. ત્યારબાદ બીજા રાજાઓ અને અન્ય ધર્મીઓને પણ જૈન ધર્મનું મહત્ત્વ દર્શાવીને પ્રતિબોધિત કર્યા. તેઓશ્રીની બહુવિધ પ્રતિભા તથા જૈન ધર્મ પ્રત્યે ભારે આદરભાવ જાણીને શ્રી સંઘે પ્રાયશ્ચિત્ત પૂર્ણ થતાં પહેલાં જ પ્રાયશ્ચિત્ત પૂર્ણ થયાની ઘોષણા કરી પૂજ્યશ્રીને સંઘમાં ફરી સ્થાપિત કર્યા.

રાજકીય સન્માનનો પૂ. દિવાકરજી સ્વીકાર કરતા હતા. રાજાઓએ પૂજ્યશ્રીને સુખાસન (પાલખી) ભેટમાં આપી હતી. એટલે તેઓ પાલખીમાં બેસીને વિહાર કરતા હતા. ગુરુદેવ વૃદ્ધવાદીસૂરિને આ બાબત અનુચિત લાગી. જૈન સંતોએ પગપાળા વિહાર કરવો જોઈએ - આચાર્યધર્મનું પાલન કરવું જોઈએ. શિષ્યને પ્રતિબોધ આપવા પૂ. વૃદ્ધવાદિસૂરિ ઉજ્જૈન પધાર્યા અને પાલખી ઉઠાવવાવાળા (ભોઈ) નો વેશ ધારણ કર્યો. ગુરુદેવે પાલખી ઉઠાવી. ગુરુદેવ ધીરેથી ચાલતા હતા અને તેઓના પગ લથડાતા હતા. પાલખીમાં બિરાજિત સિદ્ધસેન દિવાકરજીએ કહ્યું,

''भूरिभार भराक्रान्तो स्कंन्धो किं तव बाधति ।''

વૃદ્ધવાદિસૂરિએ કહ્યું,

''न तथा बाधते स्कंन्धो यथा बाधति बाधते ।''

અર્થાત્ ખોટા ક્રિયાપ્રયોગથી દુઃખ થઈ રહ્યું છે. આ સાંભળીને સિદ્ધસેન દિવાકરજી સમજી ગયા કે આ અવાજ અને ભૂલ સુધારનાર પોતાના પૂજ્ય ગુરુજી છે. તરત પાલખીમાંથી નીચે ઉતરીને ગુરુજીને વંદન કરીને ક્ષમાયાચના કરી તેમજ પ્રાયશ્ચિત્ત લઈને સદા માટે પાલખીનો ત્યાગ કર્યો.

મહાન પ્રતિભાશાળી સર્જક કવિશ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીનું વ્યક્તિત્વ



અજોડ છે. શ્રી હરિશ્ચંદ્રસૂરિ તેઓને 'શ્રુતકેવળી' કહે છે. શ્રી હેમચંદ્રસૂરિ મ.સા. તેઓને 'अनुसिद्धसेन क्वचः' અર્થાત્ કવિ કુલાગ્રણી કહે છે. શ્રી દિવાકરસૂરિજીએ ન્યાયાવતાર, નયાવતાર, સન્મતિતર્ક પ્રકરણ, ધાત્રીશદ શ્રી ત્રિંશિકા, જિનસહસ્રનામ, કલ્યાણમંદિર વગેરેનું સર્જન કર્યું છે.

શ્વેતાંબર સંપ્રદાયમાં આદ્યસ્તુતિકાર, સર્વ દર્શનોનું વર્ણન કરનાર પ્રથમ તાર્કિક ચક્ર ચૂડામણિ ઉપનામથી ઓળખાય છે. પંડિત શ્રી સુખલાલજીએ લખ્યું છે, ''આદ્ય જૈન તાર્કિક, આદ્ય જૈન કવિ, આદ્ય જૈન સ્તુતિકાર, આદ્ય જૈન વાદિ, આદ્ય જૈન દાર્શનિક અને આદ્ય સર્વદર્શન સંગ્રાહક શ્રી સિદ્ધસેન દિવાકરજી છે.''

શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી રચિત શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર પ્રભાવક અને કલ્યાણકારક છે. ૪૪ શ્લોકોમાં આ સ્તોત્રની આચાર્યશ્રીએ રચના કરી છે. શીર્ષક પણ યોગ્ય છે - કલ્યાણનું મંદિર - કોઈ એકનું નહિ. ભક્તિભાવપૂર્વક સ્તોત્રગાન કરવાથી સૌનું આત્મકલ્યાણ થાય છે. અતિ લોકપ્રિય આ સ્તોત્ર છે. આમાં આચાર્યશ્રીએ ૨૩ મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરી છે. વસંતતિલકા છંદમાં રચાયેલ આ સુંદર સ્તોત્ર છે.

ભાવભક્તિપૂર્વક આ સ્તોત્રની રચના કરવામાં આવી છે. મહાદેવના મંદિરમાં આ સ્તોત્રની રચના થઈ છે. સ્તોત્રનું ઉચ્ચારણ થતાં શિવલિંગમાંથી જિનેશ્વરદેવ પ્રગટ થયા છે. આ સ્તોત્રની ભાષા સરળ અને મધુર છે. સૂરિજી કહે છે કે શ્રી પાર્શ્વનાથ ભગવાનના નામસ્મરણથી જીવોનું ભવભ્રમણ દૂર થાય છે, જીવ પૂર્ણ થઈ જાય છે. શ્રી જિનેશ્વરદેવનું શરણ લેવાથી જીવ (સંસારસાગર) તરી જાય છે, આત્મા પરમાત્મા બની જાય છે. સાહિત્યિક દૃષ્ટિથી પણ આ ઉત્તમ સર્જન છે. ભાષાની સરળતા, મધુરતા, પ્રાસાદિકતા, છંદ તથા અલંકારોનો યથાર્થ ઉચિત પ્રયોગ મનને ખૂબ પ્રસન્ન અને આનંદિત કરે છે.

**(મુંબઈ સ્થિત ગુણવંત બરવાળિયાના ૭૦ જેટલા પુસ્તકો પ્રગટ થયા છે. તેઓ જૈન વિશ્વકોશના સંપાદન કાર્ય સાથે જોડાયેલા છે. જૈન સાહિત્ય જ્ઞાનસત્રના આયોજનમાં રસ લે છે.)**

# ૧૬ આદ્યસ્તુતિકાર શ્રી સમન્તભદ્રસ્વામી વિરચિત બૃહત્ સ્વયંભૂસ્તોત્ર

- મિતેશભાઈ એ. શાહ

જૈન ધર્મ અનાદિકાળથી છે. કાલાતંરે તીર્થંકરો થતાં રહે છે અને જૈન ધર્મ વિશેષ પ્રકાશમાં આવે છે. અનેકાંતવાદ, સ્યાદ્‌વાદ, અહિંસા, અપરિગ્રહ, છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થ વગેરે જૈન દર્શનના મૂળ સિદ્ધાંતો છે. જૈન ધર્મના અનેક આચાર્ય ભગવંતોએ સ્તુતિ-સ્ત્રોત આદિની રચના દ્વારા ભક્તજનોને પ્રભુપ્રેમથી પ્લાન્વિત કરી દીધા છે. જેમકે બીજી શતાબ્દીમાં થઈ ગયેલા શ્રી કુંદકુંદાચાર્યે 'દશભક્તિ', બીજી સદીમાં થયેલા શ્રી સમંતભદ્રાચાર્યે 'સ્વયંભૂસ્તોત્ર', છઠ્ઠી શતાબ્દીમાં થયેલા શ્રી સિદ્ધસેનાચાર્યે 'કલ્યાણમંદિર સ્તોત્ર', સાતમી સદીમાં થઈ ગયેલા શ્રી માનતુંગાચાર્યે 'ભક્તામર સ્તોત્ર' તેમજ આચાર્ય અકલંક દેવે 'અકલંક સ્તોત્ર', આઠમી શતાબ્દીમાં થયેલા આચાર્ય વિદ્યાનંદજીએ 'શ્રીપુર પાર્શ્વનાથ સ્તોત્ર' અને કવિ ધનંજયે 'વિષાપહાર સ્તોત્ર', ૧૧ મી સદીમાં થઈ ગયેલા આચાર્ય વાદિરાજે 'એકીભાવ સ્તોત્ર', બારમી સદીમાં થયેલા કવિ ભૂપાલે 'ભૂપાલ ચતુર્વિંશતિકા' અને ઓગણીસમી સદીમાં થયેલા પં. ભાગચંદજીએ 'મહાવીરાષ્ટક સ્તોત્ર' ની રચના કરી.



**સ્તોત્રકર્તાનો જીવનપરિચય :-**

લોકોત્તર બુદ્ધિપ્રતિમા, ન્યાયશાસ્ત્રમાં નિપુણતા, અવિરત સરસ્વતી આરાધના અને અલૌકિક જિનશાસન પ્રેમના ધારક, આદ્યસ્તુતિકાર આચાર્યશ્રી સમંતભદ્ર-સ્વામીએ પોતાના જન્મથી આ ભારતની ભૂમિને લગભગ બીજા સૈકામાં વિભૂષિત કરી હતી.

તેઓશ્રીનો જન્મ દક્ષિણ ભારતમાં થયો હતો. તેમના પિતા ઉરગપુરના રાજા હતા. (હાલનું ઉરપુર કે જે તમિલનાડુ રાજ્યમાં કાવેરી નદીને કાંઠે ત્રિચિનોપલ્લી પાસે આવેલું બંદર છે.) તેઓ નાગવંશના એક મહાન ક્ષત્રિય રાજા હતા અને તેમનું નામ કીલિકવર્મન હતું. આચાર્યશ્રીનું મૂળ નામ શાંતિવર્મા હતું. બાલ્યાવસ્થાથી જ તેઓ પ્રખર બુદ્ધિશાળી હતા. તેમની બાલ્યાવસ્થાની કોઈ વિશેષ માહિતી ઉપલબ્ધ નથી, પરંતુ એટલું ચોક્કસ છે કે તેમનામાં આત્મકલ્યાણ અને ધર્મોદ્ધારની પ્રબળ ભાવના હતી તથા લોકકલ્યાણને પોતાનું જીવનધ્યેય બનાવવાની તમન્ના હતી. આ ભાવનાને મૂર્તિમંત કરવા વિ.સં. ૧૯૪ માં ૧૮ વર્ષની ઉંમરે તેઓએ દીક્ષા ગ્રહણ કરી જ્ઞાન અને ત્યાગથી જીવનને મહાન બનાવવાની કલ્યાણકારી પ્રક્રિયા આરંભી હતી.

તેઓની દીક્ષા પ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી બલાકપિચ્છ મુનિની પાસે કાંચીમાં થઈ હતી. દીક્ષા બાદ કઠોર અધ્યયન દ્વારા પોતાની પ્રતિભાને ખીલવી તેઓ અલ્પ સમયમાં સિદ્ધાંત, ન્યાય, તર્ક, છંદ, અલંકાર, વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર આદિ અનેક વિદ્યાઓના પ્રકાંડ વિદ્વાન બન્યા. પૂર્વકર્મયોગે તેઓને ભસ્મક નામનો રોગ થયો. તેઓએ ગુરુ પાસે સમાધિમરણની અનુજ્ઞા માગી, પરંતુ ગુરુએ તેમનું અતિ ઉજ્જવલ ભવિષ્ય જોઈ અનુમતિ આપી નહીં. તેથી તેઓએ ગુરુઆજ્ઞા અનુસાર દીક્ષાનો વ્યુચ્છેદ કરી, ઔષધાદિને ગ્રહણ કર્યા. પ્રસિદ્ધ લોકકથા અનુસાર કાશી (દક્ષિણનું કાશી-કાંચી) માં તેમની સ્તુતિથી ચંદ્રપ્રભુ ભગવાનની સુવર્ણ પ્રતિમા પ્રગટ થઈ. આ પ્રસિદ્ધ પ્રસંગથી

તેઓની કીર્તિ સર્વત્ર વ્યાપી ગઈ. ત્યારપછી આચાર્યશ્રી પોતાના ગુરુ પાસે ગયા અને ફરીથી દીક્ષા લઈ ધર્મપ્રચારનું કાર્ય ચાલુ કર્યું.

આ પ્રમાણે પોતાની સર્વતોમુખી મહાન આધ્યાત્મિક પ્રતિભાનો વિકાસ કરી, લગભગ ૪૭ વર્ષ સુધી લોકકલ્યાણ અને જિનશાસનની અદ્ભુત પ્રભાવના કરી, આદ્યસ્તુતિકારની પદવી પામેલા અરિહંત પ્રભુના પરમ ભક્ત, યુગપ્રધાન આચાર્યશ્રી સમંતભદ્રસ્વામીએ વિ.સં. ૨૪૧ માં સ્વર્ગારોહણ કર્યું.

**ધર્મપ્રચાર :-** પોતાની દીર્ઘકાલીન સાધુ-અવસ્થામાં તેઓએ કશ્મીરથી કન્યાકુમારી અને ઢાકાથી દ્વારકા સુધી વિહાર કર્યો. તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં તેઓની પ્રતિભાથી, પ્રવચનશૈલીથી, શુદ્ધ ચારિત્રથી અને અલૌકિક વાક્છટાથી સૌ પ્રભાવિત થતા. તેમણે સર્વત્ર અહિંસાધર્મનો અને પ્રભુ મહાવીરની અનેકાંતવિદ્યાનો પ્રચાર કર્યો અને ભલભલા વાદીઓને નિરુત્તર બનાવી ધર્મવિજય પ્રાપ્ત કર્યો. તેમના આ મહાન કાર્યની અને સત્સાહિત્યની ભૂરિ ભૂરિ પ્રશંસા તેમના પછી થયેલા સર્વશ્રી જિનસેનાચાર્ય, શુભચંદ્રાચાર્ય, વર્ધમાનસૂરિ, વાદિરાજસૂરિ, વિદ્યાનંદ મુનિ, મુનિ વાદીભસિંહ, ભટ્ટારક સકલકીર્તિ તથા શ્રીમદ્ રાજચંદ્રજી આદિ અનેક મહાત્માઓએ કરેલી છે. આ ઉપરાંત અનેક શિલાલેખો પણ તેઓની પુણ્યકીર્તિના યશોગાન ગાય છે.

**સત્સાહિત્ય નિર્માણ :-** આચાર્યશ્રીએ રચેલા ગ્રંથો આ પ્રમાણે છે : (૧) બૃહત્ સ્વયંભૂસ્તોત્ર (૨) સ્તુતિવિદ્યા - જિનશતક (૩) દેવાગમ સ્તોત્ર - આપ્તમીમાંસા (૪) યુક્ત્યનુશાસન (૫) રત્નકરણ્ડશ્રાવકાચાર (૬) જીવસિદ્ધિ (૭) તત્ત્વાનુશાસન (૮) પ્રાકૃત વ્યાકરણ (૯) પ્રમાણ પદાર્થ (૧૦) કર્મપ્રાભૃત ટીકા અને (૧૧) ગંધહસ્તિ મહાભાષ્ય.

ઉપરોક્ત ગ્રંથોમાંથી પ્રથમ પાંચ ઉપલબ્ધ છે.

'જિનશતક' માં ૨૪ તીર્થંકરોની સ્તુતિ ૧૦૦ શ્લોકમાં ચિત્રકાવ્યના રૂપમાં, એક પ્રકારની વિશિષ્ટ શૈલીમાં કરવામાં આવી છે. તેમાં ચક્ર, કમળ, મૃદંગ ઈત્યાદિ



આકૃતિઓમાં અનેકાર્થી ગેય શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આચાર્યશ્રી જણાવે છે કે જિનેન્દ્ર ભગવાનની આરાધના કરનાર મનુષ્યનો આત્મા આત્મીય તેજથી ઝગમગી ઉઠે છે. આવો મનુષ્ય સર્વોત્કૃષ્ટ માનવી બને છે અને તેને મહાન પુણ્યનો સંચય થાય છે.

'દેવાગમ સ્તોત્ર' અથવા આપ્તમીમાંસા સમંતભદ્રજીની યુગપ્રવર્તક કૃતિ છે. આ સ્તોત્રમાં ૧૧૫ પદ્ય છે. આચાર્યશ્રી શ્રદ્ધાને તર્કની કસોટી પર ચડાવીને સાચું અને શ્રદ્ધેય શું છે તેની આપણને પ્રતીતિ કરાવે છે. એકાંતવાદી દર્શનોની આલોચના દ્વારા અનેકાંતમત, સ્યાદ્વાદનું પ્રબળ સમર્થન કર્યું છે. આથી સ્યાદ્વાદના વિસ્તૃત વિવરણ અને સમર્થનનો આ પ્રથમ ગ્રંથ ગણવામાં આવે છે.

'યુક્ત્યનુશાસન' માં ભગવાન મહાવીરનું ૬૪ પદોમાં સ્તવન કરવામાં આવ્યું છે અને એકાંતવાદી દર્શનોના દોષની સ્પષ્ટતા કરતાં વીરપ્રભુના અનેકાન્તાત્મક સર્વોદય તીર્થના ગુણોની સ્પષ્ટતા કરવામાં આવી છે.

'રત્નકરણ્ડક શ્રાવકાચાર' ના ૧૫૦ પદોમાં શ્રાવકોના આચારનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ગ્રંથમાં મુખ્યત્વે આટલી વાતોનો નિર્દેશ છે : (૧) આત્મદર્શન (સમ્યગ્દર્શન) નો મહિમા (૨) શ્રાવકના આઠ મૂળ ગુણોનું વિવેચન (૩) પરમાત્માની પૂજાનું મહત્ત્વ (૪) વ્રતોનું સમ્યક્ પાલન કરનાર મહાનુભાવોના ચરિત્રો (૫) મોહયુક્ત મુનિની અપેક્ષાએ નિર્મોહી શ્રાવકની શ્રેષ્ઠતા (૬) સમ્યગ્દર્શનયુક્ત ચાંડાલને પણ દેવતુલ્ય ગણવાનો ઉદાર દૃષ્ટિકોણ (૭) સમાધિમરણનું સ્વરૂપ, વિધિ અને માહાત્મ્ય.

પરમભક્તિ, ઉત્તમ જ્ઞાન, દૃઢ ચારિત્ર, પરીક્ષાપ્રધાનપણાની સાથે સાથે શ્રદ્ધાવંતપણું, સત્યનું અનુશીલન અને સર્વજ્ઞના શાસન પ્રત્યે સર્વસમર્પણતાના ભાવવાળા સમંતભદ્રાચાર્યજીએ ધર્મનું પદ્યમય, સુંદર તથા બુદ્ધિયુક્ત આલેખન કરીને જૈનશાસનની ઉત્ક્રાંતિમાં અમૂલ્ય ફાળો આપ્યો છે.

## શ્રી બૃહત્સ્વયંભૂસ્તોત્ર :-

આ સ્તોત્રને ચતુર્વિંશતિસ્તોત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમાં તીર્થંકરોની ક્રમશઃ ૧૪૩ પદ્યમાં સ્તુતિ કરવામાં આવી છે. પ્રત્યેક તીર્થંકરની વિશિષ્ટતાનું વર્ણન કરવામાં ભાષા અને અલંકારની એવી રચના કરવામાં આવી છે કે તેથી પ્રત્યેક વર્ણન એક સુંદર સ્તુતિમય ભક્તિરસથી ભરપૂર વર્ણન બને છે અને ગાયક તથા શ્રોતાના મનને ડોલાવે છે. આ ગ્રંથનું પઠન નિત્ય કરવા જેવું છે.

આ ગ્રંથ ચોવીસ તીર્થંકર (વર્તમાન ચોવીશી) ની સ્તુતિરૂપે ઉચ્ચ કોટિનું, સારગર્ભિત, નિર્મળ સુયુક્તિઓથી સુસજ્જિત, સુંદર, સ્વલ્પપદોથી વિભૂષિત અને ભક્તિરસથી ભરપૂર સ્તોત્ર છે. આ હૃદયહારિણી અને અપૂર્વ રચના છે. આ સ્તોત્રમાં સ્તુતિના બહાને જૈનાગમનો સાર અને તત્ત્વજ્ઞાનને ઠાંસીઠાંસીને ભરવામાં આવ્યું છે. ટીકાકાર આચાર્ય શ્રી પ્રભાચંદ્રજીએ આ સ્તોત્રને 'निःशेष - जिनोक्त - धर्म - विषयः' એવું વિશેષણ આપ્યું છે અને 'स्तवोऽयमसमः' પદ દ્વારા તેને અદ્વિતીય સ્તવન કહ્યું છે. સાથે સૂક્તરૂપે યથાર્થ પ્રતિપાદન કરનાર, નિર્દોષ, અલ્પાક્ષર અને પ્રસાદગુણથી વિશિષ્ટ છે. ખરેખર, આ સ્તોત્રનું એક એક પદ પ્રાયે બીજપદ જેવું સૂત્રવાક્ય છે એટલે તે 'જિનમાર્ગપ્રદીપ' છે. આ સ્તોત્રમાં જે યુક્તિવાદ છે અને તેના દ્વારા જે અર્થપ્રરૂપણ કરવામાં આવ્યું છે તે જૈનાગમથી અવિરુદ્ધ છે અર્થાત્ જૈનાગમને અનુકૂળ છે. શ્રી જિનસેનાચાર્યે 'હરિવંશપુરાણ' માં સમંતભદ્રાચાર્યના વચનોને શ્રી વીર ભગવાનના વચન સમાન પ્રકાશમાન તથા પ્રભાવશાળી કહ્યાં છે.

આ ગ્રંથમાં ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગની ત્રિવેણી ગંગા છે; જેમાં સ્નાન (અવગાહન) કરવાથી જે શાંતિ, સુખ, જ્ઞાનાનંદનો લાભ થાય છે તે અનિર્વચનીય છે. આ સ્તોત્રમાં વર્તમાન ચોવીસી તીર્થંકરોની સ્તુતિ છે. સ્તુતિ - પદ્યોની સંખ્યા બધા સ્તવનોમાં સમાન નથી. ૧૮ મા સ્તવનની પદ્યસંખ્યા ૨૦, બાવીસમા સ્તવનની ૧૦ અને ચોવીસમા સ્તવનની પદ્યસંખ્યા ૮ છે અને બાકીના ૨૧ સ્તવનોમાં પ્રત્યેકની



પદ્યસંખ્યા પાંચ - પાંચના રૂપમાં સમાન છે. આ રીતે ગ્રંથના પદ્યોની કુલ સંખ્યા ૧૪૩ છે. આ બધા પદ્ય કે સ્તવન એક જ છંદમાં નહીં, પરંતુ ભિન્ન ભિન્ન ૧૩ છંદોમાં નિર્મિત છે, જેના નામ છે - વંશસ્થ, ઈન્દ્રવજ્રા, ઉપેન્દ્રવજ્રા, ઉપજાતિ, રથોદ્ધતા, વસંતતિલકા, પથ્યાવક્ત્ર અનુષ્ટુપ, સુભદ્રા - માલતી, મિશ્રયમક, વાનવાસિકા, વૈતાલીય, શિખરિણી, ઉદ્ગતા, આર્યાગીતિ વગેરે. ક્યાંક ક્યાંક એક સ્તવનમાં એકથી વધારે છંદોનો પ્રયોગ પણ કરવામાં આવ્યો છે.

પ્રારંભિક શબ્દ (स्वयंभुवा) ની દૃષ્ટિએ 'સ્વયંભૂસ્તોત્ર' નામ રાખવાની પ્રથા અહીં સુઘટિત થાય છે. બીજાના ઉપદેશ વિના સ્વયં મોક્ષમાર્ગને જાણીને અને અનુષ્ઠાન કરીને અનંતચતુષ્ટય પ્રાપ્ત આત્માને 'સ્વયંભૂ' કહે છે. સ્તોત્રના અંતિમ શ્લોક (૧૪૩) માં 'समंतभद्र' શબ્દથી આ સ્ત્રોતની રચના સમંતભદ્રાચાર્યે કરી હોવાનું પુરવાર થાય છે. ચારેબાજુથી જે ભદ્રરૂપ છે તે સમંતભદ્ર છે.

આ સ્તોત્રના આધારે સ્પષ્ટ જાણવા મળે છે કે બધા તીર્થંકરો સ્વાવલંબી હતા. તેઓએ આત્મદોષો અને તેના કારણોને સમજીને સ્વયંના પુરુષાર્થથી - પોતાના જ્ઞાનબળ અને યોગબળથી તે દોષોને નિર્મૂલ કરીને પોતાનો આત્મવિકાસ સ્વયં સિદ્ધ કરીને મોહ, માયા, મમતા, તૃષ્ણાદિથી રહિત 'સ્વયંભૂ' બન્યા છે. અર્થાત્ અનંત જ્ઞાન - દર્શન - સુખ - શક્તિને સંપ્રાપ્ત થયા છે. પૂર્ણપદને પ્રાપ્ત કરીને અલગ અલગ જગ્યાએ વિહાર કરીને ભવ્ય જીવોના હિતાર્થે ઉપદેશ (દિવ્યધ્વનિ) પણ આપ્યો છે. તીર્થંકરના માર્ગનું અનુસરણ કરનાર વ્યક્તિ પણ ક્રમે કરીને પરમપદને પ્રાપ્ત કરી લે છે. આ સ્તોત્રમાં તીર્થંકરો માટે અનેક વિશેષણોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. જેમકે भूतहितः, प्रबुद्धतत्त्वः, विश्वचक्षुः, ब्रह्मनिष्ठः, अजितात्मा, शास्ता, पुण्यकीर्तिः, विमुक्तः, ऋषिः, हितानुशास्ता, महतामभिवन्द्यः, अनघः, कैवल्य विभूति सम्राट, दयामूर्तिः, धर्मचक्रवर्तयिता, वरदः, निर्मोहः, शांतिनिलयः વગેરે. આ બધા વિશેષણોને આઠ વિભાગોમાં વિભાજિત કરી શકાય - (૧) કર્મકલંક અને દોષો પર વિજયના સૂચક (૨) જ્ઞાનાદિ ગુણોત્કર્ષ

વ્યંજક (૩) પરહિતપ્રતિપાદનરૂપ, લોકહિતપિતામૂલક (૪) પૂજ્યતા અભિવ્યંજક (૫) શાસનની મહત્તાના પ્રદર્શક (૬) શારીરિક સ્થિતિ અને અભ્યુદયના નિદર્શક (૭) સાધનાની પ્રધાનતાના પ્રકાશક (૮) મિશ્રિત ગુણોના વાચક.

આ સ્તોત્રમાં ભક્તિયોગની પ્રધાનતા જોવા મળે છે. આપ્તપુરુષો પ્રત્યે સમંતભદ્રાચાર્ય કેટલા બધા વિનમ્ર અને તેઓના ગુણોમાં અનુરાગી હતા તે આ સ્તોત્રના અધ્યયન પરથી જાણી શકાય છે. તેઓએ સ્તુતિવિદ્યામાં પોતાના વિકાસનો પ્રધાન શ્રેય ભક્તિયોગને આપ્યો છે. (પદ્ય - ૧૧૪) આચાર્યશ્રીએ જિનેશ્વરના સ્તવનને ભવવનને ભસ્મ કરનાર અગ્નિ સમાન બતાવેલ છે, તેઓના સ્મરણને ક્લેશરૂપી સમુદ્રને પાર કરનાર નૌકા સમાન કહેલ છે અને જિનભક્તિને પારસમણિ સમાન દર્શાવેલ છે. આચાર્યશ્રીએ જિનના ગુણો અનંત હોવાથી તેઓની (પૂર્ણ) સ્તુતિ કરવાની પોતાની અસમર્થતા બતાવી છે.

જિનેન્દ્રના પુણ્યગુણોનું સ્મરણ તથા કીર્તન આત્માને પાપપરિણતિથી છોડાવીને તેને પવિત્ર કરે છે - આ વાત આચાર્યશ્રી નીચેના શ્લોકમાં દર્શાવે છે -

न पूजयार्थस्त्वयि वीतरागे
न निन्दया नाथ ! विवान्त - बैरे ।
तथाऽपि ते पुण्यगुण - स्मृतिर्नः
पुनाति चित्तं दुरिताजनेभ्यः ॥ ५७ ॥

આચાર્યશ્રીના પરમ વિનયની પરાકાષ્ઠા તો જુઓ ! જિનેન્દ્ર ભગવાનની સ્તુતિ કરવામાં પોતાની અસમર્થતા વ્યક્ત કરતા તેઓ પોતાને अज्ञ (શ્લોક - ૧૫), बालक (શ્લોક - ૩૦) તથા अल्पधी (શ્લોક - ૫૬) કહે છે !

શ્રી અજિતનાથ પ્રભુની સ્તુતિ કરતાં આચાર્યશ્રી તેમના નામને 'પરમ પવિત્ર' બતાવતાં કહે છે કે આજે પણ પોતાની સિદ્ધિ ઈચ્છનારા લોકો આપના પવિત્ર નામનો ઉલ્લેખ પાપોને ગાળવા માટે કે વિઘ્ન - બાધાઓને ટાળવા માટે ખૂબ આદરપૂર્વક કરે છે. યથા -



अद्यापि यस्याऽजित - शासनस्य
सतां प्रणेतुः प्रतिमंगलार्थम् ।
प्रगृह्यते नाम परम - पवित्रं
स्वसिद्धि- कामेन जनेन लोके ॥ ७ ॥

પોતાના દોષોના નાશ અર્થે, સાંસારિક ક્લેશ અને ભયની સમાપ્તિ અર્થે શ્રી શાંતિનાથ ભગવાનની શરણાગતિ સ્વીકારતાં આચાર્યશ્રી જણાવે છે -

स्वदोषः शान्त्या विहितात्म शान्तिः
शान्तेर्विधाता शरणं गतानाम् ।
भूयाद्भव - क्लेश - भयोपशान्त्यै
शान्तिर्जिनो मे भगवान शरण्यः ॥ ८० ॥

'સ્વયંભૂસ્તોત્ર' ના અધ્યયનથી આપણે જાણી શકીએ છીએ કે સ્વામી સમંતભદ્રાચાર્ય ઉચ્ચ કોટિના ભક્તિયોગી, જ્ઞાનયોગી અને કર્મયોગી હતા. આપણા આચાર - વિચારને શુદ્ધ બનાવી, આચાર્યશ્રીએ દર્શાવેલા પંથે ચાલી, પ્રભુપ્રેમથી હૃદયને પ્લાન્વિત કરીને સાધનાપંથે અગ્રેસર બનીએ તે આવા સ્તોત્રના અધ્યયનનો હેતુ છે. પ્રભુ આપણને આ લક્ષ્યને પ્રાપ્ત કરવાની શક્તિ અર્પે તેવી અભ્યર્થના.

**(અમદાવાદ સ્થિત જૈનધર્મના અભ્યાસુ મિતેશભાઈ 'દિવ્યધ્વનિ' ના તંત્રી છે. તેમના લેખો સામયિકો અને વર્તમાનપત્રોમાં અવારનવાર પ્રસિદ્ધ થાય છે.)**

૧૭

## શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના ગૂઢ વૈજ્ઞાનિક રહસ્યો

- ડૉ.રેણુકા પોરવાલ

**પરિચય :-**

પુરુષાદાનીય પાર્શ્વનાથ પ્રભુની પ્રભાવક પાંચ ગાથાઓથી ગૂંથાયેલ સ્તોત્ર - ઉવસગ્ગહરંના રચયિતા શ્રી ભદ્રબાહુસ્વામી ((દ્વિતીય) છે. સ્તોત્રની ખ્યાતિ વિઘ્નનિવારક, પીડાનાશક, સિદ્ધિદાયક તરીકે સદીઓથી છે. આ પ્રભાવશાળી સ્તોત્રની રચના પાછળનો હેતુ લોકોને મહામારીના ઉપદ્રવથી બચાવવાનો હતો. તે સમયે સંઘ સમક્ષ લોકોને મૃત્યુના મુખેથી રક્ષવાનો પ્રાણપ્રશ્ન હતો. સર્વત્ર મોત અને ભયનું વાતાવરણ ફેલાયેલું હતું. શ્રી સંઘે તુર્ત જ આચાર્યશ્રી પાસે પહોંચી જઈ એમાંથી ઉગરવાનો ઉપાય પૂછ્યો. શ્રી ભદ્રબાહુસ્વામી (દ્વિતીય) યંત્ર, મંત્ર અને જ્યોતિષ વિદ્યાના નિષ્ણાત હતા. તેમણે તત્કાળ વિઘ્નનિવારણ ગૂઢરહસ્યોથી ભરપૂર સ્તોત્ર રચી શ્રી સંઘને આપ્યું. એના પઠનથી દેવ-દેવીઓ સાક્ષાત્ પ્રગટ થતાં અને વિઘ્નો શમી જતાં એવું કહેવાય છે. પરંતુ ત્યારબાદ લોકો પોતાના નજીવા કાર્ય માટે પણ એનો ઉપયોગ કરવા લાગતા, ગુરુદેવે કેવળ પાંચ ગાથાઓ રાખીને બાકીની ગાથાઓને ભંડારી દીધી. આજે આપણી સમક્ષ જે ગાથાઓ છે તેમાં પાંચ ગાથાઓનો સમૂહ છે, જેના



મંત્રજાપથી બાધાઓ - મુશ્કેલીઓ દૂર તો થાય જ છે, પરંતુ એમાં પ્રાપ્ત થતી દૈવી સહાય ગુપ્ત રીતે કાર્ય કરે છે.

**સ્તોત્રની મંત્રશક્તિ :-**

આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીએ સ્તોત્રમાં બીજાક્ષરો, મંત્રો, દેવતાઈ આહ્વાનો વગેરેનું એવી રીતે સંયોજન કર્યું છે કે તેના પઠનથી આત્મશક્તિનો પ્રવાહ મજબૂત થવા લાગે. પૂર્વાચાર્યો જ્યારે આવા કોઈ સ્તોત્રનું સર્જન કરે ત્યારે તે દીર્ઘરૂપે લાભદાયી જ હોય. તેમનું સર્જન કદી પણ મર્યાદિત અવધિનું હોતું નથી. તેમને તો લોકોને મુશ્કેલીમાંથી ઉગારી મોક્ષમાર્ગ ચીંધી મોક્ષમાં પહોંચાડવાનું કાર્ય કરવાનું હોય છે. આવા કલ્યાણક હેતુથી ઉપાર્જિત રચનાથી સર્વ જીવોનું માંગલ્ય કરવાની તેમની ભાવના હોય છે.

સ્તોત્ર અને એમાં અવસ્થિત મંત્રરચનામાં અક્ષરોની ગૂંથણી ધ્વનિની આવૃત્તિ પર આધારિત હોય છે. એના મંત્રોમાં હ્રસ્વ કે દીર્ઘ સ્વર, સૂર, છંદ, લય અને બીજાક્ષરોની ગોઠવણી એવી યોજનાપૂર્વક કરવામાં આવે છે કે એમાં ગહન રીતે સ્થાપિત થયેલ ગૂઢશક્તિ ધાર્યું ફળ આપે. જેમ બીજમાંથી વૃક્ષ તૈયાર થઈ શકે તેવી રીતે બીજાક્ષરોની સૂક્ષ્મશક્તિ સાધકને તેના કાર્યોમાં વિજય અપાવે છે એમાં કોઈ શંકા નથી.

**સ્તોત્રમાં વેષ્ઠિત થયેલ મંત્રો અને તેનો પ્રભાવ :-**

પ્રસ્તુત સ્તોત્રની પાંચ ગાથાઓમાં પ્રથમ ગાથાનું કાર્ય સાધકને ઉપસર્ગથી રહિત કરવાનું છે.

બીજી ગાથાનું કાર્ય સાધકને તંદુરસ્તી બક્ષવાનું છે.

ત્રીજી ગાથાનું કાર્ય ઉપાસકને પ્રભુનો રાગી બનાવવાનું છે તથા એને ખરાબ કાર્ય કે ખરાબ કર્મ કરતા રોકવાનું છે. ચોથી ગાથામાં પ્રભુની સ્તવના કરનાર ભક્તને વગર વિઘ્ને મોક્ષમાર્ગ દર્શાવવાની વચનબદ્ધતા છે.

પાંચમી ગાથામાં ઉપાસકને બોધિબીજ - સમ્યક્ત્વ ભવેભવે મળે તેવી પ્રાર્થના

થકી શ્રદ્ધાવંત બનાવી મનની શુદ્ધતા દ્વારા મોક્ષમાં લઈ જાય છે.

**પ્રથમ ગાથામાં સ્થાપિત મંત્રો અને તેનું કાર્ય :-**

પ્રથમ ગાથાનો પ્રારંભ જ ઉપસર્ગ હરનાર પાસ (પાર્શ્વ) યક્ષ જેની પાસે છે તે પાર્શ્વનાથને હું વંદન કરું છું. જેના કર્મના સમૂહો ટળી ગયા છે, જે વિષને હરનારા છે એવા પાર્શ્વનાથને જ્યાં સ્મરણ કરવામાં આવે ત્યાં સાક્ષાત્ મંગળ અને કલ્યાણનું આવાસ તૈયાર થઈ જાય છે. આ ગાથા આપણને સૂચવે છે કે તમે જેવા વિઘ્ન દૂર કરવા પ્રભુ પાર્શ્વને વિનંતી કરો કે તરત જ તમારી આસપાસ મંગળ અને કલ્યાણની અભેદ દીવાલ રચાય જાય પછી સાધકનું કોઈપણ અમંગળ કરી શકે નહીં. પ્રથમ ગાથાનું કાર્ય એવું અદ્‌ભુત છે કે જ્યારે સાધકને કોઈ મુશ્કેલી આવી ચઢે ત્યારે પ્રભુને સ્મરણમાં રાખીને પ્રથમ ગાથાની આસપાસ બીજાક્ષર મૂકી મંત્રજાપ કરે તો એના દરેક પ્રકારના વિઘ્નો ટળી જાય છે. સાધકની આસપાસ રચાયેલ મંગળ અને કલ્યાણના સુરક્ષાકવચને કારણે એને ઉપરી અમલદાર, શેઠ કે માલિક કોઈપણ કટુવચન કહી શકે નહીં. આ મંત્રના જાપથી પરિસ્થિતિ તદ્દન હળવી થઈ જાય છે અને વિઘ્નો ટળી જાય છે.

**બીજી ગાથાનું કાર્ય :-**

બીજી ગાથા સાધકની તંદુરસ્તી સપ્રમાણ રાખે છે. એમાં આચાર્યશ્રી મંત્રનું હાર્દ જણાવે છે કે વિષહરનાર 'સ્ફૂલિંગ મંત્ર' ને જે કોઈ ધારણ કરશે તેની ગ્રહપીડા, રોગની પીડા, મરકી વગેરે રોગ, ઘડપણ, ઝેરી તાવ વગેરે ઉપશાંત થઈ જશે. હવે આ ગાથાની કાઉસગ્ગમાં મંત્રજાપ કરવામાં આવે ત્યારે એના સૂર કંઠમાં રેલાય છે, જે કંઠમાં સ્થિત થાઈરોઈડ અને પેરાથાઈરોઈડ ગ્રંથિને ચેતનવંતી કરે છે. આ બંને ગ્રંથિઓ લોહીમાં કેલ્શિયમ લેવલનું ધ્યાન રાખે છે. વિષહર સ્ફૂલિંગ મંત્રનો મૂળ મંત્ર છે -

"नमिउण पास विसहर जिण फूलिंग"

આ મંત્રની આસપાસ "ॐ ह्रीं, श्रीं अर्हं" પ્રથમ અને "ह्रीं, श्रीं अर्हं नम:" પાછળ લગાવી પૂરા મંત્રોચ્ચાર કરવાથી સ્ફૂલિંગ મંત્ર બને છે. એને સતત જાપ કરવાથી શરીર તંદુરસ્ત - નીરોગી રહે છે.



**ત્રીજી ગાથાનું કાર્ય :-**

ભક્તજનને સરળતા રહે, આત્મશ્રદ્ધામાં ખોટ ન આવે અને પ્રભુભક્તિમાં પૂર્ણ શ્રદ્ધાથી જોડાય રહે માટે આ ગાથામાં જણાવાયું છે કે જો કાયોત્સર્ગ, સાધના કે જાપ આદિ નહીં કરી શકતા હો તો કશી ચિંતા નહીં, પ્રભુને કરેલ પ્રણામ પણ એટલો જ ફળદાયી હોય છે. મનુષ્ય યોનિ કે તિર્યંચ યોનિના જીવ હોય કોઈપણ પરંતુ પદ્માવતી માતા તેમને કોઈ દુઃખ કે દારિદ્ર નહીં આવવા દે.

**ચોથી અને પાંચમી ગાથા :-**

આ બંને ગાથાઓમાં ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષની પ્રાપ્તિથી પણ અધિક સમ્યક્ત્વ રત્ન છે, જે અત્યંત દુર્લભ છે. પ્રથમ ગાથામાં બાધાઓથી મુક્તિ મળી. બીજીમાં શરીર નીરોગી થયું. ત્રીજીમાં પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા દઢ થઈ. ચોથી ગાથામાં કહેવાયું કે સમ્યક્ત્વની પ્રાપ્તિ તો અઢળક ઐશ્વર્ય અને ઈચ્છિત ફળપ્રાપ્તિ કરતાં પણ વધુ છે. માટે એ મોક્ષમાર્ગના અજરામર સ્થાનનો માર્ગ પદ્માવતી માતા દર્શાવે છે. પ્રભુ એ પદ પામી ચુક્યા છે તે બોધિબીજ પ્રાપ્ત થાઓ એવી પ્રભુને અહીં પ્રાર્થના કરાય છે. પાર્શ્વ જિનચંદ્ર ! ભક્તિથી ભરેલ હૃદયથી ઉચ્ચ કક્ષાની પ્રાર્થના ભક્ત જ્યારે કરે છે ત્યારે તે અવશ્ય ફળે જ છે એમ પાંચમી ગાથામાં આચાર્યશ્રી દર્શાવે છે.

**ઉવસગ્ગહરમ્ સ્તોત્રની ગાથાઓ અને ભક્તામર સ્તોત્ર :-**

આપણા પૂર્વાચાર્યોએ ઉપરોક્ત બંને સ્તોત્રની મનુષ્ય જીવનમાં ઉપયોગિતા નિહાળી. મધ્યકાલીન યુગમાં લોકો ઘણી જ મુશ્કેલીઓથી ઘેરાયેલા હતા. આવી સ્થિતિમાંથી લોકોને ઉગારવા ભક્તામર સ્તોત્રની દરેક ગાથામાં એની સિદ્ધિ, ફળપ્રાપ્તિ અને એમાં રહેલ દૈવી આહ્‌વાનને અનુરૂપ મંત્ર અને યંત્ર તૈયાર કર્યા. એમાં ગાથાની ઉપાદેયતા મુજબ નવકાર મંત્ર, ઉવસગ્ગહરં સ્તોત્ર અને અન્ય સૂત્રનો ઉપયોગ કરી સ્થાપના મંત્ર, જાપમંત્ર અને યંત્ર તૈયાર કર્યા. આને કારણે શ્રી ભક્તામર સ્તોત્રની ગાથાઓની પ્રભાવકતા અને અસર અનેક ગણી વધી ગઈ. દા.ત. શ્રી ભક્તામર સ્તોત્રની ૩૧ મી ગાથાના મંત્રજાપ અને યંત્રના દર્શન માત્રથી એમાં રહેલ દૈવી પ્રભાવ

થકી ઉપરી અમલદાર વગેરે સાધકનું કંઈપણ અહિત કરી શકતા નથી. એમાં ઉવસગ્ગહરં સ્તોત્રની પ્રથમ ગાથાને મંત્ર તરીકે સ્વીકારેલ છે. ઉપરાંત એના યક્ષ દેવનો બીજાક્ષર 'ગં' થી યંત્રના કેન્દ્રસ્થાનને તથા અન્ય બીજમંત્રોનો પણ ઉપયોગ કરી સુરક્ષાકવચ પૂરું પાડ્યું છે. જ્યારે ભક્ત સહાય માટે શ્રી ભક્તામર સ્તોત્રની ૩૧ મી ગાથાના દર્શન કરે છે ત્યારે જેવો એ કેન્દ્રમાં એની દૃષ્ટિને સ્થિર કરે કે આપોઆપ એની આસપાસ મંગળ અને કલ્યાણનું ઘર બની જાય. ૩૧ મી ગાથાના અર્થ મુજબ અહીં પ્રભુના ત્રણ છત્ર આગળ રવિનો પ્રકાશ પણ તાપ આપી શકતો નથી. પ્રભુનો તેજ પ્રતાપ ત્રણ ભુવનમાં છે, જ્યાં સાધક આશ્રય લે છે. આ ગાથાની અને એના મંત્રજાપને કારણે રાજા, શેઠ કે વડીલો વશ થઈ જાય છે.

ઉવસગ્ગહરં સ્તોત્રની બીજી ગાથામાં ગર્ભિત 'વિષહર-સ્ફૂલિંગ મંત્ર' પણ શ્રી ભક્તામર સ્તોત્રની ગાથાઓમાં મંત્ર જાપ તરીકે ઉપયોગમાં લેવાયો છે.

આ પ્રમાણે આપણે ભક્તો પ્રભુ પાર્શ્વનાથના મંત્રજાપ થકી તન, મન નીરોગી રાખી મોક્ષમાર્ગે સંચરીએ એવા શુદ્ધ ભાવ રાખી પૂર્વાચાર્યોએ યુગો સુધી અમર રહે એવી રચનાઓ કરી છે.

**ઉવસગ્ગહરમ્‌ના મંત્રોચ્ચારના વૈજ્ઞાનિક રહસ્ય :-**

મનુષ્ય શરીરમાં અંતઃસ્રાવી ગ્રંથિઓનું એક સક્ષમ તંત્ર છે, જે **endocrine system** કહેવાય છે. આ ગ્રંથિઓમાંથી જે સ્રાવ (હોર્મોન્સ) નીકળે છે અને એ સીધો રક્તમાં પ્રવાહિત થાય છે. આ રક્ત-લોહી શરીરના સંપૂર્ણ અવયવોમાં ફરતું હોય છે.

જ્યારે સાધક એકાગ્રતાથી લયબદ્ધ રીતે મંત્રોચ્ચાર કરે છે ત્યારે એના રટણથી વાઈબ્રેશન - સ્પંદન પેદા થાય છે. બે ભ્રૂકુટીની વચ્ચે મનને એકાગ્ર કરીને ઉવસગ્ગહરં સ્તોત્રની પ્રથમ ગાથાનું મનન કરવાથી મસ્તકમાં અંદરના ભાગે રહેલી પિચ્યુટરી ગ્લેન્ડ જાગૃત થાય છે. ત્યાં ભીતરની ખાલી જગ્યા (કેવીટી) માં એના ગુંજનના પડઘા પડે છે, જેથી અંદર રહેલી અન્ય ગ્રંથિઓ પર પણ તેની અસર થકી સર્વ ગ્રંથિઓ કાર્યાન્વિત થઈ જાય છે.



આ સ્તોત્રની બીજી ગાથા કંઠમાં એકાગ્ર ચિત્તે પઠન કરવાથી સ્વરયંત્રની નજીકની થાઈરોઈડ અને પેરાથાઈરોઈડ ગ્રંથિઓની અનિયમિતતા પર અસર થાય છે અને તે ફરી ચેતનવંતી બને છે. વળી, અહીં ચિંતામણિ મંત્ર કે સ્ફૂલિંગ મંત્રના જાપથી પણ સાધકની તંદુરસ્તી જળવાઈ રહે છે. આ ગ્રંથિઓ અતિ સંવેદનશીલ હોવાને કારણે ચિંતા, તનાવ, સ્ટ્રેસ વગેરેથી તરત જ પ્રભાવિત થઈ જાય છે. વર્તમાન સમયમાં દર ત્રીજી વ્યક્તિ થાઈરોડીઝમ કે હાયપર થાઈરોડીઝમ નામના રોગનો શિકાર બને છે. એના ઉપાય તરીકે આ સ્તોત્રની બીજી ગાથા કે એનો મંત્ર નિયમિત ભણવાથી વ્યક્તિ રોગમુક્ત બને છે.

નાભિની નજીક આવેલ એડ્રેનલ ગ્રંથિઓ પર પણ એની ચોથી ગાથાનો પ્રભાવ પડે છે. અહીં પેનક્રિયાસ આવેલું છે. આ ગ્રંથિઓ જીવનોપયોગી ઘણા રસાયણોનું ઉત્પાદન કરે છે. આ મંત્રજાપમાં દેવગુરુને વંદન કરવાથી મનુષ્ય અહંકાર મિટાવી નમ્રતા ધારણ કરે છે. આ ગ્રંથિ પર જાપ કરવાથી સાધક ક્રોધ, ભય, ઉત્તેજના, આર્ત્તધ્યાન વગેરે પર કાબૂ મેળવે છે, જેથી એનો એડ્રેનીલ હોર્મોન ખાલી થઈ જતો નથી.

આ સ્તોત્રની અસર સબકોન્શીયસ માઈન્ડ - આંતરમન પર પણ જોવા મળે છે. વિઘ્ન નિવારણ માટે પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિ વડે નીરોગી થવાના સંકલ્પ થકી કરાતો જાપ સાધકના મનમાં વિશ્વાસ અને શ્રદ્ધા પેદા કરે છે, જેની ફળશ્રુતિ કાર્ય સફળ બનાવે છે.

આ પ્રમાણે ગૂઢ રહસ્યોથી ભરપૂર, ગહન અર્થસભર ચમત્કારિક પ્રભાવશાળી સ્તોત્રના નિયમિત પાઠથી સાધક વિઘ્નરહિત બની અજરામર પદને પ્રાપ્ત કરે છે.

**(મુંબઈ સ્થિત જૈન દર્શનના અભ્યાસુ રેણુકાબહેને આચાર્ય બુદ્ધિસાગરજીના જીવન અને કથન પર સંશોધન કરી Ph.D. કર્યું છે. "જૈન જગત" સામયિકના હિન્દી વિભાગના સંપાદન સાથે સંકળાયેલા છે. તેમના ચાર પુસ્તકો પ્રગટ થયા છે.)**

## ૧૮ ચોવીસ તીર્થંકર નામમંત્ર ફળાદેશ

- મણિલાલ ગાલા

"मंत्रेषु वर्तते बीजं, मंत्रेण जायते बंधनाशं,
मंत्रेण गुप्तशक्ति प्रदर्शते, मंत्रेण किं किं न सिद्धयते ?"

મંત્રમાં બીજનું બીજ સમાવિષ્ટ છે. મંત્રથી બંધ પડેલી ચીજ ઉદ્‌ઘાટિત થાય છે. મંત્રથી ગુપ્ત શક્તિઓ પ્રગટ થાય છે. મંત્રથી શું શું સિદ્ધ થતું નથી ? અર્થાત્ મંત્રથી સર્વ સાધ્ય છે.

વિશ્વમાં માનવીને મુશ્કેલીઓનો પાર નથી, સાધન-સંપત્તિ વધ્યા છે, પરંતુ માનસિક શાંતિ ક્યાં ? માનવી એ સમસ્યાઓમાંથી મુક્તિ મેળવવા કોઈ શરણ ગોતે છે. અનેક બાધાઆખડી કરે છે, પણ સુખ-શાંતિ તેને નસીબ થતા નથી. એકવીસમી સદીનો આ મોટો પડકાર છે. માનસિક રોગ વધતા ચાલ્યા છે, આત્મહત્યાઓનું પ્રમાણ વધ્યું છે, સતત અજંપાથી હરકોઈ ત્રસ્ત છે ત્યારે અનેક લોકો મંત્રતંત્રના શરણે જાય છે. મંત્ર-તંત્રની લાંબીલચક વિધિ માટે માણસને સમય નથી. લાંબા અને ઉચ્ચારમાં અતિ અઘરા મંત્ર માટે ઘણો મહાવરો કરવો પડે છે. મંત્ર-તંત્ર માટે તાંત્રિક



પાસે જવું પડે અને આજે ખરા તાંત્રિક ક્યાં નજરે પડે છે ખરા ! તાંત્રિકના નામે અઢળક પૈસા ઓકાવતા ધુતારાઓની કમી નથી. વળી એ મિથ્યાધર્મ થાય છે. આવા સંજોગોમાં કરવું શું ?

આપણા સૌના સદ્‌ભાગ્યે મંત્રનું એક અજોડ પુસ્તક પ્રસિદ્ધ થયું છે. માત્ર બે થી ચાર શબ્દો ધરાવતા એ મંત્ર એટલા સરળ અને સાત્ત્વિક છે કે તે તત્કાળ હૃદય સોંસરવા ઉતરી જાય.

એ પુસ્તકના રચયિતા અન્ય કોઈ નહીં પરંતુ પરમ દાર્શનિક ચિંતક, જૈન સાહિત્યના પ્રખર લેખક ૨૦૧૬ માં ૯૩ વર્ષની જૈફ વયે કાળધર્મ પામેલા ગોંડલ ગચ્છ શિરોમણી પરમ પૂજ્ય શ્રી જયંતમુનિ મહારાજ સાહેબ છે.

પ્રખર જૈન સાહિત્યકાર શ્રી ગુણવંતભાઈ બરવાળિયા તથા પૂ. સુબોધિકા સ્વામી સંપાદિત અને ૨૦૧૫ માં પ્રકાશિત થયેલા આ પુસ્તકનું નામ છે - ''દેવાધિદેવ નામમંત્ર ફલાદેશ.'' જૈનોના ૨૪ તીર્થંકરોના નામમાં જ એ ૨૪ મંત્ર સમાયેલા છે. જે આત્માઓ તીર્થંકરની કક્ષાએ પહોંચ્યા એમના નામમંત્રમાં જ કેટલી તાકાત હોય ! એમનું નામ ઉચ્ચારવાથી જ માનવ આ ભવ તરી જાય, ત્યારે આ તો તેમના નામનું મંત્રરૂપે રટણ કરવાનું છે. આ એક સર્વથા મૌલિક ગ્રંથ છે. દાયકાઓના અનુભવનો નિચોડ એમાં અપાયો છે.

ગચ્છ શિરોમણી પૂ. જયંતમુનિ મહારાજના ખુદના શબ્દોમાં જ કહીએ તો ''દેવાધિદેવોના નામકરણ પાછળ કોઈ મહાન રહસ્ય છુપાયેલું છે. વ્યક્તિ, સમાજ કે સંસારનું સંપૂર્ણ કલ્યાણ થાય તેવું મંગલમય રહસ્ય તેઓશ્રીના નામમાં સમાયેલું છે.''

પૂર્વાચાર્યો દેવાધિદેવના નામોને ચમત્કારિક અને ઉત્તમ ફળદાયી માનતા જ આવ્યા છે અને તેમના નામથી હજારો સ્તુતિ તેમજ સ્તવનો પણ પ્રસિદ્ધ થયા છે. દેવાધિદેવના નામનું ધરાતલ નામ પૂરતું જ સીમિત નથી. પ્રભુના આ પરમ પુનિત

નામો (નામનિક્ષેપ સિવાયના) બાકીના નિક્ષેપોને પણ સ્પર્શ કરતા હોવાથી સજીવ અને જાગૃત પણ છે. આ બધા નામોને એક જ ત્રાજવે તોળી શકાય તેમ નથી. કેટલાક નામ નામ રૂપે જ સાર્થક હોય છે, જ્યારે કેટલાક નામ નામ હોવા છતાં સ્વતઃ મંત્રાક્ષર બની જાય છે અને મંત્રનું બળ તે નામમાં પ્રસ્ફુટિત થાય છે. આપણા ચોવીસ દેવાધિદેવના પવિત્ર નામ સર્વથા સ્વતંત્ર, ભિન્ન ભિન્ન એક એક મંત્રરૂપ છે.''

પૂજ્યશ્રી આગળ કહે છે, ''આ વિશ્વમાં કે મનુષ્ય જગતમાં દુઃખની જે પરંપરા છે તેને વિભાજિત કરીએ તો લગભગ ૨૪ પરંપરા દૃષ્ટિગોચર થાય છે. વધારેમાં વધારે દુઃખસમૂહ ચોવીસ ભાગમાં આટોપાઈ જાય છે. અન્ય પ્રકારના દુઃખો ભલે સંખ્યામાં વધારો કરે પણ તે આ ચોવીસમાં જ સમાવિષ્ટ થઈ જાય છે. સંસારના આ ધ્રુવ એવા ચોવીસ દુઃખોનું નિવારણ કરવા માટે માનો ચોવીસ તીર્થંકરો જન્મ ધારણ કરે છે, ચોવીસ દેવાધિદેવની ઉત્પત્તિ થાય છે અને પ્રત્યેક પ્રભુના નામ એક-એક દુઃખના નિવારણ માટે અમોઘ શસ્ત્રરૂપ બની જાય છે. આ અભિનવ ગ્રંથમાં ચોવીસ તીર્થંકર ભગવાનના રૂપ મહાશક્તિનું અવલંબન કરી તેમના નામને મંત્રાક્ષર રૂપે ગોઠવીને પ્રયોગ કરવાની પ્રેરણા આપી છે. કયા તીર્થંકરનું નામ કયા દુઃખ માટે શસ્ત્રરૂપ છે, તેનું વિવેચન આ ગ્રંથમાં બારીકાઈથી કરવામાં આવ્યું છે.''

''દેવાધિદેવોના નામ મંત્રના પરિણામના રહસ્યોની જે વાત આ ગ્રંથમાં કરવામાં આવી છે, તે વાત નિશ્ચિત રૂપે પ્રમાણભૂત, તત્ત્વસ્પર્શી અને શાસ્ત્રોક્ત વાત છે તથા તે ગુપ્ત રહસ્યો દ્વારા ઉપકાર થતો હોય તેવી મંગલમય વાત છે. અગ્નિ સ્પર્શથી દાહ થાય તે સ્વતઃ પ્રમાણભૂત છે, તેમ આ વાત એવી સ્પષ્ટ છે કે તેમાં બીજા કોઈ પ્રમાણની જરૂર નથી. જેમ અગ્નિનો સ્પર્શ થાય તો દાઝી જવાય, તેમ આ મંત્રજાપનો સ્પર્શ થાય તો ફળની પ્રાપ્તિ અચૂક થાય, આ એક સૈદ્ધાંતિક તત્ત્વ છે. પ્રમાણના આધારે તત્ત્વ પરિણિત નથી, પરંતુ તત્ત્વ પરિણતિના આધારે પ્રમાણ છે. આ ગ્રંથ અલૌકિક, મૌલિક તેમજ તત્ત્વ પરિણતિને સ્પર્શ કરતો હોવાથી સ્વતઃ પ્રમાણભૂત છે.''



યુગદિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ.સા. કહે છે કે ''જ્ઞાનીના દરેક પ્રગટતા શબ્દો મંત્ર બને છે. પ્રભુ નામ જ મંત્રરૂપ છે. ગોંડલ ગચ્છશિરોમણી ગુરુદેવ શ્રી જયંતમુનિ મ.સા.ના પરમ જ્ઞાનભાવોથી પ્રગટેલા અદ્‌ભુત રહસ્યો તેમની જ્ઞાનચેતનાનો ચમત્કાર જ છે. તીર્થંકર પરમાત્માઓના નામમાં રહેલી અનંત શક્તિઓને જૈન સમાજ જાણતો જ હશે, પણ તે રહસ્યનું ઉદ્‌ઘાટન કરી તેઓએ આપણને પરમકૃપાના કારણ બનાવી દીધા. તીર્થંકર પરમાત્માનું નામ દ્રવ્યલાભ અને ભાવલાભ, બન્નેનું કારણ છે અને આપણા સર્વ દુઃખોનું નિવારણ કરે છે.''

પૂજ્ય વીરમતી મહાસતીજીના કહેવા મુજબ ''શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર''માં ચોવીસ તીર્થંકરોની સ્તુતિનું મહત્ત્વ સમજાવતાં કહ્યું છે કે,

"चउव्वीसत्थएणं भंते ! जीवे किं जणयइ ?
चउव्वीसत्थएणं दंसणविसोहि जणयइ ।"

હે પ્રભો ! ચોવીસ તીર્થંકરોની સ્તુતિથી જીવને શું લાભ થાય છે ? તેમની સ્તુતિથી દર્શનવિશુદ્ધિ થાય છે, અર્થાત્ સમ્યગ્‌દર્શન નિર્મળ અને દૃઢ થાય છે. તેથી સિદ્ધ થાય છે કે શુદ્ધ ભાવે પરમાત્માનું નામસ્મરણ કરવાથી પાપકર્મો ટળે જ છે.

હવે આ પુસ્તકના મંત્રોનો પરિચય કરીએ, અર્થ જાણીએ એ પહેલાં એના રચયિતા પૂજ્યશ્રી જયંતમુનિ મ.સા.નો સંક્ષિપ્ત પરિચય મેળવીએ.

પંડિતરત્ન પરમ દાર્શનિક ગોંડલ ગચ્છ શિરોમણી પૂ. જયંતમુનિ મ.સા.ની વિદ્વતા અને જ્ઞાનની ગંગોત્રી માનવસેવા અને શિક્ષણરૂપે લગભગ છ દાયકા સુધી પૂર્વ ભારતના નાના ગામડા પેટબારમાં વહી. પ્રસિદ્ધિ અને માન સન્માનથી જોજનો દૂર માત્ર માનવસેવાના લક્ષથી સેવાયજ્ઞની ધૂણી ધખાવી હતી. સૌરાષ્ટ્રના ગિર વિસ્તારના દલખણિયા ગામમાં ઈ.સ. ૧૯૨૪ ના વિજયાદશમીના દિને ધર્મપરાયણ કુટુંબમાં તેમનો જન્મ થયો. પિતા જગજીવનભાઈ (સંત પિતા) અને માતા અમૃતબહેન એક જ ઘરમાંથી પાંચ વ્યક્તિએ સૌરાષ્ટ્ર કેસરી પ્રાણ પરિવારમાં દીક્ષા લીધી. શાસ્ત્રાભ્યાસ માટે પૂ. જગજીવન મ.સા. સાથે કાશી તરફ વિહાર કર્યો. ત્યાં ત્રણ વર્ષ સુધી પંડિતો

પાસે જૈન, વૈદિક, બૌદ્ધ, સાંખ્ય દર્શન તેમજ સંસ્કૃત, પ્રાકૃત અને વ્યાકરણ દર્શનનો ઊંડો અભ્યાસ કર્યો. પૂ. પિતા જગજીવન મ.સા.ના રાજગૃહમાં ૪૫ દિવસના સંથારા બાદ નેત્રજ્યોતિ તથા જ્ઞાનજ્યોતિ દ્વારા આદિવાસી પ્રજાની સર્વાંગીણ સેવાનું કાર્ય એકલા હાથે આરંભ્યું. સેવા અને શિક્ષણ સાથે પૂજ્યશ્રી જ્ઞાનસાધના પ્રત્યે સજાગ, સક્રિય હતા. તેમનું જ્ઞાન અમાપ હતું. ધર્મ, અધ્યાત્મ ક્ષેત્રે લગભગ ૩૦ પુસ્તકોનું સર્જન કર્યું. આવી બહુવિધ પ્રતિભા ધરાવતા સંત તેમના અનુભવના નિચોડ અને સ્વયં સ્ફુરણાથી આ અમૂલ્ય, અદ્‌ભુત પુસ્તક લખ્યું છે, ત્યારે તેની કિંમત અમૂલ્ય થઈ જાય છે.

### -: આ રહ્યા આ ૨૪ મંત્ર અને તેના ફળ :-

(૧) **ૐ શ્રી ઋષભદેવાય નમઃ** કૃષિ (ખેતી) ના અભાવમાં ઉત્પન્ન થતાં દુઃખોનું નિવારણ કરવા માટે આ અતિ ઉત્તમ નામમંત્ર છે.

(૨) **ૐ શ્રી અજિતનાથાય નમઃ** આ નામમંત્રથી બાહ્ય વિજય અને આધ્યાત્મિક વિજય - બંને પ્રકારનો વિજય એકસાથે ઉપલબ્ધ થાય છે.

(૩) **ૐ શ્રી સંભવનાથાય નમઃ** આ નામમંત્ર અંતરાયને ટાળી, કાર્યને સંપન્ન કરાવે છે.

(૪) **ૐ શ્રી અભિનંદનાય નમઃ** આ નામમંત્ર અમંગળ અને વિષાક્ત વાતાવરણને દૂર કરી મંગળમય વાતાવરણનું સર્જન કરે છે.

(૫) **ૐ શ્રી સુમતિનાથાય નમઃ** આ નામમંત્રથી મનુષ્યમાં સદ્‌બુદ્ધિ પ્રગટે છે અને તેને સાચા ખોટાને સમજવાની વિવેકબુદ્ધિ પ્રાપ્ત થાય છે.

(૬) **ૐ શ્રી પદ્મપ્રભવે નમઃ** આ નામમંત્ર સર્વ ક્ષેત્રે વ્યક્તિનો હિતકારી વિકાસ કરાવે છે.

(૭) **ૐ શ્રી સુપાર્શ્વનાથાય નમઃ** આ મંત્ર નિકટવર્તી ક્ષેત્રમાં રહેલા સદ્‌ગુણો, સદ્‌ભાવ અને હિતકારી, મંગલકારી તત્ત્વોને પ્રગટ કરે છે તેમજ અમંગળકારી તત્ત્વોનો લય કરે છે.



(૮) **ૐ શ્રી ચંદ્રપ્રભવે નમઃ** આ મંત્ર શરીરના તાપ અને મનના ઉતાપને શાંત કરે છે.

(૯) **ૐ શ્રી સુવિધિનાથાય નમઃ** આ મંત્રનો જાપ વિવેકબુદ્ધિ જન્માવે છે, યથાર્થ અર્થબોધ કરાવે છે તેથી સમસ્યાના સમાધાન માટે ઉપકારી છે.

(૧૦) **ૐ શ્રી શીતલનાથાય નમઃ** આ નામ મંત્ર સ્વ-પરને શીતલતાનો અનુભવ કરાવે છે.

(૧૧) **ૐ શ્રી શ્રેયાંસનાથાય નમઃ** આ મંત્રનો જાપ કરવાથી સંતોષનો ઉદય થાય છે.

(૧૨) **ૐ શ્રી વાસુપૂજ્યાય નમઃ** આ મંત્રનો જાપ દ્રવ્ય અને ભાવલક્ષ્મીની પ્રાપ્તિ માટે ઉત્તમ છે.

(૧૩) **ૐ શ્રી વિમલનાથાય નમઃ** આ મંત્ર જાપ કષાયના ઉપદ્રવને હરનારું અને મનને શાંતિ આપનારું છે.

(૧૪) **ૐ શ્રી અનંતનાથાય નમઃ** આ મંત્ર મંગળ સુષુપ્ત શક્તિઓને જાગૃત કરે છે અને અમંગળ શક્તિઓને દૂર કરે છે.

(૧૫) **ૐ શ્રી ધર્મનાથાય નમઃ** આ મંત્ર વસ્તુ, વ્યક્તિના ધર્મ ઉપર નિયંત્રણ કરે છે, તેના ધર્મની રક્ષા કરે છે.

(૧૬) **ૐ શ્રી શાંતિનાથાય નમઃ** આ નામમંત્ર અમંગળનો નાશ કરી મંગળને પ્રગટ કરે છે અન સર્વ સમાજમાં શાંતિ સ્થાપે છે.

(૧૭) **ૐ શ્રી કુંથુનાથાય નમઃ** આ મંત્ર સ્મરણ એન્ટીબાયોટીક દવાનું કામ કરે છે. તેનાથી બેક્ટેરીયાજન્ય રોગોનું નિવારણ થાય છે.

(૧૮) **ૐ શ્રી અરનાથાય નમઃ** આ મંત્ર સૂક્ષ્મ તમોગુણી શક્તિઓને હરનાર છે. દુશ્મન સાથેની દુશ્મનાવટ દૂર થાય છે.

(૧૯) **ૐ શ્રી મલ્લિનાથાય નમઃ** આ નામમંત્ર સ્વ-પરના અવગુણો, દુર્ગુણો અને પાપનું દહન કરે છે.

(૨૦) **ૐ શ્રી મુનિસુવ્રતાય નમઃ** આ નામમંત્ર અવિભાજ્ય અખંડ સુખને આપનારો છે.

(૨૧) **ૐ શ્રી નમિનાથાય નમઃ** આ મંત્રથી કષાયની તીવ્રતા દૂર થાય છે, પુણ્ય કર્મનો બંધ થાય છે, કષાયવાળા પ્રાણીઓના કષાય શાંત થાય છે.

(૨૨) **ૐ શ્રી અરિષ્ટ નેમિનાથાય નમઃ** આ મંત્ર બધા અરિષ્ટો અને અનિષ્ટોને દૂર કરી મંગળ તત્ત્વોને સ્થિર કરે છે.

(૨૩) **ૐ શ્રી પાર્શ્વનાથાય નમઃ** આ મંત્ર આસપાસના ક્ષેત્રની શુદ્ધિ કરી દિશા કવચ બનાવે છે.

(૨૪) **ૐ શ્રી મહાવીરાય નમઃ** આ નામમંત્ર પરાક્રમની વૃદ્ધિ કરે છે અને અન્યના પુષ્ટ પરાક્રમને પરાજિત કરે છે.

## કેટલાક મંત્રનું ફળ વિગતે જોઈએ

### ૐ શ્રી વાસુપૂજ્યાય નમઃ

વિશ્વમાં આજે સર્વત્ર પૈસાની બોલબાલા છે, નિર્ધનને કોઈ પૂછતું નથી. બધાને પૈસા જોઈએ છે. માણસ ધનવાન થવા જાતજાતના ઉપાય અજમાવે છે, ત્યારે આ મંત્ર લક્ષ્મી મેળવવા રામબાણ ઈલાજ છે. વાસુપૂજ્ય સ્વામીનું નામ દરિદ્રને લક્ષ્મીવાન, કુરૂપને સ્વરૂપવાન, બુદ્ધિહીનને બુદ્ધિવાન અને સાધનહીનને સાધનસંપન્ન બનાવે છે, ધન સંપત્તિની વૃદ્ધિ કરે છે, હોય તેને ટકાવી રાખે છે.

### ૐ શ્રી કુંથુનાથાય નમઃ

'કુંથુ' એટલે કંથવા જેવા સૂક્ષ્મ જીવાણુ બેક્ટેરીયા. આ જીવાણુ નિયમન કરે અને બેક્ટેરીયાજન્ય રોગનું નિવારણ કરે. તે કુંથુનાથ. રોગથી મુક્ત થવા એકલી ઔષધિથી ન ચાલે, સાથે મંત્ર પણ જોઈએ. કુંથુનાથનું નામ રોગમુક્તિ માટે પ્રબળ ઉપાયરૂપ છે, રોમેરોમમાં મંત્રનો ધ્વનિ-નાદ જવો જોઈએ, તો જ તે નામસ્મરણ સૂક્ષ્મ અમંગલકારી તત્ત્વોનું અપહરણ કરી શકે છે.



### ૐ શ્રી શ્રેયાંસનાથાય નમઃ

શ્રેયાંસનાથ. શ્રેય એટલે કલ્યાણ. અંસ એટલે ખભો. કલ્યાણને ટેકો આપે, કલ્યાણને સર્જે તે શ્રેયાંસ. શ્રેયાંસનાથ ભગવાનનું નામ કલ્યાણ માટે જ છે. કોઈપણ વ્યક્તિ વધુ સુખની કામના કરે છે. પોતાના શ્રેયને ઈચ્છે છે. શ્રેયાંસનાથ સ્વામીના નામસ્મરણથી અચાનક આકસ્મિક વસ્તુની પ્રાપ્તિ થાય છે. કોઈ સિદ્ધાંત મળી જાય કે કોઈ વસ્તુ મળી જાય. કંઈક ને કંઈઆકસ્મિક મળી જાય છે.

આમ, ચોવીસે તીર્થંકરના નામ પ્રમાણે વ્યક્તિને ઈચ્છિત ફળ પ્રાપ્ત થાય છે.

**(શ્રી મણિલાલ ગાલા 'જન્મભૂમિ' અખબાર જૂથના વરિષ્ઠ પત્રકાર, 'જૈન જગત' કોલમ અને 'જૈનપ્રકાશ'ના સંપાદનકાર્ય સાથે સંકળાયેલા છે.)**

સંદર્ભ ગ્રંથ :-

પૂ. જયંતમુનિ કૃત તીર્થંકર નામમંત્ર ફલાદેશ

સંપાદક : પૂ. સુબોધિકાબાઈ સ્વામી

સહસંપાદક : ગુણવંત બરવાળિયા

પ્રકાશક : પ્રાણગુરુ જૈન સેન્ટર

१९

# વીતરાગસ્તોત્ર અને સમ્યગ્દર્શન

- રીના શાહ

## વીતરાગસ્તોત્રનો પરિચય

**ભાષા :** સંસ્કૃત  **પ્રકાશ :** ૨૦  **શ્લોક :** ૧૮૭, અનુષ્ટુપ છંદ

**વિશેષતા :** કુમારપાળ રાજા માટે રચવામાં આવ્યું હતું. તેઓ આ સ્તોત્રનો દરરોજ પાઠ કરતા હતા.

**ટીકાદિ :** (૧) રાજા કુમારપાળ પછી ગાદીએ બેઠેલા રાજા અજયપાળના મંત્રી યશપાલ રચિત સંસ્કૃત નાટક - 'મોહરાજપરાજય'. યશપાલજીએ આ સ્તોત્રના ૨૦ પ્રકાશને ૨૦ દિવ્ય ગુલિકા સાથે સરખાવ્યા છે.

(૨) મુ. પ્રભાનંદસૂરિજીની ટીકા - 'દુર્ગપદપ્રકાશ'.

(૩) વિશાલરાજસૂરિ શિષ્ય સોમોદયગણિકૃત અવચૂર્ણિ.

(૪) મુ. વિજયશીલચંદ્રસૂરિ કૃત હિન્દી પદ્યાનુવાદ.

(૫) ગુજરાતી પદ્યાનુવાદ :- (૧) મુ.શ્રી ચંદ્રપ્રભસાગર, (૨) મુ.શ્રી કલ્પયશવિજયજી, (૩) મુ. શ્રી કર્પૂરવિજયજી, (૪) ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા -'કિરત ભક્તરસ ચંદ્રિકા'

(૬) મુ. માણિક્યગણિ, મુ. મેઘરાજ, મુ. નંદીસાગરગણિકૃત ટીકાઓ



**રચયિતા :** કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય

**જન્મ :** વિ.સં. ૧૧૪૫  **સ્વર્ગગમન :** વિ.સં. ૧૨૨૯

**સ્થળ :** ધંધુકા  **જ્ઞાતિ :** મોઢ વણિક

**માતા-પિતા :** પાહિણી - ચાચિંગ  **જન્મનું નામ :** ચાંગદેવ

**દીક્ષા :** વિ.સં. ૧૧૫૪, મુનિ સોમચંદ્ર

**આચાર્યપદ :** વિ.સં.૧૧૬૬, આ. હેમચંદ્ર

**સાહિત્ય - ગ્રંથ -** સિદ્ધહેમવ્યાકરણ, ત્રિષષ્ટિશલાકાપુરુષ, અભિધાન ચિંતામણિ, પ્રમાણમીમાંસા, યોગશાસ્ત્ર, હેમ અનેકાર્થ સંગ્રહ, દેશી નામમાલા, નિઘંટુ કોષ.

**સ્તોત્ર-** મહાદેવ સ્તોત્ર, અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા, અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા, સકલાર્હત સ્તોત્ર

**વિશેષતા :**

(૧) સાડા ત્રણ કરોડ શ્લોક પ્રમાણ સાહિત્યની રચના.

(૨) સરસ્વતી - ધર્મ - રાજનીતિનો સુભગ સમન્વય

(૩) સિદ્ધરાજ જયસિંહ તથા કુમારપાળ જેવા રાજર્ષિના પ્રતિબોધક

(૪) બહુવિધ વ્યક્તિત્વ - મહાકવિ, ભક્ત, જ્ઞાની, યુગપ્રધાન, તાર્કિક, વાદી, રિદ્ધિ-સિદ્ધિના ધારક, સિદ્ધાંતજ્ઞ, ન્યાય - ભાષા - અલંકાર - છંદ - શાસ્ત્રાદિ વિદ્યાઓના પારગામી

स्तूयते अनेन इति स्तोत्रम् - જેનાથી સ્તુતિ કરાય તે સ્તોત્ર. વીતરાગ એટલે જેના રાગ - દ્વેષ સંપૂર્ણ નષ્ટ થયા છે તે. આમ, આ સ્તોત્રમાં અઢાર દૂષણથી રહિત, રાગ-દ્વેષ રહિત વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની સ્તુતિ હોવાથી તેનું નામ વીતરાગ સ્તોત્ર છે. જેનું સમગ્ર ભારતીય સંસ્કૃત સ્તોત્ર સાહિત્યમાં અદ્વિતીય સ્થાન છે. જૈનદર્શનનું કાવ્યસ્વરૂપ એટલે વીતરાગ સ્તોત્ર. જેમાં ઉત્કૃષ્ટ ભક્તિ, વીતરાગનું સ્વરૂપ, જ્ઞાન, વૈરાગ્ય, અન્યમત નિરાકરણ, યોગ, આત્મગર્હા વગેરેનો સમુચિત યોગ કરવામાં આવ્યો છે. વળી, તેમાં આચાર્યશ્રીનો વ્યાપક દૃષ્ટિકોણ પણ દેખાઈ આવે છે.

જીવ માત્ર સુખને ઈચ્છે છે અને સાચું સુખ સર્વ કર્મના ક્ષય એટલે કે મોક્ષમાં રહેલું છે, જેની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે. માટે, આપણું પ્રથમ લક્ષ સમ્યગ્દર્શન હોવું જોઈએ અને તે વીતરાગ સ્તોત્રના આધારે કઈ રીતે પ્રાપ્ત કરી શકાય તે વિષે ટૂંકમાં જોઈએ.

સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે આટલું જરૂરી છે.

(૧) સમ્યગ્દર્શનના બાહ્ય લક્ષણો - શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપા.

(૨) સત્દેવ-ગુરુ-ધર્મ તથા નવ તત્ત્વની શ્રદ્ધા. (વ્યવહાર સમ્યગ્દર્શન)

(૩) સ્વસંવેદન સહિત ઉપરોક્ત શ્રદ્ધા. (નિશ્ચય સમ્યગ્દર્શન)

હવે, વીતરાગ સ્તોત્રમાંતે ક્યાં જોવા મળે છે તે આપણે ક્રમથી જોઈએ.

**(૧) સમ્યગ્દર્શનના બાહ્ય લક્ષણો - શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપા :-**

(૧) શમ = ઉપશમ - પ્રકાશ-૧૧ ના શ્લોક-૧ માં કહે છે,

*"પરિષહની સેનાનો પરાભવ કરતા અને ઉપસર્ગોને દૂર ટાળતા હે પ્રભુ! આપે શમ અમૃતને પ્રાપ્ત કર્યું છે."*

પ્રકાશ-૧૬ ના શ્લોક-૧ માં કહે છે,

*"હે નાથ ! આપના વચનરૂપ અમૃતના પાનથી થયેલી ઉપશમ રસની ઊર્મિઓ મને પરમાનંદ સંપદાને પમાડે છે."*

આમ, આપણા જીવનમાં આવતા નાના નાના પરિષહો અને ઉપસર્ગોને શાંતભાવથી સહન કરતાં શીખીશું તો ઉપશમરસ પ્રાપ્ત કરીને સમ્યગ્દર્શન પ્રાપ્તિની ભૂમિકામાં આવીશું.

(૨) સંવેગ = મોક્ષની અભિલાષા

પ્રકાશ-૧૭ ના ૮ મા શ્લોકમાં કહે છે,

*"હે પ્રભુ ! આપની કૃપાથી જ્યાં સુધી મોક્ષ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મને શરણમાં રાખજો. આપ શરણ-વત્સલતા છોડશો નહીં."*



આમ, જ્યાં સુધી મોક્ષ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ભગવાનનું શરણ છોડવાનું નથી. ત્યાં સુધી સંસારના કોઈપણ પદાર્થોને ન ઈચ્છતાં મોક્ષપ્રાપ્તિના સાધનોને જ ઈચ્છવાં.

માંગીએ તો એટલું જ મોક્ષે જ માંગીએ;
તમે જેનો ત્યાગ કર્યો એ ન અમે માંગીએ.

(૩) નિર્વેદ = વૈરાગ્ય

પ્રકાશ-૧૨ આખો વૈરાગ્ય વિષે જ છે. તેમાં કહે છે,

*"હે પ્રભુ ! આપ જન્મજાત વૈરાગી છો. સુખના સાધનોમાં આપને વિશેષ વૈરાગ્ય ઉપજે છે અને જ્યારે સંયમ ગ્રહણ કરો છો ત્યારે આપનો વૈરાગ્ય ઉગ્ર હોય છે. આપનો વૈરાગ્ય જ્ઞાનગર્ભિત છે. આપ હંમેશાં વૈરાગ્યમાં સાવધાન છો."*

ભગવાનનો આવો વૈરાગ્ય જોઈને આપણામાં પણ વૈરાગ્યભાવની સહેજે પુષ્ટિ થાય છે. શરીર, ભોગ અને સંસાર પ્રત્યે સહેજે અનાસક્તિ ઉત્પન્ન થાય છે.

(૪) આસ્થા = શ્રદ્ધા, આસ્તિક્ય

અનેક શ્લોકોમાં આચાર્યશ્રીની પરમાત્મા પ્રત્યેની આસ્થા વ્યક્ત થઈ છે. આપણે ફક્ત એકાદ-બે શ્લોક જોઈએ. પ્રકાશ-૧ ના શ્લોક-૫ અને ૮ માં કહે છે,

*"તે પ્રભુ વડે હું સનાથ છું, તે પ્રભુને જ હું મનથી વાંછુ છું. તેમનાથી જ હું કૃતકૃત્ય છું. તે પ્રભુનો હું કિંકર છું, દાસ છું."*

*"આપની શ્રદ્ધામાં મુગ્ધ થયેલો હું, આપની સ્તુતિ કરવામાં સ્ખલના પામું તો તેથી મને નિષેધ કરવો યોગ્ય નથી. કેમ કે શ્રદ્ધાવંતના સંબંધ વગરના વચનો પણ શોભા પામે છે."*

આચાર્યશ્રીના આવા વચનો આપણી શ્રદ્ધાને પણ બળ પૂરું પાડે છે. તેથી આપણી શ્રદ્ધા પણ દૃઢ બને છે. આપણને એવો સ્પષ્ટ અહેસાસ થાય છે કે આટલા મોટા આચાર્યમાં જો આવી લઘુતા અને ભગવાન પ્રત્યેની અસીમ શ્રદ્ધા હોય તો આપણામાં તો એ કેટલી હોવી જોઈએ !

(૫) અનુકંપા = કરુણા

*"હે પ્રભુ ! આપ પ્રાણીઓને વગર માંગ્યે સહાયદાતા છો. સ્વાર્થ વગર હિતકારી છો. પ્રાર્થના વગર પરોપકારી છો અને નિષ્કારણ બંધુ છો."*

આ શ્લોક આપણને પ્રાણીમાત્ર પ્રત્યે કરુણાભાવ રાખવાનું શિખવાડે છે. કોઈપણ જીવનું સહેજ પણ દુઃખ જોઈને આપણે આપણી શક્તિ પ્રમાણે તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**(૨) સત્‌દેવ-ગુરુ-ધર્મ તથા નવ તત્ત્વની શ્રદ્ધા :-**

આચાર્યશ્રીએ સમસ્ત સ્તોત્રમાં વીતરાગ દેવનું એવું અપૂર્વ અને અદ્‌ભુત માહાત્મ્ય વર્ણવ્યું છે કે ગમે તેવો મિથ્યાદૃષ્ટિ જીવ પણ મધ્યસ્થ દૃષ્ટિથી જુએ તો તેને પણ તેની શ્રદ્ધા થઈ જાય.

પ્રથમ પ્રકાશમાં વીતરાગ દેવને કેવળ જ્ઞાનમય, પંચપરમેષ્ઠીમાં પ્રધાન, સૂર્ય જેવા પ્રભાવવાળા, રાગદ્વેષાદિ ક્લેશકારી વૃક્ષોને સમૂળગાં ઉખેડી નાંખનાર, આનંદસ્વરૂપ, બ્રહ્મસ્વરૂપ, શ્રદ્ધા કરવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય, સકલ સુરાસુર વંદિત સર્વથા વિલક્ષણ કહ્યા છે.

બીજાથી પાંચમા પ્રકાશમાં ભગવાનના ૩૪ અતિશયોનું વર્ણન છે. અતિશય એટલે મહિમાવિશેષ અથવા ગુણપ્રભાવ કે જે ગુણો કોઈનામાં પણ ન હોય. દા.ત. તેમના શરીરમાં સફેદ રુધિર, પરસેવા વગરનું શરીર, સર્વાભિમુખ, જ્યાં વિચરે ત્યાં રોગ, દુષ્કાળ કે ઉપદ્રવ ન થાય, કેશ-રોમ-નખ અને દાઢી-મૂછ દીક્ષાગ્રહણ અવસરે જેવાં હોય તેવા જ રહે વગેરે. જેમણે વિસ્તારથી જાણવું હોય તેમણે શાસ્ત્રોમાંથી જોઈ લેવું. આ અતિશયો એવા રોમાંચક હોય છે કે વાંચનાર કે સાંભળનાર દિંગ થઈ જાય.

પ્રકાશ-૧૦ માં કહે છે,

હે નાથ ! આપના શરીરની શોભા જાણવા ઈન્દ્ર પણ સમર્થ નથી. આપના ગુણોને ગાવાને હજાર જીભવાળો પણ સમર્થ નથી. આપ અનુત્તર વિમાનવાસી દેવોના



સંશય હરો છો. આપના પંચકલ્યાણકોના સમયે નિત્ય દુઃખી એવા નારકી જીવો પણ મુહૂર્ત માત્ર શાતા અનુભવે છે. આપ આશ્ચર્યકારી એવી સમતાના ધારક છો.

વિરુદ્ધ સ્વભાવી એવા નિર્ગ્રંથતા અને ધર્મ ચક્રવર્તીપણું આપનામાં છે, જે અન્ય હરિહરાદિકમાં જણાતાં નથી.

૧૧ મા પ્રકાશમાં ભગવાનના અચિંત્ય મહિમાનું વર્ણન છે.

આમ, સર્વદૂષણરહિત, કર્મમલહીન, મુક્ત, નીરાગી, સકળ ભયરહિત, સર્વજ્ઞ, સર્વદર્શી જિનેશ્વર વીતરાગ ભગવાનની સ્તુતિ-ભક્તિ કરતાં અંતરમાં આશ્ચર્યયુક્ત હર્ષોલ્લાસ ઉત્પન્ન થાય છે; જેનાથી આપણી સત્‌દેવ પ્રત્યેની શ્રદ્ધા મજબૂત થાય છે અને આત્મશક્તિનો પ્રકાશ થાય છે. જેમ હાથમાં તલવાર લેવાથી શૌર્ય તેમજ ભાંગથી નશો ઉત્પન્ન થાય છે તેમ આવા ભગવાનના ગુણચિંતનથી પોતાનામાં પણ તે ગુણોનો અંશ પ્રગટે છે, જે સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિનું અનન્ય કારણ બને છે.

સત્‌દેવમાં સદ્‌ગુરુ તેમજ સત્ધર્મ સમાઈ જાય છે.

**નવ તત્ત્વની શ્રદ્ધા :-** પ્રકાશ-૧૯ ના શ્લોક - ૫, ૬, ૭ માં આસ્રવ, સંવર તથા મોક્ષ વિષે કહ્યું છે કે,

*"હે પ્રભુ ! હેય-ઉપાદેય વિષયક આપની આજ્ઞા સદાકાળ એવી છે કે કષાય - વિષય - પ્રમાદાદિ આસ્રવ સર્વથા હેય અને સત્ય - શૌચ - ક્ષમા - માર્દવાદિ સંવર સર્વથા ઉપાદેય છે. આસ્રવ ભવભ્રમણનું કારણ છે તથા સંવર મોક્ષનું કારણ છે. ભગવાનની આજ્ઞામાં તત્પર એવા કેટલાંયે જીવો પૂર્વે નિર્વાણને પામ્યા છે, વર્તમાને પામે છે અને ભવિષ્યમાં પણ પામશે."*

આમ, એક તત્ત્વમાં શ્રદ્ધા થતાં બાકીના તત્ત્વોની પણ શ્રદ્ધા થાય છે. મોક્ષનું વિરોધી બંધ તત્ત્વ છે. નિર્જરા એટલે આંશિક મોક્ષ. મોક્ષ જીવનો થાય છે અને તે અજીવ એવા પુદ્‌ગલ કર્મથી છૂટવાથી થાય છે. આમ, ઉપરોક્ત શ્લોકમાં નવ તત્ત્વની શ્રદ્ધા સમાવિષ્ટ થાય છે.

**(૩) સ્વસંવેદન સહિતની ઉપરોક્ત શ્રદ્ધા (નિશ્ચય સમ્યગ્દર્શન):-**

વીતરાગ સ્તોત્ર જેવા સ્તોત્રનું અવલંબન લઈને કોઈપણ ભક્ત જ્યારે વારંવાર ભગવાનની ભક્તિમાં લીન થાય છે ત્યારે દર્શન મોહનીયની સ્થિતિ અંતઃ કોડાકોડી થાય છે. પાંચેય સમવાય કારણ મળતાં એક વખત જ્યારે તે ભક્તિમાં અથવા ભગવાનના ગુણચિંતવનમાં લીન હોય છે ત્યારે ભગવાન જ તેને અંદરથી કહે છે કે મારી ભક્તિ હવે બહુ થઈ. તું પણ મારા જેવો જ છું. હવે તું તારા સ્વરૂપમાં, તારા જ્ઞાયકભાવમાં સ્થિર થા. તેમ થતાં તે ભક્ત થોડા સમય માટે આત્માનો આનંદ ચાખે છે. તેનું જ નામ છે નિશ્ચય સમ્યગ્દર્શન અથવા સ્વસંવેદન સહિત આત્માની પ્રતીતિ. સમયાંતરે તે ચારિત્રમોહને ક્ષીણ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. પછી તેને કંઈ કરવાપણું રહેતું નથી.

**અન્ય વિશેષતાઓ :-**

★ પ્રકાશ - ૬, ૭, ૮, ૧૩ ના આશ્રયે ૩ મૂઢતા અને ૬ અનાયતનથી પણ બચી જવાય છે.

★ સમ્યગ્દર્શનની પાત્રતા લાવનારી ચાર ભાવના પણ તેમાંથી શીખી શકાય છે.

★ અન્ય ક્યાંય ન જોવા મળતી એવી એક વિશેષતા આ સ્તોત્રમાં જોવા મળે છે. તે છે પ્રકાશ - ૯. જેમાં આચાર્યશ્રીએ આ પંચમકાળની પ્રશંસા કરી છે. તેઓશ્રીએ કહ્યું છે કે આ કાળમાં થોડી મહેનતથી વધુ ફળ મેળવી શકાય છે. જેમ મેરુ પર્વત કરતાં પણ મરુભૂમિમાં કલ્પવૃક્ષ વધુ ઈષ્ટ છે તેમ બીજા બધા કાળ કરતાં અમારા માટે આ પંચમકાળ શ્રેષ્ઠ છે કે જે કાળમાં મને આપનો આ અદ્ભુત ધર્મ મળ્યો. માટે આ કાળને હું નમસ્કાર કરું છું. આવા કાળમાં યોગ્ય ગુરુ-શિષ્યનો સંયોગ થાય તો ભગવાનનું શાસન સર્વત્ર પ્રસરે છે.

"હે પ્રભુ ! રાત્રિમાં દીપક, સમુદ્રમાં દ્વીપ, મરુદેશમાં વૃક્ષ અને શીતકાળમાં અગ્નિની જેમ આ કળિકાળમાં આપના ચરણ અમને પ્રાપ્ત થયેલાં છે."



શ્રી યશોવિજયજી મહારાજે આ જ ભાવનું ૧૯ મા મલ્લિનાથ ભગવાનનું સ્તવન લખ્યું છે. "મલ્લિ જિનેસર મુજને તુમે મિલ્યા..."

★ દૃષ્ટિરાગ - કામરાગ અને સ્નેહરાગ ત્યજવા હજી સહેલાં છે, પરંતુ દૃષ્ટિરાગ ત્યજવો સત્પુરુષોને પણ કઠિન છે.

જે માન્યતા જીવ પકડે છે તે પછી કેમે કરીને છૂટતી નથી. એટલે જ કહ્યું છે કે, सद्धा परम दुल्लहा । તેના કારણે છેક સુધી પહોંચેલો જીવ પણ સમ્યગ્દર્શન વગર પાછો ફરી જાય છે.

કોઈપણ સાધનમાં અટકી ન જતાં સાધ્ય તરફ કેવી રીતે આગળ વધવું તેને લક્ષમાં રાખીને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ રૂપ સાધ્યમાં આ વીતરાગ સ્તોત્ર કેવી રીતે સહાય કરી શકે તે સમજાવવાનો એક બાલસહજ પ્રયાસ કર્યો છે. વિદ્વત્વર્ગ કંઈપણ ભૂલ હોય તો જરૂર અંગુલિનિર્દેશ કરે એ જ અભ્યર્થના સહ...

**(અમદાવાદ સ્થિત જૈન દર્શનના અભ્યાસુ રીનાબહેન સ્વાધ્યાય સત્સંગમાં ખૂબ રસ ધરાવે છે તથા ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં જૈનદર્શન ભણાવે છે.)**

સંદર્ભ સૂચિ :-

(૧) શ્રી વીતરાગ સ્તોત્ર - પૂ.પં.પ્ર. ભદ્રાનંદ વિજયજી

(૨) શ્રી વીતરાગસ્તવ - શ્રી વિજયશીલચંદ્રસૂરિ

(૩) શ્રી વીતરાગસ્તવ - ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા

(૪) હૈમપ્રપા

**૨૦**

# જૈન ધર્મનો એક વિશિષ્ટ યંત્ર : શ્રી પાંસઠીઓ યંત્ર

- ડૉ. જાગૃતિ નલિન ઘીવાલા

## ★ યંત્ર અને તેનો પ્રભાવ :-

‘‘મનનું રક્ષણ કરે તે મંત્ર - મનના પ્રશસ્ત ભાવોનાં સ્પંદનો સુનિયંત્રિત થઈ સિદ્ધિ અપાવે તે યંત્ર અને મંત્રની શક્તિનો વિસ્તાર એટલે તંત્ર.’’ યંત્ર એટલે કોઈ વિશિષ્ટ પ્રકારના અક્ષર, શબ્દ કે મંત્રરચના જે કોષ્ટક આદિમાં ચિત્રિત હોય છે. યમ્ - ધાતુ અને ત્ર - પ્રત્યય મળીને ‘યંત્ર’ શબ્દ બન્યો છે. યમ્ = સીમા અને ત્ર = રક્ષણ કરનાર, ત્રાણરૂપ. यंत्रयते इति यंत्र = જે નિયંત્રણ કરે તે યંત્ર. ‘यच्छिन्ति त्रायते येति यन्त्रम्’ = યંત્ર એ તમને ઈચ્છિત વસ્તુ આપે છે અને રક્ષણ પણ કરે છે. યંત્ર એ શક્તિઓનો ભંડાર છે. મંત્રશાસ્ત્ર અનુસાર તેમાં અલૌકિક શક્તિ માનવામાં આવી છે, તેથી જૈન સંપ્રદાયમાં પૂજા કે વિનયમાં મંત્ર સાથે યંત્રનું વિશેષ સ્થાન પ્રાપ્ત છે. યંત્ર સ્થાપના છે, મંત્ર જાપ છે. મંત્રમાં શબ્દ પ્રધાન હોય છે, તેમ યંત્રમાં અંક અથવા આકૃતિ પ્રધાન હોય છે. આ આકૃતિઓ પ્રાયઃ ભૌમિતિક આકારો રૂપે તથા સેંકડો



પ્રકારની જોવામાં આવે છે. યંત્રમાં દોરેલા ત્રિકોણ, ચતુષ્કોણ, વર્તુળ, પદ્મ આપણા જ શરીરમાં રહેલી વિવિધ શક્તિના સાધનો છે, યંત્ર તેનો નકશો છે. ‘જેટલા મંત્ર એટલા યંત્ર’ એવી એક ઉક્તિ મંત્ર વિશારદોમાં પ્રચલિત છે. દરેક મંત્રને - મંત્રદેવતાને પોતાનો એક ખાસ યંત્ર હોય છે.

યંત્રોનું પૂજન શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શુભ દિવસે કરવામાં આવે છે. પૂર્વાચાર્યોએ જ્યોતિષજ્ઞાનના આધારે યંત્રોની રચના કરી છે. સમ્યક્દૃષ્ટિ દેવ-દેવીઓના યંત્ર મહાપ્રભાવિક ગણાય છે. યંત્રો બનાવવા માટે સુવર્ણ, ચાંદી, તામ્રપત્ર, ભોજપત્ર, કમળપત્ર વગેરેનો ઉપયોગ થાય છે. યંત્રના મંત્રાક્ષરો અને અંકો લખવા માટે અષ્ટગંધ, કસ્તુરી, કેસર, કપૂર, રક્તચંદન વગેરેનો ઉપયોગ થાય છે. યંત્રમાં આરાધ્ય દેવની શક્તિનું કેન્દ્રીયકરણ કરવામાં આવે છે. યંત્ર એકાગ્ર દૃષ્ટિ માંગી લે છે. આવા કોઈ એક વિશિષ્ટ યંત્ર પર એકાગ્રતાથી - ધ્યાનથી ચિત્તથી લયલીન બની અંતરયાત્રા કરતાં એ શક્તિકેન્દ્રોનો પ્રત્યક્ષ પરિચય થાય છે. તેને પામી શકાય છે.

★ **યંત્રના પ્રકાર** : યંત્રના મુખ્ય બે પ્રકાર છે - (૧) નિત્ય યંત્ર : જેમાં સ્વાભાવિકરૂપે દૈવીય શક્તિ રહેલી હોય છે. દા.ત. શાલિગ્રામ પથ્થર, અપરાજિતા, કમળ આદિ.... તેમાં દરેક દેવની પૂજા થઈ શકે છે. (૨) ભાવ યંત્ર : ભાવ યંત્રમાં શુદ્ધ ભાવની જ પ્રધાનતા રહે છે. તે ઉપરાંત યંત્રનાં વિશેષ પ્રસિદ્ધ પ્રકાર તે -

(૧) પૂજન યંત્ર : જેમાં પૂજન યોગ્ય યંત્રો સુવર્ણ, ચાંદી, પંચધાતુ આદિ ધાતુથી બનાવવામાં આવ્યા હોય તેને પૂજન યંત્ર કહે છે અને આ પૂજન યંત્રના ૩ પ્રકાર છે તે...

(૧) પાતાલ યંત્ર : જેમાં અંકો, અક્ષરો કોતરેલા હોય, જેની સપાટી મધ્યમથી નીચે હોય તે પાતાલ યંત્ર.

(૨) ભૂપૃષ્ઠ યંત્ર : સર્વ સામાન્ય મંત્રલેખન તે ભૂપૃષ્ઠ યંત્ર.

(૩) મેરુપૃષ્ઠ / કૂર્મપૃષ્ઠ યંત્ર : જેમાં અક્ષરો, રેખાઓ, અંકો કાચબાપીઠ સમાન વિશેષ રીતે ઉપસેલા હોય તેવા યંત્રો.

(૨) પ્રાયોગિક યંત્ર : જે ભોજપત્ર, કાગળ કે જે વસ્તુ પર ચિત્રિત કરવામાં આવે તેને પ્રાયોગિક યંત્ર કહે છે.

મંત્ર - યંત્ર આદિથી કે સિદ્ધિથી અને અન્ય તેના જાપ-પ્રત્યાખ્યાન વગેરે કારણથી અમુક ચમત્કાર થઈ શકવા અસંભવિત નથી. અમુક સ્પષ્ટ કે બદ્ધ એવા શિથિલ કર્મની ક્વચિત્ નિવૃત્તિ કે ઉપશમ થાય છે અથવા તો કોઈ પાસે પૂર્વ-લાભનો કે યશ-નામ કર્મનો કોઈ એવો બંધ હોય ત્યારે યંત્ર-મંત્રની આરાધનાથી ફળીભૂત બને છે.

ક્યારેક યંત્રાદિની આરાધનાનો પુરુષાર્થ હોય, તે સમયે અમુક પૂર્વ-અંતરાય તૂટવાનો પ્રસંગ સમીપવર્તી હોય તો પણ કાર્યસિદ્ધિ યંત્રાદિથી થઈ એમ કહેવાય છે. સુદેવ - સુગુરુ - સુધર્મની અચલ શ્રદ્ધાપૂર્વકના જાપ આદિથી પ્રસાદિત થઈ કેટલાક શિથિલ કર્મો - ઉપશમ, સંક્રમણ, ઉદ્વર્તન - અપવર્તન તથા ઉદીરણા પામીને કાર્યસિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેમ છતાં ભોગવવા યોગ્ય ઉદિત કે નિકાચિત કર્મો ભોગવે જ છૂટકો. તેમાં મંત્ર-યંત્ર-તંત્ર કાર્ય ના કરી શકે, પરંતુ શ્રદ્ધાના બળે જોરે કરીને તે કર્મદુઃખ સહ્ય બને છે અને નિર્જરણની ગતિ પણ ઝડપી બને છે.

પૂર્વે જ્યારે રાજા - મહારાજાની સભાઓમાં ધર્મચર્ચાઓ થતી ત્યારે અન્ય ધર્મીઓ પોતાના યંત્ર-મંત્ર દ્વારા જૈન સાધુઓને ચૂપ કરી પોતાના ધર્મને ચડિયાતો પુરવાર કરવા પ્રયત્ન કરતાં. તે સમયે જૈન ધર્મની હીનતા ન થાય, તે નબળો છે એમ કહી ન વગોવાય તે માટે જૈન સાધુ પણ યંત્ર અને મંત્ર બનાવતા. આચારાંગ સૂત્રમાં પણ 'યંત્ર' એક જુદું પ્રકરણ હતું, પરંતુ જ્યારથી લાગ્યું કે આ યંત્રનો દુરુપયોગ થાય છે, ત્યાર પછી એટલો ભાગ આગમમાંથી કાઢી નાંખવામાં આવ્યો. યંત્રોનો ઉપયોગ પાછળથી આત્મશ્લાઘા કે પોતાની પ્રતિષ્ઠા વધારવા માટે થવા લાગ્યો. ખરેખર તો શાસન પ્રભાવના કે તેના ઉત્કર્ષ માટે પણ આવા યંત્રનો ઉપયોગ કરે તો પણ તેનું અચૂક પ્રાયશ્ચિત્ત લેતા. નહિ તો તેઓ આરાધક મટી વિરાધક બને છે.



## ★ મહાપ્રભાવક શ્રી પાંસઠીઓ યંત્ર - શ્રી સર્વતોભદ્ર યંત્ર-પરિચય :-

પાંસઠીઓ યંત્ર એ અનેક યંત્રોમાંનો એક વિશેષ યંત્ર છે. આ પાંસઠીઓ યંત્રમાં વર્તમાન ૨૪ તીર્થંકર ભગવંતોનો ક્રમ ગોઠવ્યો છે. જેમાં ૧ થી ૨૫ અંકોની ૨૫ ખાનામાં એવી રીતે ગોઠવણી કરવામાં આવી છે કે, તેનો આડો - ઊભો કે ત્રાંસા અંકનો સરવાળો પાંસઠ થાય છે, તેમજ વિકર્ણ - ત્રાંસા ખૂણામાં અંકોનો સરવાળો પણ ૬૫ જ થાય છે. આ યંત્રને 'સર્વતોભદ્ર યંત્ર' પણ કહેવાય છે.

### મહાપ્રભાવક પાંસઠીઓ યંત્ર

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨<br>ૐ હ્રીં શ્રીં નેમિનાથાય<br>નમઃ | ૩<br>ૐ હ્રીં શ્રીં સંભવનાથાય<br>નમઃ | ૯<br>ૐ હ્રીં શ્રીં સુવિધિનાથાય<br>નમઃ | ૧૫<br>ૐ હ્રીં શ્રીં ધર્મનાથાય<br>નમઃ | ૧૬<br>ૐ હ્રીં શ્રીં શાંતિનાથાય<br>નમઃ |
| ૧૪<br>ૐ હ્રીં શ્રીં અનંતનાથાય<br>નમઃ | ૨૦<br>ૐ હ્રીં શ્રીં મુનિસુવ્રત<br>નાથાય નમઃ | ૨૧<br>ૐ હ્રીં શ્રીં નમિનાથાય<br>નમઃ | ૨<br>ૐ હ્રીં શ્રીં અજિતનાથાય<br>નમઃ | ૮<br>ૐ હ્રીં શ્રીં ચંદ્રપ્રભુ<br>સ્વામીને નમઃ |
| ૧<br>ૐ હ્રીં શ્રીં આદિનાથાય<br>નમઃ | ૭<br>ૐ હ્રીં શ્રીં સુપાર્શ્વનાથાય<br>નમઃ | ૧૩<br>ૐ હ્રીં શ્રીં વિમલનાથાય<br>નમઃ | ૧૯<br>ૐ હ્રીં શ્રીં મલ્લિનાથાય<br>નમઃ | ૨૫<br>ૐ હ્રીં શ્રીં નમો સિદ્ધાણં |
| ૧૮<br>ૐ હ્રીં શ્રીં અરનાથાય<br>નમઃ | ૨૪<br>ૐ હ્રીં શ્રીં મહાવીર<br>સ્વામીને નમઃ | ૫<br>ૐ હ્રીં શ્રીં સુમતિનાથાય<br>નમઃ | ૬<br>ૐ હ્રીં શ્રીં પદ્મપ્રભુ<br>સ્વામીને નમઃ | ૧૨<br>ૐ હ્રીં શ્રીં વાસુપૂજ્ય<br>સ્વામીને નમઃ |
| ૧૦<br>ૐ હ્રીં શ્રીં શીતલનાથાય<br>નમઃ | ૧૧<br>ૐ હ્રીં શ્રીં શ્રેયાંસનાથાય<br>નમઃ | ૧૭<br>ૐ હ્રીં શ્રીં કુંથુનાથાય<br>નમઃ | ૨૩<br>ૐ હ્રીં શ્રીં પાર્શ્વનાથાય<br>નમઃ | ૪<br>ૐ હ્રીં શ્રીં અભિનંદન<br>સ્વામીને નમઃ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨ | ૩ | ૯ | ૧૫ | ૧૬ |
| ૧૪ | ૨૦ | ૨૧ | ૨ | ૮ |
| ૧ | ૭ | ૧૩ | ૧૯ | ૨૫ |
| ૧૮ | ૨૪ | ૫ | ૬ | ૧૨ |
| ૧૦ | ૧૧ | ૧૭ | ૨૩ | ૪ |

"શ્રી પાંસઠીઓ યંત્ર" પર ધર્મસિંહજી મુનિએ ૨૪ તીર્થંકર ભગવંતોની સ્તુતિ કરવા દ્વારા રચના કરી છે. તેમના ઉપરાંત અન્ય મુનિ ભગવંતોએ પણ પાંસઠીઓ યંત્ર પર સ્વયં સ્ફુરિત તીર્થંકર ભગવંતોની સ્તુતિ કરી છે, જેમાં તેઓશ્રીએ પોતાના ભાવ ભર્યા છે. તે સ્તુતિ - શબ્દોમાં વિવિધતા છે, પરંતુ તેમાં આવતો ક્રમ સમાન છે. તેમાં સ્થાનકવાસી શ્રમણસંઘ અમીઋષિજી તેમજ ૧૭ મી સદીમાં તપાગચ્છના ગુરુ પાર્શ્વચંદ્રસૂરિના શિષ્ય શ્રી મેઘરાજ મુનિએ મૂળ સંસ્કૃત ભાષામાં પાંસઠીઓ યંત્રની રચના કરી છે.

### ★ શાસનસમ્રાટ યુગપ્રવર્તક શ્રી ધર્મસિંહજી મુનિ :-

જેઓ સ્થાનકવાસી સંપ્રદાયના જ્ઞાનીસંત થઈ ગયા. ધર્મસિંહજીનો જન્મ ઈ.સ. ૧૬૦૦ માં મે માસની ૪થી તારીખે પિતા - જિનદાસ શેઠ અને માતા - શિવાબાને ત્યાં જામનગરનાં થયો હતો. ત્યાં તેઓએ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. ૧૫ વર્ષની ઉંમરે તેમને ઋષિ શિવજી યતિ પાસે દીક્ષા લીધી. ત્યારબાદ ધર્મસિંહજી મુનિની સંયમયાત્રા ગુરુજનોના માર્ગદર્શન નીચે જ્ઞાન, તપ, પ્રત્યાખ્યાન, ધ્યાન આદિ માર્ગે આગળ વધી રહી હતી. શ્રી ધર્મસિંહજીની બુદ્ધિ બળવત્તર, નજર પણ સૂક્ષ્મ અને તીણી, તેમનો વિનય, વિવેક, વૈયાવચ્ચની ધગશ, સિદ્ધાંતને આત્મસાત્ કરવાની તત્પરતા આદિ ગુણો જોઈને શિવજી મુનિ તેમના પર ખૂબ પ્રસન્નભાવ રાખતાં. તેઓશ્રીએ તેમને વ્યાકરણ, કાવ્ય-કોશ, તર્કના અભ્યાસ સાથે સાથે જિનાગમોનું અધ્યયન પણ શરૂ કરાવ્યું. થોડા જ સમયમાં ભાષા, સાહિત્ય, ન્યાય, વેદાંત ઈત્યાદિના મજબૂત પાયા



સાથે તેઓ પૂર્ણ જિનાગમના સર્વ સાપેક્ષક - ન્યાયવિદમાં પારંગત થઈ ગયા. આમ, અત્યંત જ્ઞાનપિપાસુ, વિનયવંત મુનિશ્રી પર સરસ્વતી ખૂબ પ્રસન્ન હતા.

પૂજ્યશ્રી ધર્મસિંહજી વિષે એમ કહેવાય છે કે, તેઓશ્રી બન્ને હાથ વડે સહેલાઈથી લખી શકતા હતા. તે જ પ્રમાણે બન્ને પગનાં અંગુઠા અને આંગળી વચ્ચે કલમ રાખીને પણ સુંદર અક્ષરે લખી શકતા હતા. એટલું જ નહીં, પરંતુ બે હાથ અને બે પગ વડે ચાર લખાણ - ચાર અલગ-અલગ પેજ પર પણ એકીસાથે એક સમયે લખી શકતા. વિશેષરૂપે તેઓશ્રી સહસ્ર - અવધાની હતા, એટલે કે એક સાથે એક હજાર - સહસ્ર બાબતોને ધ્યાનમાં રાખી અવધાન - ધારણા કરી ક્રમસર કહી શકતા હતા. તેમના પછી કોઈપણ સહસ્રાવધાની જોયા - સાંભળ્યા નથી. પૂર્વે શતાવધાની થયા છે અને વર્તમાનમાં થઈ પણ રહ્યા છે, પરંતુ સહસ્ત્રાવધાની જાણવા મળતા નથી.

### ★ શ્રી ધર્મસિંહજી મુનિરચિત સાહિત્ય :-

શ્રી ધર્મસિંહજી મુનિ એક તત્ત્વજ્ઞાની આચાર્ય તેમજ વિદ્વાન સાહિત્યકાર પણ હતા. તેઓશ્રીએ સ્થાનકવાસી જૈન ધર્મનાં ૩૨ આગમોમાંથી ૨૭ આગમો પર ટબા લખ્યા છે. ટબા અર્થાત્ 'મૂળ શબ્દ ઉપર વ્યાખ્યા' જેમાં મૂળગ્રંથનાં શ્લોકવાર કે કંડિકાવાર સ્પષ્ટ કરવાની વિશિષ્ટ લેખનપદ્ધતિ કે મૂળગ્રંથનો અર્થવિસ્તાર સંક્ષેપમાં સરળ ભાષાથી સમજાવવામાં આવે છે. આ ૨૭ ટબા લખ્યા બાદ છેલ્લે નાદુરસ્ત તબિયતનાં કારણે પાંચ આગમો - ભગવતી સૂત્ર, પ્રજ્ઞાપના સૂત્ર, જીવાભિગમ સૂત્ર, સૂર્ય પ્રજ્ઞપ્તિ, ચંદ્ર પ્રજ્ઞપ્તિ પર ટબા લખી શક્યા નહીં, પરંતુ શેષ ૨૭ આગમોનાં મૂળસૂત્ર પર મૂળસ્પર્શી અર્થ ભરી દીધા છે. સાધ્વી ચંદનાજી લખે છે કે, 'सत्ताईस आगमो पर उनकी तत्त्वपूर्ण टिप्पणीयाँ जैन साहित्य की अमूल्य निधि है ।'

તે ઉપરાંત તેમની અન્ય કેટલીક મહત્ત્વપૂર્ણ કૃતિઓ :-

(૧) સમવાયાંગ સૂત્રની હૂંડી (૨) ભગવતી સૂત્રનો યંત્ર (૩) રાયપસેણીય સૂત્રની હૂંડી (૪) સ્થાનાંગ સૂત્રની હૂંડી (૫) જીવાભિગમ સૂત્રની હૂંડી (૬) જંબુદ્વીપ

અને ચંદ્રપ્રજ્ઞપ્તિ યંત્ર (૭) વ્યવહાર સૂત્ર તથા સમાધિસૂત્રની હૂંડી (૮) દ્રૌપદી અને સામાયિક ચર્ચા (૯) સાધુ સમાચારી (૧૦) ચંદ્રપ્રજ્ઞપ્તિની ટીપ (૧૧) સૂત્ર સમાધિ

શ્રી ધર્મસિંહજી મુનિની વિશેષતા એ છે કે, તેઓશ્રીએ પાંસઠીઓ યંત્ર જેવા જ બીજા ૨૪ પાંસઠીઆ યંત્ર બનાવેલ છે. કુલ ૨૫ યંત્રો છે. તે દરેકમાં પણ ઊભો, આડો, ત્રાંસો સરવાળો ૬૫ જ થાય છે. આ સમગ્ર ૨૫ યંત્રને તીર્થંકરા-અનુપૂર્વી કહેવામાં આવે છે. સાથે પાંસઠીઆ યંત્રની ચોપાઈ, ચોત્રીસો યંત્ર, શ્રી નેમિશ્વર .... જેવી જ બીજી ૨૫ ચોપાઈઓ પણ બનાવી છે. તેમજ અનેક સુંદર પદો, મોહનવેલીનો રાસ, ધર્મસિંહ બાવની આદિ તેમની કૃતિઓ પણ પ્રસિદ્ધ છે.

### ★ શ્રી પાંસઠીઓ યંત્ર - રહસ્ય : ૨૪ તીર્થંકર ભગવંતોની સ્તુતિ :-

શ્રી પાંસઠીઓ યંત્ર અંતર્ગત વર્તમાન ૨૪ તીર્થંકર ભગવંતોની સ્તુતિ સમાયેલી છે. પ્રથમ તીર્થંકર શ્રી ઋષદેવ સ્વામીથી લઈને અંતિમ તીર્થંકર શ્રી વીર વર્ધમાન મહાવીર સ્વામી - એ ૨૪ તીર્થંકર ભગવંતોની સ્તવના કરવામાં આવી છે. આ યંત્રમાં તે તીર્થંકર ભગવંતોનો મૂળ ક્રમ નહીં, પરંતુ યંત્ર અંતર્ગત દર્શાવેલ ક્રમથી સ્તવના કરવામાં આવી છે. અહીં ૧ થી ૨૪ અંક તીર્થંકરોના નામાંક સૂચવે છે અને ૨૫ નો અંક 'નમો સિદ્ધાણં' સૂચવે છે એમ ગણવું યોગ્ય ગણાશે, કારણ ૨૪ તીર્થંકરો સિદ્ધ થયા જ છે. કેટલાંક સંપ્રદાયમાં ૨૫ ના અંક પર "નમો ચતુર્વિધ સંઘાય" એમ બોલે છે. આ યંત્રની વિશેષ મહત્તા એ છે કે, ૨૪ તીર્થંકરના આ ક્રમ સાથે માત્ર ધર્મસિંહજી જ નહીં, પરંતુ મુનિ શ્રી અમીઋષિજી અને મુનિ શ્રી મેઘરાજજી - એમ મૂર્તિપૂજક તથા સ્થાનકવાસી બન્ને પંથનાં મુનિ ભગવંતો દ્વારા શ્રી પાંસઠીઓ યંત્રની અને એ ક્રમથી પોતાના ભાવયુક્ત શબ્દો સાથે તીર્થંકર - સ્તુતિની રચના થયેલી જોવા મળે છે. મૂર્તિપૂજક પંથમાં સોના, રૂપા કે તાંબાના પતરા પર લખાવી કે કોતરાવી તેની પૂજા કરે છે, જ્યારે સ્થાનકવાસી પંથમાં માત્ર તેના જાપ કરવાથી કે તે યંત્રવાળું લખાણ પાસે રાખવાથી પણ લાભ થાય છે તેવી શ્રદ્ધા છે.



### ★ શ્રી પાંસઠીઓ યંત્ર અંતર્ગત ધર્મસિંહજી મુનિ રચિત-તીર્થંકર સ્તુતિઃ-

"શ્રી નેમિશ્વર સંભવ સ્વામ ! સુવિધિ ધર્મ શાંતિ અભિરામ,
અનંત મુનિસુવ્રત નમિનાથ સુજાણ, શ્રી જિનવર ! મુજ કરો કલ્યાણ. (૧)
અજિતનાથ ચંદ્રપ્રભુ ધીર, આદિશ્વર સુપાર્શ્વ ગંભીર,
વિમલનાથ વિમલ જગ જાણ, શ્રી જિનવર ! મુજ કરો કલ્યાણ. (૨)
મલ્લિનાથ જિન મંગલરૂપ, પચવીસ ધનુષ સુંદર સ્વરૂપ,
શ્રી અરનાથ નમું વર્ધમાન, શ્રી જિનવર ! મુજ કરો કલ્યાણ. (૩)
સુમતિ પદ્મપ્રભુ અવતંસ, વાસુપૂજ્ય શીતલ શ્રેયાંસ,
કુન્થુ પાર્શ્વ અભિનંદન જાણ, શ્રી જિનવર ! મુજ કરો કલ્યાણ. (૪)
એણીપેરે જિનવર સંભારીએ, દુઃખ દારિદ્ર વિઘ્ન નિવારીએ,
પચ્ચીસે પાંસઠ પરમાણ, શ્રી જિનવર ! મુજ કરો કલ્યાણ. (૫)
એમ ભણતાં દુઃખ નાવે કદા, જો નિજ પાસે રાખો સદા,
ધરીએ પંચતણું મન ધ્યાન, શ્રી જિનવર ! મુજ કરો કલ્યાણ. (૬)
શ્રી જિનવર નામે વાંછિત મળે, મનવાંછિત હેલા સંપડે,
ધર્મસિંહ મુનિ નામ નિધાન, શ્રી જિનવર ! મુજ કરો કલ્યાણ. (૭)"
શ્રી જિનવર ! મુજ કરો કલ્યાણ શ્રી જિનવર ! મુજ કરો કલ્યાણ
શ્રી જિનવર ! મુજ કરો કલ્યાણ....

### ★ શ્રી પાંસઠીઆ યંત્રનો પ્રભાવ :-

પાંસઠીઓ યંત્ર એ મહાપ્રભાવક યંત્ર છે અને તેના ભાવપૂર્વકના જાપનાં પ્રભાવથી તે પરમાર્થપ્રેરક, એકાગ્રતામાં સહાયક અને તાદાત્મ્યતામાં સહાયક બને છે. યંત્રમાં સમાવિષ્ટ અરિહંત - તીર્થંકર ભગવંતોના ધન્ય નામો સાથે, સ્તુતિના અક્ષરો સાથે જ્યારે તાદાત્મ્યતા ભળે છે, શ્રદ્ધા-ભક્તિ સભર ભાવભીના હૃદય સાથે આંતરભાવ ભળે છે, ત્યારે એકાગ્રતા સાથે તીર્થંકરોની અનાનુપૂર્વી દ્વારા ઉત્પન્ન થતાં સ્પંદનો - તરંગોને સુનિયંત્રિત કરે છે અને તેમ થતાં જે તે તીર્થંકર ભગવંતોના શાસનદેવો

સુધી પોતાના ભાવ પહોંચતાં કરે છે. આ યંત્રની આરાધના દ્વારા મંત્ર અને યંત્રરૂપ ઉભયનો સંયોગ આધ્યાત્મિક ઉન્નતિ સાધે છે અને ફલતઃ ભૌતિક ઉન્નતિ સ્વતઃ સધાય છે. ભૌતિક અભ્યુદયમાં અધિષ્ઠાયક દેવોની પ્રત્યક્ષ કે પરોક્ષ સહાયતા તરંગિત થાય છે અને તીર્થંકર ભગવંતો પરની શ્રદ્ધા વધારે દૃઢ થતી જાય છે. વ્યક્તિ આ શ્રદ્ધાના બળે પોતાની આપત્તિઓમાં પણ વિશેષ શક્તિ - વિશેષ ઉર્જાના અનુભવ સાથે તે - તે આપત્તિને સહજપણે પસાર કરી શકવા સમર્થ બને છે.

નોંધ :- આ સાથે પાંસઠીઓ યંત્ર હસ્તલિખિત પ્રત 'તારાબાઈ આર્યાજી સિદ્ધાંત ટ્રસ્ટ' અમદાવાદથી પ્રાપ્ત થઈ છે. તેની ઝેરોક્ષ નકલ અહીં દર્શાવી છે.



**(અમદાવાદ સ્થિત જૈન ધર્મના અભ્યાસુ ડૉ. જાગૃતિબેન ગુજરાત વિદ્યાપીઠ સાથે સંકળાયેલા છે. જૈન સાહિત્ય સત્રોમાં નિયમિત શોધપત્રો પ્રસ્તુત કરે છે.)**


સંદર્ભસૂચિ :-

(૧) મંત્રવિજ્ઞાન, લે. ધીરજલાલ ટોકરશી શાહ,

(૨) जैनेन्द्र सिद्धांत कोष, भाग-३, जिनेन्द्र वर्णी

(૩) શ્રી પાર્શ્વનાથોપસર્ગ હારિણી શાસનદેવી શ્રી પદ્માવતી માતા, પ્રે. શ્રી રાજ્યસૂરિજી મ.સા.

(૪) શ્રી ધર્મસિંહજીનું જીવન ચરિત્ર, લે. મુનિ રવીન્દ્ર

(૫) શ્રી ધર્મસિંહજીનું જીવનચરિત્ર, ભાગ-૧, લે. ડૉ. ધનવંતી મોદી

(૬) मंगल - वाणी, प्र. सन्मति ज्ञानपीठ, आगरा, सं. अमोलखचन्द्र, ई.स. २००२




૨૧

# કલ્યાણમંદિર સ્તોત્ર : આત્માથી પરમાત્મા પ્રતિની યાત્રા


- ડૉ. રશ્મિ ભેદા


આચાર્ય સિદ્ધસેન દિવાકરસૂરિએ કલ્યાણમંદિર સ્તોત્રની ૪૪ શ્લોકોમાં રચના કરેલી છે. આચાર્ય સિદ્ધસેન સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના મહાન પંડિત હતા. તેઓ ઉજ્જૈન નિવાસી વિક્રમ રાજાના પુરોહિત કાત્યયન ગોત્રીય દેવર્ષિ બ્રાહ્મણના મુકુંદ નામે પુત્ર હતા. મુકુંદ પંડિત તમામ ભારતીય દર્શનોના અભ્યાસી તથા તાર્કિક સમર્થ પ્રતિભાના સ્વામી હતા. વાદ-વિવાદ કરવામાં ખૂબ પ્રવીણ હતા. વિવાદમાં જો કોઈ તેમને પરાજિત કરે તો તેમના શિષ્ય બની જવાની એમણે પ્રતિજ્ઞા કરી હતી. એક વખત તેઓ જૈન આચાર્ય વૃદ્ધવાદીસૂરિ સાથે વાદ કરીને હાર્યા. એટલે પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે આચાર્ય વૃદ્ધવાદીસૂરિના 'કુમુદચંદ્ર' નામે શિષ્ય થયા. થોડાજ સમયમાં ત્યારના સમયના ઉપલબ્ધ જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરી ગીતાર્થ આચાર્ય ભગવંતે કુમુદચંદ્રને આચાર્યપદ આપ્યું અને એ આચાર્ય સિદ્ધસેન તરીકે ઓળખાયા. આચાર્ય સિદ્ધસેન સંસ્કૃત ભાષાના મહાન વિદ્વાન હતા. પરમેષ્ઠી નવકારમંત્રનું અર્ધમાગધી ભાષામાંથી 'नमोऽर्हत् सिद्धाचार्यापाध्याय सर्व साधुभ्यः' એમ સંસ્કૃતમાં રચના કરી, એટલું જ નહીં, સર્વ

આગમગ્રંથો જે પ્રાકૃત ભાષામાં રચાયેલા છે એનું પણ સંસ્કૃતમાં ભાષાંતર કરવાનો વિચાર સંઘ સમક્ષ રજૂ કર્યો, પરંતુ તેમના આ સંકલ્પથી શ્રી સંઘે તેમને ઠપકો આપ્યો અને તેમને પ્રાયશ્ચિત્તરૂપે બાર વર્ષ સુધી ગચ્છ બહાર કર્યા. ગુરુ તથા સંઘની આજ્ઞાનો શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિએ વિનયપૂર્વક સ્વીકાર કરીને 'પારંચિત' નામનુ પ્રાયશ્ચિત્ત સ્વીકાર્યું. તેઓ ગુપ્ત વેશમાં વિહાર કરતા ઉજ્જૈન પધાર્યા અને ત્યાં શિવાલયમાં વિક્રમ રાજાની હાજરીમાં આ કલ્યાણમંદિર સ્તોત્રની રચના કરીને પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરી. તેના પ્રભાવથી એ શિવાલયમાં રહેલું શિવલિંગ ફાટીને તેના નીચેથી શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પ્રગટ થઈ. આ આશ્ચર્યથી રાજા જૈન ધર્મના સહાયક થયા, આચાર્યજીના પરમ ભક્ત થયા. શ્રી સંઘે પણ શેષ પાંચ વર્ષનું પ્રાયશ્ચિત્ત માફ કરીને આચાર્યને પુનઃ સંઘમાં સ્થાપિત કર્યા. આવા મહાન પ્રતિભાશાળી શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિનું વ્યક્તિત્વ અજોડ છે. એમના રચિત કેટલાક ગ્રંથો આજે પણ ઉપલબ્ધ છે; જેમાં ન્યાયાવતાર, નયાવતાર, દ્વાત્રિંશિકાઓ, સન્મતિતર્ક પ્રકરણ, જિનસહસ્ત્રનામ, કલ્યાણમંદિર સ્તોત્ર એ મુખ્ય છે.

આ સ્તોત્રમાં આચાર્યશ્રીએ ૨૩ મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરી છે. વસંતતિલકાછંદમાં રચાયેલ આ સ્તોત્ર દાર્શનિક ભાવોથી સભર, કાવ્ય અલંકારોથી શોભાયમાન તેમજ ઉચ્ચ કોટિના સમન્વય ભાવોથી ભરપૂર ભક્તિકાવ્ય છે. એક નહીં પણ અનેકનું કલ્યાણ કરવાની શક્તિ જ્યાં રહેલી છે એવું મંદિરરૂપ આ ભક્તિસ્તોત્ર છે. આ સ્તોત્રમાં આચાર્ય શ્રી સિદ્ધસેને અનેક વિષમ સંકટોમાં અદ્‌ભુત સામર્થ્ય પ્રગટાવી, આત્મદશા વર્ધમાન કરી, કેવળજ્ઞાન તથા કેવળદર્શન પ્રગટાવનાર શ્રી પાર્શ્વનાથ પ્રભુના ગુણો અને જીવનના પ્રસંગો તથા અતિશયો ગુંથ્યા છે. કવિશ્રી આરંભમાં મંગલાચરણ કરીને ભક્તામર સ્તોત્રના રચયિતા આચાર્ય માનતુંગસૂરિની જેમ જ રચના કરવામાં પોતાને અનુભવાતી અલ્પતા છતાં પ્રભુના ગુણો જણાતા એને પ્રગટ કરવાનો અદમ્ય ઉલ્લાસ અનુભવે છે. એને પ્રગટ કરવાની તીવ્ર ઝંખનાને કારણે આ રચના દ્વારા એ અલગ અલગ ઉપમાઓ આપી પ્રભુ નામસ્મરણનો મહિમા વર્ણવે છે.



(જેમ કે પદ્મસરોવર ઉપરથી પસાર થતો પવન અને મુસાફર, ચંદનના વૃક્ષને વીંટળાઈ રહેલા સાપો અને મોર તેમજ ગોસ્વામિન અને ચોરો) પ્રભુભક્તિનું માહાત્મ્ય વર્ણવ્યું છે. પ્રભુને હૃદયમાં ધારણ કરનારા યોગીઓ આ સંસારસાગરને તરી જાય છે. આના અનુસંધાનમાં આચાર્યશ્રી ૧૪ મી ગાથામાં કહે છે -

त्वां योगिनो जिन सदा परमात्मरुप
मन्वेषयन्ति हृदयाम्बुज कोशदेशे ।
पूतस्य निर्मल रुचर्येदि वा किमन्य
दक्षस्य सम्भवि पदं ननु कर्णिकायाः ॥ १४ ॥

જે યોગીઓ મોક્ષમાર્ગમાં ચાલનારા છે, પરમાત્માના ખોજમાં લાગી રહેલા છે, એ પ્રભુની શોધ બહાર ક્યાંય કરતા નથી પણ એ શોધ પોતાના હૃદયમાં જ કરે છે. પોતાનામાં જ તે પરમેશ્વર સ્વરૂપને પ્રગટાવવા મથે છે કારણ પરમાત્મા દરેક આત્માની અંદર જ રહેલા છે. આના માટે શ્રી સિદ્ધસેનજી કમળનું ઉદાહરણ આપે છે. કમળ પવિત્ર છે, કાદવ અને પાણીમાં ઉગવા છતાં તેનો પાશ તેને જરાપણ લાગતો નથી. તે તો કાદવ અને પાણીથી અલિપ્ત જ રહે છે. આવા પવિત્ર અને નિર્મળ કાંતિવાળા કમળનું બી, કમળના મધ્યપ્રદેશમાં રહેલી કર્ણિકાના મધ્યભાગમાં જ રહે છે. આમ, યોગીઓ પણ કમળની જેમ સંસારમાં રાગદ્વેષથી અલિપ્ત રહે છે અને પ્રભુના પ્રતાપે જીવમાંથી શિવસ્વરૂપ પ્રગટ થાય છે.

આગળની ૧૫ મી ગાથામાં આચાર્યશ્રી પરમાત્મદશા પ્રગટાવવા માટે ધ્યાનનું મહત્ત્વ સમજાવતા કહે છે, ભવ્યજનોને પરમાત્મદશામાં આગળ વધવા માટે મુખ્ય આલંબન ધ્યાન છે. ધ્યાનથી જ આ પરમદશાની ઉપલબ્ધિ છે. જ્ઞાનનો સંબંધ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ અને ક્ષય સાથે છે, જ્યારે ધ્યાન મોહનીય કર્મના ક્ષયોપશમ અને ક્ષયથી સંબંધ ધરાવે છે. અર્થાત્ મોહાવરણનો અવરોધ દૂર થતા જ ધ્યાન ફલિત થાય છે. આચાર્યશ્રી જિનેશ એવા પાર્શ્વનાથ પ્રભુને સંબોધીને કહે છે, 'હે પ્રભુ ! તમારું જેઓ ધ્યાન ધરે છે તેઓ ધ્યાન દ્વારા દેહભાવથી મુક્ત થઈને દેહાતીત

દશાને પ્રાપ્ત કરે છે.' શ્રીમદ્ રાજચંદ્રજીએ લખ્યું છે, 'દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત' જેમ જેમ જીવ ધ્યાનમાં સ્થિર થાય છે, ક્ષણે ક્ષણે પરમ સ્વરૂપનો અનુભવ કરે છે. પરમ દશા એટલે આત્મદશા, શુદ્ધ તત્ત્વની અનુભૂતિ. આચાર્યશ્રી શ્લોકમાં કહે છે કે, દેહથી અસ્તિત્વમાં ધ્યાનનો પ્રારંભ થાય છે અને પરિણામ સ્વરૂપ, ધ્યાનના બળથી દેહની મુક્તિ થાય છે. દેહ છૂટી જાય છે. 'देहं विहाय...' એનો માર્મિક અર્થ થાય છે કે દેહની આસક્તિ છૂટી જાય છે. અર્થાત્ દેહ રહેવા છતાં પણ દેહાધ્યાસ છૂટી જાય છે. દેહની પ્રક્રિયા ચાલુ રહે છે પણ સાધક દેહક્રિયાનો દૃષ્ટા બનીને દેહની ભોગાત્મક અથવા વિષયાત્મક ક્રિયાઓથી વિમુખ થઈને દેહ હોવા છતાં વિદેહી બને છે.

આ વાત આચાર્ય શ્રી સિદ્ધસેનજી સુંદર ઉપમા આપીને સમજાવે છે. સુવર્ણ જ્યારે ધરતીમાંથી પ્રાપ્ત થાય છે ત્યારે માટી પથ્થરથી મલિન હોય છે. સ્વર્ણકાર તીવ્ર અગ્નિથી એને તપાવે છે ત્યારે સોનું સ્વયં અલગ પડી જાય છે અને ઉપલ અર્થાત્ પથ્થરભાવ છોડીને 'चामीकरत्व' અર્થાત્ ચમકવા લાગે છે. અહીં પરમાત્મદશા તે સુવર્ણ છે. તીવ્ર અગ્નિ તે તપોમય સાધના છે અને 'उपल' તે કાર્મણ, ઔદારિક વગેરે શરીરભાવ છે. ધ્યાનની તીવ્ર અગ્નિ સાથે તુલના કરી છે. ધ્યાન સ્વયં મહાન તપ છે, જેની અભ્યંતર તપમાં ગણના થાય છે. અહીં મુખ્યત્વે સુવર્ણનું કથન છે પણ ધાતુમાત્રમાં આવી પ્રક્રિયા છે. આ દૃષ્ટાંતથી મૂળભૂત સૂક્ષ્મ જ્ઞાનનો ઉલ્લેખ છે અને જેને જૈન સાધનામાર્ગમાં ભેદવિજ્ઞાન કહે છે. ભેદવિજ્ઞાન એ સમ્યગ્દર્શનનો પાયો છે. નવ તત્ત્વનો નિર્ણય કરીને જીવ-અજીવનો સ્પષ્ટ નિર્ણય કરવો તે ભેદવિજ્ઞાન છે. ભેદજ્ઞાનથી દૃષ્ટિ ખૂલી જાય છે અને નીચે પ્રમાણે ત્રણેય ભૂમિકામાં ભેદજ્ઞાન આરપાર ભેદ કરીને અભેદ એવા આત્માને સ્પર્શે છે.

(૧) પ્રથમ ભેદવિજ્ઞાન છે - શરીર અને આત્માનો ભેદ

(૨) દ્વિતીય ભેદવિજ્ઞાન છે - સ્વભાવ અને વિભાવનો ભેદ

(૩) તૃતીય ભેદવિજ્ઞાન છે - પર્યાય અને દ્રવ્યનો ભેદ



આ ત્રણેય ભેદજ્ઞાનને પાર કરીને અખંડ, અવિચ્છિન્ન, અભિન્ન એવા સંપૂર્ણ અદ્વૈત આત્માનો સ્પર્શ કરવો એ છે ઉપાદાનના શુદ્ધ સ્વરૂપનું પ્રાગટ્ય. કવિશ્રીએ આવા શુદ્ધ સ્વરૂપને 'चामीकारत्व' અર્થાત્ 'ચમકવાળું' કહ્યું છે. 'चामीकरत्व' જેમ ધાતુનું વિશેષણ છે તેમ પરમાત્મસ્વરૂપનું પણ વિશેષણ છે.

સંપૂર્ણ પદનું લક્ષ્ય પરમાત્મદશા છે. આત્મામાં પરમાત્મદશા પ્રાપ્ત કરવી એ આ શ્લોકનો લક્ષ્યવેધ છે. અર્થથી ઈન્દ્રિયો સૂક્ષ્મ છે, ઈન્દ્રિયોથી મન અધિક સૂક્ષ્મ છે અને મન કરતા બુદ્ધિ અનેક ગણી તીક્ષ્ણ છે. બુદ્ધિથી પર આત્મા છે. જ્યાં શુદ્ધ પરમાત્મસ્વરૂપ બિરાજમાન છે. ધ્યાનરૂપી સાધનથી એ પરમાત્મ સ્વરૂપને ઉજાગર કરવાનો છે, પ્રાપ્ત કરવાનો છે. આ આખી પ્રક્રિયા સાધકને એક નિશ્ચિત દિશા તરફ લઈ જાય છે અને તે દિશા બાહ્યભાવોથી વિમુખ થઈને આંતરિક ભાવો તરફ આગળ વધારે છે. એક વખત દેહ અને આત્માની ભિન્નતાનો અનુભવ કર્યા પછી જીવ ક્રમે ક્રમે એ અનુભવને વધારતો જ રહે છે અને અમુક ભૂમિકાએ પહોંચ્યા પછી પ્રભુનું ઊંડું સ્મરણ કરીને તેના અવલંબનથી જીવ ધારે ત્યારે આ ભિન્નતાનો અનુભવ કરી શકે છે અને તે જ ધ્યાન છે. અર્થાત્ ધ્યાનમાં જીવ પોતાનો ઉપયોગ દેહમાંથી ખેંચી લઈને આત્મામાં જ કેંદ્રિત કરે છે, એ સમયમાં એ પોતાના આત્મસ્વરૂપમાં જ લીન રહે છે. આવો અનુભવ કેવળ ભવ્ય જીવો અને તેમાં નિકટભવી જીવો જ સાચા અર્થમાં ધ્યાનમાં જઈ શકે છે. જીવોને મુક્તિ પ્રાપ્ત કરવા પંદરથી વધુ ભવ થતા નથી. જે જીવ પોતાના કર્મમળનો નાશ સંપૂર્ણપણે કરી શકે છે એ ભવ્ય જીવો છે અને જે જીવોના કર્મમળનો નાશ ક્યારે પણ, અનંત કાળે પણ નથી થવાનો, સંસારનું પરિભ્રમણ સદાકાળ ચાલુ રહેવાનું છે તે જીવો અભવ્ય છે. એથી આચાર્ય જે જીવ ક્રમે કરીને મુક્તિ પામવાના છે એવા ભવ્ય જીવોની અહીં વાત કરે છે.

આગળ આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરજી કહે છે કે જે જિનેન્દ્ર પરમાત્માનું સ્વરૂપ છે, આત્માનું પણ એવું જ સ્વરૂપ છે. આત્માની અભેદ બુદ્ધિથી અન્ય કોઈપણ

પદાર્થ સાથે તુલના થઈ શકતી નથી. સાધનામાં ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરનારા મહાત્માઓ અભેદબુદ્ધિથી, સમ્યક્ બુદ્ધિથી પરમાત્માનું ધ્યાન ધરે છે, તેઓ નિશ્ચયથી પ્રભુસમાન વિશુદ્ધ આત્મા બને છે. અભેદ બે પ્રકારના છે - તાદાત્મ્ય અભાવ અને સ્વરૂપાભેદ. તાદાત્મ્ય અભેદમાં અભેદ હોવા છતાં અન્ય તત્ત્વની અભિસંજ્ઞા છે, પણ સ્વરૂપ અભેદમાં પરના અવલંબનનો સર્વથા અભાવ છે. 'આપ જેવા છો તેવો હું છું.' આ તાદાત્મ્ય ભાવની સીમા પાર કરીને જ્યાં 'આપ અને હું' બંનેનો અભાવ છે એવું શુદ્ધ સ્વસ્વરૂપ એ સમ્યગ્દર્શન છે. આ સ્વરૂપ અભેદ એ ભક્તિની પરાકાષ્ઠા છે. આચાર્ય શ્રી કહે છે, આ પ્રકારનું અભેદ પ્રગટ થાય તે એ વ્યક્તિની પ્રતિભા નથી પરંતુ જિનેન્દ્રદેવની કૃપાનું ફળ છે. જિનેન્દ્ર ભગવાનની કૃપા થતાં આત્મા-પરમાત્મા રૂપ ચિંતનની ધારા એને લક્ષ્યવેધ કરે છે.

છદ્મસ્થ અવસ્થામાં રહ્યા છતાં વિશુદ્ધ આત્માનું (અર્થાત્ પરમાત્માનું) ચિંતન કરવાથી, ધ્યાન કરવાથી વિશુદ્ધ કેવી રીતે થઈ શકાય આ સમજાવવા આચાર્યશ્રીએ સુંદર દૃષ્ટાંત આપ્યું છે. પાણીને તીવ્ર ચિંતનના પ્રભાવથી અમૃતતુલ્ય થઈને વિષનું વિઘાતક પણ કહેલ છે. સામાન્ય પાણી લઈને તે પાણીમાં શ્રદ્ધાપૂર્વક અમૃતપણાનું આરોપણ કરી અભેદભાવે નિરંતર ચિંતન કરતાં ખરેખર તે પાણીમાં અમૃતપણું પ્રગટ થાય છે. એ પાણીમાં ઝેરથી થયેલા વિકારને હણવાની શક્તિ પ્રગટ થાય છે. અહીં દૃષ્ટાંતનો અભેદભાવ આરોપિત છે પણ આત્મા પરમાત્માનો અભેદભાવ પરમ સત્ય છે. આ અભેદભાવ જ સાધના કે ભક્તિનું મર્મસ્થાન છે ધ્યાન કરવાથી શું પ્રાપ્ત થાય છે - મોહભાવ અર્થાત્ અજ્ઞાન અને વિકારીભાવનો નાશ થાય છે. પાણી જેમ અમૃતમય બની જાય છે તેમ આત્મા પણ અમૃતમય બની જાય છે. ભક્ત ભગવાનનો ભેદ તો સુપ્રસિદ્ધ છે, પરંતુ ભગવાનને પોતાના સ્વરૂપમાં સમાવિષ્ટ કરવા અને પોતાને ભગવાનના રૂપમાં જોવા આ અભેદ સર્વોપરી છે. આવી અભેદબુદ્ધિ કેળવી વિશુદ્ધતા પ્રાપ્ત કરવા માટેનું ચિંતવન કરવાનું છે અને આવી અભેદબુદ્ધિ આત્માની અમુક વિશુદ્ધ અવસ્થાએ



પહોંચ્યા પછી જ પ્રગટે છે. સામાન્ય રીતે જોઈએ તો સાતમા ગુણસ્થાને જીવમાં પ્રભુ અને સ્વ વચ્ચેની અભેદબુદ્ધિ જાગૃત થાય છે અને તે વિશેનું અનન્ય ચિંતન પ્રગટતા જીવ જાગૃતિ કેળવી શ્રેણી માંડે છે અને એ અનન્ય ચિંતનમાં લીન થઈ સર્વ ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટાવી સર્વજ્ઞ બને છે.

**(મુંબઈ સ્થિત રશ્મિબહેને જૈનદર્શનમાં યોગ વિષય પર સંશોધન કરી પી.એચ.ડી. કરેલ છે. તેમના ચાર પુસ્તકો પ્રગટ થયા છે. જ્ઞાનસત્રોમાં તેઓ અભ્યાસપૂર્ણ શોધપત્રો પ્રસ્તુત કરે છે.)**

સંદર્ભસૂચિ :-

(૧) શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી વિરચિત કલ્યાણમંદિર સ્તોત્ર, પં. ચંદ્રશેખરવિજયજી મ.સા.
(૨) કલ્યાણ મંદિર સ્તોત્ર વિવેચન, પૂ. જયંતમુનિજી
(૩) કલ્યાણમંદિર સ્તોત્ર, ડૉ. સરયુ મહેતા

## ૨૨ નમિઊણ સ્તોત્રનું મહાત્મ્ય

- ડૉ. બીના વિરેન્દ્ર શાહ

વ્યક્તિના આત્માના વિકાસ માટે, આધ્યાત્મિક અનુભૂતિની પ્રાપ્તિ માટે અને સામાન્ય કક્ષાનો સાધક પણ પોતાને મળેલ આ મનુષ્યજીવનને સફળ બનાવી શકે તે માટે ધર્મની મુખ્યત્વે ત્રણ ધારાઓ પ્રચલિત છે -

(૧) જ્ઞાનમાર્ગ (૨) ક્રિયામાર્ગ અને (૩) ભક્તિમાર્ગ

'ભક્તિ માર્ગ' સૌથી સરળ હોવાથી તે માર્ગે કોઈપણ ભવ્ય જીવ આગળ વધીને પરમ સુખની પ્રાપ્તિ કરી શકે છે. ભક્તિ માર્ગનું સરળ માધ્યમ પરમાત્માની સ્તુતિ, સ્તવન અને સ્તોત્ર છે. તેથી જ આચાર્ય ભગવંતોએ સ્તુતિ, સ્તવન અને સ્તોત્રોની રચના કરેલી છે.

'ષ્ટુઅ' ધાતુમાં 'ત્ર' પ્રત્યય લગાવવાથી સ્તોત્ર અને 'સ્તિન્તિ' પ્રત્યય હોવાથી સ્તુતિ શબ્દ બને છે. એનો અર્થ છે સ્તુતિ અર્થાત્ 'સ્તોતવ્ય'. દેવતાના પ્રશંસનીય ગુણોના સંબંધિત શબ્દો જ સ્તુતિ અથવા સ્તોત્ર કહેવાય છે.

ચિત્ત પ્રભુમય બને, પરમાત્મામાં તન્મય અને તલ્લીન બને, ચિત્ત પ્રભુમાં



વિલીન થાય ત્યારે અંદરથી એક ધ્વનિ ઉત્પન્ન થાય છે. તે ધ્વનિ સાથે નાભિનો નાદ મળે, નાદ સાદ બને અને સાદ શબ્દ બની સ્તુતિ રૂપે પરિણમે છે. શબ્દના સહારે હૃદયના સ્પંદનો બહાર સરી જાય છે અને હૃદયમાં ઉભરાયેલી ભક્તિ સ્તોત્ર બની શબ્દરૂપે બહાર વહે છે.

પરમાત્માની કરુણા, વાત્સલ્ય અને પ્રેમસભર સ્વરૂપનું, તેમના ગુણોનું સતત સ્મરણ અને તે સ્મરણનું માહાત્મ્ય ઉઠે છે, જે સ્તોત્ર કે સ્તુતિના રૂપે વહે છે. આ શબ્દો દ્વારા ભક્તનો પરમાત્મા પ્રત્યેનો અહોભાવ ભક્તના અહમ્‌ભાવને દૂર કરે છે, ભક્તમાં બાળક જેવી સરળતા, નમ્રતા પ્રગટાવે છે કે જે ધર્મનો પાયો છે.

'पूजा कोटिसमं स्तोत्रम् ।'

કરોડગણી પૂજા બરોબર એક સ્તોત્ર થાય છે તેવું પણ સમીકરણ છે.

સ્તોત્ર ભક્તિવાદ અને આત્મસમર્પણનું પ્રતીક છે.

જૈનદર્શનમાં મહાપ્રભાવક આચાર્ય ભગવંતો દ્વારા અનેક સ્તોત્રો રચાયેલા જોવા મળે છે. આ સ્તોત્રો એવા મહાપુરુષો દ્વારા રચાયેલા છે કે જેમની ચેતના પરમાત્માની ચેતના સાથે મળી ગયેલ છે. ત્યારે તેના શબ્દો શબ્દ ન રહેતા દરેક શબ્દ મંત્ર બની જાય છે. તેથી આ સ્તોત્રોની પ્રભાવકતા અલૌકિક છે, જેમાં ગુપ્ત રીતે ગૂઢ મંત્રો પણ દર્શાવેલા હોય છે. તેથી તેનો નિત્યપાઠ કરવાવાળાનું કલ્યાણ અને મંગલ થાય છે અને વિઘ્નો આપોઆપ દૂર થાય છે.

શ્રી પાર્શ્વનાથ પરમાત્માને સમર્પિત થયેલા સ્તોત્રોમાં શ્રી નમિઊણ સ્તોત્ર (આચાર્ય માનતુંગસૂરિ રચિત) વિશિષ્ટ છે.

'નમિઊણ' શબ્દથી શરૂ થતું હોવાથી સ્તોત્રને 'નમિઊણ સ્તોત્ર' કહે છે. આ સ્તોત્રના સ્મરણથી આઠ પ્રકારના ભયો દૂર થાય છે તેથી તેને 'ભયહર સ્તોત્ર' પણ કહે છે. આ સ્તોત્ર નિત્ય ગણતા નવસ્મરણમાં પાંચમું સ્મરણ છે. સ્તોત્રના રચયિતા બૃહદ્‌ગચ્છીય શ્રી માનતુંગસૂરીશ્વરજી છે.

## ★ સ્તોત્ર રચયિતા શ્રી માનતુંગસૂરિનું જીવન અને કવન :-

આચાર્યશ્રી માનતુંગસૂરિનો જન્મ વારાણસીમાં થયો હતો. તેઓ બ્રહ્મક્ષત્રિય શ્રેષ્ઠી ધનદેવના પુત્ર હતા. પિતા પાસેથી નાનપણથી જ ધાર્મિક સંસ્કારો પ્રાપ્ત થયા હતા. પ્રથમ તેઓએ દિગમ્બર મુનિદીક્ષા ગ્રહણ કરી હતી, પરંતુ પાછળથી બહેનની પ્રેરણાથી બોધ પામી શ્વેતામ્બર આચાર્ય અજીતસિંહ પાસે શ્વેતામ્બર મુનિ દીક્ષા સ્વીકારી. તેઓ અલ્પ સમયમાં જ આગમોના જ્ઞાતા બન્યા અને આચાર્ય પદવી પ્રાપ્ત કરી. તેમની પ્રતિભા શ્રેષ્ઠ હતી તેથી મહાન તેજસ્વી આચાર્ય તરીકે પ્રસિદ્ધ થયા. તેમની કાવ્યરચના શક્તિ અનુપમ હતી. તેમની બે રચનાઓ જૈન સાહિત્યમાં ખૂબ જ પ્રચલિત છે - (૧) રાજા હર્ષદેવ સમક્ષ જૈનધર્મની પ્રભાવના કરવાના ઉદ્દેશથી આદિનાથ પરમાત્માની સ્તવના કરતું ભક્તિરસથી ભરપૂર એવું ભક્તને અમર કરે તેવું 'ભક્તામર સ્તોત્ર' અને (૨) નમિઊણસ્તોત્ર. તેઓ પ્રખર સાધક હતા. આ બંને કૃતિઓ મંત્રયુક્ત છે, જેના સ્મરણથી ભક્તના દુઃખદર્દ દૂર થાય છે.

આચાર્યશ્રીએ ગુણાકાર નામના શિષ્યને પોતાના સ્થાને સ્થાપી અનશન-પૂર્વક સ્વર્ગવાસ પ્રાપ્ત કર્યો. તેમનો સમય વીર નિર્વાણની ૧ ર મી શતાબ્દી (વિક્રમની સાતમી સદી) મનાય છે. આચાર્યશ્રી તીર્થંકર મહાવીરની શિષ્ય પરંપરામાં વીસમી પાટ પર બિરાજમાન હતા તેનો ઉલ્લેખ પ્રાચીન પટ્ટાવલીમાંથી પ્રાપ્ત થાય છે.

## ★ ઐતિહાસિક ઘટના :-

આ સ્તોત્રની રચના અંગે પ્રભાવક ચરિત્રના 'શ્રી માનતુંગસૂરિ પ્રબંધ' નામના બારમાં પ્રબંધમાં દર્શાવ્યું છે કે....

कदापि कर्म्मवैचित्र्यात्तेषां चित्तरुजाभवत् ।
कर्म्मणा पीडिता यस्मात् शलाकापुरुषा अपि ॥ १५९ ॥
धर्णेन्द्रस्मृते राजा पृष्टोडनशहेतवे ।
अवादीदायुरद्यापि स तत्संहियते कथम् ॥ १६० ॥
यतो भवाद्दशामायुर्बहुलोकोपकारकम् ।
अष्टादशाक्षरं मन्त्रं ततस्तषां समर्पयत् ॥ १६१ ॥
हियत स्मृतितोयन रोगादि नवधा वयम् ।
अन्तर्ययौ ततः श्रीमान् धरणो धरणीतलम् ॥ १६२ ॥
ततस्तदनुसारण स्तवनं विदधः प्रभुः ।
ख्यातं भयहरं नाम तदद्यापि प्रवर्त्तत ॥ १६३ ॥
हमंतशतपत्रश्रीर्देह स्तोममहोनिधः ।
सूररजनि सत्याहो सुलभं तादशां ह्यदः ॥ १६४ ॥
सायं प्रातः पठदतत्स्तवनं यः शुभाशयः ।
उपसर्गा व्रजंतस्य विविधा अपि दूरतः ॥ १६५ ॥

અર્થાત્ - એકવાર કર્મની વિચિત્રતાથી આચાર્યશ્રીને માનસિક રોગ થયો, કારણ કે જે કર્મોએ શલાકા પુરુષોને પણ છોડ્યા નથી તે કર્મોથી તેઓ પણ પીડા પામ્યા. એટલે તેઓશ્રીએ નાગરાજ ધરણેન્દ્રનું સ્મરણ કર્યું અને તેને અનશનને માટે પૂછ્યું ત્યારે ધરણેન્દ્રે જવાબ આપ્યો કે 'હે ભગવન્ ! અદ્યાપિ આપનું આયુષ્ય બાકી છે, તો તે ક્ષીણ કેમ થઈ શકે ? કારણ કે આપશ્રી જેવાની વિદ્યમાનતા ઘણા પ્રાણીઓને ઉપકારરૂપ છે.' એમ કહીને ધરણેન્દ્રે તેઓશ્રીને અઢાર અક્ષરનો (ચિંતામણિ) મહામંત્ર આપ્યો, કે જેના સ્મરણથી અને મંત્રિત જલથી તેઓ સંપૂર્ણ નીરોગી બન્યા. આથી પરોપકારપરાયણ આચાર્યશ્રીએ શ્રી સંઘના પણ સર્વે રોગ અને ભય દૂર થાય તેવા શુદ્ધભાવથી આ મંત્રાક્ષરોથી ગર્ભિત એવા શ્રી નમિઊણ સ્તોત્રની રચના કરેલ છે. વર્તમાનમાં પણ શુદ્ધભાવથી સ્તોત્રનું પઠન કરતા ભક્તના વિવિધ ઉપસર્ગો દૂર થાય છે.

## ★ સ્તોત્ર પરિચય :-

સ્તોત્રનું મંગલાચરણ કરતા આચાર્યશ્રી કહે છે કે દેવતાઓનો સમૂહ કે જેઓ પાર્શ્વપ્રભુના ચરણોનો સ્પર્શ કરે છે ત્યારે તેમના મુગટોમાં રહેલા મણિઓના કિરણોથી

જેમના બંને ચરણકમલો શોભાયમાન થયેલા છે તેવા પાર્શ્વપ્રભુને નમસ્કાર કરી મહાભયોને નાશ કરનાર એવા આ સ્તોત્રને દર્શાવું છું. (શ્લોક - ૧)

★ **રોગ ભયહર માહાત્મ્ય :-**

ગમે તેવો રોગિષ્ટ હોય કે જેના હાથ, પગ, નખ અને મુખ સડી ગયા હોય, જેની નાસિકા બેસી ગઈ હોય, જેનું સૌંદર્ય નાશ પામ્યું હોય, સર્વ અંગ ઉપર કોઢ થયેલો હોય, જેનું શરીર અગ્નિથી પીડિત હોય તેવા મનુષ્યો પણ પ્રભુના સ્મરણથી નવપલ્લવિત થઈ આરોગ્યલક્ષ્મીને પ્રાપ્ત કરે છે. (શ્લોક - ૨, ૩)

★ **જળ ભયહર માહાત્મ્ય :-**

પ્રચંડ વાયુના કારણે સમુદ્ર હિલોળે ચડ્યો હોય ભયથી ગભરાઈને ખલાસીઓ પણ જેને છોડીને જતા રહ્યા હોય તેવા મનુષ્યો પણ પ્રભુના સ્મરણથી ઇચ્છિત એવા સમુદ્રકિનારાને પામે છે. (શ્લોક - ૪, ૫)

★ **અગ્નિ ભયહર માહાત્મ્ય :-**

પ્રચંડ વાયુથી વનમાં દાવાનળ સળગ્યો હોય તેમાં દાઝતા અને આકુળવ્યાકુળ થયેલા મૃગોના ભયંકર આક્રંદથી ભયાનક દેખાતા વનની આગથી પણ પ્રભુના નામથી રક્ષણ થાય છે. (શ્લોક - ૬, ૭)

★ **સર્પ ભયહર માહાત્મ્ય :-**

સુશોભિત ફણાયુક્ત ભયંકર સર્પ હોય કે જેના નેત્રો ચંચળ અને રાતા હોય, જેની જીભ ચપળ હોય, મેઘ જેવો શ્યામ ભયંકર આકૃતિવાળો હોય તે પણ જો પ્રભુના નામનું સ્મરણ કરે તો સાપ પણ કીડા જેવો લાગે છે. (શ્લોક - ૮, ૯)

★ **ચોરરૂપ શત્રુ ભયહર માહાત્મ્ય :-**

પલ્લિવાસી ભીલો, ચોર, વનચર જીવો, વાઘની ગર્જનાથી ભય વડે વ્યાકુળ થઈને દુઃખી બનેલા મુસાફરોના સમૂહોને ભીલોએ લૂંટ્યા છે તેવા અટવીઓમાં પણ હે નાથ ! તમને નમસ્કાર કરનારા મનુષ્યો લુંટાયા વિના ઇચ્છિત સ્થાને શીઘ્રપણે પહોંચે છે. (શ્લોક - ૧૦, ૧૧)



★ **સિંહ ભયહર માહાત્મ્ય :-**

હે પ્રભુ ! તમારા ચરણયુગલમાં જે મગ્ન છે તેને અગ્નિ જેવા લાલ નેત્રોવાળા, અત્યંત ફાડેલા મુખવાળા, પ્રચંડ કાયવાળા, નખના પ્રહારથી ગજેન્દ્રના મસ્તકોને પણ ફાડી નાખનાર એવા અતિક્રોધિત સિંહનો પણ ડર લાગતો નથી. (શ્લોક - ૧૨, ૧૩)

★ **ગજેન્દ્ર ભયહર માહાત્મ્ય :-**

જે તમારા સ્મરણમાં લીન છે તેને ભયંકર ગજેન્દ્ર કે જેના દંતશૂળ ચંદ્ર જેવા ઉજ્જવળ છે, જે ઉત્સાહથી તેની મોટી સૂંઢોને ઉછાળતો આગળ ધસમસે છે, મધ જેવા પીળા નેત્રોવાળું અને જળથી ભરેલા નવીન મેઘ જેવી ગર્જના કરતો હોય એવો અત્યંત નજીક આવેલા ગજેન્દ્રથી પણ ડર નથી. (શ્લોક - ૧૪, ૧૫)

★ **રણ ભયહર માહાત્મ્ય :-**

જે સમરાંગણમાં તીક્ષ્ણ ખડગના પ્રહારથી મસ્તક રહિત થયેલા ધડ નૃત્ય કરતા હોય અને ભાલા વડે વીંધાયેલા હાથીઓના બચ્ચાઓ ચિત્કાર કરતા હોય તેવા રણસંગ્રામમાં પણ તમારા નામનું સ્મરણ કરનાર સુભટો શત્રુરાજાને જીતી યશ પ્રાપ્ત કરે છે. (શ્લોક - ૧૬, ૧૭)

આમ, શ્રી પાર્શ્વનાથ ભગવંતના નામમાત્રનું કીર્તન કરવાથી રોગ, જળ, અગ્નિ, સર્પ, ચોર, શત્રુ, સિંહ, હાથી અને સંગ્રામ એમ આઠ પ્રકારના મોટા ભયો સર્વથા નાશ પામે છે. અર્થાત્ ફરી ક્યારે પણ ઉત્પન્ન થતા નથી. (શ્લોક - ૧૮)

અંતમાં ઉપસંહાર કરતા કવિશ્રી કહે છે કે પાર્શ્વનાથ પ્રભુનું ઉદાર સ્તવન સાત મહાભયોને હરણ કરનારું, ભવ્યજનોને આનંદ આપનારું અને કલ્યાણની પરંપરાના નિધાનરૂપ છે. રાજાનો ભય, યક્ષ, રાક્ષસ, દુષ્ટ સ્વપ્ન, અપશુકન, નક્ષત્ર, ગ્રહ, રાશિ વગેરેની પીડા થતી નથી. આ સ્તોત્ર જે પ્રાતઃકાળ અને સંધ્યાકાળ એમ બંને સંધ્યાએ ભણે છે કે સાવધાનપણે સાંભળે છે તેઓનું વિષમમાર્ગમાં, ઉપસર્ગમાં કે ભયંકર રાત્રિઓમાં પણ રક્ષણ થાય છે.(શ્લોક - ૧૯, ૨૦, ૨૧)

કવિશ્રી કહે છે કે કમઠે ઉપસર્ગ કર્યા છતાં પણ પ્રભુ ધ્યાનથી ચલાયમાન ન થયા તેવા મનુષ્ય, ઈન્દ્ર અને કિન્નરની સ્ત્રીઓ વડે સ્તુતિ કરાયેલા પાર્શ્વનાથ ભગવાન સૌનું કલ્યાણ કરો. (શ્લોક - ૨૨)

જે મનુષ્ય સંતુષ્ટ હૃદય વડે પાર્શ્વનાથનું ધ્યાન ધરે છે, તેના ૧૦૮ વ્યાધિથી ઉત્પન્ન થયેલા ભયો દૂરથી જ નાશ પામે છે. (શ્લોક - ૨૪)

**★ સ્તોત્રમાંથી પ્રાપ્ત થતો મંત્ર :-**

एअस्स मज्झयारे, अट्ठारसअक्खरहिं जो मंतो ।

जो जाणइ सो झायइ, परमपयत्थ फुडं पासं ।। (गाथा -२३)

અર્થાત્ આ સ્તોત્રમાં અઢાર અક્ષરનો મંત્ર જે ધરણેન્દ્ર દેવે આચાર્યશ્રીને આપેલો તે ગુપ્ત છે, તે મંત્ર છે.

नमिऊण पास विसहर वसह जिण कुलिंग

અર્થાત્ વિષધર સ્ફૂલિંગ નામના શ્રેષ્ઠ મંત્રમાં રહેલા, વિષધરના વિષનો નાશ કરનારા, ઋષભાદિ જિનોમાં પ્રગટ પ્રભાવી હોવાથી જયને પ્રાપ્ત કરનારા એવા શ્રી પાર્શ્વનાથને વંદન કરું છું.

ઉવસગ્ગહરં સ્તોત્રમાં 'विसहर फुलिंग' નામનો મંત્ર આચાર્ય ભદ્રબાહુ સ્વામી દ્વારા સાંકેતિક રીતે દર્શાવેલ છે. શ્રી ભદ્રબાહુ ચૌદ પૂર્વધર હતા અને મંત્રના જ્ઞાતા હતા. તેથી મંત્ર અપ્રગટ હતો, જેનું સર્વ પ્રથમ પ્રાગટ્ય શ્રી ધરણેન્દ્ર દ્વારા આચાર્ય માનતુંગસૂરિ સમક્ષ કરવામાં આવ્યું. ત્યારબાદ આચાર્યશ્રીની પરંપરામાં થયેલા અન્ય આચાર્યો દ્વારા આ મંત્રને જુદા જુદા સ્તોત્રોમાં પ્રગટ કરવામાં આવ્યો, જે નીચે મુજબ છે -

શ્રી તરુણપ્રભસૂરિએ આ મંત્રનો અર્થ નીચે મુજબ કર્યો છે.

ॐ परब्रह्म रवि स्फुलिंग, ॐ ह्रीं नमः श्री नमदिन्दवृन्द,

प्रणभ्यसे पार्श्व विषंहर त्वं, जिनर्षभ श्री भवते नमो ह्रीं ।



અર્થાત્ પરબ્રહ્મરૂપી રવિના સ્ફુલિંગ સમા, જેને ઈન્દ્રોના સમૂહ નમે છે, જે જિનોમાં વૃષભ છે તેવા હે પાર્શ્વ ! તું વિષને દૂર કર.

શ્રી રત્નકીર્તિસૂરિ રચિત પાશ્વજિન સ્તોત્રમાં આ અર્થ નીચે પ્રમાણે થાય છે -

नमिऊण पासं नाहं, विसहर विस नासिणं तमेव थुणे ।

वसह जिणफुलिंगजयं, फुलिंग वरमंत मज्यत्यं ।।

અર્થાત્ સ્ફુલિંગો પર જય મેળવનારા, વિષધરોના વિષનો નાશ કરનાર જિનોમાં ઋષભ તેવા પાર્શ્વનાથને નમસ્કાર કરાય છે.

શ્રી કમલપ્રભાચાર્યે શ્રી પાર્શ્વપ્રભુ સ્તવનમાં કહ્યું છે કે ...

नमिऊण पास विसहर वसह जिणफुलिंग ह्रीं मंते ।

ॐ ह्रीं श्री नमक्खरेहिं, मइ वंछियं दिसउ ।।

અર્થાત્ ॐ ह्रीं श्री नमः અક્ષરોથી યુક્ત અને ह्रीं જેના છેડે આવે છે, એવો नमिऊण पास विसहर वसह जिण फुलिंग મંત્ર મને વાંછિત આપો.

'નમિઊણ મંત્ર' સાથે 'ॐ ह्रीं श्री अर्हं' જેવા બીજમંત્રો સંયોજિત કરીને મંત્રને વધુ સમૃદ્ધ બનાવ્યો છે, જે દર્શાવતું કોષ્ટક નીચે મુજબ છે.

| ક્રમ | ગ્રંથકાર | ગ્રંથનું નામ | મંત્રનું સ્વરૂપ |
|---|---|---|---|
| ૧. | આ.શ્રી માનતુંગસૂરિ | નમસ્કાર વ્યાખ્યાન ટીકા | ॐ ह्रीं श्री अर्हं नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीं नमः । |
| ૨. | શ્રી અજ્ઞાત | ભયહર સ્તોત્ર વિવરણ | ॐ ह्रीं श्री अर्हं नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीं नमः । |
| ૩. | શ્રી અજ્ઞાત | ભયહર સ્તોત્રવૃત્તિ | ॐ ह्रीं श्री अर्हं नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीं नमः । |
| ૪. | શ્રી અજ્ઞાત | ચિંતામણિ સંપ્રદાય | ॐ ह्रीं श्री अर्हं नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीं नमः । |

| | | | |
|---|---|---|---|
| ૫. | આ.શ્રી જિનપ્રભસૂરિ | અર્થકલ્પ-લતાવૃત્તિ | ॐ ह्रीं श्री अर्हं नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीं नमः । |
| ૬. | આ.શ્રી અજિતપ્રભસૂરિ | ઉવસગ્ગહર અવચૂર્ણિ | ॐ ह्रीं श्री अर्हं नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीं नमः । |
| ૭. | આ.શ્રી સિદ્ધિચન્દ્રગણિ | ઉવસગ્ગહર વ્યાખ્યા | ॐ ह्रीं श्री अर्हं नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीं नमः । |
| ૮. | આ.શ્રી હર્ષકીર્તિસૂરિ | ઉવસગ્ગહર વ્યાખ્યા | ॐ ह्रीं श्री अर्हं नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीं नमः । |
| ૯. | આ.શ્રી જિનસૂરમુનિ | ઉવસગ્ગહર પદાર્થ | ॐ ह्रीं श्री अर्हं नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीं नमः । |
| ૧૦. | આ.શ્રી સમયસુંદર વાચક | સપ્તસ્મરણ સ્તવ | ॐ ह्रीं श्री अर्हं नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीं नमः । |
| ૧૧. | શ્રી અજ્ઞાત | ભૈરવ પદ્માવતી કલ્પ | ॐ ह्रीं श्री अर्हं नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीं नमः । |

'નમિઊણ' મંત્રમાં બીજાક્ષરો તથા પલ્લવાદિ ઉમેરીને જુદા જુદા મંત્રો બનાવવામાં આવ્યા છે અને તેનું જુદી જુદી રીતે અનુષ્ઠાન થાય છે જેમ કે...

★ ચિંતામણિ મંત્ર :-

આ મંત્રના આમ્નાય ચિંતામણિ કલ્પમાં મળી આવે છે.

ॐ ह्रीं श्री अर्हं नमिऊण पास विसहर जिणफुलिंग ह्रीं श्री नमः ।

★ સર્વ કામદા વિદ્યા :-

ॐ ह्रीं श्रीं अर्हं नमिऊण पास विसहर जिण फुलिंग श्रीं ह्रीं सर्वकामदाय नमः ।



આમ, જે કોઈ આ અઢાર અક્ષર વડે બનેલ મંત્ર દ્વારા પાર્શ્વનાથ ભગવંતનું ધ્યાન ધરે છે તેના સર્વ આધિ-વ્યાધિ-ઉપાધિ દૂર થાય છે અને અંતે પરમપદને પ્રાપ્ત કરે છે.

**(અમદાવાદ સ્થિત જૈનદર્શનના અભ્યાસુ બીનાબહેને જૈન મંત્રસાધના અને આધ્યાત્મિકતા વિષય પર Ph.D. કર્યું છે. સી.યુ. શાહ યુનિવર્સિટી અને ગુજરાત વિદ્યાપીઠ સાથે સંકળાયેલા છે.)**

સંદર્ભસૂચિ :-

(૧) મહાપ્રભાવક ઉવસગ્ગહર સ્તોત્ર યાને જૈન મંત્રાવદાની ગાથા
લેખક - ધીરજલાલ ટોકરશી શાહ
(૨) મહાપ્રભાવક - નવસ્મરણ
લેખક - સારાભાઈ મણીલાલ નવાબ

## ૨૩

# શ્રી તિજયપહુત્ત સ્તોત્ર

- ડૉ. હીના યશોધર શાહ

મંત્રવિદ્યા ભારત વર્ષની પ્રાચીન પવિત્ર સંપત્તિ છે અને માનવજીવનના ઉત્કર્ષ સાધવામાં અતિ મહત્વનો ભાગ ભજવે છે. આત્મસાક્ષાત્કારની સીડી ચડવા માટે ઋષિ, મુનિઓ અને આચાર્યોએ અનેક માર્ગ દર્શાવ્યા છે. તેમાં મંત્રયોગને એક મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. જૈનાગમમાં દ્વાદશાંગીમાં બારમું અંગ દૃષ્ટિવાદ છે. તેના પાંચ વિભાગનાં ત્રીજા વિભાગમાં આવેલા ચૌદ પૂર્વમાં દસમું પૂર્વ 'વિદ્યાપ્રવાદ' છે, જેમાં અનેક વિદ્યાઓ અને મંત્રો હતા. જૈનશાસ્ત્રના જ્ઞાતા વિદ્વાનોનાં કહેવાનુસાર "જૈન ધર્મમાં એક લાખ મંત્ર અને એક લાખ યંત્ર છે."

મંત્રશાસ્ત્રને લગતા ગ્રંથોની રચના વિશાળ છે. જૈનાચાર્યોએ આરંભકાળથી જ આ વિષય પર લખવાનો આરંભ કર્યો હતો. આગમોમાં મુખ્યત્વે 'મહાનિશીથ સૂત્ર'માં પંચનમસ્કાર મંત્ર અને સૂરિમંત્રને લગતા મંત્રવિધાનનો વિશેષ ઉલ્લેખ જોવા મળે છે. શ્રી સિંહતિલકસૂરી, શ્રી જિનપ્રભસૂરિ, શ્રી સિદ્ધસેનસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય વગેરે અનેક આચાર્યોએ મંત્રશાસ્ત્ર પર સ્વતંત્ર ગ્રંથો લખ્યા છે અને પોતાના મંત્રશાસ્ત્ર સંબંધી અનુભવોને ટીકા ગ્રંથોમાં લખ્યા છે.



**મંત્ર :-**

મંત્ર એટલે અમુક પ્રકારના અક્ષરોની સંકલના. જેમ વિદ્યુતના સંપર્કથી તણખા ઉત્પન્ન થાય છે, તેમ જુદા જુદા સ્વભાવવાળા અક્ષરોની યથાયોગ્ય રીતે સંકલના - ગૂંથણી કરવાથી અપૂર્વ શક્તિનો પાદુર્ભાવ થાય છે. મહાપુરુષોએ ઉચ્ચારેલા સામાન્ય શબ્દોમાં પણ અદ્ભુત સામર્થ્ય હોય છે તો પછી ઉદ્દેશપૂર્વક વિશિષ્ટ વર્ણોની સંકલનાથી યોજેલા પદમાં તો અદ્ભુત સામર્થ્ય સમાયેલું હોય છે. આ પદોના - મંત્રોના રચયિતા જેટલા અંશે સંયમ અને સત્યના પાલક હોય તેટલે અંશે તેમાં વિશિષ્ટ શક્તિ સંભવે છે. મંત્રો અનેક પ્રકારના હોય છે. કેટલાક યોગસાધના માટે તો કેટલાક રોગની શાંતિ માટે, કેટલાક લક્ષ્મીની પ્રાપ્તિ માટે તો કેટલાક દુશ્મનોનો નાશ કરવા માટે હોય છે.

જૈનદર્શનમાં ગુરુગમથી પણ મંત્ર મળે છે. પરંતુ ફક્ત ૐ નો ઉચ્ચાર કર્યો હોય, તેના કરતા તેનું સ્વરૂપ અર્થાત अ - અરિહંત, अ - અશરીરી, आ- આચાર્ય, उ - ઉપાધ્યાય અને मु - મુનિના અક્ષરોમાંથી अ + अ + आ + उ + म = ૐ મંત્ર તૈયાર થાય છે, તેનું જ્ઞાન આવશ્યક છે.

**યંત્ર :-**

જૈનદર્શનમાં યંત્રનું પણ એટલું જ મહત્ત્વ છે. આરાધ્ય દેવની શક્તિનું એક સ્થળે કેન્દ્રીકરણ જેમાં હોય તેને 'યંત્ર' કહે છે. પ્રત્યેક દેવ-દેવીની શક્તિ અપાર હોય છે. મંત્રની જેમ યંત્રવિદ્યા પણ અતિ ગહન છે. જૈન શ્રમણોએ યંત્ર શાસ્ત્રના જ્ઞાન માટે કેટલાક ગ્રંથની રચના કરી છે. તેમાં વર્ણ, અંકો અને રેખાઓ વડે તે દેવની શક્તિનું યમન - નિયંત્રણ યંત્રમાં કરેલ હોય છે. જૈનશ્રમણોની આ વૈજ્ઞાનિક સાધના સર્વોપરી કહી શકાય એવી છે. પંચદશી, વીશા, ચોવીશા, ત્રીશા, બત્રીસા, ચાલીસા, પાંસઠિયા, સિત્તરિયા, શતાંક, અષ્ટોત્તરશતાંક અને તેથી પણ અધિક અંકવાળા યંત્રોની યોજનાની સાથે જ આકારભેદથી થનારા ચતુસ્ત્ર, ત્રિકોણ, વર્તુળ, ષટ્કોણ, પંચશુંગ, કલશાકાર, ત્રિવૃત્ત, કમલાકૃતિ, તાંબુલ કે પિપલપર્ણાકાર, હસ્તાકાર, અસ્ત્ર, શસ્ત્રકૃતિ મૂલક, પુરુષાકૃતિવાળા ઘણા જ પ્રકારના યંત્રો આશ્ચર્ય પમાડે તેવા હોય છે.

**સ્તોત્ર :-**

પરમાત્માને પામવા માટે મુખ્યત્વે ત્રણ માર્ગ છે - જ્ઞાનમાર્ગ, ક્રિયામાર્ગ અને ભક્તિમાર્ગ. આ ત્રીજો ભક્તિમાર્ગ અતિ સરળ છે. ઉત્કૃષ્ટભાવથી કરેલ ભક્તિ અહંકાર અને આસક્તિને દૂર કરે છે. ભક્તિથી હૃદય કોમળ અને કૂણું બને છે. આ કોમળ બનેલા હૃદયમાં સમકિતનું બીજ રોપાય જાય તો તે ફળીભૂત થાય જ છે. અનેક સંકટોથી ઘેરાયેલા મનુષ્ય જ્યારે સાચા હૃદયથી સહાયતા માટે, પરમાત્માની કૃપા માટે ઈષ્ટનું સ્મરણ કરે છે ત્યારે એ કોમળ બનેલા અંતઃકરણમાંથી જે ઉદગારો નીકળે છે તે પરમાત્માની સ્તુતિ કે સ્તોત્ર બની જાય છે. આ અંતઃકરણ જ સ્તોત્રનું ઉદ્‌ગમસ્થાન છે. માતાના હૃદય સાથે બાળકના સમગ્ર અસ્તિત્વ અને શ્રદ્ધાના કેન્દ્રમાં 'મા' જ હોય છે. 'મા' જ સારું રક્ષણ કરે છે,પોષણ કરે છે. બીમારીમાં મદદરૂપ થાય છે, શરણરૂપ મારી 'મા' જ છે. આવી બાળકના જેવી અતૂટ શ્રદ્ધા સાધકમાં હોય છે, જેના કેન્દ્રસ્થાને પરમાત્મા છે અને જ્યારે તે પરમાત્માને પોકારે છે ત્યારે પોકારના શબ્દો સ્તોત્ર રૂપે બહાર પડે છે. આ સ્તુતિ દુન્યવી સુખ માટે નથી. તેના શબ્દો દ્વારા ભક્તનો પરમાત્મા પ્રત્યેનો અહોભાવ, સમર્પણભાવ અને અવગાઢ શ્રદ્ધા વ્યક્ત થાય છે, જેના સહાયથી આધ્યાત્મિક ઉન્નતિ શક્ય બને છે. જેના પર શ્રદ્ધા, જેનું સતત સ્મરણ તેને તેના જેવો જ બનાવી દે છે. આ સ્તોત્રની શક્તિ છે અને ભક્તમાંથી ભગવાન બનવાનું આ રહસ્ય છે.

આ સ્તોત્રમાં તર્કને સ્થાન નથી. તેમાં શબ્દોની આંટીઘૂંટી નથી કે વાણીવિલાસ નથી. ત્યાં ભાષા કરતા ભાવ, શ્રદ્ધા અને સમર્પણ અગત્યના છે. કહેવાય છે કે 'પૂજાકોટિસમ સ્તોત્રમ્' કરોડ ગણી પૂજા બરાબર એક હૃદય કમળમાંથી પ્રગટ થયેલ સ્તોત્ર છે.

જૈનાચાર્યોએ રચેલા સેંકડો સ્તુતિ, સ્તોત્ર પૈકી નવસ્મરણ જૈન સમાજમાં પ્રચલિત છે અને પ્રભાવશાળી છે. 'નવસ્મરણ' અર્થાત જેની વારંવાર હૃદયમાં યાદ આવતી હોય તે નવનો આંક અક્ષય છે. નવને કોઈ પણ સંખ્યા સાથે ગુણવાથી ગુણાકારનો



સરવાળો નવ જ આવશે. આવશેષ રહેશે, કોઈ શેષ નહીં રહે. આ નવ સ્મરણમાં પ્રથમ સ્મરણ નવકાર મહામંત્રનું કરવામાં આવે છે અને ત્યારબાદ ઉવસ્સગ્ગહર સ્તોત્ર, સંતિકરં સ્તવન અને ચોથા સ્મરણમાં તિજયપહુત્ત સ્તોત્ર આવે છે. સામાન્ય રીતે સ્તોત્રનો પ્રથમ શબ્દ જ તે સ્તોત્રનું નામ બની જતું હોય છે. જેમ કે 'ભક્તામર સ્તોત્ર', 'ઉવસગ્ગહર' અને તેવી જ રીતે 'તિજયપહુત્ત'. આ સ્તોત્રનું નામાભિધાન પણ તેના આદ્યપદ પરથી પડેલ છે. આ સ્તોત્રનાં કર્તા શ્રી માનદેવસૂરિ છે. કોઈ વખત શ્રી સંઘમાં વ્યંતરે કરેલા ઉપદ્રવ નિવારવા માટે આ સ્તોત્ર રચ્યું છે.

**આચાર્ય માનદેવ :-**

પ્રદ્યોતનસૂરિજીની પાટે મહાપ્રભાવિક શ્રીમાનદેવસૂરિ થઈ ગયા. તેમનો જન્મ મારવાડમાં આવેલ નાડોલ ગામમાં થયો હતો. માતા-પિતાની રજા લઈ સાધુપણું સ્વીકાર્યું. ગુરુચરણમાં શાસ્ત્રાભ્યાસ કરી અગિયારઅંગ અને છેદસૂત્ર વગેરેમાં નિષ્ણાત થયા. ગુરુમહારાજે આચાર્યપદવીથી વિભૂષિત કર્યા. પરંતુ તે સમયે શ્રી માનદેવસૂરિના ખભા પર લક્ષ્મીદેવી અને સરસ્વતીદેવીને સાક્ષાત્ જોઈને ગુરુએ વિચાર્યું કે આ શ્રમણ નિરતિચાર ચારિત્ર પાળી શકશે કે કેમ? માનદેવસૂરિજીએ ગુરુની આ મનોવેદના નિહાળી. તે જ વખતે પ્રતિજ્ઞા કરી કે આજથી હું ભક્તજનને ત્યાંથી આહાર વહોરીશ નહીં અને હંમેશને માટે વિગઈનો ત્યાગ કરીશ. સૂરિજીનું ઉજ્જવલ તપ, અખંડ બ્રહ્મચર્ય અને જ્ઞાનના ઓજસથી પ્રભાવિત થઈને જયા, વિજયા, અપરાજિતા અને પદ્મા નામની ચાર દેવીઓ હંમેશાં વંદન કરવા આવતી.

શ્રી માનદેવસૂરિજીએ શાંતિસ્તવ સ્તોત્રની રચના કરી હતી અને વ્યંતરના ઉપદ્રવને નિવારવા માટે 'તિજયપહુત્ત' સ્તોત્ર બનાવ્યું. તેઓ વીર સં. ૭૩૧ માં ગિરનાર તીર્થ પરથી અનશન કરીને સ્વર્ગે સિધાવ્યા.

આ સ્તોત્રમાં એકસોને સિત્તેર જિનેશ્વરોની સ્તુતિ હોવાથી તેનું એક નામ 'સત્તરિસયથુત્તં' પણ છે. સત્તરિસય સ્તોત્રનાં કર્તા તરીકે શ્રી હરિભદ્રસૂરિજીનો ઉલ્લેખ જોવા મળે છે. આ સ્તોત્રની ઉત્પત્તિ વિક્રમની નવમી શતાબ્દીમાં થયેલ માનવામાં આવે છે.

'તિજયપહુત્ત' મંત્રયુક્ત સ્તોત્ર છે અને તેનું સર્વતોભદ્ર યંત્ર છે. અર્થાત મંત્ર, યંત્ર અને સ્તોત્ર ત્રણેયનો સમાવેશ કરીને પરમાત્માને કરેલ ઉત્કૃષ્ટ આરાધના એટલે પ્રભાવશાળી તિજયપહુત્ત સ્તોત્ર.

આ અવસર્પિણી કાળમાં ફક્ત બીજા તીર્થંકર શ્રી અજિનાથ સ્વામીના સમયમાં જ અઢી દ્વીપમાં ૧૭૦ જિનેશ્વર વિદ્યમાન હતા. એક મહાવિદેહ ક્ષેત્રમાં બત્રીસ વિજય હોય છે અને પાંચ મહાવિદેહમાં ૧૬૦ વિજય હોય છે. તે દરેક વિજયમાં એકેક તીર્થંકર હોવાથી પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકરોની ઉત્કૃષ્ટ સંખ્યા ૧૬૦ થાય છે. (૧૬૦ તીર્થંકરોના નામ પરિશિષ્ટમાં દર્શાવેલ છે.)

પાંચ ભરતક્ષેત્રમાં પાંચ તીર્થંકર અને પાંચ ઐરાવત ક્ષેત્રમાં પાંચ તીર્થંકર. આ રીતે ૧૫ કર્મભૂમિમાં કુલ ઉત્કૃષ્ટ ૧૭૦ તીર્થંકર વિદ્યમાન હતા. આ એક વિશેષતા છે. આ સર્વ જિનેશ્વરોને તેમના પ્રત્યેની ઉત્કૃષ્ટ ભક્તિ દર્શાવતો તિજયપહુત્ત એક મંત્રાત્મક સ્તોત્ર છે, જેમાં સર્વતોભદ્ર યંત્રનો પણ સમાવેશ થાય છે.

## શ્રી સર્વતોભદ્રયંત્ર

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫<br>ह<br>ॐ ह्रीं श्री<br>रोहिण्यै नमः | ८०<br>र<br>ॐ ह्रीं श्री<br>प्रज्ञप्त्यै नमः | क्षि | १५<br>हुं<br>ॐ ह्रीं श्री<br>वज्रशृंखलायै नमः | ५०<br>हः<br>ॐ ह्रीं श्री<br>वज्रांकुश्यै नमः |
| २०<br>स<br>ॐ ह्रीं श्री<br>चक्रेश्वर्यै नमः | ४५<br>र<br>ॐ ह्रीं श्री<br>नरदत्तयै नमः | प | ३०<br>सुं<br>ॐ ह्रीं श्री<br>काल्यै नमः | ७५<br>सः<br>ॐ ह्रीं श्री<br>महाकाल्यै नमः |
| क्षि | प | ॐ | स्वा | हा |
| ७०<br>ह<br>ॐ ह्रीं श्री<br>गौर्ये नमः | ३५<br>र<br>ॐ ह्रीं श्री<br>गांधार्ये नमः | स्वा | ६०<br>हुं<br>ॐ ह्रीं श्री<br>महाज्वालायै नमः | ५<br>हः<br>ॐ ह्रीं श्री<br>मानव्यै नमः |
| ५५<br>स<br>ॐ ह्रीं श्री<br>वैरुटयायै नमः | १०<br>र<br>ॐ ह्रीं श्री<br>अच्छुप्रायै नमः | हा | ६५<br>सुं<br>ॐ ह्रीं श्री<br>मानस्ये नमः | ४०<br>सः<br>ॐ ह्रीं श्री<br>महामानस्यै नमः |



તિજયપહુત્ત અર્થાત ત્રણ ભુવનમાં ઐશ્વર્ય કે પ્રભુતાને પ્રકાશ કરનારા, આઠ મહા પ્રાતિહાર્યથી યુક્ત અને સમયક્ષેત્ર અઢીદ્વીપમાં વર્તતા, વિચરણ કરતા જિનેન્દ્ર દેવના સમૂહને સ્મરણ - વંદન પ્રથમ ગાથામાં કરેલ છે.

આ સ્તોત્રમાં અઢીદ્વીપમાં રહેલા જિનેશ્વરના સમૂહનું સ્મરણ કરવામાં આવ્યું છે, તેમજ ભિન્ન - ભિન્ન મંત્રાક્ષરો અને ભિન્ન - ભિન્ન રચના દ્વારા સર્વતોભદ્ર યંત્ર રચવામાં આવેલ છે.

આ યંત્રની ચાર ઊભી, ચાર આડી અને બે તીરછી એમ દશ લીટીમાં લખેલા અંકોનો સરવાળો કરતાં દરેકનો સરવાળો ૧૭૦ થાય છે અને દરેક બાજુની ગણતરી એકસરખી થાય છે. તેથી જ આ યંત્રનું ગુણવિશિષ્ટ એવું 'સર્વતોભદ્ર' નામ છે. આ યંત્રની ચાર બાજુઓ પર સોળ ખાનામાં સાતમી અને આઠમી ગાથામાં દર્શાવેલ સોળ વિદ્યાદેવીઓનાં નામ છે. આ યંત્ર મહાપ્રભાવક છે.

બીજી ગાથામાં રચનાકાર સ્તુતિ કરતા કહે છે કે પચ્ચીસ, એંશી, પંદર અને પચાસ આમ ૧૭૦ તીર્થંકરોનો સમુદાય ભક્તના બધા પાપોને નષ્ટ કરો.

ત્રીજી ગાથામાં રચયિતા સહાય માંગતા કહે છે કે વીશ, પીસ્તાલીશ, ત્રીસ અને પંચોત્તેર આ જિનેન્દ્ર ગ્રહ, ભૂત, રાક્ષસ અને શાકિનીનાં ઘોર ઉપસર્ગનો વિનાશ

કરો. આ ગાથા દર્શાવે છે કે તે સમયે રાક્ષસ અને શાકિનીનાં ભયંકર ઉપસર્ગ થતા હતા; જેનાથી બચવા માટે પરમાત્માની આરાધના, ભક્તિ અને તેમની સહાયથી બીજું કોઈ મોટું સાધન નહોતું.

ચોથી ગાથામાં રચયિતા કહે છે કે, સિત્તેર, પાંત્રીસ, સાઠ અને પાંચ આ જિનેશ્વરો વ્યાધિ, જલ અથવા જ્વર, અગ્નિ, સિંહ, હાથી, ચોર, શત્રુ સંબંધી મહાભયને દૂર કરો.

પાંચમી ગાથામાં આચાર્યશ્રી કહે છે કે પંચાવન, દશ, પાંસઠ, અને ચાલીસ એટલા સિદ્ધ થયેલા તીર્થંકરો કે જેઓ દેવો અને દાનવોથી નમસ્કાર કરાયેલો છે તેઓ મારા શરીરનું રક્ષણ કરો. અર્થાત્ આધિ, વ્યાધિ અને ઉપાધિમાંથી મારું રક્ષણ કરો, જેથી હું શાંત ચિત્તે પરમાત્માની ભક્તિ અને ધર્મની આરાધના કરી શકું.

ॐ हरहुंहः, सरसुंसः, हरहुंहः, तह च चेव सरसुंसः ।
आलिहियनामगब्भं, चक्कं किर सव्वओभदं ॥

ઉપરોક્ત છઠ્ઠી ગાથામાં हरहुंहः અને सरसुंसः મંત્ર બીજ અક્ષરો છે અને સાધના કરનારનું નામ જેના મધ્યમાં લખ્યું છે એ યંત્ર નિશ્ચયથી સર્વતોભદ્ર જાણવો. ઉપરોક્ત ગાથાનાં મંત્રબીજ નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ह | - | દુરિતનાશક સૂર્યબીજ. |
| र | - | પાપદહનકારક અગ્નિબીજ. |
| हुं | - | ભૂતાદિ ત્રાસક ક્રોધબીજ અને આત્મરક્ષક કવચ. |
| हं | - | સૂર્યબીજથી યુક્ત. |
| स | - | સૌમ્યતારક ચન્દ્રબીજ. |
| र | - | તેજોદ્દીપન અગ્નિબીજ. |
| सुं | - | સર્વ દુરિતને શાંત કરનાર. |
| सः | - | ચન્દ્રબીજથી યુક્ત. |



ગાથાની શરૂઆતમાં ॐ અક્ષર છે, જે પાંચ પરમેષ્ઠી વાચક છે. ह, र, हुं, ह આ ચાર બીજાક્ષરોમાં જયા, વિજયા, અજિતા અને અપરાજિતા આ ચાર દેવીઓના અનુક્રમે નામ છે. સર્વતોભદ્ર યંત્રની ગાથામાં ॐ, ह्रीं તથા श्रीं અનુક્રમે પ્રણવબીજ, માયાબીજ તથા લક્ષ્મીબીજ છે. 'स्वा' એ પવનબીજ છે અને 'हा' એ આકાશબીજ છે.

સાતમી અને આઠમી ગાથામાં વિદ્યાદેવીઓનું નામ લઈને સ્મરણ કરતા રચનાકાર કહે છે કે ॐ રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રકુંશી, ચક્રેશ્વરી, નરદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી, મહાજ્વાલા, માનવી, વૈરોટ્યા, અચ્છુપ્તા, માનસી અને મહામાનસિકા આદિ સર્વે સોળ વિદ્યાદેવીઓ રક્ષણ કરો.

પંદર કર્મભૂમિ (પાંચ ભરક્ષેત્ર, પાંચ મહાવિદેહક્ષેત્ર અને પાંચ ઐરાવતક્ષેત્ર) ના ક્ષેત્રને વિષે શ્રી અજિતનાથ સ્વામીના સમયમાં ઉત્પન્ન થયેલા એકસોને સિત્તેર તીર્થંકરો તથા વિવિધ રત્નાદિકના વર્ણ વડે શોભિત એવા સર્વે તીર્થંકરો મારા પાપનું હરણ કરો. આ પંદર કર્મભૂમિનાં એકસોને સીત્તેર તીર્થંકરો ચોત્રીસ અતિશયથી યુક્ત છે. આઠ મહાપ્રતિહાર્યથી શોભિત છે અને મોહ જેમનો નાશ પામ્યો છે તેઓનું ધ્યાન ભક્ત માટે કલ્યાણકારી છે.

તીર્થંકરના દિવ્યદેહનું અહોભાવપૂર્વક વર્ણન કરતા રચનાકાર કહે છે કે શ્રેષ્ઠ સુવર્ણ, શંખ, પરવાળા, નીલમણિ અને મેઘ સરખા વર્ણવાળા તીર્થંકરના દેહનો વર્ણ છે. જેમનો મોહ નાશ પામ્યો છે તેવા મોહરહિત (જેમાં તેમને પોતાના સુંદર દેહનું, વર્ણનું કે જગતની કોઈપણ સુંદર, શ્રેષ્ઠ વસ્તુનો મોહ નથી કે જેઓ ક્ષીણમોહ ગુણસ્થાનથી આગળ વધીને સયોગી કેવળી તેરમા ગુણસ્થાને બિરાજમાન છે.) જેની સર્વ દેવો પણ પૂજા કરી ધન્ય બને છે તે એકસો સીત્તેર જિનેશ્વરોને ભાવ પૂર્વક વંદન કરે છે.

આ સ્તુતિમાં તીર્થંકરનું બાહ્ય રૂપ અને આંતરિક સ્વરૂપ બન્ને મનોહર છે, પૂજ્ય છે. જેને જોતાં આંખો થાકે નહીં અને તેમની આંતરિક સ્વરૂપની છાયામાં મનુષ્ય શીતળતા અનુભવે છે. ચાર નિકાયના દેવો ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક આદિ દેવોમાંથી કોઈ દેવ ઉપસર્ગ કરતા હોય તો ઉપશાંત થાઓ.

આ રીતે અંકોના માધ્યમથી તૈયાર કરેલા યંત્રને શુદ્ધ જલથી પ્રક્ષાલન કરીને, ચંદન અને કર્પૂરથી પાટિયા પર લખીને અથવા કાંસાની થાળીમાં કર્પૂર, ગોરો ચંદન, કેસર, ચંદન, કસ્તૂરી વગેરેનો કર્દમ કરીને સાત વખત લેપન કરવું. તે લેપન કરેલી થાળીને છાયામાં સૂકવી તેના પર (સોનાની લેખન વડે) યંત્ર લખી પુષ્પ, ધૂપાદિક વડે પૂજન કરીને તેના નવણનું જલપાન પ્રાતઃ સમયે કરવાથી રોગ નાશ પામે છે. એકાંતરિક તાવ, ગ્રહ, ભૂત, શાકિની અને મોગક વિગેરે નાશ પામે છે અર્થાત દુષ્ટ શક્તિઓનો નાશ થાય છે.

આ પ્રકારે એકસો સીત્તેર તીર્થંકરનો મંત્ર 'સમ્મં મંતં' અર્થાત સમ્યક્ મંત્ર છે. સમ્યક્ મંત્ર કહેવાથી તે આત્મલક્ષી મંત્ર બની જાય છે. તેમાં દુન્યવી દુઃખ ઉપસર્ગને દૂર કરવાની જ ફક્ત વાત નથી. પૂર્ણ અવસર્પિણી કાળમાં ફક્ત એક જ સમય એ આવ્યો કે જે સમયે એક સાથે ઉત્કૃષ્ટ એકસોને સીત્તેર જિનેશ્વર વિહરમાન હતા. તેમના પ્રત્યેની ભક્તની ભક્તિ હતી.

**પરિશિષ્ટ :**

## (૧) જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રની બત્રીસી

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી જયદેવ | શ્રી કર્ણભદ્ર | શ્રી લક્ષ્મીપતિ | શ્રી અનંતવીર્ય | શ્રી ગંગાધર | શ્રી વિશાલચંદ્ર |
| શ્રી પ્રિયંકર | શ્રી ગુણગુપ્તનાથ | શ્રી પદ્મનાભ | શ્રી અમરાદિત્ય | શ્રી કૃષ્ણનાથ | શ્રી જલધરદેવ |
| શ્રી યુગાદિત્ય | શ્રી વરદત્ત | શ્રી ચંદ્રકેતુ | શ્રી મહાકાય | શ્રી અમરકેતુ | શ્રી અરણ્યવાસ |
| શ્રી હરિહર | શ્રી રામેન્દ્રનાથ | શ્રી શાંતિદેવ | શ્રી અનંતકૃત | શ્રી ગજેન્દ્રનાથ | શ્રી સાગરચંદ્ર |
| શ્રી લક્ષ્મીચંદ્ર | શ્રી મહેશ્વરદેવ | શ્રી ઋષભદેવ | શ્રી સૌમ્યકાંતિ | શ્રી નેમિપ્રભ | શ્રી અજિતપ્રભ |
| શ્રી મહીધર | શ્રી રાજેશ્વર | | | | |



## (૨) ધાતકી ખંડના મહાવિદેહ ક્ષેત્રની બત્રીસી

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી વીરચંદ્ર | શ્રી વત્સસેન | શ્રી નીલકાન્તિ | શ્રી મુંજકેશી | શ્રી રૂકમીનાથ | શ્રી ક્ષેમંકર |
| શ્રી મૃગાંકનાથ | શ્રી મુનિમૂતિ | શ્રી વિમલનાથ | શ્રી આગમિકનાથ | શ્રી નિષ્પાપ | શ્રી વસુંધરાધિપ |
| શ્રી મલ્લિનાથ | શ્રી વનદેવ | શ્રી બલભૃત | શ્રી અમૃતવાહન | શ્રી પૂર્ણભદ્ર | શ્રી રેવાંકિત |
| શ્રી કલ્પશાખ | શ્રી નલિનીદત્ત | શ્રી વિદ્યાપતિ | શ્રી સુપાર્શ્વનાથ | શ્રી ભાનુનાથ | શ્રી પ્રભંજનનાથ |
| શ્રી વિશિષ્ટનાથ | શ્રી જલપ્રભનાથ | શ્રી મુનિચંદ્ર | શ્રી ઋષિપાલ | શ્રી કુડગદત્ત | શ્રી ભૂતાનંદ |
| શ્રી મહાવીર | શ્રી તીર્થેશ્વર | | | | |

## (૩) પશ્ચિમ ધાતકી ખંડના મહાવિદેહ ક્ષેત્રની બત્રીસી

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી ધર્મદત્ત | શ્રી ભૂમિપતિ | શ્રી મેરૂદત્ત | શ્રી સુમિત્રનાથ | શ્રી શ્રીષેણનાથ | શ્રી પ્રભાનંદ |
| શ્રી પદ્માકર | શ્રી મહાઘોષ | શ્રી ચંદ્રપ્રભ | શ્રી ભૂમિપાલ | શ્રી સુમતિષેણ | શ્રી અતિશ્રુત |
| શ્રી તીર્થભૂતિ | શ્રી લલિતાંગ | શ્રી અમરચંદ્ર | શ્રી સમાધિનાથ | શ્રી મુનિચન્દ્ર | શ્રી મહેન્દ્રનાથ |
| શ્રી શશાંકનાથ | શ્રી જગદીશ્વર | શ્રી દેવેન્દ્રનાથ | શ્રી ગુણનાથ | શ્રી ઉદ્યોતનાથ | શ્રી નારાયણ |
| શ્રી કપિલનાથ | શ્રી પ્રભાકર | શ્રી જિનદીક્ષિત | શ્રી સકલનાથ | શ્રી શીલારનાથ | શ્રી વજ્રધર |
| શ્રી સહસાર | શ્રી અશોકનાથ | | | | |

## (૪) પૂર્વ પુષ્કરવરાર્ધ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રની બત્રીસી

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી મેઘવાહન | શ્રી જીવનરક્ષક | શ્રી મહાપુરુષ | શ્રી પાપહર | શ્રી મૃગાંકનાથ | શ્રી શૂરસિંહ |
| શ્રી જગત્પૂજ્ય | શ્રી સુમતિનાથ | શ્રી મહામહેન્દ્ર | શ્રી અમરભૂતિ | શ્રી કુમારચંદ્ર | શ્રી વારિષેણ |
| શ્રી રમણનાથ | શ્રી સ્વયંભૂ | શ્રી અચલનાથ | શ્રી મકરકેતુ | શ્રી સિધ્ધાર્થનાથ | શ્રી સફલનાથ |
| શ્રી વિજયદેવ | શ્રી નરસિંહ | શ્રી શતાનંદ | શ્રી વૃંદારક | શ્રી ચંદ્રાતપ | શ્રી ચિત્રગુપ્ત |
| શ્રી દઢરથ | શ્રી મહાયશા | શ્રી ઉષ્માંકનાથ | શ્રી પદ્યુમ્નનાથ | શ્રી મહાતેજ | શ્રી પુષ્પકેતુ |
| શ્રી કામદેવ | શ્રી સમરકેતુ | | | | |

## (૫) પશ્ચિમ પુષ્કરવરાર્ધ દ્વીપના મહાવિદેહ ક્ષેત્રની બત્રીસી

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી પ્રસન્નચંદ્ર | શ્રી મહાસેન | શ્રી વજ્રનાથ | શ્રી સુવર્ણબાહુ | શ્રી કુરુચંદ્ર | શ્રી વજ્રવીર્ય |
| શ્રી વિમલચંદ્ર | શ્રી યશોધર | શ્રી મહાબલ | શ્રી વજ્રસેન | શ્રી વિમલનાથ | શ્રી ભીમનાથ |
| શ્રી મેરૂપ્રભ | શ્રી ભદ્રગુપ્ત | શ્રી સુદ્રઢસિંહ | શ્રી સુવ્રતનાથ | શ્રી હરિશચન્દ્ર | શ્રી પ્રતિમાધર |
| શ્રી અતિશ્રય | શ્રી કનકકેતુ | શ્રી અજિતવીર્ય | શ્રી ફલ્ગુમિત્ર | શ્રી બ્રહ્મભૂતિ | શ્રી હિતકરનાથ |
| શ્રી વરૂણદત્ત | શ્રી યશકીર્તિ | શ્રી નાગેન્દ્રનાથ | શ્રી મહીધરનાથ | શ્રી કૃતબ્રહ્મ | શ્રી મહેન્દ્રનાથ |
| શ્રી વર્ધમાન સ્વામી | શ્રી સુરેન્દ્રદત્ત | | | | |

**(અમદાવાદ સ્થિત હીનાબહેન શાહે ગુજરાત વિદ્યાપીઠમાં સંશોધનાત્મક નિબંધ : 'જૈન પરંપરાના અદ્વિતીય શ્રુતસ્થવીર : મુનિ જંબુવિજયજી' પર M. Phil. કર્યું છે અને સંશોધનાત્મક મહાનિબંધ : 'આત્મશુદ્ધિની પ્રક્રિયા - તત્વાર્થાધિગમ સૂત્રના આધારે' એ વિષય પર શ્રી સી.યુ.શાહ યુનિવર્સિટી - વઢવાણમાંથી Ph.D. કર્યું છે.)**

સંદર્ભસૂચિ :-

(૧) મહાપ્રભાવિક નવસ્મરણ, સંપાદક : મણિલાલ નવાબ.

(૨) શ્રી નવસ્મરણ (સચિત્ર), સંશોધક : શેઠ દેવચંદ દામજી કુંડલાકર.

(૩) જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૧, મુનિશ્રી દર્શનવિજયજી, મુનિશ્રી જ્ઞાનવિજયજી, મુનિશ્રી ન્યાયવિજયજી

(૪) મંત્રવિજ્ઞાન, શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

(૫) ત્રિલોક તીર્થવંદના, આચાર્ય વિજયહેમચંદ્રસૂરિજી



## ૨૪ મંત્ર : મારો પ્રિય મિત્ર

- શૈલેષી અજમેરા

એક સામાન્ય વ્યકિત જયારે 'મંત્ર' શબ્દ સાંભળે ત્યારે તેના મનમાં ઘણા વિકલ્પો અને વિચારો આવે છે. એની નજર સમક્ષ, નાભિનાદ સાથેના બીજ શબ્દો, મોટા વિશિષ્ટ ઉચ્ચારણવાળા વાકયો કે શ્લોકો દશ્યમાન થવા લાગે.મંત્ર, સ્ત્રોત, સ્તુતિ, પ્રાર્થના કે જાપ તો માત્ર ધુરંધર સંત - સતીજી, વિદ્વાનો કે સ્થવિરોને જ આવડે એવી ભાવધારા આજનો યુવાવર્ગ મોટાભાગે ધરાવતો હોય છે.આજના Youngsters ને daily life માં apply થઈ શકે એવા shortcuts જોઈએ છે અને દરેક બાબત પાછળ practical અને logical approach પસંદ છે. આવા જિજ્ઞાસુ વર્ગને લક્ષમાં રાખીને રાષ્ટ્રસંત પરમ ગુરુદેવશ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે એક વિશિષ્ટ શિબિરનું આયોજન કર્યુ હતું. ખૂબજ સરલ શૈલીમાં એમણે નાના નાના મંત્રોની અને સૂત્રોની મહત્તા સમજાવી, જેના દ્વારા આપણા જેવા છદ્મસ્થ આત્માઓ પણ સંસારમાં રહીને, પોતાના routine life જીવતા પણ કર્મોની નિર્જરા કરી શકે છે. હું સ્વયંને

સદ્‌ભાગી માનું છું કે પરમ ગુરુદેવશ્રીના માર્મિક શ્રી વચનોનું શ્રવણ અને આચરણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

પરમ ગુરુદેવશ્રીએ ફરમાવ્યું હતું કે જીવનમાં મંત્રને મિત્ર બનાવો અને સૂત્રને સખા બનાવો ! મંત્રને જો મિત્ર બનાવીએ તો જીવનમાં દરેક પળમાં તે આપણી સાથે રહે છે.બીજો કોઈ પણ મિત્ર, જો આપણે બોલાવીએ તો જ આવે પણ મંત્ર એવો મિત્ર છે કે જે પ્રગટ કરતા જ આપણા માટે ઊભો રહી જાય !

એવું કહેવાય છે કે, અર્જુનમાળી માર, માર કરતો સુદર્શન શ્રાવકને મારવા આવી રહ્યો હતો કેમકે તે રોજના સાત જીવની હત્યા કરતો હતો. જયારે અર્જુન માળી સુદર્શન શ્રાવક પાસે પહોંચે છે ત્યારે તેની આસપાસ બચાવનારું કોઈ જ નથી. તેવા સમયે સુદર્શન શ્રાવક પાસે 'નમો જિણાણં જિય ભયાણં' આ મંત્ર હતો. જેવા સુદર્શન શ્રાવક નમોત્થુણંની મુદ્રામાં બેસી આ મંત્રનુ ભાવપૂર્વક રટણ કરવા લાગ્યા, એવું જ એમની આસપાસ એક સુરક્ષા કવચ બનવા લાગ્યું, જેને કારણે અર્જુનમાળીનું વજનદાર શસ્ત્ર સુદર્શન શ્રાવકના સુરક્ષા ચક્રને ભેદી ન શકયું અને નકામું થઈને નીચે પડી ગયું.

મંત્ર અને સૂત્રને મિત્ર બનાવીએ તો તે સર્વત્ર કામમાં લાગે છે અને એટલે જ આપણા જીવનમાં કેટલાક મંત્રો ઘુંટી લેવા જોઈએ. જયારે પણ કોઈ ભયની પરિસ્થિતિ હોય છે, કોઈ આફત આવવાની હોય એમ લાગતું હોય ત્યારે નમોત્થુણં ની મુદ્રામાં 'નમો જિયાણં જિય ભયાણં' નું સ્મરણ અને રટણ કરવાથી આપણી અંદર માંથી **positive electromagnetic waves** નીકળે છે, જે આસપાસ ફેલાય છે. 'નમો જિયાણં જિય ભયાણં' મંત્ર આસપાસમાં પ્રોટેકશન બનાવે અને તે પ્રોબ્લેમમાંથી બહાર નીકળવાની ક્ષમતા પ્રગટાવે છે. **Science** એ પણ શોધ કરી દીધી છે કે **sound waves** માં કેટલી તાકાત હોઈ શકે છે !

'નમો જિયાણં જિય ભયાણં' એટલે સાત પ્રકારના ભયને જીતનારા એવા જિનેશ્વર દેવોને નમસ્કાર હો. જયારે અભય એવા જિનેશ્વર ભગવંતોનું સ્મરણ વારંવાર કરીએ છીયે ત્યારે તેમના જેવા બનાવના ભાવ અને પાત્રતા પ્રગટવા લાગે છે. ઘણા



વ્યકિતઓને વંદા, ગરોળી, અંધારું, એકલપણું એવી અનેક વસ્તુઓ અને સ્થિતિઓનો ભય હોય છે. જે વ્યકિત ''નમો જિયાણં જિયભયાણં'' મંત્રની આરાધના કરે છે તેના ભય જીતાય જાય છે.

પરમાત્માએ આપણા સહુ ઉપર અનંત ઉપકાર કરી 'મિચ્છામિ દુક્કડમ' રૂપે બે નાના શબ્દોમાં હજી એક જબરદસ્ત મંત્રની શ્રેષ્ઠ ભેટ આપી છે !

આપણે સંસારમાં છીએ એટલે પાપ કરવું પડે, તે આપણી પરિસ્થિતિ છે પણ પાપનો પસ્તાવો કરવો કે ન કરવો તે આપણી મનઃસ્થિતિ હોય છે. સંસાંરમાં છીએ એટલે કદાચ સ્નાન કરવું પડે છે. કદાચ સ્નાન કરતી વખતે પાણીમાં રહેલા અસંખ્ય જીવોની હિંસા કરવી પડે તે આપણી પરિસ્થિતિ છે. પરંતુ આ પાપકારી પ્રવૃત્તિ વખતે આપણી મનઃસ્થિતિ કેવી હોવી જોઈએ? સ્નાન કરતા કરતા એવી ભાવના ભાવવી કે, ''હે પરમાત્મન્ ! કયારે આપના જેવી અશરીરી અવસ્થાને પામીશ ! એવો દિવસ કયારે આવશે કે મારો આનંદ કોઈના મૃત્યુ ઉપર આધારિત ન હોય. મને પ્રસન્નતા મળે પણ મારા થકી કોઈને પીડા ના મળે. હે પાણીના જીવો! હે અપકાય ! આજે હું આપને વેદના આપું છે એટલે જ હું આપની ક્ષમા માંગુ છું અને ભાવપૂર્વક તસ્સ મિચ્છામિ દુક્કડમ કહું છું.'' ભગવાન કહે છે, જે પાપ પસ્તાવા વગરનું હોય છે તે ભોગવતી વખતે અનેક ગણી પીડા આપે છે અને પાપ પછી પસ્તાવાનો ભાવ થાય છે તેનું ફળ અતિ અલ્પ થઈ જાય છે !

'મિચ્છામિ દુક્કડમ્' ને ફકત સંવત્સરી મહાપર્વના દિવસ માટે જ સીમિત ન રાખીને જો જીવનમંત્ર બનાવીએ તો અંનત પાપકર્મોથી બચી શકાય છે. સવારે ઉઠીએ ત્યારે ઉપકારભાવપૂર્વક નમસ્કાર મહામંત્રના સ્મરણ સાથે 'મિચ્છામિ દુક્કડમ' પણ બોલવું અને રાત્રે થયેલા પાપોની ત્યારે જ ક્ષમા માંગી લેવી. તેમજ રાત્રે સૂતાં પહેલા દરેક નાના મોટા સદસ્યોને 'મિચ્છામિ દુક્કડમ' કહીને સૂવું-એટલે કે '**I am sorry**' આમ કહેવાથી આખા દિવસ દરમ્યાન ઘરના કોઈ પણ સદસ્યો સાથે જાણતા - અજાણતા રાગદ્વેષ, મનભેદ કે મતભેદ થયા હોય તેની માફી તેજ દિવસે માંગી લેવાય

છે અને કર્મોનું ચક્ર ત્યારેજ બ્રેક થઈ જાય છે. જયારે જયારે પાપ થાય ત્યારે 'મિચ્છામિ દુક્કડમ' ...

અચિન્ત્ય કરુણાથી જગતના સર્વ જીવોના હિત, શ્રેય અને કલ્યાણ અર્થે સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ કેટલાય સત્ય અને તથ્ય સ્વયંના કેવળજ્ઞાનમાં પ્રગટ કરી દીધા. ભવોભવના પાપોથી **disconnect** કરી દે એવું સૂત્ર 'અપ્પાણં વોસિરામિ' રૂપે એક **Master Key** આપણને અર્પણ કરી. જૈનદર્શન માને છે, જગતભરના લાખો, કરોડો, અબજો અને અનંતા પદાર્થો, જેનો આપણે ભોગવટો કરતાં નથી, જે કાર્યો આપણે કરતાં નથી,જેનો વિચાર માત્ર પણ આવતો નથી, તે પદાર્થ, તે કાર્યો સાથેના **connection** ના તાંતણા આપણા આત્મા પર સંસ્કાર રૂપે પડેલ હોય છે, સંસ્કારને કારણે આપણને આજે પણ એનું પાપ લાગતું હોય છે. આશ્ચર્ય થાય છે ને ?

માનો કે, કોઈએ સીમલામા હોટલમાં ફેમિલી માટે પાંચ રૂમ બુક કરાવ્યાં છે, પણ કોઈ કારણસર તેઓ સીમલા જઈ શકતા નથી અને બુકીંગ પણ કેન્સલ કર્યુ નથી તો તેમણે બિલનું પેમેન્ટ કરવું પડે કે નહીં ? હા ! કરવું જ પડે છે. રૂમ્સ ન વાપરવા છતાં બિલ ભરવું પડે છે. એમ જેણે સંસારના પદાર્થો અને પાપોનું કનેકશન કટ કરાવ્યું નથી, તેના પાપો આજ સુધી આત્મા સાથે જોડાયેલા હોવાના કારણે, આજે પણ એનું પાપ લાગે છે.

આખા દિવસમાં જયારે પણ સમય મળે ત્યારે 'અપ્પાણં વોસિરામિ' નું સ્મરણ અને રટણ કરવું. સવારે ઉઠીને **wash room** માં ગયાં, ત્યાંથી ક્રિયા પતાવીને આવ્યા પછી તરત 'અપ્પાણં વોસિરામિ' કહેવું. કેમકે અશુચિને ભલે **flush** કરી દીધી પણ તેની સાથે જોડાયેલા પાપ 'અપ્પાણં વોસિરામિ' વગર **flush** થતા નથી. જો વોસિરાવીએ નહીં તો તે અશુચિના કારણે થતી હિંસાના પાપનું **connection** ચાલુ જ રહે છે. તેમજ રોજની ક્રિયા, જેમકે શાક સુધારીને કચરો **dustbin** માં નાખીએ કે નકામું પેપર ફેકીએ કે પછી **ice-cream** કે **chocolate** ખાઈને **wrapper** ને ફેંકીએ, તે બધાને જો વોસિરાવીએ નહિ તો તે **ice-cream** ના **wrapper** ઉપર આવતી કીડીઓ



જો મૃત્યુ પામે તો તે સર્વેના મૃત્યુના પાપના ભાગીદાર આત્મા બની જતો હોય છે. શાસ્ત્રોક્ત સૂત્ર 'અપ્પાણં વોસિરામિ' દ્વારા કોઈ પણ વસ્તુનો પરિત્યાગ કરીએ છીએ, ત્યારથી તે આત્મા અનંતા અનંતા કર્મોના ભારથી **disconnect** થઈને હળવો થઈ જાય છે.

પ્રભુનો સાધક પળે પળ સાવધાન હોય !

આખા દિવસમાં 'અપ્પાણં વોસિરામિ' વારંવાર વારંવાર બોલવાથી શું લાભ મળે ? પરમાત્મા કહે કે જે શબ્દનું ઘૂંટણ આખા જીવન કર્યું હોય તે શબ્દો હૃદયસ્થ થઈ જાય છે અને જીવનનો અંત નજીક હોય ત્યારે પણ સહજતાથી આ નાનકડો સૂત્ર મિત્ર બનીને અંદરમાંથી સ્ફુરે છે અને અંત ઘડીએ 'અપ્પાણં વોસિરામિ' નું સ્મરણ અને ઉચ્ચારણ કરીને તો આખાય ભવના તમામ પાપોથી આપણે નિવૃત્ત અને **disconnect** થઈ જઈએ છીએ.

શ્રાવકો માટે પરમાત્માની આજ્ઞા ઉભયકાળ પ્રતિક્રમણ કરવાની છે. પરંતુ આજની ફાસ્ટ લાઈફમાં બધાને કદાચ પરમાત્માની આજ્ઞા મુજબ સવારે અને સાંજે પ્રતિક્રમણની આરાધના કરવાનો સમય ન મળે, તો દરરોજ રાતના સૂતા પહેલા અને સવારે ઉઠીને 'ખામેમિ - મિચ્છામિ - વંદામિ' આ ત્રણ મંત્રોનું ઉચ્ચારણ કરવાથી કંઈક અંશે ભાવવિશુદ્ધિ અને દિવસ દરમ્યાન કરેલા પાપોથી હળવાશ મળે છે.

ખામેમિ - જગતના સર્વ જીવોને ખમાવું છું.

મિચ્છામિ - આખા દિવસમાં જેટલા પાપ કર્યા છે તેનું મિચ્છામિ દુક્કડં આપું છું. વંદામિ - સર્વે ઉપકારી ગુરુભગવંતોને વંદન નમસ્કાર કરું છું.

આ ત્રણ શબ્દોમાં આખા પ્રતિક્રમણનો ભાવાર્થ સમાયેલો છે. નાના બાળકો, યુવાનો કે વડીલોને જો સંપૂર્ણ પ્રતિક્રમણ કંઠસ્થ ન હોય અને કદાચ વિધિવત્ પ્રતિક્રમણની આરાધના કરવાનો સમય કે અનુકૂળતા ન હોય તો તેઓ **at least** આ ત્રણ **Powerful** શબ્દોના સ્મરણથી સ્વયંના પાપોનું પ્રાયશ્ચિત્ત કરી શકે છે.

આગમમાં શ્રાવક માટે એક ઉપમા આપવામાં આવી છે - 'નિર્જરાકાંક્ષી', શ્રાવકના મનમાં સતત એક જ ઈચ્છા હોય કે મારા કર્મોની નિર્જરા કેવી રીતે થાય, કર્મો ક્ષય કેવી રીતે થાય. જે સતત નિર્જરાના ક્ષેત્રમાં સાવધાન હોય તે શ્રાવક કહેવાય. જેમ જેમ પ્રભુ સાથે પ્રભુ વચન યાદ રહે અને right ક્ષણે apply થાય તો આ માનવભવ સાર્થક છે કેમકે અનંત જીવયોનીમાં ફર્યા પછી ફક્ત મનુષ્ય ભવમાં નિર્જરા કરવાનો અને કર્મોના સ્ટોકનો નિકાલ કરવાની તક મળે છે.

પરમાત્માએ આપેલી અમૂલ્ય ભેટ સમા આ નાના નાના મંત્રો અને સૂત્રો જો જીવનની દરેક ક્ષણમાં આત્મસાત્ થશે તો જીવનના છેડે એક હળવાશથી 'હાશ' નું સ્મિત આપણા ચહેરા ઉપર હશે !

પ્રભુ તારી સમજ મળી છે, તારો બોધ મળ્યો છે તો હું કેટલાય પાપોથી બચી ગયો છું. મારા આત્માને અહિતથી બચાવનાર, હે હિતદૃષ્ટા પરમાત્મા ! તારો મારા ઉપર અનંત ઉપકાર છે !

જિનાજ્ઞા વિરુદ્ધ કઈ પણ લખાયું હોય તો ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડમ્.

**(ચેન્નઇ સ્થિત જૈન અભ્યાસુ શૈલેષીબહેને મુંબઇ યુનિવર્સિટીથી Microbiology અને Biochemistry માં Graduation કરેલ છે. જૈન વિશ્વભારતી ઇન્સ્ટિટ્યુટના જીવનવિજ્ઞાન, પ્રેક્ષાધ્યાન અને યોગનો અભ્યાસ કર્યો છે. મુંબઇ યુનિવર્સિટીનો ડિપ્લોમા ઇન જૈનોલોજી કોર્સ કરેલ છે, પૂજ્ય ગુરુદેવશ્રી નમ્રમુનિ મ.સા. પ્રેરિત શાસન પ્રભાવક ગ્રુપ, સંબોધિ સત્સંગ અને youngsters માટે spiritual sessions 'આત્મન્ ગ્રુપ' સાથે સંકળાયેલા છે.)**


સંદર્ભસૂચિ :

(૧) રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની પાવનધામ, કાંદીવલી ૨૦૧૭ શિબિર

(૨) આલોચના - આત્મપ્રક્ષાલનની પાવન પળ (પ્રેરણા : રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની નમ્રમુનિ મહારાજ સાહેબ)




# ૨૫ શ્રી અજિતશાંતિ સ્તોત્ર

- ચંદ્રકાંત લાઠીયા

## જૈન ધર્મમાં સ્તુતિ, સ્તોત્ર અને સજ્ઝાય :-

ભારતીય આધ્યાત્મિક પરંપરામાં પરમપદને પ્રાપ્ત કરવું એ જીવનો લક્ષ્ય અને ધ્યેય છે. પરમાત્માએ પરમપદને પ્રાપ્ત કરવાના અનેક માર્ગો અને સાધનો બતાવ્યા છે. વીતરાગમાર્ગ, જ્ઞાનમાર્ગ યોગમાર્ગ, કર્મમાર્ગ, ભક્તિમાર્ગ વગેરે. જૈનદર્શન એ ભારતીય આધ્યાત્મિક પરંપરાનું વીતરાગ દર્શન છે, અને તેમાં પણ પરમપદની પ્રાપ્તિ માટે અને સિદ્ધ દશાને પામવા ઉપર્યુક્ત માર્ગો છે.

ભક્તિમાર્ગ એ પરમતત્ત્વને પામવાનો શ્રેષ્ઠ, સરળ અને સર્વોપરી માર્ગ છે. જૈનધર્મની આરાધના અને સાધનામાં ભાવ, ભાવનાનું એક અલૌકિક મહત્ત્વ અને વિશિષ્ટ સ્થાન છે. ભક્તિ એ ભાવપ્રધાન છે અને તે સાધકને પોતાના અંતરંગ દશાના ભાવોને સર્વોત્કૃષ્ટ અને સર્વોત્તમ સ્થાને પહોંચાડે છે.

પ્રશસ્ત ભક્તિમાં ઈષ્ટની સ્તુતિ, સ્તવના, સ્તુતિકાવ્ય-સ્તોત્રનું વિશિષ્ટ મહત્ત્વ છે. સાહિત્યની દૃષ્ટિએ સ્તોત્ર અને સ્તુતિકાવ્યની એક આગવી પરંપરા છે. સ્તુતિમાં

જ્યારે સાધક તેમાં લયબદ્ધ થઈ જાય છે ત્યારે ઉત્કૃષ્ટ ભાવની પરાકાષ્ઠાએ પહોંચી પરમતત્ત્વ સાથે એકમેક થઈ જાય છે. સ્તુતિમાં ઈષ્ટદેવના ગુણગાન, ચરિત્ર સાથે સાધક એકતા બાંધે છે.

સંસ્કૃત ભક્તિ સાહિત્યમાં સ્તોત્રની પોતાની એક અલગ પરંપરા છે. જૈન દર્શનમાં સ્તોત્ર લોકપ્રચલિત, લોકભાષા જેવી કે પ્રાકૃત, ગુજરાતી, હિન્દી, મરાઠી, કન્નડ વગેરેમાં રચાયેલા છે. જૈન ભક્તિ સાહિત્યમાં સજ્ઝાય, સ્તુતિ, સ્તોત્ર, સ્તવનમાં પરમાત્માના ચરિત્રના ગુણગાન કરાય છે. જૈન પ્રાકૃત ભાષામાં રચાયેલ પ્રાચીન રચનાઓમાં 'थुई' અથવા 'थुदि' આ બે શબ્દોનો પ્રયોગ આપણને જોવા મળે છે. ભગવાન મહાવીરે એમની છેલ્લી દેશના 'ઉત્તરાધ્યયન સૂત્ર' માં સ્તુતિ કરવાથી થતાં લાભો બતાવ્યા છે.

"थयथुई मंगलेण-भंते किं नणियई ?
थयथुई मंगलेण नाणदंसण चरित बोहिलाभ जणयई ।
नाणदंस चरितबोहिलाभ संपन्ने यणं जीवे अतकिरियं
कप्यविमाणो कवेसिंय आराहंण आरोहई ।" ઉ.સૂ. ૨૪/૨૯

સ્તુતિ કરવાથી જીવ ઉચ્ચગતિ પામે છે. આરાધના પામે છે. ઈ.સ. પહેલી સદી પૂર્વે આચાર્ય કુન્દકુન્દ રચિત નિયમસાર, સમયસારમાં ભક્તિ શબ્દનો પહેલો સંદર્ભ - भत्ती ના રૂપમાં જોવા મળે છે. આચાર્ય સમન્તભદ્રએ સ્તુતિને પ્રશસ્ત પરિણામ આપનારી કહી છે. આચાર્ય માનતુંગસૂરીજીએ પણ ભક્તામર સ્તોત્રમાં સ્તુતિને પાપનાશક બતાવી છે.

પ્રયોજિત ઈષ્ટફળની પ્રાપ્તિ અર્થે ઈષ્ટદેવ, પરમાત્માની સ્તુતિ કરવા જે અભિમંત્રિત, છંદોસ્ય, અલંકારી કાવ્યની રચનાને સ્તોત્ર કહેવામાં આવે છે.

'स्तूयते अनेन इति स्तोत्रम्' સ્તોત્ર શબ્દ સંસ્કૃતના 'ष्ट' ધાતુથી વ્યુત્પન્ન છે અને તેનો અર્થ પ્રશંસા કરવી થાય છે. સ્તોત્રના એક એક પદનો પોતાનો જ મહિમા



છે. દરેક પદનું ખાસ પ્રયોજન હોય છે. દરેક પદની રચના એવી રીતે કરવામાં આવે છે. જે છંદ, લયની મદદથી સાધકના ભાવને ઉત્કૃષ્ટ સ્થાન ઉપર લઈ જાય છે. જેમાં પરમાત્માના ગુણોની પ્રશંસા કરવામાં આવે છે. તીર્થંકર પરમાત્મા તો વીતરાગી છે અને તેઓ પ્રશંસા કે આલોચનાથી પર છે. તેઓ રાજી થતા નથી અને કોઈ વરદાન આપતા નથી કે નારાજ થઈને શ્રાપ આપતા નથી. દરેક સાધકનું એકજ ધ્યેય હોય છે અને તે પરમપદને પામવાનું છે. પરમાત્મા જેવા બનવાનું છે. 'જેના શરણે જઈએ તેવા આપણે થઈએ.' પ્રશસ્ત, નિષ્કામ ભક્તિમય સ્તોત્રના પાઠાદિથી તીર્થંકર પ્રકૃતિનો બંધ થાય છે. તીર્થંકર પ્રકૃતિનો બંધ સોળ (૧૬) કારણોથી પડે છે. તેમાંનું એક મહત્ત્વનું કારણ અભીક્ષ્ણજ્ઞાનોપયોગ પણ છે. સ્તોત્ર એ વિવિધમંત્રો, વિવિધ છંદો અને અલંકારોથી નિબદ્ધ હોય છે. સામાન્ય રીતે સ્તુતિ, સ્તવ, સ્તવન અને સ્તોત્ર લગભગ સમાનઅર્થી થઈ ગયા છે. વિદ્વાનોએ 'पूजा को हिसमं स्तोत्रम्' કહીને એક કરોડ પૂજાના પુણ્યને એક સ્તોત્રફળ બરોબર કહ્યું છે. સ્તોત્રોનું પઠન પુણ્યને એક સ્તોત્રફળ બરોબર કહ્યું છે. સ્તોત્રોનું પઠન દેવતાઓને માટે પણ અનિવાર્ય છે. નંદીશ્વર દ્વીપના બાવન જિનાલયોમાં દેવો સદૈવ પૂજા અર્ચના કરતા હોય છે અને સ્તોત્રનું પઠન એ અત્યંત સ્વાભાવિક છે. આચાર્ય સમન્તભદ્રજીએ સ્તોત્રનો ઉદ્દેશ કર્મની નિર્જરા અને પાપને જિતનારું કહ્યું છે. આચાર્ય માનતુંગસૂરીશ્વરજી 'ભક્તામર સ્તોત્ર' રચનામાં પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધાની પરાકાષ્ઠા અનુભવાય છે. કર્મરૂપી બેડીઓને તોડનાર માત્ર શબ્દ નહીં પણ ભક્તિનો ચમત્કાર છે. તેવી જ રીતે ઉવસગ્ગહરં સ્તોત્રમાં ઉપસર્ગનું નિરાકરણ કરવાની અદ્‌ભુત શક્તિ છે.

સજ્ઝાયનું પણ પોતાનું આગવું સ્થાન છે. જ્યારે સજ્ઝાય ગવાય ત્યારે સાધક મનથી ભાવાવસ્થામાં પ્રવેશે છે. ઉદાહરણ તરીકે ચંદનબાળા, અઈમુત્તા અણગાર, ઈલાચીકુમાર આ બધા મહાપુરુષો જીવનમાં જે રીતે રાગમાંથી ત્યાગ તરફ વળે છે તેનું સુંદર ચિત્રણ જોવા મળે છે.

## જૈન ધર્મના સ્તોત્ર :-

જૈનભક્તિ સાહિત્યમાં આપણને પ્રથમતીર્થંકર ઋષભદેવ ભગવાન અને ત્રેવીસમાં તીર્થંકર પાર્શ્વનાથ ભગવાન માટે સૌથી અધિક પ્રભાવક અને પ્રચલિત સ્તોત્ર સ્તુતિની રચના જોવા મળે છે. પ્રાચીનતમ સ્તોત્રો આપણને આગમકાળથી જ જોવા મળે છે. આચાર્ય કુન્દકુન્દની કૃતિ - તિત્થયા શુદ્ધિ, સિદ્ધભક્તિ, આ.ભદ્રબાહુજી રચિત ખૂબજ પ્રભાવશાળી 'ઉવસગ્ગહરં સ્તોત્ર'. આ સ્તોત્ર પ્રાકૃતમાં ગુંથાયેલા છે. દર્શનકાળથી સંસ્કૃતમાં રચાયેલા સ્તોત્ર જોવા મળે છે. આચાર્ય સમન્તભદ્રજી રચિત સ્વયંભૂ સ્તોત્ર, દેવાગમ સ્તોત્ર, યુક્તાનુશાસન, જિન સ્તુતિશતક પ્રસિદ્ધ થયા છે.

આપણે જૈન ધર્મના મહત્ત્વના પ્રભાવશાળી સ્તોત્રથી તો પરિચિત છીએ એમાંના

| | | |
|---|---|---|
| ૧. | જય ચિંતામણિ સ્તોત્રની રચના | શ્રી ગૌતમસ્વામી |
| ૨. | ઉવસગ્ગહરં સ્તોત્રની રચના | શ્રી ભદ્રબાહુસ્વામી |
| ૩. | નમોઽર્હત સ્તોત્રની રચના | શ્રી સિદ્ધસેન દિવાકર |
| ૪. | સંસારદાવા સ્તોત્રની રચના | શ્રી હરિભદ્રસૂરિ |
| ૫. | લઘુશાંતિ સ્તોત્રની રચના | શ્રી માનદેવસૂરી |
| ૬. | સકલતીર્થ સ્તોત્રની રચના | શ્રી જીવવિજયજી |
| ૭. | સકલાર્હત સ્તોત્રની રચના | શ્રી હેમચંદ્રાચાર્ય |
| ૮. | અજિતશાંતિ સ્તોત્રની રચના | શ્રી નંદિષેણમુનિ |
| ૯. | નમિઉણ સ્તોત્રની રચના | શ્રી માનતુંગસૂરી |
| ૧૦. | ભક્તામર સ્તોત્રની રચના | શ્રી માનતુંગસૂરી |
| ૧૧. | કલ્યાણમંદિર સ્તોત્રની રચના | શ્રી સિદ્ધસેન દિવાકર |
| ૧૨. | તિજય પહુત સ્તોત્રની રચના | શ્રી માનદેવસૂરી |

ઉપર જણાવેલ સ્તોત્રમાંથી અમુક સ્તોત્રની નિયમિત રીતે આરાધના થાય છે અને નવસ્મરણમાં સ્થાન પામ્યા છે. દરેક સ્તોત્રના રચિયતાએ પ્રયોજિત ઈષ્ટફળની



પ્રાપ્તિની અપેક્ષાએ ભાવનાઓને એવી રીતે અભિમંત્રિત કરી હોય છે, જેથી સાધકને પરલૌકિકફળની પ્રાપ્તિ સહજ થાય છે. દરેક સ્તોત્રથી પરલૌકિક ફળની પ્રાપ્તિ તો નક્કી જ થાય છે પણ તેનું ઈહલૌકિક ફળ પણ ચિંતવવા યોગ્ય છે.

જૈન સ્તુતિકાવ્યો, સ્તોત્રની ભવ્યપરંપરાનું આપણે ઉપર મુજબ અવલોકન કર્યું. આજે એક એવા સ્તોત્ર વિશે વાત કરવાના છીએ કે જે ખૂબ જ પ્રચલિત નિયમિત રીતે જેની આપણે આરાધના કરીએ છીએ. જે અજિતશાંતિ સ્તોત્ર. આ સ્તોત્ર નવસ્મરણમાંનુ એક અદ્‌ભુત યુગલસ્તવ છે, જે બીજા તીર્થંકર શ્રી અજિતનાથ સ્વામી અને સોળમાં તીર્થંકર શ્રી શાંતિનાથ સ્વામીની અતિ પ્રભાવશાળી ચમત્કારી, કષાયોને જીતી પરમશાંતિ, પરમપદને પમાડવાવાળી પ્રાકૃત ભાષામાં રચાયેલી સ્તુતિ છે.

આ ઈષ્ટફળની પ્રાપ્તિ કરાવનારા સ્તોત્રની આરાધના દરરોજ નવસ્મરણ, સામાયિકમાં કરવામાં આવે છે. આ સ્તોત્રની બીજી એક ખાસ વિશેષતા એ છે કે આ સ્તોત્ર પાક્ષિક, ચઉમાસી અને સંવત્સરી પ્રતિક્રમણમાં સ્થાન પામેલું છે અને તેનું પઠન કરવામાં આવે છે. આ સ્તોત્ર ઉપરની ભાવસભર શ્રદ્ધા અને ઊંડી સમજ પ્રતિક્રમણની ક્રિયાને પ્રાણવંતી બનાવે છે. આ સ્તોત્રમાં કુલ ૪૦ શ્લોકો છે.

આ સ્તોત્રની મન્ત્ર વિદ્યાઓના પરિપૂર્ણ રહસ્યના પરસમય અને સ્વસમયના જાણકાર એવા નંદિષેણમુનિએ કરી છે (ગાથા-૩૭). આ રીતે તેઓ બે તીર્થંકરની યુગલ આરાધનાના યુગલ સ્તવનો પ્રારંભ કરનાર બન્યા.

તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના ગણધર પણ નંદિષેણ મુનિ હતા, એટલે એક એવો મત પ્રવર્તે છે કે નંદિષેણ મુનિ ભગવાન નેમિનાથના શિષ્ય હતા, જ્યારે કેટલાકનું એવું માનવું છે કે, છંદશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર, કાવ્ય પદ્ધતિ વ્યાકરણ આદિના નિષ્ણાત નંદિષેણ મુનિ મહાવીર સ્વામીના શિષ્ય હતા. પ્રબોધ ટીકાના સંપાદકોએ આગમસૂત્રો સાથેની સમાનતાના આધારે એવી સંભાવના કરી છે કે અજિતશાંતિ સ્તોત્રના રચિયતા મુનિ નંદિષેણ ભગવાન મહાવીરની પરંપરાના સાધુ હતા અને તેમના શિષ્ય હતા.

## સ્તોત્ર સાથે સંકળાયેલ પ્રચલિત ચમત્કાર

મંત્ર, વ્યાકરણ અને વિદ્યાઓના પરિપૂર્ણ રહસ્ય જાણનાર, અધ્યાત્મરસનું ઉત્કૃષ્ટ પાન કરનાર, કાવ્યકલામાં અત્યંત કુશળ એવા વીતરાગી મુનિ નંદિષેણ જ્યારે શ્રી શત્રુંજય ગિરિરાજ તીર્થ પર્વત ઉપર પધાર્યા. ત્યાં તેઓએ શિખરબંધી ભવ્યજિનાલયોમાં વિદ્યમાન જિન પ્રતિમાઓના દર્શન કરી કૃતકૃત્ય થયા. તેઓ એક એવા રમણીય સ્થળ ઉપર આવી પહોંચ્યા જ્યાં બીજા તીર્થંકર શ્રી અજિતનાથ ભગવાનની ડેરી અને સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાનની ડેરી સામસામે હતી. મુનિ ભગવંત જ્યારે ભગવાન અજિતનાથની સ્તવના કરે ત્યારે તેમની પૂંઠ શાંતિનાથ ભગવાનને પડે અને જ્યારે શાંતિનાથ ભગવાનની સ્તવના કરે ત્યારે તેમની પૂંઠ અજિતનાથ ભગવાનને પડે. મુનિ નંદિષેણ વ્યથિત થઈ ગયા અને તેઓએ પૂર્ણ ભાવના સાથે ભક્તિસભર મંત્રોથી અભિમંત્રિત છંદો વડે અલંકાર યુક્ત સુમધુર રાગથી બંને ભગવંતોની સ્તુતિ કરી આરાધના આરંભી અને આ સ્તોત્ર જ્યારે પૂર્ણતાને પહોંચ્યું ત્યારે એક ચમત્કાર થયો. બંન્ને ડેરીઓ જે એકબીજાની સામસામે હતી તે બાજુબાજુમાં આવી ગઈ અને આ રીતે પ્રભાવકારી શ્રી અજિતશાંતિ સ્તોત્રની રચના થઈ.

મુનિ નંદિષેણે બંન્ને તીર્થંકર શ્રી અજિતનાથ ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાનની સાથે સ્તુતિ કરી છે. અજિતનાથ ભગવાને સર્વ ભયોને જીતી અને સર્વ અતિશયનો નાશ કર્યા છે. ત્યારે જગતના સર્વ રોગો અને પાપોનો નાશ કરનારા એવા શાંતિનાથ ભગવાન જેઓ જગતના ગુરુ છે અને સર્વત્ર પરમ શાંતિના ગુણને પ્રગટાવે છે. એવા બન્ને તીર્થંકર ભગવાનના ગુણોને વંદન કરી સ્તુતિનો આરંભ કર્યો છે. તીર્થંકર ભગવાન અશુભભાવોથી રહિત, તપ વડે સ્વભાવનિર્મળ કર્યા છે એટલે કે સર્વ કર્મોથી મુક્ત થયા છે. તેઓ પ્રભાવી છે. પ્રથમ પંક્તિમાં ભયોને જીતવું તે અજિત અને પાપરહિત થવું તે શાંતિ. આમ, સમાધિ અને પરમશાંતિને પામવાનો રાજમાર્ગ છે.ભય સંજ્ઞાથી દરેક જીવ પીડાતો હોય છે, જ્યારે દરેક જીવ સુખ અને શાંતિને ઝંખે છે. જ્યાં



સુધી ભય છે ત્યાં સુધી અશાંતિ પણ છે. માટે આપણે જો ભયને જિતનારા એવા અજિતનાથ અને પરમશાંતિને આપનાર બન્ને જિનેશ્વરોને સાથે સ્તવીએ તો જીવ નક્કી ભયમુક્ત થઈ પરમશાંતિને પામે. આગળ મુનિભગવંત અજિતનાથ અને શાંતિનાથ ભગવાન સર્વકર્મો અને કષાયોથી મુક્ત છે. તેમની સ્તુતિ કરી સાધક નિર્મળ બને અને પરિભ્રમણથી મુક્ત થઈ પરમ શાંતિ પામી શકે છે માટે તેમનું આપણે શરણું સ્વીકારવું જોઈએ.

જૈનયોગમાં ધ્યાનમાં મુખ્યત્વે ત્રણ કે ચાર પ્રકાર બતાવ્યા છે. પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત અથવા તો પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત. આ સ્તુતિમાં પરમાત્માના ગુણોનું ધ્યાન કરી તેમની સાથે એકીકરણ, ચારિત્રની એકતા સાધવા મારે ધ્યાનની ત્રણે અવસ્થાઓ સ્તુતિમાં ગુંથેલી છે. ભગવાનની સાંસારિક તેમજ છદ્મસ્થ અવસ્થા પિંડસ્થ ધ્યાનમાં દર્શાવી છે. કેવળજ્ઞાન પામ્યા પછીની અવસ્થા એટલે પદસ્થ ધ્યાન અને છેલ્લી દશા માટે રૂપાતીત ધ્યાન. આ રીતે સ્તોત્રમાં પરમાત્માના ગુણોનું વર્ણન છે. આ ત્રણે પ્રકારના ધ્યાનનો સમાવેશ અને છેલ્લી ગાથાઓમાં ફળશ્રુતિ રચયિતાનો ધ્યેય આવી જતો હોય છે. આમ, આ રીતે પૂર્ણ સ્તોત્ર વૈજ્ઞાનિક ઢબે પ્રયોજિત લક્ષપ્રાપ્તિના અર્થ સહિત સર્જિત થયું છે.

ગાથા ૯ થી ૧૧ માં ભગવાનની રાજરાજેશ્વર અવસ્થાનું વર્ણન છે. ભગવાન અજિતનાથ તીર્થંકર નામ ગોત્રના ચિહ્નો સાથે શ્રી શ્રાવસ્તિનગરીમાં (હાલ અયોધ્યા) જન્મ થયો હતો. તેમનું સંઘયણ શ્રેષ્ઠ હાથીના ગંડસ્થલ જેવું પ્રશંસનીય વિસ્તારવાળી તેમની આકૃતિ છે. સ્થિર અને સપાટ છે. તેમની ચાલ મદઝરતા, લીલા કરતા એવા ઉત્તમ ગંધહસ્તિઓના જેવી છે. તેમના હાથ હાથીની સૂંઢ જેવા લાંબા છે. (ઉત્તર પુરુષના લક્ષણો). તેઓ અનેક શુભ લક્ષણોવાળા અને દૈદિપ્યમાન સુવર્ણ વર્ણવાળા હતા. તેમની વાણી દેવોની દુંદુભિના અવાજ કરતાં પણ વધારે મધુર છે. એવા શ્રી અજિતનાથ ભગવાન રાજ રાજેશ્વર રૂપ સાથે જન્મ્યા હતા. લાંછન હાથીને ધ્યાનમાં

રાખી ગંધહસ્તિ સાથે સરખામણી કરી છે. આવા અજિતનાથ ભગવાન જેમણે સર્વે શત્રુઓના સમૂહને જીત્યા છે અને પોતાનો પરિભ્રમણનો જેમણે અંત કર્યો છે. જે સ્તુતિને યોગ્ય છે. એવા ભગવંતની સ્તુતિ કરું છું.

શાંતિનાથ ભગવાન ચક્રવર્તી હતા અને અહીં ચક્રવર્તીના વૈભવનું વર્ણન કર્યું છે. તેઓ હસ્તિનાપુર જે કુરુક્ષેત્રની રાજધાની છે ત્યાનાં રાજા હતા. છ ખંડના ધણી-રાજા જેના બોત્તેર હજાર મુખ્યનગર, બત્રીસ હજાર રાજાઓ તેમની સેવામાં, ચૌદ મહારથી, નવ-નિધિ અને ચોસઠ હજાર સ્ત્રીઓના સ્વામી એવાશ્રી શાંતિનાથ પ્રભુ આવો રૂડો, ભવ્ય વૈભવ ત્યાગી અણગાર બન્યા. સર્વભયોથી મુક્ત થઈ સંતિકર-શાંતિ દેનારા બન્યા.

આ રીતે બન્ને ભગવાનો પોતાનો વૈભવ ત્યાગી, સંસારને તુચ્છગણી સર્વોત્તમ વૈરાગ્યનો વૈભવ પ્રાપ્ત કર્યો.

આગળની ગાથાઓમાં તેમના મહામુનિપણાનું વર્ણન છે. તેઓ એમના જ્ઞાન વડે સંસારમાંથી મુક્તિ પામે છે. અજ્ઞાન, કષાયથી મુક્તિ પામી પ્રકાશમય થયા છે. તેવી જ રીતે આપણને પ્રકાશમય થવાનો, ભયમુક્ત થવાનો માર્ગ બતાવે છે. તેઓ દશ પ્રકારના મુનિધર્મથી યુક્ત છે. પ્રથમ ચાર પ્રકારના ધર્મ, ક્ષમા, માર્દવ, આર્જવ અને સંતોષ વડે ચાર કષાયો ક્રોધ, માન, માયા અને લોભ જેવા કષાયોને જીતી નિજ આત્મભાવમાં સદાય માટે સ્થિર થયા છે. ભગવાનના ગુણોનું વર્ણન વિવિધ ઉપમા દ્વારા કર્યુ છે. સૂર્ય જેવા તેજસ્વી ભગવાનના ગુણો જગતમાં પ્રકાશ ફેલાવે છે અને ચંદ્ર જેવી સૌમ્યતા-ક્ષમા આદિ ગુણો-શાંતિ ફેલાવે છે. તેઓ ઈન્દ્ર જેવું પૂર્ણરૂપ, મેરુ પર્વત જેવી સ્થિરતા, ધૈર્ય ધરાવે છે. દરેક ઉપસર્ગોના ઉદય વખતે ગાંભીર્યતાથી કર્મની નિર્જરા કરે છે.

કેવળજ્ઞાન પામ્યા પછીની અવસ્થા એટલે પદસ્થ ધ્યાન. જિનેશ્વરનું ભાવ ધ્યાન પરિભ્રમણનો અંત કરનારું અને ઉપદ્રવોને હરનારું છે. પ્રભાવકારી જૈન સ્તોત્રોમાં ઉચ્ચદશા પ્રાપ્ત કરવા અર્થે પદસ્થ ધ્યાન વિશિષ્ટ રીતે સમાવિષ્ટ હોય છે.



ગાથા ૧૯ થી ૩૧ માં પ્રભુના સમવસરણનો પ્રભાવ અને મહિમા વર્ણવ્યો છે. પ્રભુના સમવસરણમાં અનેક દેવો, ઈન્દ્રો, નરેન્દ્રો અને મહર્ષિઓ આવે છે. સર્વે વિનયપૂર્વક ભગવાનની સ્તુતિ કરે છે. આકાશમાં વિચરી રહેલા ચારણમુનિઓ, અસુરકુમારો, ગરુડકુમારો, નાગકુમારો, કિન્નરો આદિ સર્વે જિનેશ્વરને વિધિવત્ નમસ્કાર કરે છે. ત્યારબાદ અપ્સરાઓ, શૃંગારથી સજ્જ દેવીઓ પ્રભુને વંદન કરે છે. દેવીદેવતાઓ ભાવપૂર્વક સંગીત સાથે પ્રભુની સ્તુતિ કરે છે અને રૂપાતીત ધ્યાનાવસ્થામાં તલ્લીન થાય છે.

છેલ્લી ગાથાઓમાં રૂપાતીત ધ્યાનાવસ્થાને વર્ધમાન કરે તેવી પ્રભુની આત્મિક અવસ્થાનું વર્ણન છે. જિનેશ્વર પોતાના નિજ આત્મ સ્વભાવમાં સ્થિરતા પામે છે. આત્મભાવમાં સ્થિરતા અને રત્નત્રયીની ઐક્યતાની સમૃદ્ધિથી સમૃદ્ધ છે. તેમની કરુણા વડે સર્વે જીવો શાતા પામે છે.

ફળશ્રુતિ રૂપે આવી રૂડી ભક્તિ કરનાર, સ્તોત્રનું ભાવસભર સ્તવન, સ્તુતિ કરનાર રૂપાતીત ધ્યાનમાં સ્થિરતા પામે છે અને આત્માના વૈભવનો અનુભવ કરે છે. આત્માના ગુણોની પૂર્ણતાની પ્રાપ્તિ આનંદ સ્વરૂપે થાય છે. સ્તોત્રના રચયિતા મુનિનંદિષેણ રત્નત્રયીની ઐક્યતા અને પરમ શાંતિ સાથે વીતરાગતાની પૂર્ણતાના ભાવ ભાવે છે. છેલ્લી ત્રણ ગાથા પારંપારિક ત્રણ ફળશ્રુતિ દર્શાવનારી છે, જેમાં ઉપસર્ગોને હરવા આ સ્તવન પખ્ખી, ચૌમાસિક અને સંવત્સરી પ્રતિક્રમણને વિષે અવશ્ય બોલવું જોઈએ. બન્ને કાળ ભજના કરવાથી સર્વ રોગો નાશ થાય છે અને નવા રોગો ઉત્પન્ન થતા નથી. છેલ્લે જિનેશ્વર દેવો કે જેઓ ત્રણે લોકનો ઉદ્ધાર કરવાવાળા છે તેના વચનોનો આદર કરવાથી ત્રણે ભવનોમાં કીર્તિ અને પરમશાંતિ, પરમપદ (મોક્ષ) ની પ્રાપ્તિ અવશ્ય થાય છે.

યુગલ સ્તવનોનો પ્રથમ પ્રયાસ મુનિનંદિષેણે કર્યો. તેમના પછીના આચાર્યો શ્રી વીરગણિએ અપભ્રંશ ભાષામાં લઘુઅજિત શાંતિની રચના કરી છે. ધર્મઘોષગણિએ

૧૭ ગાથાવાળા પ્રાકૃત મંત્રીગર્ભિત શ્રી અજિત શાંતિની રચના કરી છે. ઉપાધ્યાય મેરૂનંદન ગણિ અને શ્રી જય શેખરસૂરીએ પણ અજિતશાંતિ સ્તવનની રચના કરી છે. આના ઉપરથી આપણને સ્તોત્રની પ્રભાવકારી શક્તિ, તેની મહત્તા અને લોકપ્રિયતાનો અંદાજ આવે છે. અજિતશાંતિ સ્તોત્રની જેમ બીજા બધા પ્રભાવકારી સ્તોત્રો જૈનધર્મના ભક્તિસાહિત્યના ગહન રહસ્યો છતા કરે છે. દરેક સ્તોત્રોની રચના પૂર્ણરૂપે વૈજ્ઞાનિક પદ્ધતિથી પૂર્વયોજિત લક્ષ સાથે મંત્ર, છંદ, લય અને અલંકારોથી ગર્ભિત ઈષ્ટફળની પ્રાપ્તિના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવે છે, જેમાં સાધકની ભાવ અને ધ્યાન આરાધના મનોવાંછિત ફળદાતા બને છે.

**(શ્રીમદ્ રાજચંદ્ર આત્મતત્ત્વ રીસર્ચ સેન્ટર સાથે સંકળાયેલા ચંદ્રકાન્ત લાઠીયા વ્યવસાયે ચાર્ટર્ડ એન્જિનીયર છે. તેમણે M.A. (Philosophy) મુંબઇ યુનિવર્સિટીમાં કર્યુ છે અને તેઓ જૈનદર્શનના અભ્યાસુ અને જિજ્ઞાસુ છે.)**


સંદર્ભગ્રંથ :-

(૧) સંસ્કૃત કાવ્ય કે વિકાસ મેં જૈન કવિયોંકા યોગદાન - ડૉ. નેમિચંદ શાસ્ત્રી - ભારતીય જ્ઞાનપીઠ

(૨) ભક્તામર સ્તોત્ર (ગાથા-૭)

(૩) કલ્યાણમંદિર સ્તોત્ર

(૪) ઉત્તરાધ્યયનસૂત્ર

(૫) સ્તુતિવિધા

(૬) પ્રબુદ્ધજીવન - ૨૦૧૫ - ડૉ. અભય દોશી (૫ા-૧૦)




## ૨૬ અને ત્યારે સામાન્ય લાગતા શબ્દો શ્રેષ્ઠ મંત્ર બની જાય છે !

- હેમાંગ અજમેરા

આચાર્યશ્રી રત્નાકરસૂરી મહારાજ સાહેબ એ રત્નાકર પચીસીમાં મનને 'મરકટ' ની ઉપમા આપી છે. મન વાનર જેવું છે, તેને સ્થિર કરવું અત્યંત કઠિન છે.

જ્ઞાની પુરુષોએ સમજાવ્યું છે કે મન અત્યંત ચંચળ છે અને આપણે પણ તે અનુભવ્યું છે. મનને ભટકવાથી રોકવાનો કોઈ શ્રેષ્ઠ ઉપાય જો પૂછવામાં આવે તો જવાબ મળે.... મંત્રસાધના ! મંત્ર એ જ હોય જે મનનું નિયંત્રણ કરી શકે. જ્યારે મંત્રનું વારંવાર રટણ થાય ત્યારે તે મંત્ર મનના વિકલ્પને દૂર કરી મનને એકાગ્ર થવામાં સહાયરૂપ બને છે. મંત્રમાં તાકાત હોય છે ભાવોને **Positive** કરવાની ! મંત્રમાં સામર્થ્ય છે કે મનની પરિણતિઓને અશુભમાંથી શુભ અને શુભમાંથી શુદ્ધ તરફ ગતિ કરાવી શકે ! અને જ્યારે મંત્રમાં ભાવ અને શ્રદ્ધા ભળી જાય છે ત્યારે તેની **effect** અનેક ગણી થઈ જાય છે અને એક વિશિષ્ટ ક્ષમતા પ્રગટ થાય છે.

જૈન દર્શનના સુવર્ણ ઈતિહાસમાં એવી અનેક ઘટનાઓ જોવા મળે છે, જેમાં ગુરુભગવંતોના શ્રી મુખેથી સરેલું એક વાક્ય, એક નાનકડો બોધ, તે શિષ્ય માટે 'ગુરુમંત્ર' બની જાય છે. અન્યો માટે સામાન્ય લાગતા એ અલ્પ શબ્દો, એક શિષ્યના

જીવનની કાયાપલટ કરી દે છે. ગુરુમંત્ર તેના આત્માનું ઉદ્ધારક, તારક અને તેની દિશા અને દશા બદલાવનારા બની જાય છે ! ગુરુ અલ્પ શબ્દોમાં કે સંકેતમાં પાત્રવાન શિષ્યને અનેક બોધ અર્પણ કરી દે છે. ગુરુ એ જ હોય જે શિષ્યને ભવોભવના સંસ્કારના કારણે બનેલી પ્રકૃતિના જાણકાર હોય અને તેની પ્રકૃતિનું શુદ્ધિકરણ કરવાનું સામર્થ્ય માત્ર ગુરુમાં જ હોય છે ! અકારણ કરુણાનો ધોધ વહાવતા ગુરુ, શિષ્યના હિત, શ્રેય અને કલ્યાણ અર્થે તેની પ્રકૃતિ અનુસાર તેનું ભાવિ ભાખીને એવા અનમોલ બોધવચન પ્રદાન કરે છે જે શિષ્યના જીવનમાં 'ગુરુમંત્ર' બની શ્વાસની જેમ વણાય જાય છે. હરક્ષણ, હરપળ શિષ્ય ગુરુમંત્રના ચિંતનમાં જ હોય છે. પાત્રવાન અને સદ્‌ભાગી શિષ્ય હોય તેને જ ગુરુ પાસેથી ગુરુમંત્ર પ્રાપ્ત થાય છે અને તે મહાપ્રભાવક ગુરુમંત્ર શિષ્યના કલ્યાણનું કારણ બની રહે છે.

આ પંક્તિઓ દ્વારા ગુરુમંત્રનો મહિમા અભિવ્યક્ત થાય છે...

જેમ મંત્રમાં તાકાત છે વિઘ્નોને હરવાની...
એમ ગુરુમંત્રમાં સામર્થ્ય છે વિઘ્નો સામે સમતાપૂર્વક લડવાની !
જેમ મંત્રમાં ક્ષમતા છે મન ઉપર અંકુશ કરવાની...
એમ ગુરુમંત્રમાં પાત્રતા છે મનનું મૃત્યુ કરવાની !
જેમ મંત્રમાં શક્તિ છે મનના વિકલ્પોનું નિયંત્રણ કરવાની...
એમ ગુરુમંત્રમાં યુક્તિ છે આત્માના છંદનું નિરોહણ કરવાની !
જેમ મંત્રરટણ ભાવોની શુદ્ધિ કરાવે....
એમ ગુરુમંત્રનું સ્મરણ આત્માની વિશુદ્ધિ કરાવે !
જેમ મંત્રજાપ સર્વકાર્યમાં સિદ્ધિ અપાવે...
એમ ગુરુમંત્ર કાર્યોનો અંત કરાવી સિદ્ધગતિ અપાવે !

જૈન સાહિત્યમાં એવી અનેક કથાઓ જેમાં ગુરુની આજ્ઞા, ગુરુના વચનો શિષ્ય માટે મંત્ર બનીને તારણહાર બની જાય છે. બીજું ઉપાંગસૂત્ર - શ્રી રાયપસેણીય સૂત્રમાં એક અદ્‌ભુત ઘટનાનું વર્ણન આવે છે.



કેકયાર્ધ દેશની શ્વેતાંબિકા નગરીમાં પરદેશી નામના રાજા હતા. તેઓ અધાર્મિક, ચંડ, રૌદ્ર, સાહસિક અને ઘાતક હતા. તેઓ શરીરથી ભિન્ન આત્માના અસ્તિત્વને સ્વીકારતા ન હતા. મરણ પછી પુનર્જન્મ અને પુણ્ય-પાપ જનક પ્રવૃત્તિ દ્વારા સુખ-દુઃખનું નિર્માણ થાય છે વગેરે કર્મસિદ્ધાંતોમાં તે શ્રદ્ધા ધરાવતા ન હતા. તેમના સારથિનું નામ ચિત્ત હતું, જે તેમના મિત્ર પણ હતા. તે એક દિવસ યુક્તિથી પરદેશી રાજાને કેશી શ્રમણ પાસે લઈ જાય છે. પરદેશી રાજા અને કેશી સ્વામીની વિગતવાર ચર્ચા થાય છે. અંતે કેશીશ્રમણના યુક્તિસંગત દૃષ્ટાંતોથી પરદેશી રાજા જીવાદિ તત્ત્વ પ્રત્યે શ્રદ્ધાવાન બન્યા. તેમના સદુપદેશથી શ્રાવકના બાર વ્રતો અંગીકાર કર્યા અને પોતાના અવિનય માટે ક્ષમાયાચના કરી. કલાકોના વાર્તાલાપના અંતે કેશીસ્વામીએ પરદેશી રાજાને અમૂલ્ય બોધવચન ફરમાવ્યા :

॥ पुव्वी रमणिज्जे भावित्ता पच्छा अरमणिज्जे
भविज्जासि जहा वणसंडे इ वा ॥

જેનો અર્થ થાય છે કે,

"હે પરદેશી ! પહેલા રમણીય બની, પછી અરમણીય ન થઈ જતો."

અત્યંત વિનયભાવ પૂર્વક કેશી સ્વામીના તે શબ્દોને ગ્રહણ કરી, તે ગુરુમંત્ર પરદેશી રાજા માટે જીવનમંત્ર બની ગયો ! તે વાક્ય તેમના માટે અવિસ્મરણીય બની ગયું. તેમનું એક જ લક્ષ હતું કે, "મારે રમણીય રહેવાનું છે. મારાથી સર્વને પ્રસન્નતા અને શાંતિ મળવી જોઈએ. અત્યાર સુધીનું મારું જીવન ક્રૂરતા અને હિંસક ભાવોમાં વીત્યું છે. હવે હું સત્યની સમજ પ્રાપ્ત કરી શાંત અને રમણીય બન્યો છું અને મારે મારા ભાવોને વર્ધમાન જ રાખવા છે."

કેશીસ્વામીનો બોધ પામીને પરદેશી રાજાની વૃત્તિઓનું પરિવર્તન થઈ ગયું અને તેમનું મન સતત ધર્મઆરાધનામાં રમણ કરવા લાગ્યું. ગુરુ કેશીનો મંત્ર તેમને હૃદયસ્થ થઈ ગયો. પછી ગૃહસ્થધર્મના કર્તવ્યનું પાલન કરતા હોય, કે પછી રાજસભામાં રાજાની ફરજ બજાવતા હોય તેઓ પળેપળ શાંત અને રમણીય જ રહેતા.

હર ક્ષણ તેઓ સાવધાન રહેતા કે ગુરુઆજ્ઞા વિરુદ્ધ તેમના ભાવોની પરિણતિ તો નથી ને અને તરત જ ચેતી જતા. તેઓ પૌષધ આદિની સાધનામાં લયલીન બની ગયા, જેથી તેમની વિષયવાસના કે એશઆરામની વૃત્તિઓ સર્વથા સમાપ્ત થઈ ગઈ. પરદેશી રાજા તરફથી ભોગપૂર્તિ ન થતાં રાણી અકળાવા લાગી અને આવેશમાં આવી રાણીએ રાજાને ભોજનમાં વિષ આપી દીધું. શરીરમાં વેદના થતાં જ રાજાને સર્વ હકીકતની જાણ થઈ, તે છતાં પણ વારંવાર ગુરુની આજ્ઞા સ્વરૂપ ગુરુમંત્રના ઊંડા ચિંતનમનનમાં રાજા પરદેશી સરી ગયા અને સમતાની સાધનામાં પુષ્ટ બની ગયેલા રાજાને રાણી પ્રત્યે લેશમાત્ર દ્વેષભાવ જન્મ્યો નહીં. રાજાની ભાવધારા એ જ હતી કે મારે રમણીય રહેવાનું છે, મારે શાંત રહેવાનું છે. જીવનનો અંત સમય સમીપ આવેલો જાણી રાજાએ અનશન વ્રત ગ્રહણ કરી લીધું અને પોતાની પરિસ્થિતિ માટે કોઈને દોષી ન માનતા સર્વ જીવો સાથે ભાવપૂર્વક ક્ષમાયાચના કરી, મૈત્રીભાવ સાથે, આત્મભાવમાં સ્થિત બની, સમાધિપૂર્વક દેહનો ત્યાગ કર્યો. પરદેશી રાજા સૂર્યાભદેવ રૂપે ઉત્પન્ન થયા અને ભવિષ્યમાં દેવાયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્ર મનુષ્ય રૂપે જન્મ લઈ, સંયમ અંગીકાર કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે.

''તું શાંત બન્યો છે, તું શાંત જ રહેજે અને ફરી અશાંત ન થતો'' - ગુરુ કેશી શ્રમણ દ્વારા આ એક સામાન્ય લાગતું વાક્ય, પરદેશી રાજાની પ્રકૃતિ અને પ્રવૃત્તિને બદલાવનાર ગુરુમંત્ર બની ગયો અને એમના આત્માનો તારક અને ઉદ્ધારક બની ગયો !

**ગુરુમંત્ર માત્ર વર્તમાન જ નહિ પરંતુ ભાવિને પણ દિવ્ય બનાવે છે !**

જૈન સાહિત્યમાં એવી અનેક કથાઓ છે જેમાં ગુરુની આજ્ઞા, ગુરુના વચનો શિષ્ય માટે મંત્ર બનીને તારણહાર બની જાય છે.

એક ગુરુના અનેક વિદ્વાન શિષ્યોમાં એક શિષ્યને જ્ઞાન ગ્રહણ ન થતું હતું. તે બરાબર ભણી ન શકે. તેમનાથી એક શબ્દ પણ કંઠસ્થ થઈ ન શકે. શિષ્યએ ગુરુને પ્રાર્થનાક રતા કહ્યું કે, ''હે ગુરુદેવ ! મારાથી કંઠસ્થ થતું નથી તો મારા માટે શું યોગ્ય



છે?'' ગુરુએ કહ્યું, ''તમે રાગદ્વેષનો નિગ્રહ કરો અને તેના માટે તમે મા રુસ મા તુસ નું રટણ કરો.'' મુનિ સરળ હતા. ગુરુની આજ્ઞા સહજ રીતે સ્વીકારી લીધી હતી. "મા રુસ મા તુસ" નું રટણ સતત ચાલુ રહેતું પણ સમય જતા મંદ સ્મરણ શક્તિના કારણે "મા રુસ મા તુસ" ની બદલે માસતુસ માસતુસ નું રટણ થવા લાગ્યું. સહપાઠીકોઓ મશ્કરીમાં તેમનું નામ માસતુસ રાખી દીધું. તે કોઈ પર રાગદ્વેષ કરતા નહિ. તેમના માટે ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલા શબ્દો મંત્ર બની ગયા હતા. એમને પૂર્ણ શ્રદ્ધા હતી કે તે ગુરુમંત્રનું રટણ જ તેમને તારશે. બાર વર્ષ સુધી નિરંતર "માસતુસ માસતુસ" નું રટણ અને ચિંતન ચાલતું જ રહ્યું. તેમને એવો વિકલ્પ ન આવ્યો કે મારા સાથે અને મારા પછી દીક્ષા ગ્રહણ કરનારા સંતસતીજીએ કેટલા બધા સૂત્ર અને ગાથા કંઠસ્થ કરી લીધા છે, પણ હું કેવળ એક જ મંત્રનું રટણ કરું છું. ધીરતાપૂર્વક એક જ પદ ગોખતા ગોખતા અને કોઈ પ્રત્યે રાગદ્વેષ ન કરવા તેવો ભાવ ભાવતાં ભાવતાં મુનિ ક્ષપકશ્રેણીએ ચડ્યા અને અજ્ઞાનના બધા આવરણો તૂટી ગયા, ત્યાં જ તેમનો કેવળજ્ઞાનનો સૂર્ય ઝળહળી ઉઠ્યો. માસતુસ મુનિએ ગુરુમંત્રને આત્મસાત્ કરી કલ્યાણની કેડી કંડારી લીધી.

જ્યારે સામાન્ય લાગતા શબ્દો સદ્‌ગુરુના શ્રીમુખેથી શિષ્યને પ્રદાન થાય છે ત્યારે તે શબ્દો સામાન્ય નથી રહેતા. તે શિષ્ય માટે શબ્દો નહિ પણ મંત્ર બની જાય છે, મંત્ર જ નહીં મહા મંત્ર બની જાય છે. તેનાથી પણ આગળ વધીને તે જીવનમંત્ર બની જાય છે અને ગુરુમંત્ર બની જાય છે ! સમર્પિત શિષ્ય માટે ગુરુમંત્રથી શ્રેષ્ઠ અન્ય કોઈ વિકલ્પ જ ન હોય. જ્યારે શ્રેષ્ઠ સમર્પણ હોય ત્યારે જ સુયોગ્ય ગુરુ પાસેથી તેમને ગુરુમંત્ર મળે છે. ગુરુમંત્રમાં શિષ્યનું ગુરુ સાથેનું જોડાણ હોય છે. ગુરુમંત્રમાં શિષ્યના સર્વ અવગુણોને દૂર કરવાની ક્ષમતા હોય છે. અનેક શ્રેષ્ઠ આત્માઓ ગુરુમંત્ર પ્રાપ્ત કરીને તરી ગયા !

ગુરુ એ હોય જે શિષ્યનું ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણી શકે છે. શિષ્યની રુચિ અને પ્રકૃતિ અને અન્ય એવા લક્ષણોને ધ્યાનમાં રાખીને શિષ્યની વિનયપૂર્વકની અરજી સ્વીકારીને ગુરુ શિષ્યને ગુરુમંત્ર પ્રદાન કરે છે.

ગુરુમંત્ર એક શસ્ત્રનું કામ કરે છે, જે સ્વયંના અવગુણોની સામે લડવા અને શૂરવીરતા પ્રગટ કરવામાં સમર્થ હોય છે. મારે પણ કંઈક પામવું છે, મારે પણ આત્મિક પ્રગતિ કરવી છે એવી ઝંખના કરાવે છે. ગુરુમંત્ર ગુરુ સાથે અનુસંધાન કરાવે છે, શિષ્યને શ્રેષ્ઠ બનાવે છે અને અંતે શિષ્યને જ ગુરુ બનાવી દે છે !

ગુરુ બન્યા વગર અનંત આત્માઓ મોક્ષે ગયા છે પણ ગુરુ બનાવ્યા વિના એક પણ આત્મા મોક્ષે નથી ગયો ! વ્યક્તિની અંદર જ્ઞાન, ધ્યાન, સાધના માટે ગમે તેટલી ક્ષમતા હોય, પણ જ્યાં સુધી ગુરુની કૃપા ન થાય ત્યાં સુધી તેની સંપૂર્ણ ક્ષમતા પ્રગટ થતી નથી.

ગુરુમંત્ર એક કૃપાબિંદુ છે, જેના દ્વારા ગુણોનો સિંધુ સર્જાય છે !

જગતના સર્વ જીવોને ગુરુનું સાન્નિધ્ય પ્રાપ્ત થાય, સદ્ગુરુ પ્રત્યે શ્રદ્ધા અને સમર્પણ પ્રગટ થાય અને તેઓ પણ ગુરુમંત્ર પામીને, તેને અનુસરીને શીઘ્રાતિશીઘ્ર મોક્ષગતિને પ્રાપ્ત થાય તેવી શુભ ભાવના !

જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

**(ચેન્નઇ સ્થિત જૈન ધર્મના અભ્યાસુ હેમાંગભાઇએ IIT Bombay થી Aerospace Engineering માં M.Tech. કરેલ છે. મુંબઈ યુનિવર્સિટીનો ડિપ્લોમાં ઇન જૈનોલોજી કોર્સ કરેલ છે. રાષ્ટ્રસંત પરમ ગુરુદેવશ્રી નમ્રમુનિ મ.સ. પ્રેરિત સંબોધિ સત્સંગ અને youngsters માટે spiritual sessions 'આત્મન્ ગ્રુપ' સાથે સંકળાયેલા છે.)**


સંદર્ભગ્રંથ :-

(૧) રાષ્ટ્રસંત પરમ ગુરુદેવશ્રી નમ્રમુનિ મ.સા. ના પ્રવચન

(૨) પરમ પ્રવિત્રાજી મહાસતીજીના પ્રવચન

(૩) શ્રી રાયપસેણીય સૂત્ર (ગુરુપ્રાણ આગમ બત્રીસી)

(૪) આરાધ્યમ્ ગ્રંથ (તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવશ્રી રતિલાલજી મ.સા. જન્મશતાબ્દી સ્મૃતિગ્રંથ)

(૫) જ્ઞાનસાધના અને સરસ્વતી વંદના (સંપાદન - ગુણવંત બરવાળિયા)




# ૨૭ ઉવસગ્ગહરં સ્તોત્રના રચયિતા આચાર્ય ભદ્રબાહુનું જીવન અને કવન

- ગુણવંત બરવાળિયા

શ્રી ભદ્રબાહુ સ્વામી પ્રાચીન ગોત્રના હતા. તેમનું જન્મસ્થાન દક્ષિણમાં આવેલ પ્રતિષ્ઠાન પુર હતું. તેઓ જ્ઞાતિઓ બ્રાહ્મણ હતા. ભદ્રબાહુને વરાહમિહિર નામનો એક ભાઈ હતો. બંને ભાઈઓ સંસ્કૃતના પ્રખર વિદ્વાન હતા અને વેદોના નિષ્ણાત હતા. સાથે સાથે જ્યોતિષવિદ્યાના પારગામી પણ હતા. બંને બંધુઓ વિદ્યાદેવીના ઉપાસક અને પ્રીતિપાત્ર હતા. પરંતુ લક્ષ્મીદેવી એમનાથી રિસાયેલાં હતાં. ઘણીવાર તો તેઓ તાંબડી ફેરવીને ઉદરનિર્વાહ કરી લેતાં.

એકવાર તેઓને જૈન ધર્મના પ્રતિભાસંપન્ન મહાજ્ઞાની શ્રી યશોભદ્રજીનો પરિચય થયો. તેમના ઉપદેશથી પ્રભાવિત થઈ બંને બંધુઓએ વીર સં. ૧૩૯માં દીક્ષા - ધર્મનો સ્વીકાર કર્યો અને ગુરુની પાસે ૧૭ વર્ષ રહી આગમોનું ગંભીર અધ્યયન કર્યું.

બંને મુનિબંધુઓએ અલ્પ સમયમાં જ શાસ્ત્રાભ્યાસ અને ધાર્મિક ક્રિયાઓમાં બહુજ કુશળતા પ્રાપ્ત કરી. પરંતુ ભદ્રબાહુ સ્વામીએ ગુરુના ચરણે બેસી ચૌદપૂર્વનું

સંપૂર્ણ જ્ઞાન મેળવી ચૌદપૂર્વધર બન્યા. ગુરુએ યોગ્યતા જોઈ વીર સં. ૧૫૬માં શ્રમણનાયકનું ઉત્તરદાયિત્વ તેમને સોંપ્યું. ભદ્રબાહુ સ્વામીને આચાર્યપદથી અંલકૃત કર્યા અને જિનશાસન આચાર્ય ભદ્રબાહુ જેવા સામર્થ્યવાન શ્રુતસંપન્ન અને અનુભવસંપન્ન વ્યક્તિત્વને પામીને કૃતાર્થ બન્યું. આચાર્ય ભદ્રબાહુના સમયમાં પાટલીપુત્રમાં મોટી શ્રમણસંઘ પરિષદ મળી હતી અને તેમાં પ્રથમ જિનાગમની વાચના થયેલી.

દુષ્કાળને કારણે જૈન શ્રમણો ભારતના પૂર્વ ઈશાન તરફ ચાલ્યા ગયા, તેથી પઠન - પાઠન બંધ થઈ ગયા. જે હતા તેમનું જ્ઞાન પણ શીર્ણ - વિશીર્ણ થઈ ગયું. દુકાળ મટ્યા બાદ સાધુઓ વિચરતા વિચરતા પાટલીપુત્ર પધાર્યા અને જેને જેને જે કાંઈ યાદ હતું તે સર્વ એકઠું કરી અગિયાર અંગ સ્થાપિત કર્યાં. વીર સંવત ૧૬૦માં લગભગ શ્રી સ્થૂલિભદ્રની અધ્યક્ષતામાં આ કાર્ય થયું. પણ બારમા અંગની સ્થાપના માટે ભદ્રબાહુ સ્વામી સિવાય અન્ય કોઈ ન હતું. પરંતુ આચાર્ય ભદ્રબાહુ તે સમયે નેપાળની પહાડીઓમાં મહાપ્રમાણધ્યાનની સાધના કરી રહ્યા હતા. બારમા અંગની સ્થાપના માટે શ્રી સંઘે બે મુનિઓને નેપાળ મોકલ્યા. તેઓએ આચાર્ય ભદ્રબાહુને શ્રમણ સંઘની ભાવના જણાવી. પરંતુ પોતે મહાપ્રાણધ્યાન આરંભ્યું હોવાથી અને તે બાર વર્ષે પૂરું થતું હોવાથી પાટલીપુત્ર જવાની ના પાડી. તેથી સંઘના નિયમ પ્રમાણે તેઓ શિક્ષાને પાત્ર ઠર્યા. ત્યારે તેમણે બુદ્ધિવાળા મુનિઓને વાચના ઓછી મળે છે એમ માની સ્થૂલભદ્ર સિવાયના બીજા ૪૯૯ શિષ્યો ત્યાંથી ચાલ્યા ગયા. સ્થૂલિભદ્રે આઠ વર્ષમાં આઠપૂર્વનું જ્ઞાન મેળવ્યું. મહાપ્રાણજ્ઞાન પૂર્ણ થતાં સ્થૂલિભદ્રને વધારે વાચના મળવા લાગી. સ્થૂલિભદ્રનો અધ્યયનક્રમ ચાલતો હતો, તે દરમિયાન તેમને મળવા આવેલ યક્ષા વગેરે સાધ્વીને પોતાની શક્તિ બતાવવા સિંહનું રૂપ બનાવી તેઓ બેસી ગયા. ત્યારે ભદ્રબાહુએ તેમને કહ્યું : ''વત્સ, જ્ઞાનનો અહંકાર વિકાસમાં બાધક છે. તમે શક્તિનું પ્રદર્શન કરી અપાત્ર ઠર્યા છો. આગળની વાચના માટે હવે તમે યોગ્ય નથી.''



સ્થૂલિભદ્રને પોતાની ભૂલ સમજાઈ અને ક્ષમા માગી ભદ્રબાહુએ કહ્યું : ''વાચના સ્થગિત કરવાથી સ્થૂલિભદ્રને પોતાના પ્રમાદનો દંડ મળશે એ ભવિષ્યમાં સાધુઓ માટે ઉચિત માર્ગદર્શન થશે.''

સ્થૂલિભદ્રના આગ્રહથી ભદ્રબાહુ સ્વામીએ ચારપૂર્વનું જ્ઞાન અપવાદ સાથે મૂલસૂત્રથી આપ્યું. આ રીતે સ્થૂલિભદ્રને શ્રી આચાર્ય ભદ્રબાહુ સ્વામી દ્વારા દસપૂર્વોનું જ્ઞાન અર્થ સાથે અને બાકીના ચારપૂર્વોનું જ્ઞાન મૂળથી પ્રાપ્ત થતું. આમ, બીજા કોઈને ચૌદપૂર્વોનું જ્ઞાન જ નહિ, એટલે આચાર્ય ભદ્રબાહુ સ્વામી અર્થસહિત ચૌદપૂર્વના જાણનારા છેલ્લા શ્રુતકેવળી મનાય છે.

કલ્પસૂત્રની 'સ્થવિરાવલિ'માં શ્રી ભદ્રબાહુ સ્વામીના ચાર મુખ્ય શિષ્યોનો ઉલ્લેખ છે - (૧) સ્થવિર ગોદાસ, (૨) સ્થવિર અગ્નિદત્ત, (૩) સ્થવિર ભદ્રદત્ત, (૪) સ્થવિર સોમદત્ત.

આ ચારેય મુનિઓ પોતાની સાધુચર્યામાં દૃઢ હતા. એકવાર તેઓ ગોચરી માટે રાજગૃહી ગયા. પાછા ફરતા દિવસનો ત્રીજો પ્રહાર થઈ ગયો. દિવસના ત્રીજા પ્રહર પછી ભિક્ષાટન અને ગમનાગમનની સાધુચર્યાના નિયમો મુજબ મનાઈ હોય છે, તેથી એક મુનિ ગુફાના દ્વાર પર, બીજા ઉદ્યાનમાં, ત્રીજા ઉદ્યાનની બહાર અને ચોથા બાહ્ય ભૂભાગમાં રોકાઈ ગયા. આમ, ભદ્રબાહુ સ્વામીના આ ચારેય શિષ્યોએ મરણાન્ત કષ્ટ સહન કરી સાધુઆચારનો અનન્ય આદર્શ પૂરો પાડ્યો. આ ચારેય શિષ્યોના સ્વર્ગવાસ પછી તેમની શિષ્ય પરંપરા આગળ વધી નહિ.

આચાર્ય ભદ્રબાહુ સ્વામી ૪૫ વર્ષ સુધી ગૃહસ્થજીવનમાં રહ્યા. તેમનો ૧૭ વર્ષ સુધી સામાન્ય અવસ્થાનો સાધુપર્યાય હતો અને ૧૪ વર્ષ સુધી યુગપ્રધાનપદ વહન કર્યાનો સમય હતો. શ્રુતકેવળી આચાર્ય ભદ્રબાહુ સ્વામી વીર નિર્વાણ સં. ૧૭૦માં સ્વર્ગવાસ પામ્યા અને ચૌદપૂર્વની અર્થવાચનાની દૃષ્ટિએ તેમની સાથે શ્રુતકેવળીનો વિચ્છેદ થયો.

## આચાર્ય ભદ્રબાહુનું સર્જન :-

મહાજ્ઞાની ચૌદપૂર્વધર અને સ્તોત્રકાર આચાર્યશ્રી ભદ્રબાહુ સ્વામીએ મહાપ્રભાવક ઉવસગ્ગહરં સ્તોત્રની રચના કરી છે.

તે ઉપરાંત ભદ્રબાહુ સ્વામીએ આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, સૂત્રકથાંગ, દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ, વ્યવહારસૂત્ર, સૂર્યપ્રજ્ઞપ્તિ અને ઋષિભાષિત આ દસ ગ્રંથો પર નિર્યુક્તિઓની રચના કરી છે.

દશા, કલ્પ, વ્યવહાર અને નિશીથ - આ ચાર છેદસૂત્રો, ભદ્રબાહુસંહિતા અને મહામંગલકારી કલ્પસૂત્રની રચના કરી છે. આમ, કુલ સોળ રચનાઓ તેમના નામે નોંધાઈ છે.

## ઉવસગ્ગહરં સ્તોત્ર :-

જૈન ધર્મમાં નવકાર મહામંત્ર પછી સૌથી વધુ શ્રદ્ધાથી ગવાતું કોઈ મંત્ર - સ્તોત્ર હોય તો તે શ્રી ઉવસગ્ગહરં મંત્ર છે. તેમાં ભગવાન પાર્શ્વનાથનો પ્રભાવ, તેમનો મહિમા, તેમના ગુણગાન ગૂંથી લેવામાં આવ્યાં છે. ભગવાન મહાવીર સ્વામી પછી લગભગ ૧૫૦ વર્ષ બાદ આ સ્તોત્રની રચના થઈ છે. તેની રચના કોઈ સામાન્ય વ્યક્તિએ નહિ પરંતુ ચૌદપૂર્વના જ્ઞાનના જ્ઞાતા, પ્રકાંડ વિદ્વાન એવા શ્રી ભદ્રબાહુ સ્વામીએ કરી છે. ભગવાન મહાવીર સ્વામીની શિષ્ય પરંપરાની પાટે છઠ્ઠા ક્રમે તેઓ બિરાજમાન થયા હતા.

આ સ્તોત્રની રચના વિશે નીચેની કથા પ્રચલિત છે.

ભદ્રબાહુ સ્વામીને વરાહમિહિર નામનો ભાઈ હતો. તેને પણ જૈન ધર્મની દીક્ષા લીધી હતી. પરંતુ આચાર્યપદ ન મળવાને કારણે ગુસ્સામાં તેણે સાધુવેશ છોડી દીધો અને રાજાનો માન્ય પુરોહિત બન્યો. વરાહમિહિરે જ્યોતિષવિદ્યાનો સારો અભ્યાસ કર્યો હતો. તેણે એકવાર રાજાના પુત્રની કુંડળી બનાવી તેમાં લખ્યું હતું કે - 'તેમનો પુત્ર સો વર્ષનો થશે.' આ સાંભળી અત્યંત હર્ષ પામેલા રાજાએ તેનું બહુમાન કર્યું. આ



પ્રસંગનો લાભ લઈ વરાહમિહિરે રાજાના કાન ભંભેર્યા, 'આપને ત્યાં પુત્રજન્મથી આનંદ પામી બધા આપને મળવા આવી ગયા, પણ એક જૈનાચાર્ય ભદ્રબાહુ સ્વામી નથી આવ્યા. રાજાએ આ બાબતે તપાસ કરી, ત્યારે ભદ્રબાહુએ જવાબ આપ્યો : ''નકામું બે વખત શું કામ આવવું ? આ પુત્ર તો સાતમે દિવસે બિલાડીથી મરણ પામવાનો છે. ''

આ વાત સાંભળી રાજાએ પુત્રરક્ષા માટે ચોકી - પહેરા મૂક્યા. ગામની બધી બિલાડીઓને દૂર મોકલી દીધી. પરંતુ એવું બન્યું કે સાતમા દિવસે ધાવમાતા બારણામાં બેઠી બેઠી પુત્રને ધવરાવતી હતી, તેવામાં અકસ્માત લાકડાનો આગળિયો બાળક પર પડ્યો અને તે મરણ પામ્યો. વરાહમિહિર ખૂબ શરમાયો. ભદ્રબાહુ સ્વામી તે વખતે રાજાને મળવા ગયા અને સંસારનું સ્વરૂપ સમજાવી તેમને ધીરજ આપી. રાજાએ તેમના જ્યોતિષજ્ઞાનની પ્રશંસા કરી. ભદ્રબાહુ સ્વામીએ લાકડાના આગળિયાના છેડા પર બિલાડીનું મોઢું કોતરેલું હતું તે પણ બતાવ્યું.

આ પ્રસંગથી વરાહમિહિરનો દ્વેષ વધ્યો. તે મરીને વ્યંતરદેવ થયો અને જૈન સંઘમાં મહામારી(પ્લેગ) નો રોગ ફેલાવ્યો. તે સમયે આચાર્ય ભદ્રબાહુ સ્વામીએ ઉવસગ્ગહરં સ્તોત્રની રચના કરી અને સંઘને મુખપાઠ કરવા કહ્યું. 'તેનું મંત્રેલું પાણી છાંટવાથી રોગની શાંતિ થશે' એમ જણાવ્યું. અને એ પ્રમાણે કરવાથી ઉપદ્રવ શાંત થયો. ત્યારથી આ સ્તોત્ર પ્રચલિત થયું.

**કલ્પસૂત્ર :-** દશા શ્રુતસ્કંધના આઠમા અધ્યયનમાં વિસ્તાર કરી કલ્પસૂત્રની રચના કરી છે.

## નિર્યુક્તિઓ :-

(૧) આવશ્યક નિર્યુક્તિ (૨) દશવૈહાલિક નિર્યુક્તિ (૩) ઉત્તરાધ્યયન નિર્યુક્તિ (૪) આચારાંગ નિર્યુક્તિ (૫)સૂત્રકૃતાંગ નિર્યુક્તિ (૬) દશાશ્રુતસ્કંધ નિર્યુક્તિ (૭) બૃહદ્કલ્પ નિર્યુક્તિ (૮) વ્યવહાર નિર્યુક્તિ (૯)વસુદેવ ચરિત્ર (૧૦) ભદ્રબાહુ સંહિતા

દિગંબર અને શ્વેતામ્બર પરંપરાઓમાં ભદ્રબાહુ સ્વામીના જીવનકાળ વિષયક મતભેદો રહ્યાં છે. શ્વેતામ્બર પરંપરા ગચ્છાચાર પઈન્ના ગાથા ૮૨ ની ટીકામાં આચાર્ય શ્રી ભદ્રબાહુ ના ગૃહસ્થજીવનથી સ્વર્ગારોહણ સુધી વિસ્તારથી આપવામાં આવેલ છે. પાર્શ્વનાથ બસ્તીના શિલાલેખમાં વીરનિર્વાણ સં. ૧૧૨૭ માં ૧૬ આચાર્યોના નામ છે, જેમાં આચાર્ય ભદ્રબાહુને નિમિતરા બતાવ્યાનો ઉલ્લેખ છે. બધા જ વિદ્વાનોએ એકમતે સ્વીકાર કર્યો છે કે - છેદસૂત્રોના કર્તા અસંદિગ્ધ રૂપે ચતુર્દશપૂર્વધર આચાર્ય ભદ્રબાહુ જ હતા.

સંદર્ભગ્રંથ :-

(૧) જૈન પરંપરાનો ઈતિહાસ, લેખક - ત્રિપુટીમુનિવર

(૨) ઉવસગ્ગહરં સ્તોત્ર : એક અધ્યયન ગ્રંથમાં ડૉ. કલા શાહનો લેખ,
સંપાદક : ગુણવંત બરવાળિયા



## ૨૮

## શ્રી ચિંતામણિ વિજયપતાકા મહાયંત્રરાજ

- સંગીતાબેન શાહ

જૈન પરંપરામાં ૮૪ યન્ત્રોના વિવિધ વિધાનો શાસ્ત્રોમાં જોવા મળે છે. અનેક ભકિતસ્તોત્રના આધારે પણ બનાવેલા યંત્રોની પૂજાઅર્ચના થતી જોવા મળે છે. યંત્ર પરંપરામાં શ્રી વિજયપતાકા યંત્રનું વિશિષ્ટ સ્થાન છે.

કેટલાક તીર્થસ્થાનોમાં તેની વિધિવત્ સ્થાપના કરેલી હોય છે. આમાંનું એક સ્થાન શ્રી ચંદ્રમણિ તીર્થ છે.ગુજરાતમાં વડોદરાથી ૩૫ કિલોમીટર દૂર આવેલા વાલવોડ મુકામે અતિ અદ્ભુત અને ચમત્કારી એવું શ્રી ચિંતામણિ વિજયપતાકા મહાયંત્રરાજ વિરાજમાન છે.

૬ x ૪' ફીટનું આ યંત્ર ભોજપત્ર પર જેતુનની કલમથી અષ્ટગંધની શાહી વડે આલેખાયેલું આ અતિ પ્રાચીન છે. તેની જાળવણી તેમજ આરાધના માટે તેને દીવાલમાં જડી દેવામાં આવ્યું છે. અતિ ચમત્કારિક એવા આ મહાયંત્રરાજનો પ્રભાવ વર્તમાતકાળમાં અનેક મહાનુભાવોને અનુભવવામાં આવ્યો છે.

આ કોઈ સાધારણ યંત્ર નહિ હોવાથી તેના મહાયંત્રરાજનો દરજ્જો પ્રાપ્ત છે. કુલ ૬૫૬૧ ખાનાવાળા મહાયન્ત્રરાજમાં તેનો આધાર બ્રાહ્મણ જાતિનો પંદરિયો યંત્ર છે. અંક ૧ થી શરૂ કરીને અંક ૯ સુધી નવ ચતુષ્કોણમાં સ્થાપવામાં આવે છે.

આ છ હજાર પાંચસોને એકસઠ કોષ્ટક ધરાવતા મહાયન્ત્રરાજમાં નવના એવા ૮૧ (એકયાસી)ખાના છે અને ૭૨૯ પેટા કોઠા છે.દરેક પેટા કોઠામાં કુલ ૯ આંકડા છે. આ ખાનાનો ગમે તે બાજુથી સરવાળો કરો તો તે ૧૫ જ આવે.

વિજય એટલે વિશેષ રીતે જય અને પતાકા એટલે ધજા. આ યંત્રના આરાધકને તેના દરેક કાર્યમાં જય મળે છે, જે કયારેક પરાજયમાં નથી બદલાતો. એ સતત લહેરાતો રહે છે ધજાની જેમ. આ યંત્રને અર્જુન યંત્ર પણ કહેવાય છે.

આ મહાયંત્રરાજ ૧૧મી સદીમાં શ્રી ત્રિવિક્રમાચાર્યે રચ્યું હતું. તેઓ કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યના સમકાલીન હોવાનું મનાય છે. જો કે આ મહાન આચાર્ય વિષે કોઇ ખાસ માહિતી ઉપલબ્ધ થતી નથી.

શ્રી ચંદ્રમણિ તીર્થના ટ્રસ્ટી શ્રી અતુલભાઈ શાહના જણાવ્યા મુજબ વાલવોડમાં બિરાજિત મહાયંત્રરાજ ૧૪મી સદીમાં આલેખાયેલું છે. તેની રચના શૈલી, તેમાં વપરાયેલા પદાર્થો વગેરે જોતાં મહાત્માઓ આ નિર્ણય પર આવ્યા છે. લગભગ ૬૦૦ વર્ષ પ્રાચીન મહાયંત્રરાજમાં જગતમાં જેટલા પ્રકારના પંદરીયા યંત્ર છે તે સર્વે સમાવિષ્ટ થયેલા છે. પંદરીયા યંત્રની દુનિયા અજબગજબની છે. અંક ૧ થી ૯ જુદી જુદી રીતે આલેખવાથી તેની જુદી જુદી અસરો થાય છે. જૈનોમાં નવપદજીના, ૯ ગ્રહોના વગેરે પણ પંદરીયા યંત્ર હોય છે; એટલું જ નહિ, પણ તે બનાવવા માટે વપરાતી સામગ્રી પણ જુદી જુદી અસરો દેખાડે છે.

જૈન પરંપરામા મૂળ બે પ્રકારના ૧) મંત્ર આલેખિત અને ૨) અંક આલેખિત યંત્રો જોવામાં આવે છે. આમ તો દરેક અંક આલેખિત યંત્રમાં પ્રત્યેક અંક સાથે એક મંત્ર ગર્ભિત રીતે સંલગ્ન હોય જ છે અને દરેક યંત્રનો એક મૂળ મંત્ર હોય છે.



આ વિજયયંત્રનો કોઠો જે અંક ૧થી શરૂ થાય તેની જમણી બાજુ એટલે કે ઈશાન ખૂણે ૐ, ડાબી બાજુ એટલે કે અગ્નિ ખૂણે શ્રીં, નીચે નૈઋત્ય ખૂણે ક્રૌં લખાયેલો હોય છે.આ ઉપરાંત તેની એકદમ ઉપર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ અને પછી આખો મૂળ મંત્ર લખાયેલો હોય છે.

શ્રી ચિંતામણિ વિજયપતાકા મહાયંત્રરાજ મૂળ મંત્ર છે :

ૐ ઐં હ્રીં શ્રીં કલીં પાર્શ્વદેવાય સર્વશક્તિ સહિતાય પાર્શ્વ યક્ષ પદ્માવતી સંસેવિતાય રિપુનિર્જયાય ૐ હ્રીં શ્રીં કલીં યશો લાભં જનસૌખ્યં કુરુ કુરુ સ્વાહા.

આમ છતાં ત્યા એક વધુ મંત્ર આપેલો છેઃ ૐ હ્રીં શ્રીંચન્દ્ર વિઘ્નહરા પાર્શ્વનાથાય નમઃ

આ મહાયન્ત્રરાજની સામે બેસીને મંત્રની અરાધના શુદ્ધ બુદ્ધિ રાખીને કરવામાં આવે તો તે ઈચ્છિત કાર્યોમાં સફળતા અપાવે છે. લક્ષ્મી પૂર્ણ અને સ્થિર રહે છે, વિઘ્નોનું નિવારણ થાય છે, દુશ્મનો અને ચોરો દૂર રાખે છે, વ્યાપાર વધે છે, સદ્ગુણોનો વિકાસ થાય છે, જીવન ધર્મમય બને છે અને પરમ તત્ત્વ તરફ એટલે કે મોક્ષ તરફ દોરી જાય છે.

આ યંત્રની રચના માટે વાર, તિથિ, નક્ષત્ર ઉપરાંત તેના આલેખન માટે સામગ્રીના નિયમો છે, જે ગુરુગમથી જાણી લેવા. તેના પૂજન, હવન વગેરેના પણ નિયમો છે. જોકે તેનું અંતિમ લક્ષ્ય તો બ્રહ્મચર્ય અને તપ સહિત યંત્રરાજની સામે બેસીને લઘુતમ ૧૨,૫૦૦ અને શ્રેષ્ઠતમ સવા લાખનો જાપ કરવાનો છે.

આરાધના શુક્લ પક્ષમાં રવિવારે અથવા ગુરુવારે રાત્રિના સમયે કરવાનું વિધાન છે. છેલ્લા કેટલાક વર્ષોથી ચોરીના બનાવો બનતા હોવાથી રાત્રિ આરાધનાનો નિષેધ કરવામાં આવેલો છે. જોકે દિવસે પણ આ આરાધના કરવાથી ફાયદા થતા જોવાયા છે.

હજુ ચાર મહિના પહેલાજ અન્ધેરીના એક ૭૨ વર્ષના બહેને અહીં આરાધના કર્યા પછી માસક્ષમણ કર્યુ. તેમની ઈચ્છા ઘણા વર્ષોથી હતી પરંતુ કરી શકતા ન હતા.

બોરીવલીના એક ભાઇ જેમણે ૧૩ વર્ષની ઉંમરે ઉપવાસ કર્યો હતો પરંતુ તે ભાઈએ જતા નક્કી કર્યુ હતું કે જિન્દગીમાં ફરી ઉપવાસ કરવો નહિ. તેમણે ૪૬ વર્ષની વયે આ આરાધના કરી એક મહિનાની અંદર વર્ષીતપ પ્રારંભ કર્યો તે હજુ અખંડ ૧૧ વર્ષથી ચાલી રહ્યા છે. આવા અનેક સારા પરિણામો અત્યારના સમયમાં જોવા મળી રહ્યો છે. અરે ! મધ્ય રાત્રિએ નાસ્તા કરવા ટેવાયાલા બહેનને અને ગુટકાના બંધાણી એક ભાઇને ચપટીમા એ ટેવ છૂટી ગઇ. અમદાવાદ, સુરત, ગુજરાતના અન્ય શહેરો તેમજ મુંબઇથી શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે.

જિનાલયમાં મૂળ નાયક પ્રભુ શ્રી ચંદ્રપ્રભસ્વામી હોવાથી લોકો ત્યાં બીજ ભરવા, ગુરુવાર ભરવા, બેસતો મહિનો ભરવા તેમજ પર્વના દિવસોમાં આરાધના કરવા પધારે છે. આ મહાયંત્રરાજની આરાધના ૬૪ વર્ષ પહેલાં કાળ કરી ગયેલા શ્રી સિદ્ધિસૂરીશ્વરજી (બાપજી મહારાજ) મહારાજ સાહેબે તેની આરાધના કરી હતી. આ તેમના એક ભક્ત પાસે (Private Collection) હતું. જે બાપજી સમુદાયના તેમના શિષ્ય વિભૂતપ્રભસૂરી મહારાજ સાહેબને તેમણે આપ્યું. વિભૂતપ્રભસૂરી મહારાજ સાહેબે તે વિદ્વાન એવા શ્રી અતુલભાઈને સોંપ્યું અને ૫ વર્ષ પોતાની પાસે રાખ્યા પછી તેમણે હંમેશા માટે લોક કલ્યાણ અર્થે વાલવોડ તીર્થમાં ભોંયરામાં પધરાવ્યું. આ મહાયંત્રરાજનું દર વર્ષે આસો સુદ એકમના દિવસે વિધિવત્ પૂજન કરવામાં આવે છે.

રાજસ્થાનના શ્રી મહાવીરજી તીર્થમાં પણ ૧૮ મી સદીમાં તામ્રપત્ર પર બનાવાયેલ હાલમાં ઉપલબ્ધ છે. નાગૌરના ગ્રંથભંડારમાં પણ હાલમાં એક વિસ્તૃત વિજયપતાકા યંત્ર રહેલું છે. આર્યિકા શ્રી સુપસારવતિ માતાજી (આર્યિકા ઈંદુમતી સંઘ) અનુસાર તેની લેખનની પદ્ધતિ અને પરિણામોનું વિગતવાર વર્ણન પણ છે.

સિહોરી પાસે એક દાયકા પહેલા વિશ્વના પ્રથમ વિજયપતાકા તીર્થની સ્થાપના કરવામાં આવી છે. ત્યાં દેરાસરની દિવાલો પર ૪૧૦૦૦ મંત્રો અંકિત કરવામાં



આવ્યા છે અને સમગ્ર ૬૫૬૧ ચોકઠાવાળું વિજયપતાકા મહાયંત્રરાજનું આલેખન કરવામાં આવેલું છે.

**(સંગીતાબહેને B.Com. M.A. પોસ્ટ ગ્રેજ્યુએટ જર્નાલીઝમ ડિપ્લોમા અભ્યાસ કર્યો છે. હાલ Ph.D. નો અભ્યાસ કરે છે. અંગ્રેજી અનુવાદના કાર્યમાં રસ ધરાવે છે.)**

**સંદર્ભગ્રંથ :-**

(૧) તામ્રપત્ર યંત્ર, શ્રી ગીરીશભાઈ અને સુ. શ્રી સુમીબેનના આરાધના સંપુટ

(૨) વિધિવિધાન, પૂજન વિધાન આરાધના સંપુટ, શ્રી જેઠાભાઈ ભારમલ

(૩) મુનિશ્રી ગુણભદ્રવિજયજી, વેરના વમળમાં

(૪) શ્રી ધીરજલાલ શાહનું મંત્રવિજ્ઞાન

# ૨૯ મંત્રજાપનો મહિમા, વિધિ અને ફલશ્રુતિ તથા જૈનાચાર્યો દ્વારા કરાયેલી સરસ્વતીમંત્ર સાધના

- જિતેન્દ્ર મ. કામદાર

સમાજમાં વસતા નાનામોટા દરેક નાગરિકો પોતાની રોજિંદી પ્રવૃત્તિઓ, ફરજો, જવાબદારીઓ નિભાવતા નિભાવતા જીવન વ્યતીત કરતા હોય છે. સાથે સાથે કુળ, કુટુંબ, પરિવારના સંસ્કાર તથા વ્યક્તિગત શ્રદ્ધાને અનુરૂપ મંદિરોમાં દેવદર્શન, સેવાપૂજા, ગુરુવંદન, વ્યાખ્યાન શ્રવણ, સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, મંત્રજપ, તપ, ધ્યાન, સ્તુતિ-સ્તવનગાન વગેરે કરતા રહેતા હોય છે અને એટલાથી સંતોષ માને છે કે આપણાથી થાય તેટલી ધર્મકરણી કરતા રહીએ છીએ.

પરંતુ કેટલાક ભાગ્યશાળી આત્માઓ પોતાને મળેલા માનવજીવનને સફળ બનાવવા, આધ્યાત્મિક માર્ગે આગળ વધવા, આત્માની અનુભૂતિને પામવા માટે વિશેષ પ્રકારની સાધનાને પ્રાધાન્ય આપે છે. પોતાની આંતરિક ઇચ્છા એવી હોય છે કે મારે મારા આત્માનું કલ્યાણ કરવું છે, દેહભાવથી પર થવું છે, રાગ-દ્વેષ મંદ કરવાં છે, દયા, દાન, કરુણા, વાત્સલ્ય જેવા ગુણોનો વિકાસ અને કામ, ક્રોધ, લોભ, મોહ જેવા દોષોથી મુક્ત થવા પુરુષાર્થ કરવો છે. તો તે માટે કોઈ યોગ્ય સદ્‌ગુરુના માર્ગદર્શન હેઠળ નક્કર સાધના કે મંત્ર અનુષ્ઠાન કરવા જોઈએ.



સમર્થ વિદ્વાનો અને અનુભવી ગુરુજનોના મતે સાધકને જ્યારે ઉપર મુજબ અધ્યાત્મમાર્ગે વિકાસ કરવો છે તો તે માટે તેનામાં શક્તિ તો જોઈશે. તપ, ત્યાગ, મંત્રજાપના માર્ગે જવું છે ત્યારે કેટલાક વિઘ્નો, કષ્ટો, શારીરિક તકલીફો, માનસિક નબળાઈઓ તો આવશે. ત્યારે મનની નિશ્ચલતા ટકી રહે અને આઘાતો સહન કરવાની શક્તિ તથા ક્ષમતા શરીર અને મનમાં હોવા જ જોઈએ, નહીંતર સાધના અધવચ્ચે જ અટકી પડશે. આ માર્ગે સફળતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક આગળ વધવું છે, શરીરના તંદુરસ્તીના ઉત્તમ સંયોગો અને પરિવારની અનુકૂળતા પ્રાપ્ત કરવી છે, તો આપણા કરતા વધુ શક્તિશાળી જે દિવ્ય તત્ત્વો, દેવ-દેવીઓ, સદ્‌ગુરુઓ છે એમની કૃપા અને પ્રસન્નતા પ્રાપ્ત કરવી જરૂરી છે અને એ દિવ્ય તત્ત્વોની ચેતના સાથેનું અનુસંધાન કરવા માટેનું પરિબળ એટલે મંત્ર છે.

મંત્રો બે પ્રકારના છે - (૧) નામમંત્ર અને (૨) બીજમંત્ર.

નામમંત્ર :- જે મંત્રમાં જે તે ઈષ્ટ દેવીદેવતાનું નામ જોડાયેલું હોય તે દા.ત. શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ, શ્રી આદિનાથાય નમઃ વગેરે.

બીજમંત્ર :- જે મંત્રમાં કોઈ નામ નહીં પણ ટૂંકા શબ્દો કે અક્ષરો હોય છે. જેમ કે 'ઐં નમઃ' દેવી સરસ્વતીનો બીજમંત્ર છે. 'હ્રીં' શક્તિબીજ, 'શ્રીં' સમૃદ્ધિમંત્ર વગેરે.

સાધક જ્યારે કોઈ ચોક્કસ ધ્યેયપ્રાપ્તિ અર્થે કોઈ મંત્રના જપનું અનુષ્ઠાન કરવા તત્પર થાય છે ત્યારે પ્રથમ તે મંત્ર વિધિસર ગ્રહણ કરવાની ચોક્કસ રીત હોય છે. ચોક્કસ લક્ષ્ય સાથે, પવિત્ર દિવસોમાં શાંત, એકાંત સ્થાને તેનું અનુષ્ઠાન કરવાનું હોય ત્યારે તે મંત્ર એમને એમ ગણવા બેસી જવાય નહીં. તેને વિધિસર ગુરુમુખેથી ગ્રહણ કરવો જોઈએ. જે ગુરુએ એ મંત્રનું અનુષ્ઠાન કરી કોઈ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય, અનેકવાર લાખોની સંખ્યામાં જપ કરીને એ મંત્રને આત્મસાત્ કર્યો હોય તેવા સમર્થ ગુરુ પાસે જઈ વિનંતી કરવી જોઈએ. ગુરુ પ્રસન્ન થઈને, વાસક્ષેપ નાખીને માથે હાથ મૂકી આશીર્વાદ આપે, સાથે બેસીને સ્પષ્ટ ઉચ્ચાર સહિત લયબદ્ધ રીતે મંત્ર જપાય તેવી સમજૂતી આપે ત્યાર પછી જ અનુષ્ઠાનનો પ્રારંભ કરવો જોઈએ. જે તત્ત્વનો જપ

કરીએ તો એમના જેવી દિવ્યતા, સરળતા મને પ્રાપ્ત થાય, તેમનામાં રહેલી પ્રચંડ શક્તિનો અંશ મારામાં પણ પ્રગટશે તેવી અતૂટ શ્રદ્ધા અને બહુમાન તે તત્ત્વ પ્રત્યે હોવાં જોઈએ. સિદ્ધહસ્ત ગુરુ પાસેથી મંત્રગ્રહણ કરવાથી તે મંત્રમાં ચૈતન્ય પ્રગટ થાય છે અને સાધક માટે એ મંત્ર શક્તિનો એક મહાન પુંજ બની જાય છે.

જપના પ્રારંભે સાધકે વિચારવું કે જ્યારે હું આ ક્રિયા કે અનુષ્ઠાન કરવા બેઠો જ છું તો જપનો મહિમા અને વિધિ બરાબર સમજીને ભાવપૂર્વક કરું, જેથી તેની પાછળ વાપરેલી શક્તિ અને સમયનો પૂરો લાભ મળી શકે.

જપ દરમ્યાન શક્ય હોય ત્યાં સુધી શરીરને કોઈ એક જ આસનમાં સ્થિર રાખવું. વારંવાર હલનચલન કરવાથી જપમાં વિક્ષેપ પડે છે. માત્ર નાક વડે દીર્ઘ અને ઊંડો શ્વાસ લઈ મંત્રોચ્ચાર કરવો. બોલીને જપ કરવાથી બહારના વાતાવરણમાં શુદ્ધિ થાય છે અને ઉપાંશુ - હોઠ વડે કે માનસ જપ મનમાં કરવાથી શરીરની અંદરના ચક્રો અને અંતઃસ્રાવી ગ્રંથિઓ પર અસર થાય છે.

જપ એટલે એકનો એક ધ્વનિ વારંવાર ઉચ્ચારવો એમ નહીં પણ એકના એક અર્થને સતત ઘુંટ્યા કરવો. तज्जयः तदर्थ भावनम् - હું જેના નામનો જપ કરી રહ્યો છું તે પરમાત્મા મારી ચોમેર, અંદર અને બહાર વિવિધરૂપે સૃષ્ટિમાં વિલસી રહ્યા છે. જીભ દ્વારા હું તેમનો જપ કરું છું. મન દ્વારા એના સ્વરૂપનું ચિંતન કરું છું અને નેત્રો દ્વારા ચારેય બાજુ તેમના દર્શન કરી રહ્યો છું. આ ચારેય બાજુની સૃષ્ટિ એ જ મારા ઈષ્ટ દેવનું સ્વરૂપ છે.

મંત્રજપના શબ્દોમાંથી જબરદસ્ત ચૈતન્ય ઉભરાય છે. ધ્વનિતરંગોમાંથી ઈષ્ટનું દિવ્ય સ્વરૂપ પ્રગટ થાય છે અને નિરંતર જપ દ્વારા તેની શક્તિ સાધકને પ્રાપ્ત થાય છે.

સાધક જ્યારે જપક્રિયા કે અનુષ્ઠાન પૂર્ણ કરે, પૂર્ણાહુતિની પ્રાર્થના કરે કે મારી આ સાધનાથી મારું આત્મકલ્યાણ અને મારામાં ગુણવિકાસ તો થશે જ. સાથેસાથે મારી આ સાધનાના પ્રભાવે જગતના સૌ જીવો સુખી થાય, સૌનું મંગળ થાય. એમના દુઃખદર્દો દૂર થાય એવી સર્વમંગળની પ્રાર્થના કરવી. સાધક જ્યારે માત્ર પોતાને જ



કેન્દ્રમાં રાખીને સાધના કરે તો તેનાથી બીજાને શું ફાયદો ? માટે આ સાધના માત્ર પોતાના હિતાર્થે જ નહીં પરંતુ સમષ્ટિના કલ્યાણ માટે ફળદાયી બની શકે તેવી કામના કરવાથી સમગ્ર સાધના માત્ર જપ સાધના નહીં પરંતુ 'જપયજ્ઞ' બની શકે છે.

જૈનધર્મમાં અનેક પ્રભાવશાળી મંત્રોના જપ અને અનુષ્ઠાનો પ્રાચીનકાળથી થતા આવ્યા છે. શ્રુતજ્ઞાન, જિનઆરાધના અને પરમાત્મશક્તિ માટે મંત્રોની રચના થયેલી છે. મંત્રસાધના, મંત્રજપ સાધકને કર્મનિર્જરા, આત્મશુદ્ધિ અને સ્વરૂપજ્ઞાનના માર્ગે લઈ જાય છે. જૈનાચાર્યો અને અનેક શ્રાવક - શ્રાવિકાઓએ મંત્રસાધનાના બળે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. પ્રાચીન જૈનાચાર્યો ઘણું કરીને જ્ઞાનના ઉપાસકો હતા. તેઓ જે સૂરિમંત્ર પટ્ટ સમક્ષ મંત્રજાપ કરે છે તેની પાંચ પીઠમાં પહેલી પીઠની અધિષ્ઠાયિકા શ્રુતજ્ઞાનની દેવી સરસ્વતી છે અને તેનો ટુંકાક્ષરી બીજમંત્ર 'ऐं' છે.

જ્ઞાનની અધિષ્ઠાયિકા તરીકે ભગવતી સરસ્વતીદેવીની ઉપાસના સૃષ્ટિના પ્રારંભકાળથી થતી આવી છે. જૈન આગમો પૈકી સૌથી પ્રાચીન ભગવતીસૂત્રના પ્રારંભમાં મંગળ તરીકે नमो बंभीए लिपिऐ નો ઉલ્લેખ કરીને બ્રાહ્મીદેવી સરસ્વતીને નમસ્કાર કરવામાં આવ્યો છે.

જૈન પરંપરામાં સારસ્વત ઉપાસક તરીકે પ્રથમ જૈનાચાર્ય શ્રી વૃદ્ધવાદિસૂરિજીનો ઉલ્લેખ થયો છે. જેમણે ભરૂચના શકુનિકાવિહાર ચૈત્યમાં અનશન લઈને ૨૧ દિવસ સુધી જપ કરીને દેવી સરસ્વતીનું વરદાન પ્રાપ્ત કર્યું હતું.

અન્ય જૈનાચાર્યો માહેના એક એવા વિક્રમની ૮ મી શતાબ્દીમાં બપભટ્ટિસૂરિ મ.સા. થઈ ગયા, જેઓ માત્ર ૬ વર્ષની બાલવયે દીક્ષિત થયા હતા. તર્કપ્રધાન ગ્રંથો અને ૭૨ કળાઓ વિષે શિક્ષણ મેળવ્યું. પોતાના ગુરુદેવ શ્રી સિદ્ધસેન દિવાકરજીએ તેમને સારસ્વત એકાક્ષરી મંત્ર 'ऐं' નો જપ કરવાની આજ્ઞા કરી. એ બાલમુનિ જપમાં લીન થયેલા ત્યારે એકદા સ્નાનક્રીડામાં મગ્ન થયેલી સરસ્વતી દેવી એ જ સ્વરૂપે પ્રગટ થયા હતા, પરંતુ નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતધારી બાલમુનિ માનું એ સ્વરૂપ જોતાં જ મોઢું ફેરવી ગયા. ત્યારબાદ દેવી સ્વસ્થ થઈ પ્રસન્નતાપૂર્વક પ્રગટ થઈ વરદાન આપ્યું

કે, 'તું સદાય અજેય બનીશ.' ત્યાર પછી મુનિશ્રીને રોજ ૧૦૦૦ શ્લોકો કંઠસ્થ કરવાની શક્તિ પ્રાપ્ત થઈ. શાસ્ત્રાર્થમાં વિજયી થયા અને ''વાદિકુંજકેસરિ'' ની પદવી પ્રાપ્ત કરી. તેમણે રચેલું अनुभूत सिद्ध सारस्वत स्तवन જે ૧૩ ગાથાનું છે તેમાં ૧૦ મી ગાથામાં તેઓ અનુભવવાણી દ્વારા લખે છે કે દેવી સરસ્વતીનો પૂર્ણ મંત્ર ''ૐ હ્રીં ક્લીં બ્લૂં શ્રીં હ્સ્ક્લ્ હ્રીં ઐં નમઃ'' એ મંત્રનો જપ જે સાધક બ્રહ્મચર્યના પાલન સહ ઉત્તમ તપ કરી સમાન હસ્તવિધિ વડે લાખ વાર જપે, અગ્નિકુંડમાં હોમ કરે અને પૂર્ણ ચાંદનીના બિંબમાંથી પ્રગટ થઈ મા સરસ્વતીને પૃથ્વી પર અવતરતી દેખે તે પ્રખર પંડિત બને.

આશરે ૯૦૦ વર્ષ પહેલા એવા જ એક મહામેધાવી આચાર્ય હેમચંદ્રાચાર્યજી પણ આ સરસ્વતીના ઉપાસક અને મંત્રાનુષ્ઠાન કરી ચુકેલા મહાન આચાર્ય હતા. પોતાની સાધનાના પ્રારંભ કાળે તેમની જ્ઞાનપિપાસા જાગૃત થઈ અને પાદવિહાર કરતા કરતા જઈ રહ્યા હતા. રસ્તામાં રાજસ્થાનના પીંડવાડા નજીક અભરી ગામ પાસેના જંગલ પ્રદેશમાં, તેમનું તપોબળ અને ધર્મનિષ્ઠાથી પ્રભાવિત થઈ તેજસ્વી રૂપ ધારણ કરી મા સરસ્વતી પ્રગટ થઈ તેમને દર્શન આપ્યા. આચાર્યશ્રી તેમના પગમાં પડી ગયા. મા એ કહ્યું કે વત્સ, વિદ્યાપ્રાપ્તિ કે જ્ઞાનઉપાસના માટે તારે વિહાર કરી છેક કાશી સુધી જવાની જરૂર નથી. અહીં બેસીને જ સાધના કર. હું તને અહીં જ વરદાન આપીશ.

ત્યારબાદ અભરી ગામના એ જ સ્થળે આચાર્યશ્રીએ તપસહિત ૨૧ દિવસનું મા સરસ્વતી મંત્રજપનું અનુષ્ઠાન કર્યું. મા ને પ્રસન્ન કરી વરદાન માંગ્યુ કે મા, કલિકાલની અંદર ભગવાનની વાણી સૌના સુધી પહોંચે એવા શાસ્ત્રોનું સર્જન કરવું છે એ માટે શક્તિ અને આશીર્વાદ આપો.

મંત્રજપના પ્રભાવે વરદાન પ્રાપ્ત કરી તેમણે જે કલમ ચલાવી છે, ભાષા - છંદ - અલંકાર - યોગ - ધ્યાન - સંગીત વગેરે વિષયો પર ગ્રંથોનું સર્જન કર્યું. પાટણમાં તેમણે ''સિદ્ધહેમ વ્યાકરણ'' ગ્રંથની રચના કરી, જેને તે વખતે પાટણના મહારાજા સિદ્ધરાજ જયસિંહે હાથીની અંબાડી પર ગ્રંથ મૂકી પાટણનગરમાં તેની શોભાયાત્રા



કાઢી ગ્રંથનું અને જ્ઞાનનું સન્માન કર્યું. ત્યારબાદ મહારાજા કુમારપાળના રાજ્યગુરુ સ્થાને રહી બીજા અનેક સર્જનકાર્યો કર્યા. જીવનના છેલ્લા દિવસો સુધી તેમનું જ્ઞાન ઉપાસનાનું કાર્ય ચાલતું રહ્યું. આશરે સાડા ત્રણ કરોડ શ્લોકોની રચના કરી. આટલી મહાન જ્ઞાનગ્રંથ સર્જનની તેમની શક્તિ મા સરસ્વતી - શ્રુતદેવીના મંત્રબળના પ્રભાવે તેમણે પ્રાપ્ત કરી હતી.

આજે પણ રાજસ્થાનમાં શિરોહી રોડ રેલ્વે સ્ટેશનથી ૭-૮ કિલોમીટરના અંતરે અભરી ગામમાં બાવન જિનાલય છે, જ્યાં મા સરસ્વતી અને પૂ. હેમચંદ્રાચાર્યની પ્રાચીન મૂર્તિ છે અને ત્યાંથી એક-બે કિલોમીટરના અંતરે જંગલમાં માર્કન્ડેશ્વર મહાદેવના મંદિરની બાજુમાં જ પ્રાચીન સરસ્વતી મંદિર છે. જેમાં આચાર્યશ્રીએ અનુષ્ઠાન કરી વરદાન મેળવ્યું હતું. આજે તો એ સ્થળ નાનકડું તીર્થધામ બની ગયું છે.

આશરે ૩૫૦ વર્ષ પહેલાં એવા જ પ્રખર વિદ્વાન આચાર્ય બેલડી યશોવિજયજી મહારાજ અને વિનયવિજયજી મહારાજ મા સરસ્વતીના કૃપાપાત્ર સાધક જૈનાચાર્યો હતા. તેઓને અન્ય ધર્મોના ગ્રંથોનું અધ્યયન કરી દરેક દર્શન સાથે જૈનધર્મનો તુલનાત્મક અભ્યાસ કરવો હતો અને વિદ્યાભ્યાસ માટે કાશી ગયા હતા. તે વખતે તેમની જ્ઞાનસાધનામાં સહાયરૂપ થવા ધનજી સૂરી નામના શ્રાવકે સ્વદ્રવ્યે આ બન્ને મુનિઓને કાશી જવા માટે પૂરી વ્યવસ્થા કરી આપી હતી.

કાશીનગરીમાં ગંગાનદીના કિનારે શાંત એકાંત સ્થાન પસંદ કરી, કુટિર બાંધી યશોવિજયજી મહારાજે ૨૧ દિવસનું મંત્રઅનુષ્ઠાન કરી મા શારદાને પ્રસન્ન કર્યા હતા અને જ્ઞાનપ્રાપ્તિનું વરદાન પ્રાપ્ત કરી, ત્યારબાદ અનેક પ્રકારના સાહિત્યનું સર્જન કર્યું હતું. તેમાં પ્રસિદ્ધ શાંતસુધારસ ગ્રંથ, પુણ્ય પ્રકાશના સ્તવનો વગેરે હતા અને ''લઘુકલિકાલસર્વજ્ઞ'' તરીકે ખ્યાતિ પામ્યા હતા. શ્રુતદેવીના મંત્રજપનું અનુષ્ઠાન કરી તેમણે વરદાન પ્રાપ્ત કર્યું હતું તે તેમણે એક શ્લોકમાં વર્ણવ્યું છે,

શારદ સાર દયા કરો, આપો વચન સુચંગ,<br>
તું ઋઠી મુજ ઉપરે, જાપ કરત ઉપગંગ.

વર્તમાનકાળમાં આજે પણ અનેક જૈનમુનિઓ પોતાની રોજિંદી સાધનામાં સરસ્વતી મંત્રની ઉપાસના કરે છે. આસો માસની શારદીય નવરાત્રિના દિવસો સુદ ૭-૮-૯ આ મંત્રસાધના માટેના ઉત્તમ દિવસો છે. જૈન મુનિશ્રીઓ એ ત્રિદિવસીય મંત્ર અનુષ્ઠાન સ્વયં કરે છે અને સાથે સમૂહમાં અનેક આરાધકોને કરાવે પણ છે.

એમાંના એક એવા જૈનમુનિ 'બંધુત્રિપુટી' તરીકે ખ્યાતિ પામેલા મુનિશ્રી જિનચંદ્રજી મહારાજ, વલસાડ નજીક દરિયાકિનારે તીથલ ગામે જૈન આરાધના કેન્દ્રમાં બિરાજે છે.

માત્ર આઠ વર્ષની બાલવયે, ગુજરાતી બીજા ધોરણનો શાળાકીય અભ્યાસ અધૂરો છોડી આચાર્યશ્રી પ્રેમસૂરિશ્વરજી મહારાજ પાસે દીક્ષિત થયા હતા. ત્યારબાદ તેમની દશેક વર્ષની ઉંમરે, એકવાર તેમના ગુરુજીએ તેમને પોતાની પાસે એકાંતમાં બોલાવી સમજણ આપી. ''જિનચંદ્ર, તીર્થંકર ભગવાનના શાસનના આપણા ઉપર અનેક ઉપકારો છે. એ ભગવાનનો ધર્મ વધુ ને વધુ લોકો સુધી પહોંચાડવાનો પુરુષાર્થ તારે કરવાનો છે. એ માટે તારે એક મંત્રનું અનુષ્ઠાન ત્રણ દિવસ સુધી આયંબિલના તપ સાથે એકાંતમાં બેસીને કરવાનું છે. મંત્રોચ્ચાર સિવાય એકપણ શબ્દ તારે બોલવાનો નથી.'' અંતે ગુરુદેવે તેમને શ્રુતદેવી મા સરસ્વતીનો બીજમંત્ર સંપૂર્ણ વિધિસર પ્રદાન કર્યો. ગુરુઆજ્ઞાનું અક્ષરશઃ પાલન કરી બાલમુનિએ પ્રથમ વાર મંત્રજપ અનુષ્ઠાન કર્યું હતું અને એ મંત્રસાધનાના ફળસ્વરૂપે તેમની જ્ઞાનક્ષિતિજોનો ઉઘાડ થયો. જાણે સ્વયં મા સરસ્વતી તેમની જીભ પર બેસી ગયા.

દેશવિદેશમાં તેમના હજારોની સંખ્યામાં પ્રવચનો થયા. પોતાની હૃદયસ્પર્શી વાણી દ્વારા હજારો ભક્તોના દિલ જીતી લીધા. આજે વિદેશોના અનેક દેશો અને શહેરોમાં જિનમંદિરો અને જૈનસંઘોની સ્થાપના તેમના દ્વારા થઈ છે. આજે ૭૩ વર્ષની જૈફ વયે, હજીયે તેમની રોજિંદી સાધનામાં મંત્રજપ અને ધ્યાનની સાધના અવિરત ચાલુ જ છે અને મંત્રબળના પ્રતાપે થયેલી જ્ઞાનસમૃદ્ધિ, તેમની વિમલ વાણી દ્વારા વિવિધ પ્રકારની પૂજા અને પ્રવચનો દ્વારા વહાવી રહ્યા છે.



ઉપસંહાર કરતા પૂર્વે, મા સરસ્વતીના બીજમંત્રની જપસાધનાના પ્રભાવે મારા જીવનબાગમાં જે સુગંધ પ્રસરી તે નમ્ર અને નિખાલસભાવે વર્ણવવાની લાલચ રોકી શકતો નથી.

વતનના ગામની પ્રાથમિક શાળાના બીજા - ત્રીજા વર્ગમાં ભણતો ત્યારે એક સુંદર ભાવવાહી પ્રાર્થના ગવાતી હતી,

''પેલા મોરલાની પાસ બેઠા શારદા જો ને,
આપે વિદ્યા કેરું દાન માતા શારદા જો ને.''

એ મોરલાની પાસે બેઠેલી મા શારદા મારી ૬-૭ વર્ષની શિશુવયે એવી રીતે મારા હૃદયમાં બેસી ગઈ જાણે કે મારી સહેલી બની ગઈ.

સને ૧૯૮૮ ના વર્ષ દરમિયાન નવરાત્રિમાં તીથલ મુકામે બિરાજતા પૂ. બંધુત્રિપુટી મુનિવરોની નિશ્રામાં પ્રથમવાર સરસ્વતીમંત્ર આરાધના શિબિરમાં જોડાવાની અમૂલ્ય તક મળી. પૂ. જિનચંદ્રજી મહારાજ દ્વારા સાધનાનું મહત્ત્વ, સ્તુતિ - સ્તવનો વગેરે જાણવા મળ્યું. ત્યારબાદ તેમણે વિધિસર સમૂહમાં સર્વે આરાધકોને સરસ્વતી બીજમંત્ર પ્રદાન કર્યો અને સહુની સાથે મળીને સમૂહજપ કરાવ્યો. મારા જીવનની એ યાદગાર શિબિર દ્વારા પ્રાપ્ત થયેલ એ અણમોલ મંત્રની જપ આરાધના અવિરત ચાલુ રહી શકી છે. એ મારા ઉપર માની કૃપા મને મુનિવરોની અમીનજરથી જ શક્ય બન્યું છે.

મનને તારનાર મંત્ર સૌ કોઈ માટે સુલભ છે. જપ સાધક કોઈ મહાજ્ઞાની સંત મહાત્મા હોય કે ઘરગૃહસ્થી ધરાવતો સામાન્ય કક્ષાનો આરાધક હોય, પોતપોતાની શ્રદ્ધા અને સમર્પણભાવે આરાધના કરે તો તે યથાશક્તિ લાભાન્વિત બને જ છે.

**(જૈનદર્શનના અભ્યાસુ જિતેન્દ્રભાઈ યોગશિબિરોનું સંચાલન કરે છે. તીથલના પૂ. બંધુત્રિપુટી આશ્રમ શાંતિનિકેતન સાધના કેન્દ્ર સાથે સંકળાયેલા છે.)**

## ૩૦ જૈન સ્તોત્ર સાહિત્યની પ્રભાવકતા

- કનુભાઈ શાહ

**ભૂમિકા :-** દરેક મનુષ્યને કર્માધીન ફળ મળતું હોય છે. કર્મ પ્રમાણે જેને સુખ મળે છે તે જીવ પોતાનું જીવન સારી રીતે વિતાવે છે અને દુઃખ પ્રાપ્ત થયું તે નિરાશ થઈને પોતાના જીવનને કષ્ટો સાથે પસાર કરે છે. જીવનની વિષમ પરિસ્થિતિમાં વેદનાના કારણે મનુષ્યને પોતાનું જીવન અકારું લાગે છે અને તેવા દુઃખી આત્માઓ વિવિધ પ્રકારના અસહ્ય દુઃખો અને શારીરિક અસાધ્ય વ્યાધિથી કંટાળી આત્મહત્યાને માર્ગે પણ ક્યારેક વળી જાય છે. આથી પોતાનું જીવન બરબાદ કરી મૂકે છે. સારાસાર કે હિતાહિતની વિચારણા કરવામાં તેમની મતિ કુંઠિત બની જાય છે. છતાં આવી પરિસ્થિતિમાં તેને પરમાત્માનો, જિનભક્તિનો સહારો મળી જાય તો તે પોતાના જીવનમાં પરિવર્તન લાવી શકે છે, પરંતુ જિનભક્તિ કરવી કેવી રીતે ? સ્તુતિ - સ્તવન - સ્તોત્ર દ્વારા પ્રભુની ભક્તિ કરવી એ માનવજીવનની અત્યંત ઉપયોગી આવશ્યકતા છે.

**જિનભક્તિ :-** શ્રી જિનેશ્વરદેવનું નામ મહામંગલકારી છે. તેમની સ્થાપના પણ મહામંગલકારી છે. જિનમૂર્તિ એ પુષ્ટ આલંબન છે. 'જિનમૂર્તિ જિન સારિખી' એમ



માનીને તેની વિવિધ રીતે ભક્તિ કરનારના ભાગ્ય ઉઘડ્યા છે. શાસ્ત્રકારોએ જિનભક્તિના ચાર પ્રકારો દર્શાવ્યા છે : (૧) વંદન (૨) પૂજન (૩) સત્કાર અને (૪) સન્માન.

(૧) વંદન :- બે હાથ, બે ઢીંચણ અને મસ્તક એ પાંચ અંગો ભેગાં કરીને જિનમૂર્તિને પંચાંગ પ્રણિપાત કરવો એ વંદન કહેવાય છે.

(૨) પૂજન :- શરીર - મનને સ્વચ્છ કરીને તથા શુદ્ધ વસ્ત્રો પહેરીને જિનમૂર્તિના નવ અંગોએ ચંદનાદિ દ્રવ્યો વડે તિલક કરવા, એ પૂજન કહેવાય છે.

(૩) સત્કાર :- જિનમૂર્તિ સન્મુખ અક્ષતનો સ્વસ્તિક કરવો, તેના પર ફળ, નૈવેદ્ય, રૂપાનાણું વગેરે મૂકવાં તે સત્કાર કહેવાય છે.

(૪) સન્માન :- અક્ષતની વિધિ પૂરી કર્યા બાદ ચૈત્યવંદનમાં સ્તવન / સ્તુતિ દ્વારા પ્રભુના અદ્‌ભુત ગુણોનું કીર્તન કરવું એ સન્માન કહેવાય છે. તો સ્તુતિ - સ્તવન - સ્તોત્રો એ શું છે ? ચૈત્યવંદનમાં જે સ્તોત્રો બોલવામાં આવે છે તે પણ શું છે તે હવે જાણીએ.

### સ્તુતિ - સ્તવન - સ્તોત્રો

આ સ્તુતિ - સ્તવન - સ્તોત્ર ઈષ્ટદેવ પ્રત્યેનું કૃતજ્ઞતાપૂર્વકનું વ્યક્તિનું નિવેદન છે. વિદ્વાનોએ એની પરિભાષા કરતાં જણાવ્યું છે કે, 'સ્તોત્ર એ સ્તોતવ્ય દેવતાના સ્તુતિ કરવા યોગ્ય ગુણોનું કીર્તન છે.' સ્તુતિ - સ્તવન કે સ્તોત્ર એ સમાનાર્થિક શબ્દો છે. સ્તોત્રમાં જે ઈષ્ટ દેવના ગુણોનું સ્મરણ કરવામાં આવે છે તે અસત્ ન હોવું જોઈએ. જે આરાધ્ય છે તેના ઉત્કર્ષ દર્શક ગુણોનું જ વર્ણન સ્તુતિ કે સ્તોત્ર કહેવાય છે. જો તેમાં ગુણ ન હોય અને માત્ર કથન હોય તો તે પ્રતારણ કહેવાય છે. એથી આવા ગુણો ઈશ્વરમાં જ હોઈ શકે છે. તેથી આરાધ્ય ઈષ્ટદેવ જ એક સ્તોતવ્ય છે. મંત્ર પદ્યમાં જે છંદોબદ્ધ ગુણકીર્તન થાય છે, તેને સ્તુતિ કે સ્તોત્ર કહેવાય છે.

नमस्कारस्तथाडडशी सिद्धान्तोक्तिः पराक्रमः ।
विभूतिः प्रार्थना चेति षड्विधं स्तोत्र लक्षणम् ॥

આ તંત્રશાસ્ત્રોક્ત પરિભાષામાં પણ નમસ્કાર, આશીર્વાદ, સિદ્ધાંત પ્રતિપાદન, પરાક્રમ વર્ણન, વિભૂતિ સ્મરણ અને પ્રાર્થના - આ છ વસ્તુઓ પૈકી એક એક કે સમગ્ર જેમાં હોય, તેને સ્તોત્ર કહ્યું છે.

શ્રી જિનેશ્વરદેવની ભક્તિ, આરાધના કે ઉપાસના અંગે જે સ્તુતિ - સ્તોત્રની રચના થાય તે ઉત્તમ પ્રકારની હોવી જોઈએ. સ્તવન કે સ્તોત્રમાં ઈષ્ટદેવને નમસ્કાર કરવામાં આવે છે, તેમના અદ્‌ભુત ગુણોનું વર્ણન - કીર્તન કરવામાં આવે છે અને છેવટે પ્રાર્થના કરવામાં આવે છે. જો અરિહંત દેવની ભક્તિ મન-વચન અને કાયાની શુદ્ધિપૂર્વક કરવામાં આવે તો તે મુક્તિ અપાવનારી છે. તે માટે શ્રી ભદ્રબાહુસ્વામીએ આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે :

"भत्तिइ जिणवराणं,
खिज्जंती पुव्वसंचिआ कम्मा ।"

"શ્રી જિનેશ્વરદેવની ભક્તિથી પૂર્વના અનેક ભવોના સંચિત કરેલાં કર્મો ક્ષય પામે છે."

આ ઉપરાંત પ્રભુની ભક્તિ કરવાથી અન્ય શું લાભ થાય છે એ આવશ્યક ટીકામાં કહ્યું છે કે :

भतिइ जिणवराणं परमाए खीण - पिज्ज - दासाणं ।
अनाएग्गबाहिलाभं, समाहिमरणं च पावेंति ॥

"રાગ અને દ્વેષનો ક્ષય કરનાર જિનેશ્વર દેવોની પરમ ભક્તિ કરવાથી મનુષ્યો આરોગ્ય, બોધિલાભ અને સમાધિમરણ પામે છે."

- ભક્તામર રહસ્ય, શાહ, ધીરજલાલ ટોકરશી, પૃ. ૧૩

સ્તુતિ - સ્તવન અને સ્તોત્ર એ બધાયે ગુણકીર્તનના જ પ્રકારો છે. તેમાં સ્તુતિ એક - બે કડીમાં હોય છે, સ્તવન પાંચ કે સાત કડીમાં હોય છે અને સ્તોત્ર આઠ-દસ કડીથી માંડીને સો કે તેથી અધિક કડીમાં પણ હોય છે. આમ છતાં સ્તવન અને સ્તોત્ર



ઘણી વાર એકબીજાના પર્યાય તરીકે પણ વપરાય છે. દા.ત. 'ઉવસગ્ગહરં' પાંચ કડીઓનું બનેલું શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન છે છતાં સ્તોત્ર તરીકે પ્રસિદ્ધ છે.

પ્રભુની મૂર્તિના દર્શન-વંદન-પૂજન આદિ કરીએ પણ તેમાં હૃદયનો ભાવોલ્લાસ ન ભળે તો જિનભક્તિનો મૂળ ઉદ્દેશ પાર પડતો નથી. જિનભક્તિનો ખરેખર ઉદ્દેશ તો શ્રી જિનેશ્વરદેવ પ્રત્યે અપાર શ્રદ્ધાથી તેમના વિવિધ ગુણો આપણા હૃદયમાં ઉતારવાના છે. પ્રભુના વિવિધ ગુણો તેમના સ્તવન સ્તોત્રના આલંબન દ્વારા જ ભાવોલ્લાસપૂર્વક પાર પાડી શકાય છે. તેથી જ સ્તવન-સ્તોત્રનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે.

પ્રભુની ભક્તિમાં ભાવોલ્લાસ પ્રગટે કેવી રીતે ? આ સ્તુતિ - સ્તવન - સ્તોત્રનો અર્થ સમજીએ તો તેનાથી આપણા હૃદયમાં ભાવોલ્લાસ પ્રગટે છે અને કદાચ વધારે સમજ ન પડે તો પણ તેનાથી છેવટે લાભ જ થાય છે. શાસ્ત્રકારો રત્નના દૃષ્ટાંત દ્વારા સમજાવે છે કે, 'રોગીજનોએ જેના ગુણ જાણ્યા નથી, તેવા રત્નો, જેમ રોગીના જ્વર, શૂળ, પ્રમુખ રોગોને સમાવે છે, તેમ પૂર્વોક્ત પ્રશસ્ત ભાવ રચનાવાળા, ગુણવાળા સ્તુતિ-સ્તોત્ર ભાવરત્નો પણ કર્મજ્વર આદિને શમાવે છે.'

- ભક્તામર રહસ્ય, શાહ ધી.રો. પૃ. ૨૦

સ્તુતિ - સ્તવન - સ્તોત્ર દ્વારા જિનેશ્વરદેવની ભાવોલ્લાસપૂર્વક ભક્તિ કરવામાં આવે તો તેનો શું લાભ મળે છે તે આપણે જોયું. હવે તેના મહત્ત્વને સદૃષ્ટાંત થોડાક જ અગત્યના સ્તોત્રો વિશે વિચારીએ.

## સ્તોત્રોની પ્રભાવિકતા

**'ઉવસગ્ગહરં સ્તોત્ર' :-** આ સ્તોત્રના કર્તા શ્રી ભદ્રબાહુ સ્વામી છે. જેઓએ આ સ્તોત્રની રચના શ્રી સંઘના કલ્યાણ માટે કરી છે. આ સ્તોત્ર મૂર્તિપૂજક જૈનોમાં મંદિરમાં કરાતા ચૈત્યવંદનમાં અને અન્યત્ર સ્થાન પામેલું છે. જૈનો પોતાના ઘરે પણ નિત્ય ૭, ૨૧ કે ૧૦૮ વાર તેનું પારાયણ કરતા હોય છે. આ સ્તોત્રનું નામ જ સૂચિત કરે છે કે આનો પાઠ ઉપસર્ગો એટલે ઉપદ્રવો, વિઘ્નો - અનિષ્ટોનું શમન કરે છે.

આ સ્તોત્રના કર્તા શ્રી ભદ્રબાહુ સ્વામીના ભાઈ વરાહમિહિરે વ્યન્તર થયા પછી ગતજન્મના રોષના કારણે શ્રી સંઘમાં મહામારીનો ઉપદ્રવ કર્યો, ત્યારે તેનું શમન કરવા આ પ્રભાવક સ્તોત્ર રચી શ્રી સંઘને પાઠ કરવા કહ્યું. આ સ્તોત્રનો પાઠ કરવાથી ઉપદ્રવ શાંત થયો. ત્યારથી આ સ્તોત્રનો મહિમા વિશેષ થયો. આ સ્તોત્રનો પ્રારંભ 'ઉવસગ્ગહરં' શબ્દથી થતો હોઈ તે 'ઉવસગ્ગહરં' સ્તોત્ર તરીકે ઓળખાય છે. આ પાર્શ્વનાથ ભગવાનને લગતાં સ્તુતિ - સ્તવનો - સ્તોત્રો અને મંત્રોની સંખ્યા ઘણી મોટી છે. શ્રી જિનસૂર મુનિ 'પ્રિયંકરનૃપકથા' માં આ સ્તોત્રનો પ્રભાવ વર્ણવતાં કહે છે કે,

एतत्स्तवप्रभावो हि, वक्तुं केनापि शक्यते ?
गुरुणा हरिणा वा वाक् - प्रहवाडप्येक जिह्वया ॥

'આ સ્તવનો પ્રભાવ કહેવાનું કોનાથી શક્ય છે ? વાણીમાં નમ્ર એવી એક જીભથી તો બૃહસ્પતિ કે ઈન્દ્ર પણ તે કહેવાને સમર્થ નથી.'

- મહાપ્રભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર : શાહ, ધી.રો. પૃ. ૮૭

ઉવસગ્ગહરં સ્તોત્રની પ્રત્યેક ગાથા પરત્વે કેટલાક યંત્રો અને મંત્રો પ્રચલિત છે. આ સ્તોત્રના ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૭ ગાથાવાળા પાઠો પણ મળે છે.

ઉવસગ્ગહરં સ્તોત્રના અર્થ-ભાવ-રહસ્યનું પ્રકાશન કરવા માટે તેના પર કેટલીક સંસ્કૃત ટીકાઓ રચાયેલી છે તથા બીજું સાહિત્ય પણ નિર્માણ પામેલું છે.

**સંતિકરં સ્તોત્ર :-** શ્રી સોમસુંદરસૂરિના પટ્ટધર મુનિસુંદરસૂરિએ આ સ્તોત્ર રચીને મહામારીનો ઉપદ્રવ શાંત કર્યો હતો અને શિરોહી નગરમાં તીડના ઉપદ્રવનો પણ નાશ કર્યો હતો. આ સ્તોત્ર ઉભય સમય ભણવાથી શાકિણી, ડાકિણી યા તો પ્રેતાદિનો ઉપદ્રવ નાશ પામે છે. આ સ્તોત્રના કર્તા મુનિ સુંદરસૂરિ સહસ્ત્રાવધાની હતા. તેમણે આ સ્તોત્રમાં શાસનરક્ષક દેવ-દેવીઓના સ્મરણ સાથે ભાવવાહી સ્તવના કરી છે.

**નમિઊણ (ભયહર)સ્તોત્ર :-** આ સ્તોત્રના કર્તા શ્રી માનતુંગસૂરિ નામના મહાપ્રભાવિક આચાર્ય છે. આ સ્તોત્રનું નામ સ્તોત્રની શરૂઆત 'નમિઉણ' શબ્દ



પરથી પડેલું છે. આ સ્તોત્રનું બીજું નામ 'ભયહર સ્તોત્ર' છે. આ સ્તોત્રના રચયિતા શ્રી માનતુંગસૂરિને પૂર્વકર્મના પ્રાબલ્યથી ઉન્માદ રોગ થઈ આવ્યો. તેમણે ધરણેન્દ્રનું સ્મરણ કરી અનશન કરવા માટે પૂછ્યું. ધરણેન્દ્રે કહ્યું કે, ''હજી તમારું આયુષ્ય બાકી છે અને તમારા હાથે ઘણા શાસન પ્રભાવનાના કાર્યો કરવાના બાકી છે. માટે અનશનનો વિચાર છોડી દ્યો. આ અઢાર અક્ષર 'नमिउण पास विषहर वसह जिण फुलिंग' નો મંત્ર આપું છું. તેના પ્રભાવથી તમારો વ્યાધિ નાશ પામશે તથા અનેક પ્રકારના રોગો પણ શમી જશે.'' ત્યારબાદ ધરણેન્દ્રે આપેલા અઢાર મંત્રાક્ષરો ગૂંથીને શ્રી નમિઊણ (ભયહર) સ્તોત્ર બનાવ્યું. આ સ્તોત્રની પ્રત્યેક ગાથાઓ ચમત્કારપૂર્ણ છે. આ મંત્રાક્ષરોના સ્મરણના પ્રભાવથી તેઓશ્રીનો દેહ કમળની શોભા જેવો થઈ ગયો. આ સ્તોત્રની 'રોગજલજલણ વિષહર' એ ગાથા શ્રી બૃહત્ સ્નાત્ર તથા શાંતિસ્નાત્રમાં પણ બોલાય છે. તે જ આ સ્તોત્રની પ્રભાવકતાની નિશાની છે. સવારે અને સાંજે શુભભાવથી આ સ્તોત્રનો પાઠ કરે છે તેના વિવિધ ઉપસર્ગો દૂર થાય છે.

**ભક્તામર સ્તોત્ર :-** ઉજ્જયિની નગરીમાં વૃદ્ધ ભોજરાજા રાજ્ય કરતો હતો. તે વિદ્યાવિલાસી હોઈ તેના દરબારમાં અનેક પંડિતો હતા. રાજાએ એક વખત રાજ-દરબારમાં કહ્યું કે, 'આજે તો વિપ્રોની બોલબાલા છે. મયૂર કવિએ સૂર્યને પ્રસન્ન કરીને કોઢ મટાડ્યો અને બાણ પંડિતે ચંડિકાને પ્રસન્ન કરીનો પોતાના કપાયેલા હાથ-પગ પાછા મેળવ્યા. શું આજે આવી શક્તિ અન્ય કોઈમાં હશે ખરી ?' ત્યારે એક સભાજને કહ્યું કે, 'મહારાજ ! બહુરત્ના વસુંધરા. આવો ચમત્કાર જ જોવો હોય તો આ નગરમાં માનતુંગસૂરિ નામે એક મહાપ્રભાવશાળી જૈનાચાર્ય વિરાજે છે, તેમને બોલાવો.'

રાજાની વિનંતીથી માનતુંગસૂરિજી રાજસભામાં પધાર્યા. રાજાએ યોગ્ય સત્કાર કરી તેમને ઊંચા આસને આરૂઢ કર્યા. આચાર્યશ્રીએ 'આદિનાથ પ્રભુ તમારું કલ્યાણ કરો' એવા ભાવવાળી પદ્યરચના કરી રાજાને આશીર્વાદ આપ્યા. રાજાને આચાર્યજી પાસેથી ચમત્કારની આશા હતી એટલે હાથે-પગે બેડીઓ નાખી, તેમના આખા શરીરને

સાંકળોથી જકડી લીધું, તેમજ દરેક સાંકળના બંધ આગળ એકેક તાળા માર્યા. આ રીતે કુલ ૪૪ સાંકળો બાંધી અને ૪૪ તાળાં માર્યા. પછી તેમને એક અંધારા ઓરડામાં પૂરીને તાળાં મારી ફરતો પહેરો ગોઠવી દીધો. તે સમયે સૂરિજીએ ભાવભક્તિભરી વાણીથી 'ભક્તામર પ્રણત મૌલિમણિ પ્રભાણાં' એ પદથી શરૂ થતું શ્રી આદિશ્વર ભગવાનનું સ્તોત્ર રચવા માંડ્યું. તેમની ભક્તિભરી વાણીના પ્રભાવથી એક એક ગાથાની રચનાથી એક સાંકળ અને એક તાળું તૂટતું ગયું. એ રીતે સ્તોત્ર પૂરું થતાં જ ૪૪ સાંકળો અને ૪૪ તાળાં તૂટી ગયા. તેમજ ઓરડાના દ્વાર ખૂલી ગયા. આચાર્યશ્રી પ્રસન્નવદને રાજસભામાં પધાર્યા. રાજાએ જૈન ધર્મની ભારે પ્રશંસા કરી. રાજાની આગ્રહભરી વિનંતીથી આચાર્યશ્રીએ આ સ્તોત્ર પ્રજાજનોને સંભળાવ્યું. આ સ્તોત્રથી રાજા પ્રભાવિત થયા. ત્યારથી આ સ્તોત્રનો મહિમા વિસ્તાર પામ્યો.

**કલ્યાણમંદિર સ્તોત્ર :-** સિદ્ધસેન દિવાકરનું આ સ્તોત્ર પ્રાચીન સ્તોત્ર સાહિત્યમાં ગણનાપાત્ર છે. એમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ છે. મહાકાલપ્રાસાદમાં આ સ્તવનની રચના થયેલી છે. આ સ્તોત્રના પાઠથી શિવમૂર્તિમાંથી તીર્થંકરની પ્રતિમા નીકળેલી એવી ચમત્કારિક કથા પ્રચલિત છે. આવા ચમત્કારથી પ્રભાવિત થઈને રાજા વિક્રમાદિત્ય અને બીજાઓએ જૈન ધર્મ અંગીકાર કરેલો. આ સ્તોત્રમાં વસંતતિલકા છંદના ૪૩ પદો છે અને છેવટનું એક પદ આર્યાવૃત્તમાં રચાયેલું છે.

**બૃહત્ શાંતિ સ્તોત્ર :-** શ્રી નેમિનાથ પરમાત્માના માતા શિવાદેવી જ્યારે દેવીપણામાં હતા ત્યારે તેમણે આ સ્તોત્રની રચના કરેલી. કેટલાંક આ મતથી જુદા પડે છે અને કહે છે કે આ સ્તવની રચના વાદીવેતાલ શ્રી શાંતિસૂરિજીએ કરી છે. કર્તા ગમે તે હો, પરંતુ આ સ્તવમાં વિવિધ મંત્રાક્ષરો દર્શાવ્યા છે અને નાનામાં નાના પ્રાણીથી લઈને સમગ્ર વિશ્વની શાંતિ ઈચ્છવામાં આવી છે. આ સ્તોત્રમાં શાંતિકર મંત્રો દ્વારા 'શાંતિ' ની કામના કર્યા બાદ ત્રણ મંગલમય ગાથાઓમાં શાંતિનાથ ભગવાનની પ્રાર્થના કરવામાં આવી છે. શ્રી શાંતિનાથ ભગવાન જે આ ક્રિયાના અધિનાયક દેવ છે તેમના સ્મરણ,



નામોચ્ચારણ અને નમસ્કારમાં એવી અદ્ભુત શક્તિ રહેલી છે કે જે ઉપદ્રવોને, ગ્રહોના દુષ્ટ યોગને તેમજ દુઃસ્વપ્ન અને દુર્નિમિત્તો વગેરેની અસરોને નાબૂદ કરી નાખે છે. તેની જગ્યાએ સુખ અને સૌભાગ્યનો અનુભવ કરાવતી શાંતિનો પ્રસાર કરે છે.

આ સ્તોત્ર તેની મંગલમયતાને કારણે તે પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ સમયે પણ બોલવામાં આવે છે. નવ સ્મરણમાં 'મોટી શાંતિ' એ નવમું સ્મરણ છે.

**લઘુશાન્તિ સ્તવ :-** આ સ્તોત્રના કર્તા શ્રી પ્રદ્યોતનસૂરિના શિષ્ય અને તપાગચ્છના ઓગણીસમા પટ્ટધર શ્રી માનદેવસૂરિ છે. મારવાડમાં આવેલ નાડોલ નગરમાં તેમનો જન્મ થયો હતો. તક્ષશિલામાં મહામારીનો વિષમ ઉપદ્રવ થયો. આથી પ્રજાજનો ત્રાસી ઉઠ્યા. આનો પ્રતિકાર કરી શકે એવા નાડોલ નગરમાં ચાતુર્માસ વિરાજિત માનદેવસૂરિજીને શ્રી સંઘે વિનંતીપત્ર સાથે માણસને મોકલ્યો. પત્રમાં બધી વિગત જણાવી હતી. શ્રી માનદેવસૂરિજીએ તરત જ 'શ્રી લઘુશાંતિ સ્તવ' ની રચના કરી આપી. સાથે જણાવ્યું કે, ''આ સ્તોત્ર દ્વારા મંત્રિત કરેલ જળથી આખી નગરીની પ્રદક્ષિણા દેવી અને દરેક વ્યક્તિએ આ સ્તોત્રનું પ્રતિદિન સ્મરણ કરવું. આમ કરવાથી ઉપદ્રવ શાંત થઈ જશે, પરંતુ હવે તમારે સર્વેએ જેમ બને તેમ તાત્કાલિક આ નગરીનો ત્યાગ કરી દેવો.'' આ સ્તોત્રના પ્રભાવથી મરકી શાંત થઈ ગઈ અને પ્રજાજનોએ તે નગરી ત્યજી દીધી.

આ લઘુશાંતિ સ્તવમાં શ્રી શાંતિનાથ પરમાત્માની સ્તુતિ તેમજ મંત્રાક્ષરોની સરસ ગૂંથણી કરવામાં આવી છે. આ ચમત્કારિક સ્તોત્રને દેવલિક (દેવસીય) પ્રતિક્રમણમાં દાખલ કરવામાં આવ્યું છે અને દરરોજ પ્રાંતે તે બોલાય છે. આ જ પ્રાભાવિક આચાર્યે 'તિથ્થપહૂત્ત' નામનું બીજું પ્રભાવપૂર્ણ સ્તોત્ર પણ રચ્યું છે.

**જયતિહુઅણ સ્તોત્ર :-** આ સ્તોત્રનું નામ પણ તેની શરૂઆતના શબ્દ પરથી પડેલું છે. આ સ્તોત્રની રચના કરનાર નવાંગી ટીકાકાર તપસ્વી અને મહાપ્રભાવિક આચાર્યશ્રી

અભયદેવસૂરિજી છે. આ સ્તોત્રના કર્તાશ્રીએ ખૂબ હૃદયંગમ વાણીમાં પોતાની જર્જરિત અવસ્થામાં શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરેલી છે. આ સ્તોત્રની ૩૨ ગાથાઓ હતી. તેમાંથી છેવટની બે ગાથાઓ ધરણેન્દ્ર દેવના કહેવાથી કાઢી નાંખવામાં આવી છે કારણ કે આ બે ગાથાઓમાં દેવતાને આકર્ષણ કરવાની શક્તિ છે. તેથી ભવિષ્યમાં મુશ્કેલી ઊભી થાય. આ સ્તોત્રની ત્રીસ ગાથાઓનો જે પાઠ કરશે તેમનું પણ હું કલ્યાણ તો કરીશ જ.

**ગૌતમસ્વામી સ્તોત્ર :-** પરમ પ્રાભાવિક, લબ્ધિનિધાનશ્રી ગૌતમસ્વામીનું આ સ્તોત્ર પ્રભાવક અને ચમત્કારપૂર્ણ છે. 'ગૌતમસ્વામી' એટલું નામસ્મરણ પણ લાભકારક છે, તો તેમના ગુણગાન ગર્ભિત સ્તોત્રપઠનની તો વાત જ શી કરવી ? દરેક વ્યક્તિએ આ સ્તોત્રનો પ્રતિદિન પાઠ કરવો તે આવશ્યક અને કલ્યાણકારક છે.

**સ્વયંભૂ સ્તોત્ર :-** ના પઠનથી 'ચંદ્રપ્રભ' ની મૂર્તિ પ્રગટ થયેલી એમ કહેવાય છે. અદ્ભુત પ્રભાવ છે.

જૈન સાહિત્યના વિશાળ સ્તોત્ર-સાહિત્યના ભંડારમાંથી અહીં તો આપણે માત્ર ગણી-ગાંઠી થોડીક જ કૃતિઓ - સ્તોત્રોનું ફક્ત આછેરું દર્શન કર્યું છે અને એનો પ્રભાવ અને માહાત્મ્ય જાણ્યું છે.

પૂર્વાચાર્યો વડે અનન્યભાવે કરાયેલી સ્તુતિઓ આ રીતે ઉપસર્ગો દૂર કરીને મહાપ્રભાવિક પુરવાર થઈ છે. આ સ્તોત્રોનો ભાવપૂર્ણ, શુદ્ધ મન-વચન-કાયાથી પાઠ કરવામાં આવે તો આજે આપણે સુખપ્રાપ્તિ અને દુઃખાદિ નિવારણમાં સફળતા પ્રાપ્ત કરી શકીએ છીએ. દરેક ધર્મ કે સંપ્રદાયમાં આવા સ્તોત્રો છે અને તેનો નિત્યપાઠ ઉપાસકો કરે છે એ સર્વવિદિત છે. પૂર્વાચાર્યોએ આ સ્તવન-સ્તોત્રો રચીને એમને પોતાનું કલ્યાણ તો સાધ્યું જ છે અને સાથોસાથ શ્રી સંઘનું કલ્યાણ ઈચ્છ્યું છે. માટે આ મહાત્માઓને મારી ભાવભરી વંદના છે.



સંદર્ભસૂચિ :-

(૧) મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર, શાહ ધીરજલાલ ટોકરશી, જૈન સાહિત્ય પ્રકાશન, મુંબઈ, ૧૯૬૯

(૨) ભક્તામર રહસ્ય, શાહ ધીરજલાલ ટોકરશી, જૈન સાહિત્ય પ્રકાશન, મુંબઈ, ૧૯૭૧

(૩) મન્ત્રાધિરાજ - ચિંતામણિ ભા-૨, મુનિ ચતુરવિજ મ., સારાભાઈ નવાબ, ૧૯૩૯

(૪) મુનિસુવ્રત સ્વામી ચરિત્ર તથા સિદ્ધિદાયક મંત્ર અને સ્તોત્ર સંગ્રહ ઝવેરી મંગળદાસ ત્રિકમદાસ, પ્રાચીન સાહિત્ય સંશોધક કાર્યાલય, થાણા

(૫) કવિકલ્પતરુ પાર્શ્વનાથજી ઉપાસના ભા-૨, સંપા. : નવાબ, સારાભાઈ

(૬) जैन स्तोत्र - साहित्य : एक विहंगम दृष्टि, पृ. ३९३ - ४०० गदाधरसिंह, कुसुम अभिनंदन ग्रंथ

(૭) જૈન સ્તોત્ર સાહિત્ય, પૃ. ૨૬૨ - ૨૭૬, પ્રજાપતિ મણિભાઈ જૈન સાહિત્ય સમારોહ, ગુચ્છ-૨, સંપા. રમણલાલ સી. શાહ અને અન્ય મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ

(૮) આવશ્યક યોગસાધના ક્રિયા, સંપા. ગણિવર્ય રમ્યદર્શન મ.સા.

(૯) જૈન સ્તુતિ - સ્તોત્ર સાહિત્ય, શાહ રમણિકભાઈ, જૈન વિશ્વકોશ, ખંડ-૪, પૃ. ૯૮

# ૩૧

# સાંપ્રત સમસ્યાનું સમાધાન - ભક્તામર સ્તોત્ર

- ડૉ. રેખા વોરા

૮૪ લાખ જીવયોનિમાં સંસારરૂપી ચક્ર નીચેથી ઉપર અને ઉપરથી નીચે એમ સતત ફર્યા જ કરે છે. નિગોદથી મનુષ્ય અને મનુષ્યથી નિગોદમાં કરેલા કર્મના ફળ સ્વરૂપે જન્મ અને મૃત્યુની ઘટમાળ ચાલ્યા જ કરે છે. એનો અંત ત્યારે જ આવે છે જ્યારે આત્મા પરમ સુખને પામે.

માનવજીવન અનેક પ્રકારની જંજાળોથી જકડાયેલું છે. આ જંજાળો બંધનરૂપ છે. તેમાંથી મુક્તિ કેવી રીતે મેળવવી ? જીવનની અનેક સમસ્યાઓનું સમાધાન કેવી રીતે કરવું અને જીવનમાં ઉત્ક્રાંતિની સોપાનશ્રેણિમાં કેમ આગળ વધવું ? આવા અનેક પ્રશ્નો પ્રત્યેક વ્યક્તિના મનમાં સતત ઘૂમરાતા હોય છે. આવા અનેક પ્રશ્નોનો ઉત્તર આપણા સ્તોત્રોમાં સમાયેલો છે.

જૈન ધર્મના પ્રાણ સ્વરૂપ નવસ્મરણનું દરરોજ પઠન-પાઠન કરવામાં આવે છે અને આ નવસ્મરણ કે કોઈક એક વિશેષ સ્તોત્રનું સ્મરણ કરવામાં આવે તો વ્યક્તિ પોતાના જીવનમાં આવતી પ્રત્યેક પરિસ્થિતિનો સમભાવે સામનો કરી શકે છે અને આવી પડેલી કોઈપણ પ્રકારની સમસ્યામાંથી સમાધાન મેળવી શકે છે.



અહીં આપણે એવા જ એક સ્તોત્રની વાત કરવી છે, જેમાં ભક્ત અને અમરની વાત છે. અર્થાત્ "ભક્તામર સ્તોત્ર".

શ્રી ભક્તામર સ્તોત્રના રચયિતા શ્રી માનતુંગસૂરિએ સાધના-ધ્યાન-યોગ - ભક્તિ દ્વારા કાર્યસિદ્ધિના પાંચ પગથિયા બતાવ્યા છે.

(૧) શ્રદ્ધાનો અભાવ તેનું નામ ભવ છે - શ્રદ્ધા રાખવી.

(૨) શ્રદ્ધાને અમલમાં મૂકવી - પોતાની જાત પર સંપૂર્ણ વિશ્વાસ રાખવો. **Full of confidance**

(૩) આવી પડેલી મુશ્કેલી - સમસ્યાનો વિચાર બંધ કરવો.

(૪) માત્ર અને માત્ર પરમકૃપાળુ પરમાત્માનો જ વિચાર કરવો.

(૫) જ્યારે પ્રભુના નામસ્મરણથી મન શાંત થઈ જાય છે ત્યારે આત્મામાં રહેલી અનંત શક્તિ જાગૃત થાય છે અને તે દ્વારા મુશ્કેલમાં મુશ્કેલ કાર્યમાંથી માર્ગ મળી જાય છે. કાર્યસિદ્ધિની પ્રાપ્તિ માટે ઉપરોક્ત પાંચ પગથિયા આજના સમયમાં પણ એટલા જ મહત્ત્વના છે.

જૈન આગમો અને ગ્રંથો સિવાય ઋગ્વેદ, યજુર્વેદ જ્યાં હિંદુ ગ્રંથોમાં પણ ભગવાન ઋષભદેવની સ્તુતિ કરવામાં આવી છે. બ્રહ્મપુરાણમાં સૌધર્મેન્દ્ર પ્રભુની સ્તુતિ કરતાં કહે છે કે 'હું બુદ્ધિની તેજસ્વિતાથી રહિત છું, છતાં આપના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈને આપની સ્તુતિ કરવા તૈયાર થયો છું.'

કંઈક આવા જ પ્રકારના ભાવ અને શબ્દોથી શ્રી માનતુંગસૂરિ આ ભક્તામર સ્તોત્રમાં પ્રભુની સ્તુતિ કરે છે. તેઓ કહે છે કે, 'મારામાં બુદ્ધિ ન હોવા છતાં હે ગુણસમુદ્ર પ્રભુ ! આપના પ્રત્યેની ભક્તિથી પ્રેરાઈ હું આ 'ભક્તામર સ્તોત્ર' રૂપી આપનું સ્તવન કરવા પ્રેરાયો છું.' **શ્રી ઋષભદેવ પ્રભુ :** જગતની અંદર એક ક્રમ સદાકાળ ચાલ્યો આવ્યો છે કે એક સમસ્યાનું સમાધાન થાય ત્યાં બીજી સમસ્યા ઉત્પન્ન થઈ જાય છે. શ્રી ઋષભદેવના સમયે પણ આ જ પરિસ્થિતિ પ્રવર્તતી હતી.

પ્રતિદિન કલ્પવૃક્ષો ક્ષીણ થવા લાગ્યા. એટલે કૃષિ દ્વારા ધનધાન્ય ઉગાડવાનો પ્રારંભ થયો, પણ પ્રત્યેક પ્રદેશ તો એવા ન જ હોય કે જ્યાં ધાન્યનું ઉત્પાદન થાય. જ્યાં ધાન્યનું ઉત્પાદન ન થાય ત્યાંના લોકોને ભૂખે મરવાનો સમય આવ્યો. પ્રશ્ન એ ઉપસ્થિત થયો કે ત્યાં સુધી ધાન્યને પહોંચાડવું કેવી રીતે ? આ સમસ્યાના સમાધાન સ્વરૂપે શ્રી ઋષભદેવ પ્રભુએ પૈડાનું નિર્માણ કર્યું હશે. પૈડાના નિર્માણનો દિવસ આ સંસારના સમગ્ર જનસમુદાયનો ભાગ્યોદયનો દિવસ હશે. આ પૈડું જ આપણા જીવનની ગતિનું આધારરૂપ છે. આજે વિશ્વનું જે વિરાટ સ્વરૂપ છે તે પૈડાં પર જ ચાલે છે. તે પછી તેમણે કુંભાર અને સુથારની કલાએ ગાડી પણ બનાવી.

શ્રી ઋષભદેવે સર્વ પ્રથમ ઘડારૂપી એક શિલ્પની રચના કરી અને તે દ્વારા અનેક પ્રકારની શિલ્પકલાના દ્વાર ઉઘડી ગયા. તેમણે પાંચ પ્રકારના શિલ્પ બનાવતાં શીખવાડ્યા. :- (૧) કુંભાર (૨) ગૃહનિર્માણ (૩) વસ્ત્રનિર્માણ (૪) ચિત્રકલા (૫) નાપિતકલા.

સમવાયાંગ સૂત્ર (પૃ. ૭૨), કલ્પસૂત્ર સુબોધિકા ટીકા અને રાજ પ્રશ્નીય સૂત્ર (પત્ર - ૪૦) માં શ્રી ઋષભદેવે પોતાના જ્યેષ્ઠ પુત્ર ચક્રવર્તી ભરતને બોંતેર કલાઓ અને બાહુબલીને ચોસઠ કલાઓ શીખવી હતી તેનો ઉલ્લેખ છે. ભરત અને બાહુબલી ઈત્યાદિ પુત્રોની જેમ જ શ્રી ઋષભદેવે સ્ત્રીશિક્ષણની અનિવાર્યતાને ધ્યાનમાં રાખીને પોતાની બંને પુત્રી બ્રાહ્મી અને સુંદરીને પણ શિક્ષા આપી. બ્રાહ્મીને જમણા હાથથી અઢાર લિપિઓનું અધ્યયન કરાવ્યું અને સુંદરીને ડાબા હાથથી ગણિત વિદ્યાનું જ્ઞાન આપ્યું.

**ભક્તામર સ્તોત્ર :-** પ્રાચીનતમ જૈન શાસ્ત્રકારોએ રચેલ સ્તોત્રનો મહિમા આજે પણ એટલો જ જોવા મળે છે. આ સ્તોત્રનું માહાત્મ્ય જેટલું રચનાકાળના સમયમાં હતું તેટલું આજે પણ જોવા મળે છે. સર્વ સ્તોત્રમાં ભક્તામર સ્તોત્રનું સ્થાન મુર્ધન્ય છે. રચનાકાર માનતુંગસૂરિનું નામ સર્વત્ર પ્રસિદ્ધ થયું. આ તેમની અદ્‌ભુત રચના છે. ભક્તામર સ્તોત્રનો શબ્દે-શબ્દ, અક્ષરે-અક્ષર મંત્ર બરાબર છે.



''મંત્ર એટલે અમુક પ્રકારના અક્ષરોની સંકલના.''

જૈન શાસ્ત્રોમાં મંત્રોનું અનાદિકાળથી પ્રચલન છે. મંત્રો ભક્તિ અને મુક્તિ, શ્રેય અને પ્રેયની સાધના - આરાધના કરી આપનાર હોવાથી જૈનશાસ્ત્રમાં ગૌરવભર્યું અને વિશિષ્ટ સ્થાન પામ્યા છે.

શ્રી ભક્તામર સ્તોત્રના ચમત્કારનો અતિ મહિમા ગવાયો છે. એનો એક એક શબ્દ બાહ્ય અને ગૂઢ રહસ્યોથી ભરેલો છે. શ્રી માનતુંગસૂરિજીને તાળાંઓના બંધનથી જંજીરોમાં જકડી લેવામાં આવ્યા હતા. તેમાંથી તેમની મુક્તિ આ સ્તોત્રની રચના દ્વારા થાય છે.

શ્રી માનતુંગસૂરિ બંધન અવસ્થામાંથી કેવી રીતે મુક્ત થયા કે જ્યારે હૈયું ફાટફાટ થઈ જાય તેવો સમર્પણ (**dedication**) ભાવ ઉછળતો હોય ત્યારે તે શક્ય બને છે.

નમ્રતા, સરળતા અને સમર્પણ એ ત્રણ ભાવોનો સંગમ થાય ત્યારે તેને સંપૂર્ણ સમર્પણ **total dedication** કહેવાય અને એ અવસ્થાએ પહોંચતા જ લક્ષની પ્રાપ્તિ કરી શકાય છે. શ્રી માનતુંગસૂરિજીએ ભક્તામર સ્તોત્રના પ્રત્યેક શ્લોકમાં ગૂઢાર્થ ભરેલો છે.

**શ્લોક-૧-૨ : સંકલ્પ :** કોઈપણ કાર્યની શરૂઆત સંકલ્પ કરવાથી થાય છે. સૂરિજીએ સ્તોત્રના પ્રથમ બે શ્લોકની રચના કરતાં જ પોતાનો ધ્યેય જણાવ્યો છે. અહીં 'અહં અપિં - અહમ્' ની સાથે અપિ નો યોગ થઇ ગયો છે. આ સાથે જ સૂરિજીની વિનમ્રતા ઝળકવા લાગે છે. તેમણે કહ્યું, 'હું પણ સ્તુતિ આપની કરીશ'. આ સંકલ્પ એક શક્તિશાળી સ્તોત્રનાં નિર્માણનો આધાર બની ગયો.

જ્યારે કોઈપણ કાર્યની શરૂઆત કરીએ ત્યારે સંકલ્પ કરીએ તો અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય છે માટે કાર્યની શરૂઆત કરતાં જ સંકલ્પ કરવો આવશ્યક છે. ધ્યેય વગરનું કાર્ય અને એ પણ આજના કાળમાં કે કોઈપણ કાળમાં સિદ્ધ થતું નથી.

**શ્લોક-૩ : સમર્પણ :** ત્રીજા શ્લોકમાં સૂરિજીએ પોતાને બાળક જેવી ઈચ્છા વ્યક્ત કરતાં બતાવ્યાં છે. કારણ બાળકની બાળસહજ ઈચ્છાઓ પર કોઈ હસતું નથી. બાળક સમર્પણ કરવાનું જાણે છે. સૂરિજીએ બાળ સ્વરૂપ રજૂ કરીને પ્રભુના ચરણોમાં સંપૂર્ણ સમર્પણ કર્યું. **total dedication** કોઈપણ કાર્ય કરતી વખતે સંપૂર્ણ સમર્પણ કરવામાં આવે તો તે કાર્યમાં સિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય છે. કારણ પહેલાં સંકલ્પ અને હવે બાળસહજ સમર્પણ.

**શ્લોક-૪ : અંતઃદ્વન્દ્વ અને તે દ્વારા વિશ્વાસ સંપાદન :** આ શ્લોકમાં સૂરિજીએ મનમાં ચાલતાં મનોમંથન દર્શાવ્યા છે. કોઈ વ્યક્તિ સામે જ્યારે મોટી સમસ્યા આવે છે ત્યારે તેના મન-મસ્તિષ્કમાં એક અજીબ પ્રકારનું માનસિક યુદ્ધ ખેલાય છે. મનની સ્થિતિ ડામાડોળ થઈ જાય છે. જ્યારે તે સ્વસ્થ થાય છે ત્યારે તે વિચારે છે કે 'મારામાં જેટલી ક્ષમતા છે તેનો સંપૂર્ણ ઉપયોગ કરવો છે.' મનોમંથન સમાપ્ત થતાં વિશ્વાસ (confidance) સંપાદન થાય છે. સંકલ્પ, સમર્પણ સાથે વિશ્વાસ કેળવાય તો કાર્ય ચોક્કસ સિદ્ધિને વરે છે.

**શ્લોક-૫ : સામર્થ્ય :** કાર્ય અત્યંત વિકટ છે અને સામાન્ય બુદ્ધિવાળા માટે શક્ય નથી પરંતુ અખૂટ શ્રદ્ધાથી તે કાર્ય કરવા તત્પર બનવું જોઈએ. પોતાની શક્તિની અલ્પતા ભલે હોય પરંતુ પોતાની ધગશ (ભાવ) માં લેશ માત્ર અલ્પતા નથી. આથી ક્ષમતાહીન, અસમર્થ અને શક્તિહીન હોવા છતાં કાર્ય કરવા પ્રેરાવવું જોઈએ. કાર્ય પ્રત્યેની ભક્તિ, શક્તિ અને પ્રીતિમાં એટલું સામર્થ્ય છે કે પોતાને અલ્પ બુદ્ધિશાળી ગણનાર પણ કાર્યસિદ્ધિને પામે છે.

**શ્લોક-૬ : શ્રદ્ધા :** આ શ્લોકમાં સૂરિજીએ બુદ્ધિ અને શ્રદ્ધા વચ્ચેનું એક ઘર્ષણ આલેખ્યું છે. બુદ્ધિની સીમા પછી પણ એક પ્રદેશ છે જ્યાં વ્યક્તિ ઉત્કૃષ્ટ પ્રેરણા, પ્રબળ આવેગ અને અખૂટ શ્રદ્ધાને આધારે અશક્યતામાં ઝંપલાવે છે. બુદ્ધિની અલ્પતા છે તેને શ્રદ્ધા અને સંકલ્પનો સહારો મળે છે. જ્યાં આવો સહારો મળે છે ત્યાં સર્વ કાર્ય સિદ્ધિને પામે છે.



**શ્લોક-૭ : આત્મવિશ્વાસ (Self confidance) :** આત્મવિશ્વાસ પૂર્વક વ્યક્તિ કાર્ય કરે તો તે કાર્ય વિકટ ન રહેતા સરળ બની જાય છે. આત્મવિશ્વાસ સુદૃઢ થાય છે.

**શ્લોક-૮ : એકરૂપતા :** જ્યાં સુધી તમે જે કાર્ય હાથમાં લીધું છે તેમાં એકતાન, એકરૂપ ન બનો, તે કાર્યના વિચારો સતત ન કરો ત્યાં સુધી પૂર્ણતાને પામી શકાતું નથી. જ્યાં સુધી એકરૂપતા ન હોય ત્યાં સુધી પરિપૂર્ણતા થઈ શકતી નથી. આકાંક્ષા (સિદ્ધિની ઈચ્છા) સાથે અનુરાગ (કાર્ય કરવાની ધગશ) અને સાથે ઉપલબ્ધિ એ જ કાર્યની સાર્થકતા છે.

**શ્લોક-૯ : દર્પણ જેવા બનાય :** આ શ્લોક દ્વારા સૂરિજી એવું કહે છે કે જ્યાં સુધી 'પ્રભુકૃપા કિરણ' જેવું એક વિચારનું કિરણ મનમાં ઝંકૃત થાય ત્યારે કાર્ય કે આવી પડેલી સમસ્યા પર પ્રકાશ પડે છે અને તેમાંથી બહાર નીકળવાનો માર્ગ આપોઆપ ખૂલી જાય છે. માર્ગદર્પણ (મન) માં પ્રતિબિંબિત થાય છે.

**શ્લોક-૧૦ : આત્મ કર્તૃત્વ :** જૈન દર્શનમાં આત્મ કર્તૃત્વનો સિદ્ધાંત છે. ચરમમાંથી પરમ બનવાનો સિદ્ધાંત છે. જે લક્ષને પ્રાપ્ત કરવાની ઈચ્છા છે તેના ગુણોને આત્મસાત્ કરવાના છે, જેથી તેના જેવા બની શકાય અને એ ત્યારે જ સિદ્ધ બને કે જ્યારે તમે જે કાર્ય કરી રહ્યાં છો અથવા જે કાર્ય કરવા ઈચ્છી રહ્યા છો તેમાં રમણ-ભમણ કરીને તે સિદ્ધિને પ્રાપ્ત કરી શકાય. તે કાર્યને પરિપૂર્ણ કરી શકાય.

ઉપરોક્ત આ દશ શ્લોકમાં કાર્યની સિદ્ધિ માટે શું શું કરવું જોઈએ તે સૂરિજીએ દર્શાવ્યું છે. કોઈપણ કાર્યની શરૂઆત કરતાં પહેલા સૌ પ્રથમ સંકલ્પ કરવો જોઈએ કે હું આ કાર્ય કરવા જઈ રહ્યો છું અને તે હું કરીશ જ. પછી કાર્યને સમર્પિત થવું, પોતાનામાં વિશ્વાસને સંપાદિત કરવો, કાર્ય અને તેની સિદ્ધિ માટે સામર્થ્યવાન બનવું, શ્રદ્ધાપૂર્વક કાર્ય કરવું, આત્મવિશ્વાસને સુદૃઢ કરવો, કાર્ય સાથે તાદાત્મ્ય સાધવું અને તે તાદાત્મ્યમાં ધ્યાનમગ્ન રહેવું અને છેલ્લે આત્મ-નિવેદન કરવું. સૂરિજીએ રચેલા આ દશ શ્લોકમાં દર્શાવેલા પ્રત્યેક ભાવ આજના સાંપ્રત સમયની સમસ્યાના નિવારણ માટે પણ એટલા જ અસરકારક છે કે જે તમારા દરેક સદ્કાર્યોને સિદ્ધિ પ્રાપ્ત કરાવે

છે. મનમાં કોઈપણ પ્રતિસ્પર્ધાની ભાવના રાખ્યા વિના જો કાર્ય કરવામાં આવે તો અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

(૧૨માં શ્લોકથી ૧૯માં શ્લોક સુધી આ આઠ શ્લોક વિદ્યાપટક છે. પરંતુ વિદ્યાપટક સિવાય શું વિશેષતા છે તે અહીં દર્શાવ્યું છે.

**શ્લોક-૧૧-૧૨ : રાગદ્વેષના ત્યાગ દ્વારા શાંતિની પ્રાપ્તિ :** આ શ્લોકમાં સૌંદર્યશાસ્ત્રની અદ્‌ભુત મીમાંસા છે. તેના આધારે જ સૌંદર્યને સમ્યક્‌રૂપે વ્યાખ્યાયિત કરી શકાય. હકીકતમાં આ બન્ને શ્લોકમાં આદિનાથ પ્રભુના સૌંદર્યની જે વ્યાખ્યા કરવામાં આવી છે તે અધ્યાત્મ અને સૌંદર્યશાસ્ત્ર બન્ને માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

અહીં સૂરિજીએ પ્રભુના મુખમંડળમાં શાંતિ, આભામંડળની પવિત્રતા અને વીતરાગતાનું પાન કરાવ્યું છે. આ ત્રણેયમાં ચુંબકીય આકર્ષણ રહેલું છે. આમાં સૌથી મોટું આકર્ષણ શાંતિ છે. શાંતિનો સ્તોત્ર કષાયનું ઉપશમન છે. શાંતરસથી આત્માનું બાહ્ય અને આંતરિક બન્ને સૌંદર્યનો વધારો થાય છે, કષાયોની નિર્જરા થાય છે અને કષાયરૂપી કર્મનો નાશ થતાં પરમ શાંતિના પરમાણુની પ્રાપ્તિ થાય છે.

**શ્લોક-૧૩ : પારદર્શિતા :** દર્પણમાં કોઈપણ વ્યક્તિ પોતાનું પ્રતિબિંબ આબેહૂબ નિહાળી શકે છે, કહેવાય છે કે મુળ એવું ચમકદાર દર્પણ જેવું છે કે તેમાં કોઈપણ પોતાનું પ્રતિબિંબ જોઈ શકે છે. પ્રભુની પારદર્શિતા દર્પણ કરતાં પણ સવિશેષ છે. પ્રત્યેક આત્માનું નિજ સ્વરૂપ પણ આવું જ પારદર્શી છે. તેથી આત્માના આવા વિશુદ્ધ સ્વરૂપને પામવાનું અહીંયા સૂરિજીએ બતાવ્યું છે.

**શ્લોક-૧૪ : આકિંચન્ય :** કોઈપણ આધ્યાત્મિક અને ચિંતનશીલ વ્યક્તિને ગુણાત્મકતા તરફ ધ્યાન આપ્યા વગર સંતોષ થતો નથી. જૈનધર્મમાં સૌથી મોટું સૂત્ર છે - આકિંચન્ય. અકિંચન એ છે કે જે પૂર્ણ અપરિગ્રહી છે. તેનામાં ગુણોનો વિકાસ થાય છે. તાત્પર્ય કે ગુણોનો વિકાસ ત્યાગમાંથી થાય છે. જ્યાં ત્યાગ છે, યોગ છે ત્યાં વહેંચવાની વાત આવે છે. તે ગુણ અકિંચનમાંથી પ્રગટ થાય છે. શરીરના મમત્વનું વિસર્જન અને શરીરના મમત્વનો ત્યાગ. અહીંથી આકિંચન્યની શરૂઆત થાય છે.



સૂરિજીએ આ શ્લોકમાં પ્રભુના ગુણોની વ્યાખ્યા અત્યંત માર્મિક રીતે કરી છે. તેમાં જૈન ધર્મનો પાયાનો સિદ્ધાંત અને આધ્યાત્મિક પાસું પ્રભાવિક રીતે અભિવ્યક્ત થયું છે.

**શ્લોક-૧૫ : અવિચલન :** આત્મબળ અને કષાય પર વિજય એટલાં દઢ અને પરિપક્વ બને છે કે રાગનું કોઈપણ ઉદ્દીપન અને નિમિત્ત પ્રભુને વિચલિત કરી શકતા નથી. આ શ્લોકમાં વધુ એક આધ્યાત્મિક તત્ત્વનું રહસ્યોદ્‌ઘાટન થયું છે. દરેક જણે રાગવિજય માટે પ્રયત્ન કરવો જોઈએ અને રાગવિજય માટે ધૃતિનો વિકાસ કરવો જોઈએ. જેટલી ધૃતિ વધશે તેટલું ઈન્દ્રિયોને નિયંત્રિત કરવાની શક્તિ વધશે.

**શ્લોક-૧૬ : અખંડ દીપક :** દિવ્ય પ્રકાશી, વિકૃતિ રહિત, ધુમાડાને પ્રકાશમાં પરિવર્તિત કરવાને માટે સમર્થ, ત્રણે લોકને પ્રકાશિત કરનાર, નિરંતર પ્રકાશિત રહેનાર આ પાંચે બાબતો પ્રત્યેક આધ્યાત્મિક આત્મા માટે આવશ્યક હોય છે. સૂરિજીએ આ શ્લોકમાં આંતરિક શક્તિનું ઉદ્‌ભાવન કર્યું છે.

રાગ-વિજય, અવિચલન અને પ્રકાશનો મહાન સંદેશો આપ્યો છે. જે વ્યક્તિ માનસિક અવિચલનની સાધના કરવા ઈચ્છતી હોય તેના માટે આ શ્લોક મહામંત્રનું કામ કરશે. 'આંતરદષ્ટિ જાગૃતિ' આ શ્લોકનું મહાન સૂત્ર છે. આ પવિત્ર જ્યોતનું ધ્યાન અને આરાધન આધ્યાત્મિક સંપદાનું સાધન છે.

**શ્લોક-૧૭-૧૮ : કેવળજ્ઞાનની પ્રાપ્તિ :** આ શ્લોકમાં આત્મા પર લાગેલાં કર્મોનું આવરણ વિલીન કરવાનો માર્ગ બતાવ્યો છે. જ્યારે સંપૂર્ણ કષાયોનો નાશ થાય છે, જ્ઞાનાવરણીય, મોહનીય, અંતરાય અને દર્શનાવરણીય કર્મનો વિલય થઈ જાય છે. એ ત્યારે જ શક્ય બને છે જ્યારે સાધનાના ક્ષેત્રમાં સાધક આંતરિક જ્યોતિને જાગૃત કરવાની સાધના કરે. આ બન્ને શ્લોક દ્વારા સૂરિજીએ આ સચ્ચાઈનું ઉદ્‌બોધન કર્યુ છે કે જ્યાં ભીતરની જ્યોત જાગી જાય છે ત્યાં સર્વસ્વ પ્રાપ્ત થઈ જાય છે. તૃષ્ણા, દુઃખ, અશાંતિ, ઘૃણા, હતાશા આ તમામનો વિલય ભીતરમાં પવિત્ર જ્યોત પ્રગટવાથી થાય છે અને પવિત્ર, નિર્મળ, પારદર્શી જીવનનો સ્ત્રોત વહેવા લાગે છે.

**શ્લોક-૧૯ - : આત્માનો સાક્ષાત્કાર** : જ્યારે કોઈ ભક્ત ભક્તિરસના ચરમ શિખરે હોય છે અને તે ભૂમિકામાં તે જે બોલે છે તે વાત સાધારણ ભૂમિકાની વાત નથી હોતી. તે ભૂમિકાનું જગત તદ્દન નિરાળું હોય છે. મુક્તિનો અતિરેક અને શ્રદ્ધાની ચરમ સ્થિતિ હોય છે. તેને માત્ર પ્રભુના સુખના દર્શન જ થાય છે, ચોતરફ ફક્ત પ્રભુ જ દેખાય છે. વ્યક્તિની શ્રદ્ધા ચારિત્રમાં છે, વૈરાગ્યમાં છે, અલૌકિક ચિંતનની ધારા અને અભિવ્યક્તિ ભક્તિની ભૂમિકા પર જ થતી હોય છે. ત્યાં જે જ્ઞાનનો પ્રકાશ દેખાય છે તે અન્યત્ર દેખાતો નથી.

અહીં આત્માના મૂળ સ્વરૂપનું દર્શન થાય છે. આત્મા જ કર્તા છે, અન્ય કોઈ નહીં. સુખ-દુઃખ આત્મકૃત છે. જ્યારે કષાયોથી રહિત આત્મા એના જ નિજ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. અર્થાત્ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન મનઃપર્યયજ્ઞાન, બાદ જ્યારે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે ત્યારે આત્માનો સાક્ષાત્કાર થઈ જાય છે. કોઈ જાતના આવરણો આત્મા પર રહેતા નથી. કેવળજ્ઞાન રૂપી દીપક વડે ત્રણે લોકના અણુ-પરમાણુનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આત્મા પારદર્શી બની જાય છે.

આ સ્તોત્રમાં સૂરિજીએ બીજી પણ એક અષ્ટક સમાવિષ્ટ કર્યું છે. તે ભયાષ્ટક છે. ભયાષ્ટક દ્વારા સૂરિજીએ અધ્યાત્મનો માર્ગ દર્શાવ્યો છે.

**શ્લોક-૩૪ : અહંકારનો નાશ** : માનરૂપી કષાયને હાથીની ઉપમા દ્વારા સમજાવ્યો છે. કારણ માન બધા જ કષાયોનું મૂળ છે. તેનાથી જ બીજા કષાયો ઉદ્‌ભવે છે. જ્યારે પ્રભુ સાથે તાદાત્મ્યતા સધાય જાય છે ત્યારે માનરૂપી અહંકાર સૌથી પહેલા વિલીન થઈ જાય છે. ભક્ત વધુ વિનમ્ર અને વિવેકી બની જાય છે.

તેથી જ સૌ પ્રથમ ભક્તે અહંકારનો નાશ કરવો જોઈએ.

**શ્લોક-૩૫ : સર્વશક્તિશાળી** : માનનો નાશ થતાં આત્મા સિંહ જેવો શક્તિશાળી બની જાય છે. શક્તિશાળી મન ચંચળ ઈન્દ્રિયો પર કાબૂ કરી લે છે. લોહી (લાલ) રંગ ક્રોધ કષાયનું પ્રતીક છે. મોતી (સફેદ) - શુભ લેશ્યા અને નિર્મળતાનું પ્રતીક છે.



બે સંવેગો એક સાથે નથી રહી શકતા. ક્રોધ (લાલ) અને નિર્મળતા (શ્વેત) બન્ને સંવેગો સાથે રહેતા નથી. આત્મા જ્યારે સિંહ જેવો શક્તિશાળી બને છે ત્યારે ક્રોધ પર કાબૂ કરી લે છે અને વધુ નિર્મળ, સરળ અને વિનયી બની જાય છે.

**શ્લોક-૩૬ : ઉપસર્ગ સામે વિજય** : જ્યારે માન, મોહ-માયા, રાગ-દ્વેષ, ક્રોધ-લોભરૂપી કષાયો ચારે બાજુથી ઉપસર્ગો કરે છે ત્યારે મનની સ્થિતિ શક્તિશાળી બની ગઈ હોય છે. તેણે ઈન્દ્રિયો પર કાબૂ કરી લીધો હોય છે. તેથી આ કષાયો રૂપી ઉપસર્ગો સામે વિજય મેળવી શકાય છે કારણ ભક્તના હૃદયમાં પ્રગાઢ શ્રદ્ધા, અખૂટ આત્મવિશ્વાસ હોય છે. તેથી સહેલાઈથી કષાયોનો ઘાત કરી શકાય છે.

કષાયો રૂપી ઉપસર્ગો એવા હોય છે જાણે દવ લાગ્યો હોય, દવ એટલે કે દાવાનલ લાગે છે ત્યારે ચિનગારીઓ ઉઠે છે. આ ચિનગારીઓનો રંગ પીળો હોય છે. પીળો રંગ એ પવિત્રતાની નિશાની છે. આ આત્માના દિવ્ય તેજનાં દર્શનની શરૂઆત છે.

જ્યારે ઉપસર્ગો શરૂ થાય છે ત્યારે અભયની પણ શરૂઆત થાય છે. અભયની શરૂઆત થાય એટલે કષાયોરૂપી ઉપસર્ગો અને ઉપસર્ગ રૂપી દુઃખો આપોઆપ ઘટી જાય છે અને તેના પરિણામે આત્માને તેના મૂળ સ્વરૂપને પામવાની જાગૃતિ આવે છે.

**શ્લોક-૩૭ : મૈત્રી-પ્રેમ** : નાગદમની એક પ્રકારની જડીબુટ્ટી છે. તેનો બીજો અર્થ થાય છે મૈત્રીની સાધના. માન-મોહ-માયા, રાગ-દ્વેષ, ક્રોધ-લોભ રૂપી કષાયો ઓછા કરવા, શાંત કરવા, ક્ષીણ કરવા. જેના આ કષાયો ઓછા થઈ જાય છે તેનામાં ભય અને શત્રુતાનો ભાવ વિલીન થઈ જાય છે. આપોઆપ જગતના પ્રત્યેક જીવો પ્રત્યે મૈત્રીનો ભાવ જાગૃત થાય છે. અભય અને અહિંસાની પ્રતિષ્ઠા થઈ જાય છે. કોઈપણ જીવ તેનો શત્રુ હોતો નથી કારણકે વિનય - વિવેક-નમ્રતા રૂપી નાગદમની શત્રુ ને મૈત્રીમાં ને ભયને અભયમાં પરિવર્તિત કરે છે. નાગદમનીના પરિણામ સ્વરૂપ ચારે તરફ મૈત્રી-પ્રેમ ભાવ વિકસિત થઈ જાય છે. સર્વ પ્રત્યે સમભાવ વિકસે છે. આવા સંજોગોમાં

ભયંકર વિષધર જેવા ઘાતી કર્મોરૂપી કષાયોનો ઘાત થઈ જાય છે અને ત્યાં મૈત્રી-પ્રેમ-સરળતા-નિર્મળતા-વાત્સલ્યનું ઝરણું વહેતું જાય છે.

**શ્લોક-૩૮ : શ્રદ્ધાબળ :** ઘોડા અને હાથીરૂપી કષાયોમાં ઈન્દ્રિયો ફસાય છે. કષાય અને ઈન્દ્રિયો વચ્ચે મહાયુદ્ધ ખેલાય છે. કષાયોરૂપી ઉપસર્ગો જ્યારે થાય છે ત્યારે ઘોડા અને હાથીરૂપી લોભ અને માન ઈન્દ્રિયોના કાબૂમાં રહેતાં નથી તેવા સમયે વિનય-વિવેકરૂપી નાગદમનીનો ઉપયોગ શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે તો આ ઉપસર્ગોમાંથી મુક્તિ મળે છે. નાગદમની પર અખૂટ શ્રદ્ધા હોય તો મુક્તિ તરફનું એક વધુ સોપાન સર કરી શકાય છે. મોક્ષમાર્ગને પામવામાં અવરોધરૂપ કષાયોરૂપી ઉપસર્ગોનો સામનો શ્રદ્ધાપૂર્વક કરવાથી શિવરમણીને અવશ્ય પામી શકાય છે.

**શ્લોક-૩૯ : રક્ષણ-શક્તિ અને ભક્તિ :** રક્ષણનું મહત્ત્વપૂર્ણ તત્ત્વ છે શક્તિ અને ભક્તિ. જેનામાં શક્તિ ન હોય તે પણ ભક્તિનો આશ્રય લે છે. શક્તિનું પૂરક તત્ત્વ છે ભક્તિ. ભક્તિ દ્વારા શક્તિ વધે છે.

આત્મા પર કષાયોનું જે આવરણ હોય છે તેને ભક્તિની શક્તિ દ્વારા ભેદી શકાય છે. એટલે કે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ વગેરે કષાય અને યોગ રૂપ આસ્રવને સંવરપૂર્વક રોકી, ભક્તિમાં લીન બની ધ્યાન વડે સત્તામાં રહેલાં કર્મોની નિર્જરા કરી, કાળક્રમે તેનો સંપૂર્ણ નાશ થતાં મોક્ષરૂપી વિજયને પ્રાપ્ત કરી શકાય છે.

આત્માના સર્વજ્ઞપદનો જ અને જિનપદનો આ મહિમા છે. સર્વજ્ઞપદનો અચિંત્ય મહિમા જેના અંતરમાં વસી ગયો હોય તેને નિર્ભયપણે મોહશત્રુને જીતતાં કોઈ રોકી શકે નહીં.

**શ્લોક-૪૦ : ઉપસર્ગ નિવારણ સહજ-સાધ્ય :** સંસારરૂપી ભવસમુદ્રમાં અટવાયેલા આત્મા પર જ્યારે ચારે બાજુથી જુદા જુદા પ્રકારના ઉપસર્ગો થતાં રહે છે. પરંતુ જેમણે ઈન્દ્રિયો પર કાબૂ મેળવ્યો છે અને શક્તિશાળી બની ગયા છે તે પોતાને મળેલી નાગદમનીનો મૈત્રીપૂર્ણ પ્રયોગ કરીને ઉપસર્ગનું નિવારણ કરે છે. આમ કરવું સહજસાધ્ય



છે કારણ કે જેણે પોતાની ઈન્દ્રિયો પર કાબૂ મેળવ્યો છે તે ઉપસર્ગોથી ભય પામતો નથી. તે અભય બની જાય છે અને અંતે વિઘ્નો સામેના યુદ્ધમાં તેનો વિજય સહજ-સાધ્ય બની જાય છે.

**શ્લોક-૪૧ : આંતરિક શુદ્ધિ :** આપણો આત્મા કર્મરૂપી કાદવથી ખરડાયેલો અસાધ્ય રોગથી પીડાઈ રહ્યો છે. જે રોગની દવા કે ઈલાજ કોઈ વૈદ્યો કે ડોક્ટરો કરી શકતા નથી. બાહ્ય શરીરનો રોગ તેઓ ઠીક કરી શકે છે પરંતુ આંતરિક શરીર (આત્મા) એટલા બધા વિકૃતિરૂપ કષાયોથી મલિન થઈ ગયો છે કે તેને શુદ્ધ કરવા માટે ઈન્દ્રિયો પર કાબૂ કરી ઊર્ધ્વરોહણ કરી શકાય છે. મુક્તિમાર્ગે પ્રયાણ કરવાનું આ એક વધુ સોપાન છે.

શ્રી માનતુંગસૂરિજીએ ભક્તામરસ્તોત્રની અંદર પોતાના પર આવી પડેલી સમસ્યાનું સમાધાન તો હતું જ પરંતુ સાંપ્રત સમયમાં પણ આ સ્તોત્રના પ્રત્યેક શ્લોક, પ્રત્યેક ચરણ, પ્રત્યેક શબ્દ અને પ્રત્યેક અક્ષર એ મંત્ર-બીજ મંત્ર સ્વરૂપ છે. આજના સમયે પણ આ સ્તોત્ર સૂરિજીની જેમ ભક્તિમાં ભાવપૂર્વક પઠન-પાઠન કરવામાં આવે તો તેની ફળશ્રુતિ રૂપ સિદ્ધિરૂપી રમણી પ્રાપ્ત થાય છે.

સૂરિજી દ્વારા ભક્તિભાવ પૂર્વક રચાયેલા આ સ્તોત્રના અક્ષરે અક્ષરમાં ગૂઢ રહસ્ય ભરેલું છે. તેનું ચિંતન-મનન કરવાથી આવી પડેલી વિકટ સમસ્યામાંથી પણ માર્ગ મળી જાય છે. આ ગૂઢ રહસ્યોને સમજીએ તો આપણે પણ સિદ્ધિરૂપી શિવરમણીને પ્રાપ્ત કરી શકીએ.

**(મુંબઈ સ્થિત રેખાબહેન જૈન ધર્મના અભ્યાસુ છે. તેમણે ભક્તામર સ્તોત્ર પર પી.એચ.ડી. કર્યું છે. ભક્તામર સ્તોત્ર અને ભગવાન ઋષભદેવ પર તેમના અભ્યાસપૂર્ણ ગ્રંથ પ્રગટ થયા છે. તેઓ એક્યુપ્રેશર નિષ્ણાત છે.)**

## ૩૨ સૂત્ર જ્યારે મંત્ર બને છે

- ડૉ. મધુબેન જી. બરવાળિયા

પ્રથમ આવશ્યક સૂત્રનો પ્રારંભ કરેમિ ભંતે ! શબ્દથી થતો હોવાથી, તે કરેમિ ભંતે સૂત્ર તરીકે પ્રસિદ્ધ થયું છે. કરેમિ ભંતે ! શબ્દ ધાર્મિક ક્રિયા કરતા પહેલાં ગુરુ ભગવંતની વિનયપૂર્વક આજ્ઞા માગવાની છે. 'ભંતે' શબ્દ એ પૂજ્યભાવનો બોધક છે, જે પ્રભુ તથા ગુરુ પ્રત્યે વિનયભાવ પ્રગટ કરે છે.

કરેમિ ભંતે સૂત્ર - ભાવાર્થ - હે પૂજ્ય ! હું સમભાવની સાધના કરવા ઈચ્છું છું. તે માટે અશુભ પ્રવૃત્તિઓના પ્રત્યાખ્યાન કરું છું. જ્યાં સુધી હું નિયમને સેવું ત્યાં સુધી મન-વચન-કાયા વડે અશુભ પ્રવૃત્તિ કરીશ નહીં કે કરાવીશ નહીં. હે ભગવંત ! અત્યાર સુધી મારા દ્વારા જે કોઈ અશુભ પ્રવૃત્તિ થઈ હોય, તેનાથી હું નિવૃત્ત થાઉં છું. તે અશુભ પ્રવૃત્તિની નિંદા કરું છું. ગુરુ સાક્ષીએ ગર્હા કરું છું. જે કર્યું છે તેનો ગુરુભગવંતની સમક્ષ સ્પષ્ટ એકરાર કરું છું. હવે હું અશુભ પ્રવૃત્તિ કરનાર કષાય આત્માનો ત્યાગ કરું છું.



આમ, કરેમિ ભંતે ! પ્રતિજ્ઞાસૂત્ર શ્રાવક માટે ૪૮ મિનિટનું સાધુજીવન છે, જે દેશવિરતી કહેવાય છે. મુમુક્ષુ આત્મા જ્યારે ગુરુમુખેથી કરેમિ ભંતે પ્રતિજ્ઞામંત્ર ગ્રહણ કરે છે ત્યારે તે સર્વવિરતી ધર્મ અંગીકાર કરી યાવત્ જીવન સાધુજીવન વ્યતીત કરવા કટિબદ્ધ થાય છે. પરંપરાએ મોક્ષમાર્ગ તરફ પ્રયાણ કરે છે. આ રીતે ગુરુમુખે બોલાયેલ ''કરેમિ ભંતે !'' સૂત્ર મુમુક્ષુ માટે દીક્ષામંત્ર બની જાય છે.

જગતના સર્વ જીવ સુખની ખોજમાં છે. જીવમાત્રને સુખ પ્રિય છે. તે છતાં અનેક, વીરના વારસદાર એવા હોય છે કે જેઓ સંસારની ક્ષણભંગુરતાને સમજી સંસાર પ્રત્યેની આસક્તિ, સંપત્તિ, સુખ-સુવિધા, લાગણી વગેરેનો પરિત્યાગ કરીને સંયમ પંથે નીકળી પડે છે. તેમની જીવનશૈલી પરિવર્તિત થઈ જાય છે. લોચ, વિહાર, ગોચરી આદિ તેમના માટે સહજ બની જાય છે ! એક વૈરાગી આત્મા થનગનતો હોય છે ત્યાગના માર્ગને સ્વીકારવા... અનુસરવા.. અને જ્યારે તે આત્મા સંસાર વોસિરાવીને પ્રવજ્યાના પંથ પર આરૂઢ થવા તત્પર થાય છે ત્યારે ''કરેમિ ભંતે !'' નો મંત્ર એ આત્માની પરમાત્મા બનવાની યાત્રા શરૂ કરી દે છે.

જૈન દીક્ષામંત્રની શરૂઆત થાય છે... ''કરેમિ ભંતે !'' ના ઉચ્ચારથી.

કરેમિ એટલે કરું છું, ભંતે એટલે ભગવાન.

આ દીક્ષામંત્ર ગ્રહણ કરતી વખતે મુમુક્ષુઓના હૃદયમાં ભાવ હોય કે, ''હે ભગવંત ! હે ભવનો અંત કરનારા ! ભવોભવનો અંત કરનારા ભગવંત ! મારા પરમ ઉપકારી ! મારા હિતશિક્ષક ! કરુણાના સાગર ! મારે પણ તે જ કરવું છે જે તે કર્યું છે! મારે પણ તે છોડવું છે ! મારે પણ તારી રાહ પર પા પા પગલી ભરવી છે ! તે સંસારને છોડ્યો, તો મારે પણ સંસાર છોડવો છે ! તે સાવદ્ય યોગોને ત્યજી દીધા તો મારે પણ તેને ત્યજી દેવું છે ! તું અહિંસક બની ગયો તો મારાથી હિંસા થાય તે કેવી રીતે શક્ય છે? તું સદાય સત્ય વચન કહે તો મારે પણ મૃષાવચનનો ત્યાગ ! તું નિષ્પાપ જીવન જીવે તો મારા માટે પણ નિષ્પાપ જીવન જ યોગ્ય છે ! હે પ્રભુ ! હે ગુરુ ! જેવો તું તેવો જ હું બનું !''

જ્યારે કોઈ પ્રભુને અનુસરે છે, સંયમ અંગીકાર કરે છે ત્યારે તે પ્રભુપુત્ર બને! તે પ્રભુનું બાળ બની જાય છે !

પ્રભુના માર્ગ પર આવનારા મુમુક્ષુ આત્માઓ માટે પ્રભુએ ''કરેમિ ભંતે !'' ના શ્રેષ્ઠ મંત્ર દ્વારા શ્રમણોને એક વિશિષ્ટ બોધ આપ્યો છે. 'કરેમિ' શબ્દથી પ્રભુ પ્રેરણા આપે છે કે, ''હે જીવ, તું સદા અપ્રમત્ત રહેજે ! સતત ભાવના ભાવજે કે હવે તારે શું કરવું જોઈએ ! સદા આત્મગુણોને ખીલવવામાં પ્રયત્નશીલ રહેજે !'' 'ભંતે' શબ્દ દિશા આપે છે. ''જ્યારે પણ તને વિકલ્પ આવે કે હવે શું કરવું તો 'ભંતે' શબ્દ યાદ કરજે, વિકલ્પ દૂર થઈ જશે. માર્ગ મળી જશે. જે મેં કર્યું, તે જ તારે કરવાનું છે. તું મને યાદ કરજે, મારા ગુણોને યાદ કરજે, મારા જીવનચરિત્રને યાદ કરજે અને મારા બોધવચનોને યાદ કરજે, તને યોગ્ય માર્ગ મળી જ જશે. તું હવે ક્યારેય ખોવાય નહીં જાય, ક્યારેય ભટકી નહીં જાય. હું તારો રાહબર છું અને તને સતત દિશા બતાવીશ, તારી આંગળી પકડીને તને લઈ જઈશ !'' 'ભંતે' શબ્દ અદ્‌ભુત છે ! તે પ્રભુપુત્રને માર્ગ તો દેખાડે જ છે, સાથે સાથે ક્યાં પહોંચવાનું છે તેનું લક્ષ પણ નક્કી કરાવે છે. ''જ્યાં સુધી તું મારો ન બની જાય, જ્યાં સુધી તું મારા જેવો ન બની જાય, અને જ્યાં સુધી તું સ્વયં ભંતે ન બની જાય ત્યાં સુધી તારે પ્રયત્નશીલ રહેવાનું છે.'' ભંતે માર્ગ છે, માર્ગદર્શન છે અને ભંતે મંઝિલ પણ છે !

જેણે પણ 'કરેમિ ભંતે' મંત્રના શરણમાં સ્વને સમર્પિત કર્યું છે તેઓ તરી ગયા છે !

મેતાર્ય મુનિને જ્યારે પૂછવામાં આવે છે કે સુવર્ણદાણા ક્યાં ગયા તો મુનિ મૌન રહે છે. સર્વ પરિષહ સહન કરે છે છતાં પણ કહેતા નથી કે ચકલી સોનાના દાણા ચણી ગઈ છે ! કેમ ? કેમકે તેઓ પ્રભુપુત્ર હતા. પ્રભુના મુખેથી સદા હિતકારી, શ્રેયકારી, મંગલકારી શબ્દો સરતા હતા, તો પછી એવું સત્ય જો કોઈનું અહિત કરે, કોઈની હિંસાનું કારણ બને તેવું સત્ય કહેવા કરતા મેતાર્ય મુનિ મૌન રહ્યા. સોની



મુનિને ચોર સમજીને સજા આપવા માટે ચામડાની પટ્ટી પાણીમાં બોળીને મુનિના મસ્તક પર તાણીને બાંધી દે છે. જેમ જેમ ગરમી વધે છે તેમ તેમ તે ચામડાનો પટ્ટો વધારે સંકુચિત થાય છે અને મુનિના માથાની બધી નસો દબાઈને તૂટવા લાગે છે. તે છતાં મુનિ મૌન રહે છે. મારા પ્રભુ ઉપસર્ગોને સહન કરતા હતા, મારે પણ ઉપસર્ગોને સહન કરવા છે. મારા પ્રભુ ક્યારેય બીજાના દોષનું અવલોકન ન કરતા, મારે પણ સોનીને કે પછી ચકલીને દોષી નથી માનવું ! તેમણે જે કર્યું તે તેમની પરિસ્થિતિ હશે, મને તો માત્ર મારા જ કર્મોને કારણે સજા મળી છે. પ્રભુ જેવા ઉત્તમ ક્ષમાના ભાવો તેમના આત્માથી સ્ફુરવા લાગ્યા. તે શ્રેષ્ઠ ભાવોની વૃદ્ધિથી મેતાર્ય મુનિ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરીને સિદ્ધ ગતિ પામે છે.... 'કરેમિ ભંતે' એમના સંયમજીવનનો મંત્ર હતો. તે મંત્રએ એમને સાધુજીવનમાં સ્થિર રાખીને સ્વયં ભગવંત બનાવી દીધા !

અનંતા જીવો મોક્ષે ગયા છે, પણ તે અનંતમાં એક પણ જીવ એવું નથી જેણે 'કરેમિ ભંતે' નો ભાવ ન ભાવ્યો હોય ! આ શ્રેષ્ઠ મંત્ર શ્રાવકને સાધક, સાધકને શ્રમણ અને શ્રમણને વીતરાગ અને અંતે સિદ્ધ બનાવી દે છે. પ્રથમ ગુણસ્થાનકથી અંતિમ ગુણસ્થાનક સુધી પહોંચાડવાની ક્ષમતા 'કરેમિ ભંતે' મહામંત્રમાં સમાયેલી છે !

**(મુંબઈ સ્થિત જૈનદર્શનના અભ્યાસુ ડૉ. મધુબહેન ઉવસગ્ગહરં ભક્તિ ગ્રુપ તથા સોહમ્ મહિલા મંડળ સાથે સંકળાયેલા છે. તેમના સંપાદિત અને અનુવાદિત ચાર પુસ્તકો પ્રકાશિત થયા છે.)**

સંદર્ભગ્રંથ :-

(૧) આવશ્યક અપાવે આત્મરાજ, લેખિકા - પૂ. ડૉ. પન્નાબાઈ મહાસતીજી

(૨) દીક્ષા સોવિનીયેર, પૂ. ડૉ. આરતીબાઈ મહાસતીજી

## ગુણવંત બરવાળિયાનાં પુસ્તકો, સર્જન તથા સંપાદન

ખાંભા (અમરેલી) ના વતની ગુણવંતભાઈએ C.A. સુધી અભ્યાસ કર્યા બાદ, હાલ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીમાં પ્રવૃત્ત છે. જૈન કોન્ફરન્સના મંત્રી, મુનિશ્રી સંતબાલજી પ્રેરિત વિશ્વ-વાત્સલ્ય પ્રાયોગિક સંઘ, મુંબઈ - ચીંચણી, કલ્પતરુ સાધના કેન્દ્ર-દેવલાલી, પારસધામ સંઘ-ઘાટકોપર, પ્રાણગુરુ જૈન સેન્ટર, એમ.બી. બરવાળિયા ફાઉન્ડેશનની સ્પંદન હોલીસ્ટિક ઈન્સ્ટિટ્યૂટ વગેરેમાં ટ્રસ્ટી છે. ઘણી સંસ્થાઓનાં મુખપત્રમાં તંત્રી તરીકે સેવા આપેલ છે. અમેરિકા, સિંગાપોર વગેરેમાં તેમનાં સફળ પ્રવચનો યોજાયાં છે. તેમનાં ધર્મપત્ની મધુબહેને હિન્દી સાહિત્યમાં ડોક્ટરેટ કરેલ છે. તેમના મુંબઈ સમાચારમાં પ્રગટ થયેલા લેખના ''પ્રથમ જૈન પત્રકાર એવોર્ડ'' તથા મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીનો તેમના પુસ્તક 'વિશ્વ કલ્યાણની વાટે' ને પ્રથમ એવોર્ડ મળેલ છે.

● હૃદયસંદેશ ● પ્રીત-ગુંજન ● શ્રીમદ્ રાજચંદ્ર એક દર્શન ● અમૃતધારા ● સમરસેન વયરસેન કથા ● સંકલ્પ સિદ્ધિનાં સોપાન ● Glimpsis of world Religion ●Introduction to Jainisim ● Commentray on non-violence ● Kamdhenu (wish cow) ● Glorry of detechment ● ઉપસર્ગ અને પરિષહ પ્રધાન જૈનકથાઓ ● વિનયધર્મ ● ભારતીય સંસ્કૃતિમાં દાનભાવના - ભારતીય સંસ્કૃતિમાં ગુરુમહિમા ● આગમ અવગાહન ● જ્ઞાનધારા (ભાગ - ૧ થી ૧૯) (જૈન સાહિત્ય જ્ઞાનસત્રમાં વિવિધ વિદ્વાનોના પ્રસ્તુત થયેલા નિબંધો અને શોધપત્રોના સંગ્રહ) ● કલાપીદર્શન (ડૉ. ધનવંત શાહ સાથે) ● વિચારમંથન ● દાર્શનિક દૃષ્ટા ● અધ્યાત્મસુધા (ડૉ. મધુબહેન બરવાળિયા સાથે) ● જૈન ધર્મ (પરિચય પુસ્તિકા) ● અહિંસા મીમાંસા (ડૉ. કનુભાઈ શેઠ સાથે) ● ચંદ્રસેન કથા (ડૉ. કનુભાઈ શેઠ સાથે) ● અમરતાના આરાધક ● જૈનદર્શનમાં કેળવણી વિચાર ● જૈનદર્શન અને ગાંધીવિચારધારા ● અધ્યાત્મનિષ્ઠ સંતબાલજી ● આપની સન્મુખ ● મર્મ સ્પર્શ (ડૉ. જયંત મહેતા સાથે) ● વીતરાગ વૈભવ ● આગમદર્શન ● જૈન કથાનકોમાં સદ્બોધના સ્પંદનો ● જ્ઞાનસાધના અને સરસ્વતીવંદના ● વિશ્વવાત્સલ્યનો સંકલ્પ ● વાત્સલ્યનું અમીઝરણું (માતૃવાત્સલ્યનાં વિવિધ સ્વરૂપો) ● આધ્યાત્મિક કાવ્યોમાં આત્મદર્શન ● જીવન-સંધ્યાએ અરુણોદય ● સર્વધર્મદર્શન (વિશ્વના મુખ્ય ધર્મોનો પરિચય) ● આદર્શ કેળવણીનું ઉપનિષદ ● અણગારનાં અજવાળાં (પ્રો. પ્રવીણાબહેન ગાંધી સાથે ● ઉરનિર્ઝરા (કાવ્યસંગ્રહ) ● તપાધિરાજ વર્ષીતપ ● દામ્પત્યવૈભવ (દામ્પત્યજીવનને લગતા લેખોનો સંચય) ● ઉત્તમ શ્રાવકો ● ભગવાન મહાવીર અને સંયમજીવન ● મૃત્યુનું સ્મરણ (મૃત્યુચિંતન) ● Aagam An Introduction ● Development & Impact of Jainism is India & abroad ● જૈન પત્રકારિત્વ ● અધ્યાત્મ આભા ● શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર : એક અધ્યયન ● શ્રુતજ્ઞાનનાં અજવાળાં ● શૈલેષી (આલોચના અને ઉપાસના) ● જૈન ધર્મના ચોવીસ તીર્થંકરો ● જૈન વિશ્વકોશ ખંડ : ૧ - ૫ (ડૉ. કુમારપાળ દેસાઈ સાથે) ● પાકિસ્તાનના જૈન મંદિરો (અનુવાદ) ● જૈનધર્મ ગઈકાલ, આજ અને આવતી કાલ ● સાંપ્રત સમસ્યાનું ધર્મમાં સમાધાન

E-mail : gunvant.barvalia@gmail.com 022-2500 0900